પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સળંગ અંક
૮૮૩

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

: તંત્રી :
ધીરુ પરીખ

જુલાઈ, ૨૦૦૧
વર્ષ ૭૪મું



'આદિમ ભૂમિદૃશ્યો - અવકાશ સમયની પારનાં' શ્રેણીનો એક ફોટોગ્રાફ
(અશ્વિન મહેતા)





'આદિમ ભૂમિદશ્યો – અવકાશ સમયની પારનાં' (જુઓ આ અંકની 'કલાવાર્તા')
(અશ્વિન મહેતા)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૪મું
અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેકટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જુલાઈ ૨૦૦૧

અંકમાં શું

કુમાર સળંગ અંક ૮૮૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા બહાર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

મે-૨૦૦૧નું 'કુમાર' વાંચ્યું. માર્ગરિટ સૅંગર વિશે પહેલી જ વાર જાણવા મળ્યું. એમનું કામ સમગ્ર માનવજાત માટે મહત્ત્વનું ગણાય એટલે વૈશ્વિક મહત્ત્વનું ગણાય. પ્રો. કમલાબહેને આ ચરિત્ર આપીને 'કુમાર'નાં વાચકોને ઉપકૃત કર્યાં છે. વસતીવધારાનો મૂંઝવતો પ્રશ્ન એક નારી પોતાના જીવનકાર્ય તરીકે સ્વીકારીને, અનેક પ્રકારની આપદાઓ નોતરી-વેંઢારીને પાર પાડે એ વાત જાણવા જેવી છે. એમાંની ચર્ચા જાતીય જીવનને લગતી હોવા છતાં એને શિષ્ટ રીતે મૂકી છે - એ આપવા બદલ શ્રી કમલાબહેનને અભિનંદન ! રહસ્યકથા પણ ગમી. (મારામારી ખૂન ખરાબા-કામોત્તેજનાભર્યાં દૃશ્યાદિથી મુક્ત હોય તો) આવી કથા માનસિક વ્યાયામ બની જાય છે. એ માત્ર કથા જ ન રહેતાં તર્ક-ઉકેલની એક રમત બની જાય.

'વીજળી' વિશેનો શ્રી રાજુભાઈ દવેનો લેખ રસિક ને માહિતીપ્રદ છે. એમાં લિલી સાહેબનો ઉલ્લેખ છે. કૅપ્ટન બેલના 'ધ હિસ્ટરી ઑફ કાઠિયાવાડ'માં (લંડન; ૧૯૧૬; પૃ. ૨૪૩) આપેલી વિગત અને **Phillip woodruff**ના 'ધ મેન હુ રૂલ્ડ ઇન્ડિયા' (ન્યૂ યૉર્ક, ૧૯૫૪; પૃ. ૧૯૦)માંની માહિતી મુજબ એમનું પૂરું નામ હતું **Fredrick S.P. Lely. 1886**માં રાણા વિકમતસિંહજીને પોરબંદરની ગાદીએથી ખસેડવામાં આવ્યા ત્યારે લિલીની પોરબંદર રાજ્યના વહીવટદાર તરીકે નિમણૂક થઈ. એમની ભલમનસાઈથી એ એટલા લોકપ્રિય થયા હતા કે એમના પર અંગ્રેજીમાં એક 'બૅલડ' રચાયેલું (વુડ્રફ આપે છે) :

'You removed the old servants of the
states and made new ones
You abolished the old stocks and built
police stations:
You did away with Handlooms and
in troduced Mills,
You destroyed old carts and brought
the Railway. Mad, impions Lely !'

શાળો ભાંગી, મિલ લાવ્યા ! ગાડાં ભાંગી, રેલ લાવ્યા ! એ લિલી વિશેનો એક ગુજરાતી રાસડો પણ લોકે (કે કોઈક ચારણે) રચેલો છે :

લિલી, લિલી ! રઈશના બેલી !

એને લોક નિઃસ્પૃહી ફકીર જેવો માનતા એનો એક પ્રસંગ (અલબત્ત, વુડ્રફમાંથી જ !) ડૉ. મઝરૂલ ઈસ્લામ એમના 'ધ હિસ્ટરી ઑફ ફોકટેયૂલ ક્લેક્શન્સ...' (**Bengali Academy, Dacca, 1970, Page 21**)માં આપે છે.

'કુમાર'ના આ અંકમાં પ્રાચાર્ય પલાણે પ્રો. જયન્ત કોઠારીના વિદ્યાકાર્યને દિલથી અંજલિ આપી છે એ સાદ્યંત વાંચવી ગમે એવી ને વિગતવાળી પણ છે. છતાં એમાં બે વાત ઉમેરવી પડે : એક 'જૈન ગુર્જર કવિઓ'ની ગ્રન્થમાળાનું એમનું પુનઃ સંપાદન એ પાનેપાને શુદ્ધિ-વૃદ્ધિવાળું માતબર સંશોધન છે. કોઈ પણ ભાષા જેને માટે કાયમી ગૌરવ લઈ શકે એવું ગંજાવર ને મૂલયવાન કામ, એ માત્ર પુનઃપ્રકાશન નથી; મો.દ.દે. પછીનાં ત્રીસેક વર્ષોમાં થયેલ સંશોધનોને આધારે જયન્તભાઈએ પોતે આમાં ઘણા ફેરફાર કર્યા છે. કેટલાક મહત્ત્વના આખા સંશોધનલેખોય પોતે મૂક્યા છે. આપણે ત્યાં હજી સૂચિ-કોશનું મહત્ત્વ વિદ્વાનોય નથી સમજતા ! ચં.ભ. દલાલકૃત ગાંધીજીની 'દિનવારી' જ જુઓ ! કેવડું મોટું કામ ! પાનેપાને નહીં શબ્દે શબ્દે સંશોધન કહેવું પડે ! 'જૈન ગુર્જર કવિઓ'ના જયંતભાઈના સંપાદનનો આઠમો ભાગ દેશીઓની સૂચિનો છે ! આપણે ત્યાં શિષ્ટમાર્ગી સંગીત વિશે ઘણું છે, દેશી બાબતમાં લગભગ શૂન્યાવકાશ ! એમાં આ આખો ગ્રંથ ભરીને સૂચિ-ગીતની ધ્રુવપંક્તિ ને વપરાયા સાલનો નિર્દેશ બન્ને મળે ! એટલે આપણાં કેટલાંય લોકગીતો કેટલાં જૂનાં છે તે જાણવા મળે છે. જગવિખ્યાત સૂચિઓમાં 'મોટિફ-ઇન્ડેક્સ' સ્ટિથ ટૉમ્પ્સનનો (**Stith Thompson**) ગણાય છ ભાગનો. એમાં કથાઘટકોની તારવણી પછીનું વસ્તુલક્ષી વર્ગીકરણ થયેલું છે ને પ્રત્યેક દૃષ્ટાન્તને એક અંક અપાયો છે જેને આધારે એકીસાથે અનેક કથાઓની ચર્ચા સહજ બને, પણ કોને માટે ? અંક જાણનાર માટે. એ જાણનારને પણ જો મૂળ આખી કથા જોવી હોય તો ક્યાં એ શ્રદ્ધેય રૂપમાં મળે - અખંડ ને અસલરૂપે - એ માટેનું સાધનસૂચન ભાગ્યે જ મળે ! જયંતભાઈની સૂચિમાં એ છે !

'જૈન' વિશેષણથી સૂગાવા ફૂંગરાવા જેવું નથી. આપણા સમગ્ર મધ્યકાલીન સમાજે પોતાની જૂથગત કે સામાજિક વર્ગ માટેની ઓળખ ધર્મને નામે આપેલી એ સામાજિક લક્ષણ છે. સ્વામિનારાયણ કવિઓ, ખોજા કવિઓ, 'અખે ગીતા', 'હિન્દુ ધર્મની બાળપોથી', 'હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ' (નાનાભાઈ) એ સામાજિક સમૃદ્ધિ છે, સામ્પ્રદાયિક નહીં. જે તે સંપ્રદાયના જાણકાર જ્યારે આવી સામગ્રી આપે ત્યારે જાણકારીને વ્યાપક સામાજિક સંદર્ભ સાંપડે છે. 'જૈન ગુર્જર કવિઓ' એ બહુ મોટી વસત છે. જયન્તભાઈની વાતમાં એ તો ન જ ભુલાવી જોઈએ. ભુલાય તો એ મોટી ભૂલ ગણાય. બીજી વાત જયન્તભાઈનો જોડણીસુધાર અભિગમ. એ સરળતાને ખાતર થયેલો અતાર્કિક અભિગમ નથી. વર્ષો પહેલાં સરકારે વ્યાકરણચર્ચા ગોઠવેલી. આ નોંધકાર પણ એમાં હતો. તે પછી આઠમાનું વ્યાકરણ જયન્તભાઈને સોંપાયેલું. છેક હૈમ 'સ્વરાણાં સ્વરાઃ પ્રાયોડપભ્રંશે' સૂત્રથી હ્રસ્વ-દીર્ઘ ઉચ્ચારઘટક ઘસાયાંની વાત હતી, જયન્તભાઈએ ઈ-ઉના એક ધ્વનિઘટકમાં એ સ્પષ્ટ કરી મૂકી. ત્યારથી આ વાત એમને તર્કબદ્ધ લાગેલી. સરલતા ખાતર તત્ત્વને ને તર્કને જતા કરે એવા જયન્તભાઈ હોત તો મંડળી મળવાથી થતો લાભ - પરિષદમાં રહીને જતો ન કરત !

જયન્તભાઈ સાથેનો મારો નાતો લગભગ પચાસેક વર્ષનો ! ૫૧ની સાલમાં કટલેરીની દુકાન તો રહી નહોતી, પણ રેલવેના ફ્લેઈમ્સનું કામ કરતા; 'પણ એ બીજા શ્રીમદ્ રાજચંદ્ર હતા.! નવવિધાન મિત્રમંડળ' નામે વિદ્યા 'સાહિત્ય-સમાજસુધારાની વૈચારિક પ્રવૃત્તિ કરતા. એનું એક હસ્તલિખિત કાઢતા. ચર્ચાઓ યોજતા. વ્યવસાયે ગમે તે હોય, વૃત્તિ-પ્રવૃત્તિએ એ વિદ્યાના સંત હતા. ચિત્તે તર્ક પણ મનથી નરવા-ગરવા સંત, પરંતુ તર્કે સ્પષ્ટ કર્યું હોય તે પ્રાણાન્તે પણ ન મૂકે એવા. અધરું કામ પહેલું ઉપાડે, સરળ છોડે. એમણે આપણા સાહિત્યમાં ત્રણ ક્ષેત્રે મોટાં કામો કર્યાં :

(૧) ભાષામાં, (૨) વિવેચનમાં, અને (૩) સૂચિ-કોશમાં. કેવી રીતે ને કેવાં એ વિગતોનો પ્રશ્ન છે. એ સંશોધનના માણસ હતા. ને મંગલાબહેને એ પૂરો સમય વિદ્યારત રહે એ માટે ઘણી કાળજી લીધી હતી. સંશોધન સમાજોપયોગી બને ને સૌને સમજાય એમ મુકાય એવી રા.વિ. પાઠકીય વૃત્તિ-વલણ-વાળા જયન્તભાઈ અને ભાયાણીસાહેબ એકસાથે બેય

(અનુસંધાન પૃ. ૪૩૪)

અંબરગંગ કિનારે/ રાજેન્દ્ર શાહ

(ગાન)

કોની આગળ કશું બોલવું હવે રહેતું મ્હારે ?
હું તો આવી અહીં ઊભો છું અમ્બરગંગ કિનારે.

ધવલ હંસની પાંખ સમી સઢ-ઉજ્જ્વલ પનાઈ આવે,
દૂરદૂરથી નિકટ નિકટ પ્રતિ પૂર્વરાગના ભાવે.

હમણાં આવી ઘાટ કને નાંગરશે, અને સુકાની
સમય-આડ-વિસ્મૃતિ, નહિ સત્વર લેશે મ્હને પિછાણી.

આંખ મહીં ઉલ્લાસ, હોઠ ફરકન્તા ઋજુ ઉત્સાહે,
અમે ભેટશું અંગઅંગને ભીડી લઈ દૃઢ બાંહે.

મધુર ઘણ્ટ-સંકેત, અને મૃદુ જલકલકલને ગાન,
નન્દનલોક ભણી મુજ દ્રવતે હૃદય પ્રશાન્ત પ્રયાણ.

શમે બધાં તટ-વેણ વ્હેણના ઉચ્છલ તરઙ્ગ નાદે,
હવે એક કરજોડ, બેઉ બાજુની મંજુલ યાદે.

અનરાધારે વરસે માધવ મેહ / યશવંત ત્રિવેદી

(ગાન)

આ અષાઢને મેઘામંડલ તું અનરાધારે વરસે, માધવ મોહ-
ભીંજે મારાં ચોળીચણિયો ચુંદલડી ને રુદિયા કેરી કોર !
ભીની ભીની વ્રજકુંજો નીતરે, આંબાડાળ થકી નીતરે તવ નેહ
ભીંજે મારી બ્હાર-ભીતર બધ્ધુંયે – ભીંજે કમખા પરનો મોર !

પર્ણો, ફૂલો, કદંબડાળી, ગીત સરીખી ભીંજે ગોપીઓ,
અરે ! ભીંજે ખુદ સજલ શ્યામલી જમુના !
ગોધણની ઘંટડીઓ ભીંજે, કર્ણમૂલે વિશ્રંભકથાઓ
કહેતાં કહેતાં સખીઅનના ભીંજે ઉચ્છ્વાસો ઉના !

ભીંજાતી રસધારે સખીઅન જમુનાજીમાં ધક્કો મારી દેતી મધુરો છેહ-
હું જાઉં તણાતી કુંવારી લાગણીઓને ભીંજવતી, માધવ કેરી ઓર !
આ અષાઢને મેઘામંડલ તું અનરાધારે વરસે, માધવ મેહ-
ભીંજે મારાં ચોળીચણિયો ચુંદલડી ને રુદિયા કેરી કોર !

આ જળ ભીંજે છે ખળખળ એમાં વહી રહેલી
સ્મૃતિઓ ભીંજે જૂઈ ચમેલી ચંપા જેવી ઝળહળ !
આ ઝળહળ હું ભીંજાઉં અને આ ગાગર મારી
ભરીભરી ભીંજાય અને ઢોળાય છલકતો માથે જળજળ !

ભીની ભીની વ્રજકુંજો નીતરે, આંબાડાળ થકી નીતરે તવ નેહ
ભીંજે મારી બ્હાર-ભીતર બધ્ધુંયે ભીંજે કમખ . પરનો મોર !
આ અષાઢને મેઘામંડલ તું અનરાધારે વરસે, માધવ મેહ-
ભીંજે મારાં ચોળીચણિયો ચુંદલડી ને રુદિયા કેરી કોર !

અષાઢને ઉપાલંભ/ ભાનુપ્રસાદ પંડ્યા

(સવૈયા)

નવમા ક્રમમાં રહી ભલે નહીં પુરાયો પંચાંગ,
ખરો ઓળખું જો નભને સુહાવે થઈ કાળો ડિબાંગ !

કલાકારનો કાગળચીતર્યો પ્રિય, તું ના બતલાવ,
બાર મેઘ લૈ ખાંગો થાયે તો જોવા બોલાવ !

કહે મોરલો : ઊંચી ડોકે ખૂબ નોતરાં દઈએ,
ત્રીસ દિવસમાં તો યે શાને વણભીંજેલાં રહીએ ?

કોરેકોરી હવે વીતશે જો એની એ બીજ,
વીજ સમાણી જશે વછૂટી સૌ નજરુંથી ખીજ !

કલમનવેશો ! હવે સબૂરી, ખૂબ લડાવ્યાં લાડ,
કંઠ તોષવા ટીપું નવ દે, તો ય માનવો પા'ડ ?

સૂરજ, વન કે વાયુ કેરાં નવ બહાનાં તું કાઢ,
હોય હામ તો ધસમસ બાઢે નામ દિપાવ, અષાઢ !

ધમાલ/ ધીરુ પરીખ

(વનવેલી)

તમે હજી તાકી રહ્યા કોની સામે ?
કરો છો કમાલ !
ક્રાન્તિ અને કલાન્તિનાં સૌ વાસીને કમાડ
નીકળી પડોને, જેમ આકાશમાં વાદળનો નરવો ઉઘાડ.
પછી નહીં ક્રાન્તિ, નહીં કલાન્તિ, નહીં શાંતિ;
રહે નહીં મળવાની કોઈને ધમાલ.

આ એ જ સ્થાન/ રામચન્દ્ર પટેલ

(શિખરિણી • સૉનેટ)

ઊભો રહ્યો બસ અચાનક એક જૂના
સ્થાને : જહીં પડખું ફેરવી માર્ગ સૂતો.
ને આસપાસ ધૂળ-ઘાસ હલે ન ચાલે
સૌ શાન્તઃ આભ બધું ધૂંધળું ભસ્મ ફેંકે...
જેમાં ઝિલાય શિવમંદિર કુંભ સાહ્યું,
પાછું રહે રણકી નર્તન અપ્સરાનું...

હું નીરખું, સુણું ધરાનભ તાંબુવર્ણા
ને શ્વાસ શ્વાસ ઉર, વાદળ જીવ રોપી
બેઠાં : નિરાંત લઈ સારસ જાય ઊડ્યાં...
પાસે તળાવ, તરુઓ સહ વાત માંડી
લ્હેરે.. ઝગે કુંજ, સુગંધ સુગંધ માટી...
મ્હોરી રહ્યો મગજમાં પછી કોક ચ્હેરો.

આ એ જ સ્થાન વગડો નહિ, આંખ ખોલે,
ભેંકાર છાંય પર ક્યાંય ન પંખ બોલે...

સૂત્રસાર

નામધારીને જ અધિક ચિંતા હોય

રાધેશ્યામ શર્મા

ગમે તેવો સત્તાધારી, ગમે તેવો સર્જક કળાકાર, ગમે તેવો વિજ્ઞાની કે ગમે તેવો પંડિત હોય - એવો એક જણ બતાવો જેને નામેય ચિન્તા ના હોય !

જે લોકો પોતે નિશ્ચિન્ત છે એવો સફળ 'શો' યા દેખાડો કરી શકતા હોય એવા પણ ચિન્તામાતાની સૂક્ષ્મ ઓઝટમાં આવી પડ્યા હોય છે.

> ચિંતા એ
> સંસારનું મોટામાં મોટું બીજ છે
> કારણ કે
> ચિંતા એ મોટામાં મોટો અહંકાર છે
> અહંકાર ગયો તો ચિંતા ગઈ.
> -દાદાશ્રી

ચિન્તાની સરિતાનો રાષ્ટ્રિય યા આંતરરાષ્ટ્રિય ક્યાંયે કિનારો જ નહીં જડે ! કહેવાય સરિતા, બાકી સર્વવ્યાપી સાગર છે.

જેમની પાસે તન છે, મન છે અને ધન છે, જેમની પાસે તન તો છે પણ મન કે ધન નથી એવા તમામે તમામ ચિન્તાના નાગપાશમાં જકડાયેલા છે.

આધિ ક્યાં નથી ? વ્યાધિ ક્યાં નથી ? ઉપાધિ પણ ક્યાં નથી ?

કુબેર જેટલી સંપત્તિ હોય, ઇન્દ્ર જેટલી સત્તા હોય અને મેનકા કે મેરેલીન/માધુરી જેવું સૌંદર્ય હોય તોયે આવાં સર્વે અનિદ્રાના શિકાર અને તેથી ચિંતાગ્રસ્ત રહે છે !

દેવી ચિંતા, સૌને આલિંગન આપવા જતી હશે ને સૌ એના આગોશમાં સપડાઈ જતું હશે. એમ મનાય તોયે સાચું નથી. ચિંતાને બહાર કોઈ બતાવે તો કરોડ રૂપિયા આપીનેય ખરીદી કાયમની કેદમાં પૂરી દેનારા પૃથ્વીપટે પડ્યા છે ! પરંતુ ચિંતા ક્યાંયે દેખાતી જ નથી.

મનોચિકિત્સકો મનોરોગીઓનાં મનસમાંથી, એમના અવચેતનમાંથી તેને શોધવા જાતજાતની પ્રક્રિયાઓ અને પૃથક્કરણોનાં પાથરણાં પાથરે છે પણ તોયે ફકીરી ફિતૂર રચતી ફિકરસુંદરી ફસાતી નથી !

સૂત્ર અદ્‌ભુત છે. ચિંતા જગતને જકડવા નવરી નથી, પણ જગત જ ચિંતાના પહોળા ખોળામાં અનિચ્છા છતાં સૂતેલું પડ્યું છે !

આમાં મારું શું ? અથવા, મારું શું થશે ? મારા પ્રિય પરિવારનું શું થશે ? હું પાછળ તો નહીં પડી જાઉં ? પેલો આગળ તો નહીં નીકળી જાય ?

'આ મોંઘેરા સુંદર મહેમાન ફરી મારા ઘરે ક્યારે આવશે ? આવી ફરીથી ક્યારે મોજ માણવા મળશે ?

પારિતોષિક સ્વીકારવાથી મને અધિક યશ મળે કે એને ઇનકારી કાઢવાથી કીર્તિ રળાશે ?!

આવી તેવી અને આ પ્રકારની હજારો ચિન્તાઓથી જ સંસારનો ચરખો ચાલ્યા કરે છે. આ ચરખાનો ચિચુડાટ સતત વાગતો અને સૌને વગાડતો જ રહે છે...

પ્રિય વસ્તુને પુનઃ પુનઃ પામવાની અને અપ્રિયને અળગી અલગ રાખવાની વૃત્તિ તેમ જ પ્રવૃત્તિને પણ સૂત્રે ચિંતાના ક્ષેત્રમાં ગણી લીધી.

સંસાર ચાલુ રહે છે કેમ કે એનું મૂળ કારણ ચિંતા છે. જાણે ચિંતાની ચાલનાથી જ સંસારનું ચક્ર અહર્નિશ ફર્યા કરે છે !

જેની ચિંતા ટળી ગઈ એનો સંસાર આથમી જાય. ચિંતાનું બીજ જ બળી ગયું પછી સંસારના વટવૃક્ષની વિષાક્ત વેલો કોને વળગે ?

કેટલાક તો તનાવ અને ચિંતાને વહાલ કરે છે. વયોવૃદ્ધ અભિનેતા દેવાનંદે તો સ્ટેટમેન્ટ કર્યું હતું કે ટેન્શનના કારણે જ હું ચિરયુવાન છું. ટેન્શનને કારણે એટેન્શનના પોઝમાં આવાં લોકો રહેતાં હશે. ચિંતાના લીધે જ ભૂલથાપ ન ખાવાની ઝીણી ચીવટ તે રાખતા હશે. પણ સૌ ભૂલી જાય છે કે ચિન્તાભર્યા રઘવાટમાં એની એકેય ફિલ્મકૃતિ હીટ નથી જતી. અપવાદ વગર બધી 'ફ્લૉપ' જાય છે કેમ કે ચિંતાની શિકોતરી ચિત્તને નવરું મેલતી જ નથી.

અક્રમ વિજ્ઞાની, જ્ઞાની પુરુષ દાદા ભગવાને માટે જ અજબ સૂઝથી સૂત્ર ઉચ્ચાર્યું છે કે 'ચિંતા એ મોટામાં મોટો અહંકાર છે. અહંકાર ગયો તો ચિંતા ગઈ.'

હું નહિ હોઉં તો શું થશે ? મારા પછી દીવા પાછળ અન્ધારું ! મારા વિના કોણ મારા જેટલા કૌશલ્યથી આનો ભાર અને જવાબદારી વેંઢારશે ? આખાબોલો કવિ અખો હોય તો બોલી ઊઠે : આવડો મોટો અહંકારનો ભાર કોણ વહે ? ગધેડો !

મોટી મોટી વિભૂતિઓ આવી, ઝબકી ને સમયના વિરાટ પટમાં સમાઈ ગઈ, પણ જગતનો ચોતરો વિધુરપદને પામ્યો નથી ! ખોટ વણપુરાઈ લાગે છે અવશ્ય, પણ તેય થોડોક કાળ અને તેય આશ્વાસનના ઉદ્‌ગારોમાં. બાકી આપણા વગર સંસારમાં સવાર, બપોર અને સાંજ તેમજ ઋતુચક્રો સનાતન સમયથી ચાલ્યાં જ કરે છે. આ સંદર્ભમાં દાદાશ્રીનું એક આવું અન્ય છતાં અનન્ય સૂત્ર ચાખી લો, ચાવી જુઓ : 'નામધારીને ચિંતા થાય જ. સ્વરૂપધારીને ચિંતા ના થાય !'

ગુજરાતી રંગભૂમિના વાસ્તવદર્શી નાટ્યકાર



જામન

—દિનકર ભોજક—

અલબેલી મુંબઈ નગરીમાં વૈષ્ણવોમાં, વૈષ્ણવ મંદિરોમાં, જ્યાં જ્યાં ઠક્કર જાતિનો નિવાસ હતો ત્યાં ત્યાં જોરશોરથી એક વાત ચર્ચાતી : 'કમળાબહેન, સાંભળ્યું ને ? છોકરો વંઠી ગયો છે. હાથથી ગયો છે. નાટકચેટક કરે છે. આપણી વ્યાપારી અને ધર્મપરાયણ કોમને આ શોભે ખરું ?' વાતમાં દિનપ્રતિદિન ગરમ ગરમ મસાલા નંખાતા અને વાત ચટાકેદાર બનતી. સુખી સંપન્ન આબરૂદાર ઠક્કર જ્ઞાતિનો 'કવિ જામન' નામે તેજસ્વી યુવાન નાટકમંડળીમાં નોકરી કરે અને તે પણ નાટક લખવાની. એ કઈ રીતે સાંખી શકાય ? અને તે પણ આજથી આશરે પંચોતેર કરતાં પણ વધારે વર્ષ પહેલાં ! અમને એક બીજો પ્રસંગ યાદ આવે છે. સને ૧૮૬૦માં કરસનદાસ મૂળજી નામના ગુજરાતના સમાજસુધારક અને કવિ નર્મદ ઉપર 'મહારાજ લાયબલ' કેસ ચાલ્યો ત્યારે પુષ્ટિમાર્ગી વૈષ્ણવધર્મ ખાસ્સો નિંદાયો હતો. નર્મદે ગુરુઓની ફરજ વિશે નિબંધ લખી કરસનદાસ મૂળજીનો પક્ષપાત કરી વૈષ્ણવોનો કોપ વહોરી, સુધારાવાળાની વાહવાહ મેળવી હતી. આવી જ વાહવાહ રૉયલ નાટક મંડળીના માલિક શેઠ મહાભાઈ મહાશંકર વેણીશંકર ભટ્ટને જામન - જમનાદાસ મોરારજી સંપતને કારણે મળી.

પ્રસંગ કંઈક આવો હતો. કવિ જામને સને ૧૯૨૨માં 'સોનેરી જાળ' નામે એક નાટક લખ્યું. આ નાટક કાલબાદેવી પર આવેલા એડવર્ડ થીએટરમાં સૌપ્રથમ વાર ભજવાયું. નાટક લખતાં પહેલાં એમણે રશિયાના ઢોંગી ધર્મગુરુ રાસ્પુટીનની પાપલીલાઓ વાંચી લીધી. એમણે સાંભળેલી અને જોયેલી ઘટનાનો વિસ્ફોટ કર્યો. પ્રાર્થના પછી નાટક શરૂ થતું. હવેલીનું દૃશ્ય આવતું અને બાલુભાઈ પટેલ નામે એક નટ ઢોંગી ધર્મગુરુના પાત્રમાં વૈષ્ણવોના મહારાજની વેશભૂષા સજી રંગમંચ પર આવતા અને પછી સ્ત્રીઓ સાથે એમની રંગલીલાનો પ્રારંભ થતો. 'સોનેરી જાળ'ના પ્રથમ ખેલ પછી વૈષ્ણવ સમાજમાં હાહાકાર વ્યાપ્યો, નાટક બંધ કરાવવા માટે. જેમ નર્મદ અને કરસનદાસ મૂળજીને સહન કરવું પડેલું એવું જ, નાટકમંડળીના માલિક અને લેખકને સહન કરવું પડેલું. નાટક બંધ કરાવવા માટે ભારે દબાણ થયું. બધા પ્રકારની વગ વાપરવામાં આવી, પરંતુ આ બંને ક્રાંતિકારી વ્યક્તિઓની સંકલ્પશક્તિ ઘણી મક્કમ હતી. ઊહાપોહ થતો ગયો તેમતેમ પ્રેક્ષકોની હાજરી વધતી જતી હતી. છેવટે મહાભાઈ શેઠે વૈષ્ણવોના આગેવાનો આગળ એક દરખાસ્ત મૂકી : 'તમે બધા થિએટર પર અમારું નાટક જોવા આવો. તમારા માટે એક ખાનગી પ્રયોગ ગોઠવવાની વ્યવસ્થા કરીશું. તમારે અમારું નાટક તમારા મહારાજો સાથે મફત જોવા આવવાનું છે. તમને નાટકની ભજવણી દરમિયાન જે પ્રસંગ કે સંવાદ વાંધાભર્યો લાગે, તમને સૌને ખટકે એ મને જણાવજો.' દરખાસ્ત મંજૂર થઈ. બધાએ નાટક જોયું, જેમાં વૈષ્ણવ મંદિરના મહારાજશ્રી પણ પધાર્યા હતા. ચર્ચા-વિચારણા થઈ. મહારાજશ્રીએ મહાભાઈને કહ્યું કે, તમે નાટકમાંથી ધર્મગુરુ બનીને આવતા નટ યુ (U) આકારનું તીલક કરે છે અને જૂઠણ ખવરાવે છે એટલું કાઢી નાખો. સૂચન માન્ય રખાયું અને પછી તો નાટક ઘણું ચાલ્યું. કવિ નર્મદ પછી ગુજરાતી રંગભૂમિ પર ક્રાંતિકારી વિચારસરણી નારીસ્વાતંત્ર્ય, મજદૂર આંદોલન, આ બધાંને નાટક દ્વારા વાચા આપી નાટ્યકાર બૅરિસ્ટર નૃસિંહ વિભાકરે, સને ૧૯૦૯થી ૧૯૨૫ દરમ્યાન. બંડખોર અને સુધારાવાદી કલમ ચલાવી કવિ જામને. જામન માત્ર વિષયવસ્તુની દૃષ્ટિએ કશુંક નવું લઈ આવ્યા એટલું જ નહીં, પરંતુ વ્યવસાયી રંગભૂમિ ઉપર સૌપ્રથમ વાર, દ્વિઅંકી નાટકો લખ્યાં અને આ નાટકો ભજવાયાં છે. ઉપર નોંધેલા પ્રસંગનો અર્થ કોઈ એમ ન કરે કે જામનભાઈ નાસ્તિક હતા. એમણે વૈષ્ણવ સંપ્રદાય અને અન્ય ધર્મના ગ્રંથો વાંચ્યા હતા. શ્રીનાથજીની છબી જોઈ એમના હૃદયમાં લાગણીનાં પૂર ઊમટતાં અને બે હાથ જોડી વંદન કરતા. તેઓ જ્યારે સૌપ્રથમ વાર રાજસ્થાનમાં આવેલા નાથદ્વારા ગયા અને શ્રીનાથજીનાં દર્શન કર્યાં ત્યારે પ્રથમ દૃષ્ટિ એમના માટે પ્રભુમિલનની બની. આંખમાં આંસુ સાથે એમણે સાષ્ટાંગ નમસ્કાર કરેલા.

'સોનેરી જાળ' નાટક વિશે તેઓ આ પ્રમાણે નોંધે છે :

'વાચાળ, ચતુર, ડોળઘાલુ સાધુઓ, તેમના અંતરમાં ઘર કરી બેઠેલી લોભવૃત્તિ અને વાસનાવૃત્તિને પોષવા રંકથી રાય પર્યંત ભોળા શ્રદ્ધાળુઓને પોતાની સોનેરી જાળમાં ફસાવી સ્વેચ્છા મુજબ દોરે છે. એનું એકાદ નાનકડું ચિત્ર આ નાટકમાં આલેખવાનો અલ્પ પ્રયાસ છે.'

દૈનિક પત્રમાં આજે પણ ઘણા સંપ્રદાયોના અને કહેવાતા સંતોના



'સળગતા સંસાર'માં મૂળરાજ
મિ. ચુનીલાલ

આ સિવાયના ઘણા કિસ્સાઓ પ્રગટ થયા કરે છે. એ રીતે વિચારીએ તો કવિ જામન ગુજરાતી રંગભૂમિના ક્રાંતદર્શી નાટ્યકાર હતા. આ સમયપટ્ટી પર બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયાએ 'સંસાર એક નાટક' અને 'શકુંતલા રસદર્શન' એમ બે અનેકાંકી તેમજ એકાંકીના બે સંગ્રહ 'મત્સ્યગંધા અને ગાંગેય તથા બીજાં ચાર નાટકો (૧૯૨૫)' આપ્યાં છે.

કવિનો શબ્દ લોહીથી લખાયેલો હોય તો તે કદી ભૂંસાતો નથી. નર્મદનાં અને બટુભાઈનાં નાટકો છપાયાં છે. જામનભાઈની એક દ્વિઅંકી નાટિકા 'રસના રાસ' ૧૯૩૩ના થોડાક પ્રવેશો છપાયા છે. આ દ્વિઅંકી નાટ્યકૃતિ એમની રસભરી અપ્રકટ મૌલિક કૃતિ છે.

ચિંતામણિ નામની વેશ્યાના મોહપાશમાં બંધાયેલો બિલ્વમંગળ સુરદાસ બનવાની યાત્રા સુધી કઈ રીતે પહોંચ્યો એનું આછેરું ચિત્ર આ નાટિકામાં છે. બિલ્વમંગળ ઘરબાર છોડી ચિંતામણિને ત્યાં જ પડ્યો-પાથર્યો રહે છે. બિલ્વમંગળના પિતા મૃત્યશય્યા પર છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે. એટલે બિલ્વમંગળની પત્ની રાધા ચિંતામણિને ઘેર આવી, સમજાવી બિલ્વમંગળને ઘરે લઈ જાય છે – એક શરતે કે ફરી એ બિલ્વમંગળને ચિંતામણિ પાસે પહોંચાડશે. પરંતુ ચિંતામણિ બિલ્વમંગળને આજ્ઞા કરે છે કે પોતે બોલાવે નહીં ત્યાં સુધી તેણે પિતાને ઘેર રહેવું. પિતાના મૃત્યુ પછી ચિંતામણિને ભૂલી નહીં શકતો બિલ્વમંગળ ઘર છોડી નીકળી ચૂક્યો છે, અને નાટિકાનો બીજો અંક શરૂ થાય છે.

અંક બીજો - દૃશ્ય બીજું

(સર્પને પકડી ઉપર અગાસીમાં ઊતરે છે. એના પગરવથી ચોંકી ચિંતામણિ જાગે છે.)

ચિંતા : કોણ એ ?

બિલ્વ : ચિંતાની પ્રાપ્તિ વિના મારી ચિંતાનું નિવારણ થાય શી રીતે ?

ચિંતા : (વિચારગ્રસ્ત ચમકી, બિલ્વને ધીમેથી હડસેલી) પણ મારી આજ્ઞા વિના અહીં તમે આવ્યા શા માટે ?

બિલ્વ : દીર્ઘ સમયથી તપ્ત થયેલી વસુંધરાને શીતળ કરવાનું મેઘને આમંત્રણ નથી દેવું પડતું. છતાં હું આજે વણનોતર્યો આવ્યો નથી.

ચિંતા : એટલે રાધાને કૉલ આપ્યા પછી હું તમને અત્રે આમંત્રવાની ધૃષ્ટતા કરું એવી અધમ દુષ્ટ મને સમજો છો ? બિલ્વ, હું તમને ચાહું છું. તમને જ ભજું છું, એ ખરું. તમારા વિયોગે બાવરી બની રડી મરું છું. એ પણ સત્ય છે, તો યે તમારી રાધાનું દિન, દયામણું મુખડું હું ભૂલી શકતી નથી. વલોવાતાં આ હૃદયની વ્યથા સહેતાં યે એનું સુખ હું લૂંટી શકતી નથી.

બિલ્વ : મને નદી પાર ઉતારવા નાની-શી નૌકા તો તેં જ પાઠવી હતીને ?

ચિંતા : ઓ ગાફિલ ! જ્યાં મારી એકની એક નૌકા ડૂબી રહે છે ત્યાં બીજી નૌકા હું ક્યાંથી પાઠવું તારે માટે ?



પ્રાગજી ડોસા

બિલ્વ : મારા કથનમાં તને વિશ્વાસ ન હોય તો ચાલ મારી સાથે નદીકિનારે. એ નૌકા હજીએ ખડી હશે.

ચિંતા : (વિચારગ્રસ્ત) ચાલો જ.... બતાવો મને એ નૌકા... જોઉં... (બંને નીચે આવે છે. ઉદ્યાનમાંથી નદીકિનારે જાય છે.)

બિલ્વ : જો આ ખડી નૌકા. ખાતરી કરી લે.

ચિંતા : (પાસે જઈ ચોંકી) અરે ! આ તો શબ છે ! કોઈ સ્ત્રીનું શબ છે. આ નૌકા ક્યાં છે ?

બિલ્વ : (હસી પડતો) હાડચામની કાયા અને કાષ્ઠની નૌકા વચ્ચેનો ભેદ હું સમજી ન શકું એવો અંધ તું મને માને છે ?

ચિંતા : છતી આંખે અંધ તમારા જેવો જગતભરમાં બીજો કોઈ હશે કે નહીં તેની પણ મને શંકા થવા લાગી છે. આવો, આમ પાસે આવો; અને જુઓ કે આ શું છે ?

બિલ્વ : (પાસે જઈ કમકમી) અરે ! ખરેખર આ તો કોઈ સ્ત્રીનું જ શબ ! (હાથ લગાડતાં સ્તબ્ધ બને છે.)

રાધા ! આ તો રાધાનું શબ ! (બહાવરો બની)

રાધા.... રાધા.... (એક પથ્થર પર બેસી ડૂસકાં ખાતો બંને હાથે મુખ ઢાંકી દે છે.)

જામને વિશિષ્ટ કથાનકવાળાં અને ટૂંકા સંવાદોવાળાં નાટકો આપ્યાં. એમનાં નાટકો લોકો સુધી પહોંચ્યાં. જામનને કેવળ શબ્દોનું, ભાષાનું વળગણ નથી. એમને ભાષા માટે આદર છે. એટલે ગુજરાતી પ્રેક્ષક નાટકની ભૂખ એમનાં નાટકોથી યોગ્ય રીતે સંતોષી શકે છે. બદલાતી અભિરુચિનો અણસાર એમનાં નાટકોમાં છે. એમનાં નાટકોમાં મૂળ વાત નક્કર હોવાથી આજે પણ વધતેઓછે અંશે એમનાં થોડાંક નાટકો ટકી શકે એવાં છે.

'એમાં શું ?' નામની એમની દ્વિઅંકી નાટિકામાં એમણે હળવી રીતે જીવનના ગંભીર પ્રશ્નોની રજૂઆત કરી છે. એમાં શું ? કહીને વાતની ગંભીરતા સમજ્યા વગર વાતને નજીવી ગણી આપણે એના તરફ દુર્લક્ષ સેવીએ છીએ. આપણી ઉદાસીનતા જીવનમાં કેવાં ભયંકર પરિણામો લાવે છે એનું સુંદર ચિત્ર આ નાટિકામાં એમણે દોર્યું છે. બાળકોનાં વર્તન ઉપર આપણે દુર્લક્ષ રાખીએ તો બાળકો કેટલી હદ સુધી જાય છે એનું દર્શન આ નાટિકામાં હતું. એમની આ નાટિકા તો જાણે ઘરઘર ઘટતી કથા ! સને ૧૯૨૩માં પહેલી નાઈટે પ્રેક્ષકોએ આ નાટિકાના ટિકિટના ભાવ રૂ. ૧૦૦ (સો) બોલાવ્યા હતા !

એક વાર નાટકમંડળી અમદાવાદ ગઈ. અમદાવાદમાં જ્યાં પ્રકાશ સિનેમા હતું ત્યાં એ ભારત ભુવન થીઅટરમાં આ નાટક ભજવાયું. થોડાક સાહિત્યકારો પણ આ નાટક જોવા આવ્યા હતા. સાહિત્યકારો રાજી થયા. સૌએ જામનભાઈને બહુમાનથી સત્કારવાનો નિર્ણય કર્યો. આ બહુમાનનો કાર્યક્રમ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને આશ્રયે યોજાયો. પ્રમુખપદે ગુજરાતના જાણીતા ચિંતક શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ હતા.



શ્રી ચંપક લાલા 'વાસનાનાં વહેણ'માં વીણાની ભૂમિકામાં

આનંદશંકરભાઈએ પ્રમુખપદેથી જામનભાઈને બિરદાવતાં આ પ્રમાણે કહેલું :

'જે વસ્તુ તમે જોઈ નથી, તમે અનુભવી નથી, એમાં કલ્પનાનો આશરો લઈ, પ્રસંગો ગૂંથી તમે નાટકમાં લાવો છો એ માટે તમને ધન્યવાદ ઘટે છે. કારણ કે કલ્પનાને જિંદગીમાં બનતી સત્યઘટનાઓની હકીકતમાં તમે સિદ્ધ કરી દેખાડી છે.' શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ જામનભાઈની શૈલી અને સાહિત્ય માટે આદર વ્યક્ત કર્યો હતો. મંડળી જ્યારે કરાચી ગઈ ત્યારે ભારતના પ્રતિષ્ઠિત જસ્ટીસ ચાગલાના વરદ હસ્તે કરાચીનાં નાગરિકોએ નાટ્યકાર જામનની નાટ્યપ્રતિભાને બિરદાવવા માનપત્ર આપ્યું હતું. આમ, જામનભાઈનો શબ્દ લોકહૃદયમાં આદરનું સ્થાન પામ્યો હતો. આપણા જાણીતા નાટ્યકાર ચંદ્રવદન મહેતાએ સને ૧૯૩૭માં 'નાગાબાવા' નામે નાટક લખી સમાજનું તાદૃશ્ય ચિત્ર ઊભું કર્યું હતું. વ્યવસાયી રંગભૂમિની લઢણમાં રહી જામનભાઈએ જુદી રીતે સમાજચિત્રણ આપવાના હેતુથી 'ભિક્ષુકબાબા' નામે એક નાટક લખી, ભજવી વાસ્તવજીવનની પાછલી બારી ઊઘાડવા પ્રેરક પ્રયત્ન કરેલો એની નોંધ લેવી ઘટે છે. એમની અન્ય નોંધપાત્ર નાટ્યકૃતિઓમાં 'ભૂલનો ભોગ' (૧૯૨૧), 'લગ્નબંધન' (૧૯૨૨), 'એ કોનો વાંક' (૧૯૨૪), 'અંધારી ગલી' (૧૯૨૫) જેવી કૃતિઓ ગણાવી શકીએ. આવી સબળ અને સફળ રચનાઓથી એમણે શક્તિશાળી નાટ્યકાર તરીકે રંગભૂમિની દુનિયામાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઉપરોક્ત બધાં જ નાટકોમાં જામને જૂની ઢબમાં નવીન ભાવનાઓ ગૂંથી છે. એમના દિલમાંથી પીડિત સમાજના ઉદ્ધારની મંગળ કામના ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ શરૂ થાય એ પહેલાં અવતરી છે. એ રીતે શબ્દ, અભિનયને લાગેવળગે છે ત્યાં સુધી જામનભાઈ દૂરંદેશી નાટ્યકાર તરીકેનો જશ મેળવી જાય છે. સને ૧૯૩૨માં એમણે 'કૉલેજિયન' અને 'વાસનાનાં વહેણ' રજૂ કર્યાં હતાં.

જામનભાઈએ એમની જ્ઞાતિના ભાઈઓમાં કલાનો શૉખ જાગે એ માટે 'શ્રી ભટ્ટી હિતવર્ધક સમાજ' સ્થાપીને ભાટિયા સમાજમાં ઊહાપોહ મચાવેલો. કશુંક કોલાહલ જેવું ઊભું કરવું, વિચારનું આંદોલન જગાડવું એ જામનભાઈની નાટ્યપ્રતિભાનું આગવું લક્ષણ હતું. એમના શ્રી ભટ્ટી હિતવર્ધક સમાજમાં એમના પુત્રો, સગાવહાલા ઉપરાંત ગુજરાતના જાણીતા નાટ્યકાર પ્રાગજી ડોસા પણ હતા. પ્રાગજીભાઈએ પ્રારંભમાં સ્ત્રીભૂમિકા અને પછી પુરુષ ભૂમિકા ભજવેલી, એ પછી ખલનાયક પણ બનેલા. કવિ જામને સને ૧૯૩૨માં 'ગુજરાત કલામંદિર' નામની પોતાની નાટક મંડળી પણ શરૂ કરેલી.

સમગ્ર રીતે અવલોકતાં એમ લાગે છે કે જામનભાઈને પોતાના જીવનની કેડી મળી ગઈ હતી. સંઘર્ષની વચ્ચે પણ આ સંનિષ્ઠ સજ્જન નાટક નામના પદાર્થને વળગી રહ્યા. આ એમની અપૂર્વ લગન હતી, એમની રુચિ હતી, એમનો લગાવ હતો. જેને કશોક ને કશોક લગાવ હોય તે કશુંક અવનવું કરી દેખાડે. સાર્થવાહોની નિતાંત જાગૃતતાને કારણે લોહાણા-ભાટિયાનો આ નબીરો નાટ્યક્ષેત્રે કશુંક નવું કરી તા. ૨૨-૧૨-૧૯૫૫ના રોજ અગમના નેપથ્યમાં મુંબઈ ખાતે બધાંને છોડીને ચાલ્યો ગયો. વિશાળ કુટુંબની વચ્ચે પણ સ્થિતપ્રજ્ઞ સમા જામનભાઈનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે એક કલાનુરાગી સૌજન્યશીલ નાટ્યકારનું વ્યક્તિત્વ હતું. એમના એક ગીતની પંક્તિઓ આ પ્રમાણે છે :



પ્રભાશંકર 'રમણી'

'ભસ્મ કાં ભાસ્કર થયો જ્યોતિશિખાના તાપથી
શેષ કાં કાંપી ઊઠ્યો કામિની કેશ કલાપથી ?'

અમે મુંબઈ કિંગ સર્કલ પાસે આવેલા નાકા પરના એમના નિવાસસ્થાનને શૂન્ય મનસ્કે જોયું ન જોયું કરી ઝડપથી સરકી જઈએ છીએ.

અમે ઝડપથી સરકી જઈએ છીએ, પણ એમના નિવાસસ્થાનની એક બારી અમારા ભાવવિશ્વમાં ઊઘડે છે અને વસાય છે. એક ચહેરો મુંબઈની ભીડમાં અમારો પીછો કરે છે. એ ચહેરાની એક આંખ પોતાના સમય પર છે. અને બીજી આંખ ભવિષ્ય તરફ. વ્યવસાયી રંગભૂમિનાં નાટ્યકારો પાસે 'સીમોલ્લંઘન' છે ખરું ? એ પ્રશ્ન ભીડ અને મોટરોની આવનજાવન વચ્ચે અમને પીડે છે.

આ બધા પરિસ્થિતિને વશ થઈ જીવ્યા હોવા છતાં એમણે સમાધાન સાધ્યું છે એ વિચાર અમને જિંદગીને લાગેલા ટોણા જેવો લાગે છે. કોઈક વાર દસ બાય બારની ભાડાની ઓરડીમાં પણ એમના અંતઃસ્થળનાં કમાડ ઊઘડ્યાં છે. એમાંના એક તે જામન. એમણે પ્રતિકૂળતાઓ સામે ગરદન ટટ્ટાર રાખી જીવવાનું પસંદ કર્યું. સર્વસ્વ હોડમાં મૂક્યું, પણ દિલચોરી ન કરી. સર્વપ્રકારનું સુખ, ધન હોવા છતાં એમણે પોતાની આખેઆખી હયાતી પોતાના ધ્યેયને, આદર્શને ચરિતાર્થ કરવા હોડમાં મૂકી. અને એમ કરતાં એમણે સાર્થકતા અને સંતોષ અનુભવ્યાં. એમણે અને બીજા થોડાકે નાટકને ષોડશી મુગ્ધાની માફક જોયું, પ્રીછ્યું અને અવલોક્યું. 'જાગતે રહો' નામની ફિલ્મ તો બંગાળી દિગ્દર્શક શંભુ મિત્ર અને અમિત મિત્રએ ઘણી મોડી આપી. પરંતુ એ પહેલાં થોડાંક નાટકવાળાઓ આવું કશુંક એમને આવડ્યું એવું કરી ગયા છે. આવો વિચાર મનમાં ઝબકી ગયો અને એકાએક સામેથી આવતી મુંબઈની સડક પરની એક પૂરપાટ બસ સ્ટૅન્ડ પર આવી ઊભી રહે છે. ભીડમાં બહેરાઓના કાને પડતી બૂમની માફક 'ચર્ચગેટ, ચર્ચગેટ' અવાજ સંભળાય છે. બસ ચાલ્યા કરે છે અને ઓરડીનું સ્મરણ ઝાંખું ઝાંખું થતું જાય છે. પરંતુ અનાદિ કાળનો એક સનાતન પ્રશ્ન જે ડાયોનિસિસે દિવસે ફાનસને હાથમાં રાખી કોઈની આંખમાં માણસ છે, એવી શોધ આરંભેલી એનો સ્પર્શ અમને બસમાં બેઠાં બેઠાં થયો ! શબ્દ સાથે સંબંધ રાખનાર સૌ ઘેલી તરસના માનવો છે.

આપણે ત્યાં ઘણાં ક્ષેત્રોમાં ઘણી વાર દરવાજા બંધ છે અને આજુબાજુ અંધકાર છે. ગુજરાતી રંગભૂમિને દોઢસો જેટલાં વર્ષ થયાં



નૃસિંહ વિભાકર

છતાં વ્યાપકપણે ઘણાને એમ લાગે છે કે નાટ્યક્ષેત્રે કશું જ નથી. આ વાતનું આશ્ચર્ય થાય છે. ગુજરાત સાહિત્ય અકાદમી કવિશ્રી દલપતરામનાં નાટકો છાપે, અૃમત કેશવ નાયક જેવા સમર્થ નટ, દિગ્દર્શક અને સાહિત્યકારની 'એમ.એ. બનાકે કયું મેરી મીટ્ટી ખરાબ કી ?' જેવી નવલકથાનું પુનઃ મુદ્રણ કરે એ સર્વથા આવકાર્ય છે; પરંતુ પોતાના સમયમાં સીમાબદ્ધ રહીને પણ જેમણે સમાજજીવન માટે પ્રેરક કાર્ય કર્યું છે એવા નાટ્યકારો સર્વશ્રી મૂળશંકર મૂલાણી, બેરિસ્ટર નૃસિંહ વિભાકર, પ્રભુલાલ દ્વિવેદી કે જામન જેવાની એકાદ સાહિત્યિક અને નાટ્ય-અંશથી સભર કૃતિનું પણ પુનઃ મુદ્રણ કરાવી એનું મૂલ્યાંકન કરાવે તો ગુજરાતી નાટ્યસાહિત્યના ઇતિહાસની એક કડી જોડાય. ગુજરાતી નાટ્યસાહિત્યના ઇતિહાસમાં આમાંના એકનું પણ નાટક કે નામ સંદર્ભ ખાતર પણ જવલ્લે જ જોવા મળે છે. આ આપણી સૂગ છે કે આભડછેટ ? રંગભૂમિને સમર્પિત કટિબદ્ધ લેખકો, કળાકારો, માલિકો, દિગ્દર્શકો અને પ્રેક્ષકોએ રંગભૂમિની જ્યોત જલતી રાખી છે. એ સંદર્ભે મહારાષ્ટ્રના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં ગુજરાતી રંગભૂમિના એક જાણીતા નટના આત્મચરિત્રનું પ્રકરણ તેમજ પ્રભુલાલ દ્વિવેદીના 'માલવપતિ' નાટકનો એક અંશ સમાવિષ્ટ કરેલ છે, જે હકીકત તરીકે અહીં નોંધું છું. રંગભૂમિના ઘણા નાટ્યકારોનાં કેટલાંક નાટકોની હસ્તપ્રતો પણ મળી શકે એમ છે, પરંતુ એને છાપવાનું સાહસ કોણ કરે ?

ગુજરાતી નાટ્ય-સાહિત્યમાં ચંદ્રવદન મહેતાનું 'નાગાબાવા' નામનું નાટક ભિક્ષુકોની મનોવૃત્તિનું વેધક નાટક છે. એની ગણના નાટ્યસાહિત્યના ઇતિહાસમાં થાય છે એ સર્વથા ઉચિત છે. પ્રબોધ જોષીના અને અન્ય નાટ્યકારોનાં હળવાં સંસારરંગી નાટકોની નોંધ પણ લેવાય છે એ જરૂરી છે. પરંતુ જામન કે બીજા નાટ્યકારોની ઘોર ઉપેક્ષા થાય એનો જવાબ કોણ આપશે ? ગુજરાતના સમર્થ રંગકર્મી જશવંત ઠાકરે એક વાર અમને જામનના 'ભિક્ષુક બાબા' નાટકની ઉત્તમતાની વાત કરેલી, પરંતુ આજે તો ચંદ્રવદન મહેતા કે જશવંત ઠાકર પણ નથી.

જે નાટ્યકારે બાલુભાઈ પટેલ, વડનગરના પ્રભાશંકર રમણી, પુરુષોત્તમદાસ ચકાવત, ભોગીલાલ (માલતી), લાલજી નંદા, અમૃત જાની, 'વડીલોના વાંકે'ના કીર્તિકુમાર - ચુનીલાલ જીવરામ નાયક, મા. છગન (કડી), અમૃત જોખમ જેવા નટોની ગુજરાતને ભેટ આપી એ સાથે સોરાબજી કાત્રક જેવા દિગ્દર્શક આપ્યા એ નાટ્યકારને શત શત વંદન. સારા નાટ્યકારો જ સારા કલાકારોને ઘડે છે.

જૂની વ્યવસાયી રંગભૂમિનો સમય હવે પૂરો થઈ ગયો છે. એ અનુકૂલન સાધી ન શકી એ બધાને લાગુ પડે તેવી શાશ્વત ઘટના છે. નાટ્યકર્મથી રસાયેલી એક શૈલી — પરંપરાને મજબૂત અને કર્મશીલ સંગઠન ન મળ્યું અથવા તો સાચું કહીએ તો તેઓ જે કંઈ કરતા હતા એને અંતિમ માની ચાલ્યા — એ જ ચીલાચાલુ પદ્ધતિ જૂની રંગભૂમિને ખતમ કરી ગઈ. એને માટે જવાબદાર કોઈ હોય તો એ છે સમય. જે વ્યક્તિ કે સંસ્થા, પરંપરા કે શૈલી સમયને પારખતી નથી એ આ જ રીતે વિલીન થાય છે.

પ્રસંગ

સાત સૂરની એક વાંસળી

બહાદુરભાઈ જ. વાંક

હમણાં હમણાં ગુરુ બજુવાની તબિયત સારી રહેતી ન હોઈ શહેરના તેમના કેટલાક ચાહકો તેમના ખબરઅંતર પૂછવા અને પોતાની સેવા આપવા માટે આશ્રમમાં આવ્યા. વારાફરતી દરેકે બજુવાને પ્રણામ કરી તેમની તબિયત વિશે અને લેવામાં આવતી સારવાર વિશે પૃચ્છા કરી.

પથારીમાંથી બેઠા થઈ ખુરશી ઉપર બેસવાનો પ્રયત્ન કરતા બજુવા બોલ્યા : 'મારા શરીરની તકલીફોની તો તમને શું વાત કરું ? માથામાં, છાતીમાં, પેટમાં, અને ગળામાં સતત દુઃખાવો થતો રહે છે. આ ઉપરાંત બીજા બે રોગ, બ્લડ પ્રેશર અને મણકાની તકલીફ. આમ, છ રોગોએ મારા, શરીરને બરાબર ઘેરો ઘાલ્યો છે. એકીસાથે છ રોગોને હું સાચવીને બેઠો છું !'

એક ભાઈ બોલ્યા : 'રોગોને થોડા સાચવવાના હોય ? એની તો તાત્કાલિક સારવાર કરાવવાની હોય.'

જરા સ્પષ્ટતા કરતા બજુવા બોલ્યા : 'સાચું કહું તો હું રોગોને સાચવું છું એના કરતાં રોગો મને વધારે સાચવે છે. પછી હું એની સારવાર કરાવવાની પણ ચિંતા શા માટે કરું ?'

'રોગો વળી શરીરને કઈ રીતે સાચવી શકે ?' બીજા એક ભાઈએ જિજ્ઞાસા વ્યક્ત કરી.

'આ રોગોએ મારા શરીરને વાંસળી જેવું પોલું બનાવી દીધું છે ! પછી મારા શરીરને સાચવ્યું ગણાય કે નહીં ?' બજુવા હસી પડ્યા, ને ઉમેર્યું : 'એટલે આ રોગોને રોગો તરીકે ન ગણતાં મારી શરીરરૂપી વાંસળીના છ છેદ જ ગણું છું !'

'આપની વાત પ્રેરણા આપે તેવી છે. છતાંય અમે તો આપને પ્રાર્થના દ્વારા આ બધા રોગોને દૂર કરવા માટે નમ્ર અનુરોધ કરીએ છીએ. આપ તો દરેક રીતે સમર્થ છો. બધાએ પોતાની લાગણી વ્યક્ત કરી.

હસતાં હસતાં બજુવા બોલ્યા : 'પ્રાર્થના તો હું ક્ષણે ક્ષણે કરતો રહું છું. હે પ્રભુ ! હજુ મને એક રોગ વધારે આપી દે, જેથી મારું શરીર પૂરેપૂરા સાત સૂરની એક વાંસળી જ બની જાય !'

'આવી પ્રાર્થના કરીને આપ આપના શરીરને જ તકલીફો આપી અન્યાય કરી રહ્યા હો તેમ આપને શું નથી લાગતું ?' બધાએ પોતાની ચિંતા વ્યક્ત કરી.

ને બજુવા બોલ્યા : 'મારું શરીર તો સ્વયં કૃષ્ણના હાથની વાંસળી બની ગયું છે. ક્ષણેક્ષણે ફૂંક મારીને વાંસળીને વગાડ્યા કરે છે. પછી મને શાની તકલીફ ? શાનું દુઃખ ? એ વાંસળી વગાડતા રહે છે, ને હું વાંસળી સાંભળતો રહું છું !'

જેમના વિશે આ લેખમાં વાત માંડી છે એ નાટ્યકાર જામનનાં બાનું નામ જેવાબાઈ. દ્વારકા અને ઓખાની વચ્ચે એક નાનકડા વરવાળા ગામમાં એમના બાપા કાપડની છૂટક ફેરી કરતા. જામનનાં પત્નીનું નામ કબૂબાઈ. એમના સુપુત્ર ડૉ. નગીનભાઈને નાટ્યકાર પ્રાગજી ડોસા મારફત મળવાનું થયેલું એનું સ્મરણ આ તબક્કે અમને વળગી પડે છે. ❑

ઈમાન

ગૌતમ એસ. જોષી

અલી લંગડાતો લંગડાતો કાખઘોડીને બગલમાં સંભાળતો, જૂની ખાંસીથી બેવડો વળતો, આંગણામાં લટાર મારી રહ્યો હતો.

'કહું છું, થોડી વાર વિસામો તો ખાઓ. આમ દિવસરાત ખેતર પાછળ હેરાન-પરેશાન થશો તો થાકી જશો.'

એકલઢાળિયામાં આરામ ખુરશીમાં પડી એક સ્ત્રી અલીને આરામ કરવાની સલાહ આપી રહી હતી. પણ અલી તો ઉધરસ ખાતો કાખઘોડીના ટેકે આંગણાના ઝાંપા પાસે ઊભો રહી ગયો.

'કહું છું આ ટેવ હવે જવાની નથી લાગતી. પોલીસખાતાને છોડ્યે વીસ વર્ષ થયાં છતાં પોલીસની જેમ જ રહેવાની કોશિશ શા માટે કરો છો ? ભગવાને એક પગ તો ઈમાનદારી કરતાં લઈ લીધો તોય સમજતા નથી.'

'સવિતા ! ખામોશ... મારી નોકરી કે ઈમાનદારીની ફરી વાત નહીં કરવાનું તને કહ્યું છે તે છતાંય મારા કપાયેલા પગને લઈ શા માટે મારી ઈમાનદારી યાદ અપાવે છે ? અરે ! તારા પ્રેમની ખાતર તો નોકરી અને મારા ગામને છોડી તારા ગામમાં રહેવા આવ્યો છું. પણ... તું...' અલી બોલતો અટકી ગયો અને આંગણામાં પડેલા ખાટલા પર ધડાક કરતો બેઠો. ખાટલાના ચારે પાયા હલબલી ગયા. તે જોઈ સવિતા બોલી ઊઠી : 'અરે ! આ ખાટલો છે, નીચે પડ્યા હોત તો ?'

'સવિતા ! તું જે મારો ખયાલ રાખે છે તે તો ઠીક પણ તારા...'

ફરી અલી બોલતો અટકી ગયો. એટલે સવિતા આરામ ખુરશીમાંથી ઊભી થઈ ધીરે ધીરે આંગણામાં આવવા લાગી. તે જોઈ અલી કાખઘોડીને બગલમાં દબાવતો ઊભો થયો.

'અરે ! સવિતા ! તું ત્યાં જ બેસી રહે. તારા શરીરનું ઠેકાણું નથી. આંગણામાં ક્યાંક પડી જઈશ. જો તો આ ગાંઠિયા વાએ તારી શું હાલત બનાવી છે ! ઊભી રહે, ઊભી રહે...'

અલી લંગડાતો લંગડાતો સવિતા સુધી પહોંચી ગયો. હાથપગથી પંગુ બનેલી સવિતા અલીના હાથને બરોબર પકડી લઈ ત્યાં જ ઊભી રહી અલીને નીરખવા લાગી.

'શું જુએ છે, સવિતા ? આ કિસ્મત જ એવું છે કે, સાચા પ્રેમની આવી પરીક્ષા લેતું હોય છે. ચાલ, તારી ખુરશી પર ચાલ.'

બંને પ્રેમીઓ લંગડાતાં લંગડાતાં એકલઢાળિયામાં પડેલી ખુરશી સુધી પહોંચ્યાં. સવિતા તે ખુરશી પર બેઠી, અલી દરવાજા પાસેની ખુરશીમાં બેસી ગયો.

'સવિતા... લગ્ન કર્યાંને કેટલાંય વર્ષો થયાં... પણ...'

'અરે ! આ તો ભગવાનની મરજી. તેમાં અફસોસ થોડો કરાય ? મારે મન તો આપ છો તો દુનિયા છે.' સવિતા એટલું કહી, અલી સામે જોવા લાગી. અલી પણ મોટો નિસાસો નાખી સવિતા સામે જોઈ રહ્યો. પચાસ-પંચાવન વટાવી ચૂકેલાં આ બંને જણ એકબીજાં સામે જોઈ જાણે મૌનની ભાષામાં વાતચીત કરી રહ્યાં છે. થોડી વારે અલી બોલ્યો :

'સવિતા... આજે મને ઝુબેદાની યાદ આવે છે.'

'કોણ, મૂઈ ઝુબેદા ?' સવિતા ખુરશીમાં બેઠીબેઠી ચમકી ગઈ, ત્યારે એ જોઈ અલી હસી ઊઠ્યો.

'અરે ! એ તો મારી ભાભી... હું જ્યારે પોલીસમાં નોકરીએ રહ્યો ત્યારે જ મારો મોટો ભાઈ રઝાક ટી.બી.માં મરી ગયો. મારાં બાપુએ ઝુબેદા સાથે જ દિયરવટુ કરવા જણાવ્યું, પણ ઝુબેદાને હું કેમ પરણી શકું ? છતાંય મારા પરિવારવાળાંઓએ મારા પર જબરદસ્તીથી દબાણ કરતાં ઝુબેદા સાથે મારે નિકાહ પઢવી પડી...!'

'શું તમે પરણેલા છો ? આજે પચ્ચીસ વર્ષે આ તમે શું બોલો છો ? મારું જીવન...' સવિતા વધુ બોલી ન શકી. તેના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. ત્યારે અલી નિઃશ્વાસ નાખી બોલ્યો :

'હા ! સવિતા હું પરણેલો હતો. પણ ઝુબેદાના પેટે મારા ભાઈની ઓલાદ અવતરે તે પહેલાં તો તે ઓલાદ ઝુબેદાના પેટમાં જ મરી ગઈ. સાથે ઝુબેદા પણ તેની ઝેરી અસરથી મરણ પામી. એ ભારે પ્રેમાળ હતી. બીચારીનું તારા જેવું જ મોઢું હતું. અને તારા જેવી જ ચીવટવાળી હતી મારી ઝુબેદા.'

'સવિતા ! આજે મને તારામાં ઝુબેદા દેખાઈ...'

'ઓહો ! આ હાથ તો જુઓ, પાછો જકડાઈ ગયો !' સવિતા પોતાના જમણા હાથને સીધો કરવા કોશિશ કરતાં, અલી તેની પાસે ગયો. સવિતાના હાથને પંપાળતો સીધો કરવા લાગ્યો.

'અલી ! આ રોગ આપણો દુશ્મન બનીને આવ્યો લાગે છે, આજે વીસ વર્ષ થયાં, હું એક ઓલાદ આપી શકી નહીં.'

'ના... સવિતા...ના... હવે ઓલાદની જરૂર પણ શું છે ? આપણે તો એકબીજાંની સંભાળ લેવાની છે જ... તેં મારી સેવા કરી. હવે મારો વારો છે...' નિસાસો નાખતાં અલી બોલ્યો.

'સેવા કેવી, અલી ! આ તો ફરજ હતી. પોલીસની મોટી ગાડી લઈ તમે હાજી પીરના મેળેથી પાછા આવતા હતા ને તમારી ગાડીને અકસ્માત થતાં તમારો પગ પણ..,. મને તમારી સેવા કરતાં તમારા પર નાઝ છે કે, મારા એક વચને તમારું ગામ, તમારી નોકરી, તમારી કોમ છોડી મારા આ ગામમાં મારી સાથે રહેવા માટે સહમત થયા. પણ વાહ મારી કિસ્મત, હું તમને એક સંતાન..' બોલતાં બોલતાં સવિતાને ગળે ડૂમો આવી ગયો.

સવિતા હાથની પીડાને ભૂલી મનની વેદના અનુભવતી રડી રહી. અલી મૌન બની સવિતાના હાથને પંપાળી રહ્યો.

સવિતા અને અલી પોતાનાં દુઃખે દુઃખી થતાં બેઠાં હતાં ત્યાં ડેલીના ઝાંપે એક નવયુવાન આવી ઊભો રહ્યો.

'અલીમામધ ઐઈ કે ?'

અલીએ સવિતાના હાથ પરથી હાથ હટાવી બહાર ઝાંપે નજર ફેરવી, તો એક નવયુવાન માથે લીલા રંગનો ફેંટો વીંટેલ, હાથમાં મોટો થેલો, લાંબું પહેરણ ને ચહેરા પર રુઆબદાર દાઢી જોઈને જ નજરું ઠરે એવો યુવાન. અલી દરવાજાની બારસાખના ટેકે ઊભો થઈ કાખઘોડી બગલમાં દબાવી ડેલી તરફ ગયો, અને યુવાનને જાણે ઓળખી ગયો હોય તેમ બોલ્યો,

'અરે ! મૌલાના ઐઈ ? હલ્યા હલ્યા...' 'મૌલાના ડેલીની અંદર આવતા બોલ્યા, 'અશસ્લા માલેકુમ્મ'

'માલેકુમ સલ્લાહ, મૌલાના ! કી અયો...'

'બરોબર છું, કચ્છ આવ્યો એટલે વિચાર્યું કે, તમારી તબિયતની

પૃચ્છા કરતો જાઉં, કેમ છે હવે આ પગમાં ? અને હા ! ભાભીજાન તમારી 'વાની તકલીફ મટી કે નહીં ?'

'અરે ! મૌલાના, બધું ચાલ્યા કરે. પહેલાં બેસો તો ખરા,' અલી ખાટલાને ખેંચી મૌલાનાને બેસાડી પોતે પણ બેઠો, ને સવિતાને સંબોધી બોલ્યો,

'સવિતા... ઓળખે છે ? આપણા મૌલાનાસાહેબ પાંચ વર્ષ પહેલાં મદ્રેશા ખોલવાની દરખાસ્ત વાસ્તે અહીં આવ્યા'તા, યાદ છે ને ?' સવિતા થોડી વાર વિચાર કરી બોલી,

'હા ! હા ! યાદ આવ્યું. મદ્રેશા માટે જમીનની કંઈક વાત હતી ને ?'

'હા ! બરોબર યાદ રાખ્યું છે, ભાભીજાન... હવે તે જમીન તો મળી નહીં, પણ બાજુના ગામે જમીન મળેલ છે, જેનું ખત કરવા આવ્યો'તો. વિચાર્યું કે, આપની પૃચ્છા કરતો જાઉં... કેમ છે હવે ?'

'ભાઈ, ચાલ્યા કરે... કહું છું. મૌલાના સાહેબ માટે....' સવિતા મૌલાના માટે મહેમાનગતિ વાસ્તે બોલી તે અર્થને અલી સમજી ગયો, ને બોલ્યો, 'મૌલાનાસાહેબ. અમારી જિંદગી તો આવી અપાહીજ છે, ક્યારેક રસોઈ બનાવું છું. ક્યારેક સવિતા પણ કંઈક ખીચડી જેવું બનાવી લે છે. બાકી બાજુની હોટેલમાંથી ક્યારેક મંગાવી પતાવી લઈએ. હું ચાયનું કહુંછું.'

અલી ઊભો થઈ ચાનું કહેવા ચાલ્યો. મૌલાના સવિતાને જોઈ રહ્યા. પછી બોલ્યા. 'અલીમામદ, શું ગામની ચોકી કરે છે ?'

'હા ! બીચારા વીસ વર્ષથી ગામની ચોકી કરે છે. આખી રાત કાંખઘોડી અને બેનાળી બંદૂકના સહારે ગામ આખું ફરે છે. વાણિયાલોકોની વસ્તી છે. પગાર પણ સારો આપે છે.'

'સારું, આ ગામ અલી ઉપર ભરોસો રાખે છે. આજે તો ડગલે ને પગલે શંકાઓ જાગે છે.'

'ભાઈ, આ ગામ તો બહુ જ સારું છે, પહેલાં તો મારી વિરુદ્ધ હતું, પણ અલીના સ્વભાવ અને વહેવારને લીધે અમે દૂધમાં સાકરની જેમ ભળી ગયાં...'

'દૂધ-સાકરની શું વાત ચાલે છે, સવિતાબેગમ ?' અલી ચાવાળા છોકરા સાથે પાછો ફરતાં બોલ્યો.

'અલી ! આ તો મૌલાનાસાહેબ ગામ અને આપણા સંબંધોનું પૂછતા હતા, એટલે કહ્યું કે, 'અમે તો ગામમાં દૂધ-સાકર ભળે તેમ ભળી ગયાં છીએ, કેમ ખરું છે ને ?' સવિતાએ અલી તરફ જોઈને પૂછ્યું એટલે અલી ચાનો પ્યાલો મૌલાના તરફ ધરતા બોલ્યો :

'મૌલાનાસાહેબ, ગામ તો સારું જ છે પણ...' આજકાલની આ કારગિલની હવા તથા આ... આ નાપાક શખ્શો દ્વારા જીવલેણ વિસ્ફોટક સામગ્રીની દાણચોરી અને તેમાં આપણી જ કોમનાં લોકો દ્વારા જે આશરો મળે છે, તેથી તકલીફ આપણા જેવાને પણ પડે છે, હો. જુઓને ગામનો નથુ વાળંદ ક્યારે પણ કંઈ બોલતો નહીં તે વળી આર.ડી.એક્સ. અને કારગિલના ઘુસણખોર વિશે વાત કરતાં કરતાં ત્રાંસી નજરે મારી તરફ જોઈ લે છે. પેલો કાનો ટપાલી પણ હમણાં હમણાં વહેવાર સારો કરતો નથી, તો બચુશેઠ પણ ડાઈ ડાઈ વાતો કરતા મારાથી દૂર રહેવાની કોશિશ કરે છે, સવિતા... માઠું નહીં લગાડતી, બાકી છેલ્લા બે માસથી મને ગામમાં વીસ વર્ષ જેવો પ્રેમ મળતો નથી, એવું મને લાગે છે.'

અલી આટલું બોલી થાક્યો હોય તેમ મૌન બની ચાનો ગરમાગરમ પ્યાલો પી ગયો. ત્યારે મૌલાના બોલ્યા :

'અલી, આ તો મનમનનાં કારણ; બાકી બધા જ કંઈ ખરાબ હોતાં નથી, તું તો ગામનો ચોકિયાત. તારા ઉપર આ ગામ ક્યારેય પણ શંકા ન કરે, વહેમ મનમાં રાખતો નહીં. બધા લોકો સરખાં થોડા હોય ? સારા માણસો તને બરાબર ઓળખે છે. ખુદા હાફીઝ, હવે ઉતાવળ છે, અલીમામદ... આવજો... ભાભીજાન... આવજો...'

'અચ્છા મૌલાનાસાહેબ, આવજો... અને ખુદા પાસે આ અમારાં દુ:ખદર્દ જલદી મટે તે માટે દુઆ ગુજારીશ કરશો...'

'જરૂર' કહેતા મૌલાના રવાના થયા.

સવિતા હાથને માંડ માંડ ઊંચકી મૌલાનાને પ્રણામ કરી શકી. મૌલાના ગયા. અલી પણ ગામમાં ચાલ્યો. થોડી વારે ગામનો મુખી ફકીરચંદ માથા પર ટોપી ઠીક કરતો અલીના ઘર તરફ વળ્યો. સવિતા આરામખુરશીમાં બેઠી હતી. તેની નજર ફકીરચંદ પર પડી.

'અરે આવો, મુખી આવો... આજે અમારું ઘર કેમ યાદ આવ્યું ?'

'તે આવે જ ને. તું સવલી અમારી ગામની દીકરી, તારી પૃચ્છા અમે વડીલ નંઈ કરીએ તો વળી કોણ કરશે ? જોને, તારી મરજીથી તું પરનાતી પઠાણને પરણી તોય અમે કંઈ વાંધો કર્યો ? અમે જાણીએ છીએ કે અલી નેક આદમી છે. પણ સવલી, એક વાત પૂછું ?' ફકીરચંદે ચારે દિશામાં ટોપીવાળું માથું ફેરવી પૂછ્યું. એટલે સવિતાએ કહ્યું,

'અરે પૂછો ને ? એક તરફ વડીલ કહો છો ને બીજી તરફ પૂછવાની રજા માગો છો ? પૂછો, શું પૂછવું છે ?'

'હા, પૂછવાનું વધારે તો કંઈ નથી પણ... પણ આ નવયુવાન આવ્યો હતો તે અલીનો શું સગો થાય ?' ફકીરચંદનો પ્રશ્ન સૂચક હતો. સવિતા થોડી વાર મૌન રહી, પછી હસીને બોલી,

'અરે ! હમણાં ગયા ઈને ? એ તો અલીના મિત્ર અને સમાજના મૌલાનાસાહેબ હતા. જેમ આપણા બ્રાહ્મણો ધર્મકથા કરે છે તેમ એ લોકોને ધર્મનું શિક્ષણ આપે છે. બહુ જ મઝાના માણસ છે. કેમ એમના વિશે પૂછો છો ?'

સવિતા વા-વાળા હાથથી ખુરશીને પકડી થોડી ઊભી થઈ એટલે ફકીરચંદે કહ્યું : 'આમ તો કંઈ જ નથી, પણ. બાજુના ગામમાં આવા જ લોકોની આવનજાવન હતી, પછી જ આર.ડી. એક્સ. ને ખતરનાક બૉમ્બ મળ્યો હતો, એટલે પૂછવું પડ્યું, બાકી સવિતા... તને કાંઈ વાતે તકલીફ તો નથી ને ?'

ફકીરચંદે વાત ફેરવવા પ્રશ્ન મૂક્યો એટલે સવિતાના કાળજામાં લાય લાગી હોય એવી બળતરા થઈ. એણે ફકીરચંદને કહ્યું :

'તકલીફ ? તમે શું તકલીફ દૂર કરી શકશો ? આ મારા પતિનો પગ નથી છતાં રાત્રે ગામની ચોકી કરે છે. તેનો પગ આપી શકશો ? આ તમારી દીકરીના શરીરે ગાંઠિયો વા વર્ષોથી ઘૂસ્યો છે, તે તકલીફ દૂર કરી શકશો ? નીકળ્યા છો બીજાની તકલીફ દૂર કરવા પણ પહેલાં તમારા મનની શંકાની દવા કરો, મુખી...'

સવિતા વધારે કંઈ બોલે તે પહેલાં અલી કાખઘોડીના સહારે ટેકો લેતો ડેલી પાસે આવ્યો, અને મુખી ફકીરચંદને જોઈ ત્યાં જ થંભી ગયો. તે જોઈ ફકીરચંદ થોડો છોભીલો પડી હસતાં હસતાં અલી સામે જોઈ બોલ્યો :

'અરે ! અલીભા... આ તો અમારી દીકરીની પૃચ્છા કરવા આવ્યો'તો, બાકી કેમ ચાલે છે ? શું બજારમાં ગયા'તા ?' 'હા ! મહેમાનને વળાવવા'. સવિતાએ કહ્યું, ઠીક છે... ઠીક છે..., 'ભલે, હું જાઉં છું.' કહેતો મુખી ફકીરચંદ ચાલ્યો ગયો.

(અનુસંધાન પૃ. ૪૦૮)

આ માસની ૨૮મીએ જેઓ સત્તાણુંમા વર્ષમાં પ્રવેશે છે તે

દધીચિ સાક્ષર

ડૉ. કેશુભાઈ દેસાઈ

ગુજરાતની એકે યુનિવર્સિટીને હજી સો વરસ નથી થયાં. પરંતુ એક જંગમ વિદ્યાપીઠ છન્નુમા વર્ષે અડીખમ છે. રમતની ભાષામાં ગમ્મત કરવી હોય તો કહી શકાય કે એ 'નાઇન્ટી સિક્સ - નૉટ આઉટ' છે. એ જંગમ વિદ્યાપીઠને છન્નુ વર્ષના નવયુવાન પણ કહી શકો. એમને ઉંમર આભડી નથી. હજી નામજોગ 'કે કા' (= મોરલો) ટહુકે એમ અસ્ખલિત શુદ્ધ-વિશુદ્ધ વ્યાકરણપૂત વાણી ઓચરે છે. ચાલતા નથી, ચાવી પૂરેલા રમકડાની માફક દડબડ દડબડ દોડે છે. હાથમાં યષ્ટિકા રાખે છે તે તો એક ઉંમરની શોભા લેખે જ. લાકડી એમના ટેકે ચાલે છે, કારણ કે એમને તો લાકડીના ટેકાની જરૂર પડતી જ નથી.

કેશવ એ કૃષ્ણનું નામ છે. કે.કા. મશ્કરીમાં મને પણ એમની સાથે સાંકળી લે છે. કહેશે ગુજરાત ત્રણ ત્રણ કેશવ થકી રળિયાત છે ! વચેટ કેશવ કેટલાક વખતથી શાસનસૂત્ર સંભાળે છે. હું 'મહાકેશવ'ની વિનોદવૃત્તિને એમના નિરામય સ્વાસ્થ્યનું રહસ્ય ગણું છું. 'લઘુકેશવ' હોવા છતાં હું તો છેલ્લાં પંદરેક વરસથી હાઈ બી.પી.નો દરદી છું. મહાકેશવને બીપી કઈ બલાનું નામ છે, એની ખબર નથી ! રોજ સવારે વલ્લભસદનમાં કીર્તનમાં પહોંચી જઈ નાના બાળકની જેમ કૂદકારા મારે છે, નાચે છે, ગાય છે અને મગદળના લાડુ ટટકાવતા ફરે છે ! 'મધુવન'ના વાસીને મધુપ્રમેહ કેવો ! ('મધુવન' એલિસબ્રિજમાં આવેલા આ ઓલિયા અધ્યાપકના બંગલાનું નામ છે.)

કે.કા. શાસ્ત્રી એકવીસમી સદીના આધુનિક જગતનો એક જીવતો-જાગતો ચમત્કાર છે. એમને હું દર્શનીય ગણું છું, એમાં કોઈ વૈષ્ણવ ધર્માવલંબીની કે હિંદુ તરીકેની શ્રદ્ધા કરતાં, પુરાતત્ત્વના વિદ્યાર્થીનો વ્યામોહ વિશેષ કારણભૂત છે. આવી ચૈતન્યસભર મૂર્તિ આપણી નજર સામે હરતી-ફરતી હોય અને આપણે રોમાંચિત ન થઈએ તો જરૂર આપણી સંવેદના ઠરી ગઈ હોવી જોઈએ. એમના કરતાં અડધી વયે હસવાનું ભૂલી ગયેલા મઠાધીશોને કે.કા.ની જીવંત, રમતિયાળ બહુશ્રુતતાની અદેખાઈ ન જાગે તો જ નવાઈ. એવા મઠાધીશોનીય કૃપાળુ કે.કા.ને તો દયા જ આવે છે ! આખરે એ જીવદયાના હિમાયતી છે. ઉંમર કરતાં વધુ સંખ્યામાં ગ્રંથો ઉપલબ્ધ કરાવી એમણે એક રીતે તો માતૃઋણ જ અદા કર્યું છે. એ સાથે જ ગુજરાત અને ગુજરાતી ભાષા પર અજાણતાં જ આ અકિંચન સારસ્વતે ક્યારેય ન ફેડી શકાય એવું મોટું ઋણ ચડાવી દીધું છે ! સંસ્થા ન કરી શકે એવડું કામ આ મૂઠી હાડકાંના માનવીએ એકલે હાથે કરી બતાવ્યું છે, ને એ પણ હસતાં-રમતાં. પોતાની વિદ્વત્તાનો ભારેય ચૂપચાપ પોતે જ વેંઢારતા રહ્યા છે, બીજાને તો એનો અણસારો સુધ્ધાં આવવા દીધો નથી. અહર્નિશ વિદ્યાવ્યાસંગી કે.કા. ક્યારેય પણ ભારેખમ નથી લાગ્યા. જ્યારે જુઓ ત્યારે ફુલ્લ-પ્રફુલ્લ. ધોતલીભેર, ઉઘાડા ડિલે એમની બાબા આદમના જમાનાની ખુરશીમાં બેઠા હોય. ઊંધું ઘાલીને કંઈક લખતા હોય કે કોઈ પુસ્તકનું પ્રૂફ જોતા હોય. ત્યાં વગર વખતે ('વિધાઉટ ઍપૉઇન્ટમેન્ટ') પહોંચી ગયા હો, તો ય એ જ ઉમળકો, એ જ વહાલ, એ જ ઓચ્છવ ! પતંગિયાની જેમ ઊડું ઊડુ થઈ રહે ! બધું કામ પડતું મૂકીને આપણી આગતા-સ્વાગતામાં પરોવાઈ જાય. અંદર-બહાર દોડાદોડ કરી મૂકે. પ્રસાદના લાડુ લઈ આવે ! કામમાં વિક્ષેપ પડ્યો, એનો તો આવનારને અણસાર સુધ્ધાં ન આવવા દે.


શ્રી રવિશંકર રાવળે કરેલો સ્કેચ

આ ઉંમરે આટલી ચપળતા, પતંગિયા જેવી પ્રફુલ્લિતતાનું શું રહસ્ય હોઈ શકે ? શાસ્ત્રીજી પાસે એવી તો કેવી સંજીવની બુટ્ટી છે કે એમને થાક લાગતો જ નથી ? અડધે રસ્તે પહોંચેલા મારા જેવાં બેપાંચ પાનાં વાંચીને પુસ્તક બાજુ પર મૂકી દે ત્યારે આ ડોસા બેઠા બેઠા હજારો પાનાં ફેંદ્યા જ કરે છે ફેંદ્યા જ કરે છે ! છીપલાં વીણતા વિસ્મયસભર બાળકની માફક એ સતત કંઈ ને કંઈ નવું નવું શોધ્યા કરે છે. ટાંચણ કરતા રહે અને અવકાશે લખતા રહે. ઓગણીસસો બાવીસથી એકધારી કલમ ચાલતી રહી છે. આઠ દાયકાના પ્રલંબ પટ પર પથરાયેલી એમની અક્ષરયાત્રા ક્યાંય એકાદ ક્ષણ પૂરતીય થંભી નથી. એમની સક્રિયતા જ કદાચ એમના નિરામય સ્વાસ્થ્યની ગુરુચાવી હશે. જોકે, પોતે બહુ જ સીધીસાદી રજૂઆત કરે છે : મારી તંદુરસ્તીનું રહસ્ય છે. કમ ખા; ગમ ખા ! હું સદા-સર્વદા નિશ્ચિંત રહું છું. વખાણ સાંભળીને ફુલાઈ નથી જતો કે ટીકા થતી જોઈ દુઃખી નથી થતો.'

કે.કા.એ ઇતિહાસ અને પુરાતત્ત્વથી લઈ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ અને ગુજરાતીના ભાષાવિજ્ઞાન અને વ્યાકરણ પર્યંત વિહાર કર્યો છે. એટલું ઓછું પડતું હોય એમ, સંસ્કારજીવનનાં પાસાં અને પ્રશ્નો પરત્વે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કરતાં એ ક્યારેય ખંચકાયા નથી. એકત્રીસ વરસના શાસ્ત્રીજીએ જોડણીના મુદ્દે ક્યારેક ગાંધીજી જેવા ગાંધીજી સામે બાકરી બાંધેલી ! ૧૯૩૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના બારમા અધિવેશનના પ્રમુખપદે મહાત્મા ગાંધી બિરાજમાન હતા. વિષયવિચારિણી સમિતિમાં મુનશીએ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત 'જોડણીકોશ' મુજબની જોડણીને માન્ય કરવા અંગેનો ઠરાવ મૂક્યો. સમિતિના અગિયાર સભ્યો હાજર હતા. શાસ્ત્રીજીએ લાગલાગટ અડધા કલાક સુધી વિરોધવાચક દલીલો કરી. ચર્ચાને અંતે મત લેવાતાં વિરોધમાં છ સભ્યોએ હાથ ઊંચા કર્યા. મુનશીએ આંખના ઇશારે બે હાથ નીચા પડાવ્યા, પરિણામે જે ઠરાવ છ વિરુદ્ધ પાંચે નામંજૂર થયો હોત તે સાત વિરુદ્ધ ચારથી પસાર થઈ ગયો ! પરંતુ ગાંધીજીને એ ખટક્યું. એમણે 'જોડણીકોશ'ના મુખપૃષ્ઠ પર છપાયેલ વિધાન 'હવે પછીથી સ્વેચ્છાએ જોડણી કરવાનો કોઈને અધિકાર નથી' મઠારતાં કબૂલ્યું : 'શાસ્ત્રીજી ! આનાથી જોડણી સુધારનાં દ્વાર બંધ થતાં નથી.' ગાંધીજીનું ઔદાર્ય શાસ્ત્રીજી અદ્યાપિ મમળાવતા ફરે છે.

જોડણીમાં એકવાક્યતા લાવવામાં વિદ્યાપીઠના 'જોડણીકોશ'નું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. કે.કા. શાસ્ત્રીએ એ મુદ્દે સમન્વયપૂર્ણ અભિગમ અપનાવી કેટલાક વિકલ્પો સ્વીકારી લઈ વિદ્યાપીઠના સાર્થ જોડણીકોશને સમૃદ્ધ કરવાનાં રચનાત્મક સૂચનો કર્યાં છે.

કે.કા.એ ગુજરાત અને ગુજરાતી માટે શું કરવાનું બાકી મેલ્યું છે ? એકલપંડે આખો દરિયો વલોવ્યો છે. પછી એમાંથી જે અમૃત નીકળ્યું

(અનુસંધાન પૃ. ૪૧૮)

ફિલ્માકાશ - ૭

ધ ન્યૂ થીએટર્સ
પી.સી. બરુવા : પ્રતિભાનો એક અનન્ય ચમત્કાર !

—રજનીકુમાર પંડ્યા—

પી.સી. બરુવાનું નામ જૂની પેઢીના ગુજરાતી ફિલ્મ દર્શકોના કાને પડતાં જ ફિલ્મ 'દેવદાસ'નું નામ પણ સ્મરણમાં ચમકી ઊઠે. ઘણી વાર કોઈ ઉત્તમ કલાકાર પણ તેની કોઈ એક યશોદા કૃતિથી ઓળખાતો હોય છે. જેમ કે ટાગોર 'ગીતાંજલી', 'લીઓનાર્દો-દ- વિન્ચી 'મોનાલીસા', સત્યજિત રે 'પથેરપાંચાલી,' પણ એનો અર્થ એમ નહીં કે તેનું બીજું પ્રદાન ઓછું મહત્ત્વનું હતું.

પ્રમથેશચંદ્ર બરુવા ભલે ૧૯૩૫માં ધ ન્યૂ થીએટર્સ નિર્મિત બંગાળી અને હિંદી એમ બન્ને 'દેવદાસ' ફિલ્મો દ્વારા ઓળખાતા હોય, એમનું એ પહેલાંનું અને એ પછીનું પ્રદાન પણ નોંધપાત્ર છે, બંગાળી 'દેવદાસ'માં તેમણે દેવદાસની મુખ્ય ભૂમિકા ભજવી અને એની હિન્દી આવૃત્તિમાં એ પાત્ર કુંદનલાલ સાયગલે ભજવ્યું અને બરુઆએ માત્ર નિર્દેશન જ કર્યું. બન્નેમાં તેમને અને અક્ષુણ્ણ કીર્તિ મળી. પણ મારી અંગત દૃષ્ટિએ તેમના ભાતીગળ પૂર્વે ઇતિહાસ ઉપરાંત તેમને યાદ કરવા જોઈએ, ધ ન્યૂ થીએટર્સની જ ૧૯૩૪ની બંગાળી અને હિંદી ફિલ્મ 'રૂપલેખા'માં સર્વપ્રથમ કરેલા ફ્લૅશબૅકના પ્રયોગથી, જેને આજ લગી (ક્યારેક અંધાધૂંધી તો ક્યારેક અદ્ભુત સૂઝપૂર્વક) આપણા ફિલ્મનિર્માતાઓ ઉપયોગ કરતા રહ્યા છે. હોલીવુડની ફિલ્મોમાં પણ એ યુગમાં આવી કોઈ પ્રયુક્તિ નહોતી ત્યારે માનવમનના આંતરપ્રવાહોના ઊંડા અને નૈસર્ગિક અભ્યાસી એવા પ્રમથેશ બરુવાને વિચાર આવ્યો કે સૃષ્ટિમાં માત્ર એક માનવ જ એવું પ્રાણી છે કે જેની ચેતના મનોમન ત્રિકાળમાં વિહાર કરે છે. વીતેલા દિવસો કોઈ 'વીતી જતા' નથી, પણ સ્મૃતિના પટારામાં સચવાઈ રહે છે ને જ્યારે પણ એની સાથે અનુસંધાનનું કોઈ કારણ ઊભું થાય છે ત્યારે આપોઆપ એ સજીવ થઈ ઊઠે છે. એ વખતે મનના પરદા ઉપર એ દૃશ્ય માનવી ફરીફરીને ભજવાતું જુએ છે. મનુષ્યમનની આ મોટામાં મોટી લાક્ષણિકતા છે, જે વર્તમાનકાળને સપાટ ન રહેવા દેતાં બહુપરિમાણી બનાવે છે. એક મુલાકાતમાં બરુવાએ નૅશનલ બ્રોડકાસ્ટિંગ કંપની કલકત્તાને બહુ ચોખ્ખા શબ્દોમાં કહ્યું : 'પ્રભુએ પશુને ભલે ચાર પગ આપ્યા અને મનુષ્યને માત્ર બે જ, પણ પશુને માત્ર બે જ આંખો આપી પણ સામે માણસને છ આપીને એને વિધાતાની લગોલગ મૂકી દીધો. એ છ આંખો તે કઈ : બે તો નૉર્મલ છે તે. બે પાછળ ભૂતકાળને ફરી ફરીને નિરખવાની અને બીજી બે આગળ ને આગળ ક્ષિતિજની પેલે પાર જોયા કરવાની ઉપયોગ આ વાક્યોમાં બરુવાની પ્રતિભા છતી થાય છે. એમણે એનો ઉપયોગ કર્યો અને ફિલ્મોમાં ફ્લૅશબૅક ટેક્નિક વાપરીને એને સઘન બનાવી. તેમના થકી જ ધ ન્યૂ થીએટર્સ આ યશનું અધિકારી બન્યું. પ્રમથેશચંદ્ર બરુવા, ઉર્ફે પી.સી. બરુવા. કોઈ સામાન્ય માટીના નહોતા. ૧૯૦૩ના ઑક્ટોબરની ૨૪મીએ આસામના ગૌરીપુરના રાજવી પરિવારમાં રાજા પ્રભાતચંદ્રને ત્યાં જન્મ્યા હતા. એમનું શારીરિક વ્યક્તિત્વ પણ કોઈ કરડા ચહેરાવાળા નહીં પણ ભદ્ર, શાલીન ચહેરાવાળા રાજકુમારને છાજે તેવું હતું. નાણાની પૂરી છત હોવા છતાં તેઓ કોઈ કુંછદે ન ચડ્યા પણ બચપણથી જ સાહિત્ય, સંગીત અને આનુષંગિક કલાઓના અનુરાગી રહ્યા. એ સાથે જ તેમનો રસ રાજકારણ દ્વારા લોકસેવાનો પણ રહ્યો. ૧૯૨૦માં મૅટ્રિક, કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં ૧૯૨૪માં તેમણે મૅથેમેટિક્સમાં બી.એસસી. (ઑનર્સ) કર્યું ત્યારે તેમની પ્રતિભા એક અસાધારણ સ્કૉલર તરીકેની બહાર આવી. આ પછી થોડો સમય તેમણે પોતાના રજવાડાનો કારભાર સંભાળ્યો. કારણ કે રાજા પિતા અવસાન પામ્યા હતા. એ જ સિલસિલામાં એક રાજકીય સમારંભમાં ભાગ લેવા તેઓ ઈંગ્લૅંડ ગયા અને એ સમારંભમાં તેમની મુલાકાત પશ્ચિમના અનેક કલાકારો સાથે થઈ. આ એક જ પ્રસંગે એમની જિંદગીની નાળનો મોરો જ ફેરવી નાખ્યો. એમને સમજાયું કે કલા જ એમની જિંદગીની નિયતિ છે. તેઓ એ વિચાર સાથે જ ભારત પાછા ફર્યા. પણ હજી જાણે કે એમને માટે ચડવાનો સિગનલ નહોતો મળ્યો. કારણ કે આવતા વર્ષે એ આસામ વિધાન પરિષદના સભ્ય તરીકે નિમણૂક પામ્યા. એ જ વર્ષે બરુવા ચિત્તરંજનદાસના સ્વરાજ્ય પક્ષના સભ્ય બનીને ચૂંટણી લડ્યા અને એમાં જીત્યા ખરા. આસામ વિધાનસભામાં એ પાર્ટીના અધ્યક્ષ પણ થયા. (એ પદ પર એ ૧૯૩૬ સુધી રહ્યા પણ ખરા !) એ પછી સર લૉરેન્સ હેમંડના આસામના શાસનકાળ દરમ્યાન એમને પ્રધાનપદાની ઑફર પણ થઈ. પણ કલાના સક્રિય જગત તરફ સતત ખેંચાણ અનુભવતા બરુવાએ એ આકર્ષક ઑફરને ઠુકરાવી દીધી. એ દરમ્યાન એ કલકત્તા યુનિવર્સિટીમાં ફેલો તરીકે નિયુક્ત થયા (અને એ પદ પણ તેમણે ૧૯૩૬ સુધી શોભાવ્યું.), પણ તેમને તો સિનેમાનિર્માણમાં પ્રવૃત્ત થવું હતું અને એ તક તેમને તે સમયના પ્રતિભાસંપન્ન મૂક ફિલ્મોના નિર્માતા ધીરેન ગાંગુલી ઉર્ફે ડી.જી.એ આપી. તેમણે ૧૯૨૮માં બ્રિટિશ ડોમિનન્સ ફિલ્મ કંપની નામે ફિલ્મનિર્માણ સંસ્થાની સ્થાપના કરી અને તેમાં બરુવાને પણ સામેલ કર્યા. આ એ જ કંપની હતી કે જેમાં દેવકી બોઝ જેવા શરૂઆતના તબક્કામાં માસિક માત્ર રૂપિયા સાઠના પગારે ઉમેદવારી કરતા હતા. ધીરેન ગાંગુલી બરુવા કરતાં દસ વર્ષ મોટા હતા અને હૈદરાબાદના નિઝામના શાસનમાં હૈદરાબાદમાં જ કલાશિક્ષક હતા. એમણે એ દરમ્યાન નિર્મિત કરેલી એક ફિલ્મથી ખફા થઈને નિઝામે એમની હૈદ્રાબાદમાંથી હદપારીનું ફરમાન કર્યું અને એટલે કલકત્તા આવીને તેમણે આ કંપની સ્થાપી હતી. ધીરેન ગાંગુલી એટલા પ્રગતિશીલ હતા કે પહેલી જ વાર પોતાની પત્ની અને બે પુત્રીઓને ફિલ્મ અભિનયમાં પ્રવૃત્ત કરાવીને, ઉચ્ચ કુટુંબની મહિલાઓ માટે આ ક્ષેત્ર જરા પણ વર્જ્ય નથી તેની સમાજને પ્રતતિ કરાવી. ખેર, ફરી બરુઆનાં ન્યૂ થીએટર્સમાં પ્રવેશના પૂર્વકાળ તરફ નજર નાખીએ તો જણાશે કે બહુમુખી પ્રતિભા ધરાવનાર એવા આ કલાકાર પણ ધીરેન ગાંગુલીની આ કંપનીમાં માત્ર બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં એક સામાન્ય સભ્ય તરીકે જ જોડાયા હતા, નહીં કે કોઈ કલાકાર તરીકે.

કલાકાર તરીકે તેમનામાં જરૂરી વ્યક્તિત્વ, પ્રતિભા અને સૂઝ હોવા છતાં એ રીતની તક તો તેમને સાવ આકસ્મિક રીતે જ આવી મળી. એ જ કંપનીની ૧૯૨૯માં 'પંચસર' નામની બંગાળી ફિલ્મના શૂટિંગ વેળા નવોદિત દિગ્દર્શક દેવકી બોઝના નિર્દેશન તળે ફિલ્મનો એક કલાકાર રાઈફલ શૂટિંગનું દૃશ્ય ભજવી રહ્યો હતો, પણ કોઈ પણ રીતે રાઈફલ પકડતાં જ ફાવતું નહોતું. વારંવાર રિટેક થતા હતા અને કાચી ફિલ્મનો બગાડ થતો હતો. બરુવા એ સેટ પર હાજર હતા. તેમનાથી ના રહેવાયું



પી.સી. બરુવા



ધીરેન્દ્ર ગાંગુલી

અને તેમણે એ ઍક્ટરને રાઈફલ પકડતાં શીખવવા માટે જાતે રાઈફલ પકડી બતાવી, કારણ કે તેમને તે રાજકુમાર હોવાના કારણે એનો અનુભવ હતો જ. અચાનક જ દેવકી બોઝને એમને આ રીતે આસાનીથી દૃશ્ય ભજવતા જોઈને કશોક સદ્ય-વિચાર સ્ફુર્યો. તેમણે બરુવાને જ એ ભૂમિકા ભજવવા કહ્યું. બરુવા તરત જ સંમત થઈ ગયા. બસ, એ જ ધન્ય ઘડી. ભારતીય ફિલ્મોદ્યોગના એક એવા પ્રખર કલાકારના જન્મની ઘડી હતી કે જે કલાકારે અભિનય, છાયાંકન, દિગ્દર્શન, ધ્વનિમુદ્રણ, કથા, પટકથા ક્ષેત્રે નવી જ દિશાઓ ઉઘાડી આપી. અલબત્ત, એ ફિલ્મમાં એમની ભૂમિકા એટલી સામાન્ય હતી કે ફિલ્મની શ્રેયનામાવલીમાં એમનું નામ સુધ્ધાં નહોતું, કે એની માહિતીપુસ્તિકામાં પણ એ વાતને કોઈએ યાદ નહોતી કરી. વળી, એમનો પ્રવેશ પણ એ એક દૃશ્ય પૂરતો જ હતો. એવી જ રીતે એ જ કંપનીની બીજી મૂક ફિલ્મ 'તકાય કી ના હોઈ'માં પણ એક પાર્ટીના દૃશ્યમાં એમણે દેખા દીધો. પણ આ બધા દરમ્યાન દેવકીબાબુ સાથે એમની મિત્રાચારી ગાઢ બની. ઉચ્ચ શિક્ષણ પામેલા, અને બરુઆ કરતાં માત્ર પાંચ જ વર્ષે મોટા દેવકીબાબુ ૧૯૨૧માં અસહકાર આંદોલન વેળા આગળનું ભણતર છોડીને એવા તો પાયમાલ થઈ ગયા હતા કે એક વાર તો એમને ફૂટપાથ પર બેસીને રૂમાલ વેચવાના દિવસો આવ્યા હતા ! રાજવંશી પરિવારમાંથી આવવા છતાં અને ક્યારેય પણ દુ:ખ ન વેઠ્યું હોવા છતાં પ્રમથેશ બરુવા આવી તીવ્ર તડકી-છાંયડીમાં તપ્ત બનેલા દેવકીબાબુના ગાઢ મિત્ર બની ગયા. એમને આ કંપનીમાં માંડમાંડ સાંપડેલા પટકથાલેખન અને દિગ્દર્શનના કામમાં મદદરૂપ પણ થવા લાગ્યા. કદાચ આ વસ્તુ પણ એમને માટે તાલીમ જેવી સાબિત થઈ. દેવકીબાબુનો જ એક પડકાર ઝીલવા ખાતર એમણે ઇંડિયન સિનેમા આર્ટ કંપનીની 'ભાગ્યલક્ષ્મી' ફિલ્મમાં ખલનાયકની ભૂમિકા આબાદ રીતે પાર પાડી બતાવી અને એ પણ એમને માટે તાલીમશાળા જ સાબિત થઈ. અલબત્ત, એ મૂક ફિલ્મ કાલિપ્રસાદ ઘોષે ડિરેક્ટ કરી હતી, જેના દેવકીબાબુ મદદનીશ હતા.

ધ ન્યૂ થીએટર્સ જેવી સંસ્થાને કેવાકેવા સંગીન આધારસ્તંભો સાંપડ્યા હતા તેનો પુરાવો બરુવાની તે પછીની જીવનકહાણીમાંથી પણ મળે છે. સિનેમા લાઈનમાં આવી આટલી તાલીમ અને અનુભવથી તો બરુવાની એ દિશામાં આગળ વધવાની લગન ઓર જાગી. એ આ પછી તરત જ ગુરુદેવ ટાગોરની ભલામણચિઠ્ઠી સાથે સિનેમાના માધ્યમના વધુ અભ્યાસ માટે ૧૯૩૦માં પૅરિસ ગયા અને ત્યાં વિખ્યાત ફૉક્સ સ્ટૂડિઓના ફ્રેંચ કૅમરામૅન રોજસેના હાથ નીચે તાલીમ હાંસલ કરી. દોઢ વર્ષની કઠોર તાલીમ પછી ભારત પાછા ફર્યા ત્યારે એમના દિમાગમાં પોતાનો સ્ટૂડિઓ સ્થાપવાની યોજના હતી. બલકે પોતાના જ બૅનર તળે ફિલ્મો બનાવવાના ઘોડા એ ઘડતા હતા.

એટલે ૧૯૩૦માં ભારત પાછા ફરીને એમણે પોતાના ગૌરીપુરના રાજમહેલમાં જ બરુવા સ્ટૂડિઓના નામે બિલ્ડિંગ ઊભું કરીને બરુવા પિક્ચર્સ લિમિટેડને નામે ફિલ્મ કંપની સ્થાપી અને પહેલી ફિલ્મ 'અપરાધી' બનાવી. મિત્ર દેવકી બોઝને દિગ્દર્શન સોંપ્યું અને સવિતાદેવીની સામે તે ફિલ્મના નાયક તરીકેની ભૂમિકા પણ તેમણે જ ભજવી. મૂક ફિલ્મોના એ જમાનાની શ્રેષ્ઠ બંગાળી ફિલ્મોમાંની એક ફિલ્મ તરીકે આજે પણ 'અપરાધી'ની ગણના થાય છે. કારણ કે એ ફિલ્મ અત્યંત સફળ હોવા ઉપરાંત બીજી અનેક રીતે પણ નોંધપાત્ર હતી. ફ્રાંસથી અહીં લાવેલા સાધન સરંજામનો બરુવાએ એમાં પ્રથમ વાર જ ઉપયોગ કર્યો અને છાયાંકન ભલે ક્રિષ્ના ગોપાલનું હતું પણ બરુવાએ એમાં પણ ઊંડો રસ લઈને પોતે દેશ-વિદેશમાંથી સંચિત કરેલા તદ્ વિષયક જ્ઞાનનો પણ પરિચય કરાવી દીધો એટલું જ નહીં, પણ ફિલ્મોમાં આજ સુધી કુદરતી, પ્રકાશનો જ ઉપયોગ કરાતો હતો, અને પરિણામે સૂર્યપ્રકાશ પર જ તદ્દન આધારિત રહેવું પડતું હતું. 'અપરાધી' ફિલ્મમાં પહેલી જ વાર કૃત્રિમ પ્રકાશ (ફલડ લાઈટ, સ્પૉટ, લાઈટ, રિફ્લેક્ટર્સ આદિ)નો પ્રયોગ કરવામાં આવ્યો, જેનો લાભ આજ લગીના ફિલ્મનિર્માતાઓ લઈ રહ્યા છે. કૃત્રિમ પ્રકાશના ઉપયોગ દ્વારા લાઈટ ઍન્ડ શેડ ફોટોગ્રાફીનો વધુ સાર્થક ઉપયોગ થયો અને પરિણામે એ ચીજ કલાકારના અભિનયને માટે પૂરક એવી એક મૂક ભાષા બની રહી. એનું આખું એક નવું જ વ્યાકરણ બરુવાએ વિકસાવ્યું. બીજા શબ્દોમાં કહીએ તો બરુવાએ પ્રકાશની હાજરી-ગેરહાજરી જ નહીં પણ ન્યૂનતા કે અધિકતાને પણ એક ભાષાનું રૂપ આપ્યું.

એ ફિલ્મની કથા-પટકથા-નિર્દેશન બધું જ દેવકી બોઝનું હતું, પણ સમગ્ર ફિલ્મમાં બરુવા જ છવાયેલા રહ્યા. એટલે સુધી કે સવિતા દેવી જેવી અતિ સૌંદર્યવતી અભિનેત્રીની પણ ઝાઝી નોંધ ન લેવાઈ, નહીં તો એ યુગમાં એની તો જબરદસ્ત બોલબાલા હતી. એ ઍંગ્લો-ઇંડિયન અભિનેત્રીનું મૂળ નામ આયરિસ ગૅસ્પર હતું. અને એને ખુદને પણ 'જૉન ઑફ આર્ક' તથા 'મિકાડો' જેવા પ્રસિદ્ધ નાટકોમાં અભિનય ઉપરાંત એના નિર્માણનો પણ અનુભવ હતો. ફિલ્મોમાં એનો પ્રવેશ ધીરેન ગાંગુલીને આભારી હતો. જૂની પેઢીના વાચકોને જાણ હશે જ કે પાછળથી મુંબઈના પ્રસિદ્ધ નિર્માતા ચિમનલાલ દેસાઈ એને મુંબઈ લઈ આવ્યા હતા, અને પહેલાં જાલ મર્ચંટ અને પછી મશહૂર અદાકાર મોતીલાલ



સવિતાદેવી

સાથે એની જોડી જમાવી આપી હતી. અલબત્ત, સવાક ફિલ્મોના આગમન પછી, સવિતાદેવીની મુસીબત શરૂ થઈ હતી. એમણે ફરજિયાત હિંદી અને બંગાળી શીખવું પડ્યું. પણ એમાં એ સફળ રહ્યાં. એમણે ગીતો પણ ગાયાં. 'ફૅન્ટમ ઑફ ધ હિલ્સ' (૧૯૩૪)માં એમણે ગાયેલું 'મેરી કૉફી હૈ, કાંફી હૈ, કૉફી મઝેદાર' ગીત દેશભરમાં ગલીએગલીએ ગુંજતું થઈ ગયું હતું. સર્વોત્તમ બદામી નામના ગુજરાતી નિર્દેશકના, નાયક તરીકે મોતીલાલ અને નાયિકા તરીકે સવિતાદેવી હોય એવાં અનેક ચિત્રો સુપરહિટ થયાં. એમાં કનૈયાલાલ મુનશી લિખિત ડૉ. મધુરિકા (૧૯૩૫) અને કુલવધૂ (૧૯૩૭) પણ સમાવેશ થાય છે. એ યુગનો કનૈયાલાલ મુનશી અને સવિતાદેવીના રોમાંસની અફવાઓ પણ ખૂબ ચગી હતી. ૧૯૪૩માં સર્વોત્તમ બદામી સવિતાદેવી અને મોતીલાલની મંડળીને લઈને સોહરાબ મોદીએ 'પ્રાર્થના' ફિલ્મ (૧૯૪૩) બનાવી એ ત્રણેની ગુડવિલનો લાભ લેવા કોશિશ કરી, પણ તેમાં સફળતા મળી નહીં. છેવટે સવિતાદેવી ફિલ્મ 'આમ્રપાલી' (૧૯૪૫)માં એ નાયક પ્રેમ અદીબ સામે દેખાયાં અને ક્ષેત્રસંન્યાસ લઈ લીધો.

ફરી પ્રમથેશ બરુવાની વાત પર આવીએ તો એવી એ જમાનાની પ્રથમ પંક્તિમાં પણ પ્રથમ ગણાતી અભિનેત્રી સવિતાદેવી કે જેની સામે ભલભલા કલાકારો દબાઈ જતા હતા તેની સામે બરુવા એમને પણ ખાઈ ગયા (આ 'ખાઈ ગયા' શબ્દપ્રયોગ ફિલ્મ ઈંડિયાના તંત્રી બાબુરાવ પટેલનો હતો, જે હજી સુધી અમલમાં છે. બલકે ફિલ્મી પત્રકારત્વની 'જાર્ગન' બની ગયો છે.)

'અપરાધી' જેવી સફળ સિમાચિહ્નરૂપ મૂક ફિલ્મ બનાવ્યા પછી બરુવાએ બીજી બે ફિલ્મો પોતાના જ બૅનર હેઠળ બનાવી તે 'નિશિર ડાક' (૧૯૩૨) અને 'એકદા' (૧૯૩૨). 'અભિનવ' નામની ફિલ્મ પણ બનાવી હતી પણ તેનું સેન્સરનું વર્ષ જાણમાં નથી. 'નિશિર ડાક ખડખડાટ હસાવતી કૉમેડિ હતી જ્યારે 'એકદા' સામાજિક હતી, જે ૧૯૩૨ની ૨ જી એપ્રિલે રજૂઆત પામી હતી. પહેલીના દિગ્દર્શક દેવકી બોઝ હતા જ્યારે બીજાના સુશિલ મઝુમદાર.

આ છેલ્લી બે ફિલ્મોના સમયગાળામાં સવાક્ ફિલ્મોના યુગનાં મંડાણ થઈ ગયાં હતાં. બરુવા એ પરત્વે સજાગ હતા. તેમણે તરત જ પોતાના સ્ટૂડિઓને એ વખતના ખ્યાતનામ જેન્કિન્સ અડીરની સાઉન્ડ સિસ્ટમથી સુસજ્જ કરી દીધો અને બંગાળી ફિલ્મોમાં સર્વપ્રથમ ધ્વનિના પ્રયોગનું માન પણ એ જ ખાટી ગયા. એ ફિલ્મ હતી 'બેંગાલ ૧૯૮૩. અગત્યની વાત તો એ કે અત્યાર સુધી નિર્માણ અને છાયાંકન ઉપરાંત અભિનયમાં જ ચંચુપાત કરનાર બરુવાએ પહેલી જ વાર નિર્દેશન પર હાથ અજમાવ્યો. અલબત્ત, એ ફિલ્મમાં બધી જ રીતે અનેક કચાશો હતી પણ તેમ છતાં એ ફિલ્મથી એક મહત્ત્વનું કામ એ થયું કે એમાંથી બંગાળના આવનારા ઊજળા દિવસોની છડી પોકારાઈ અને બીજા બંગાળી નિર્માતાઓને સવાક્ ફિલ્મો બનાવવાની ચાનક ચડી. અરે, ખુદ બરુવાએ પણ પોતાની અગાઉની મૂક ફિલ્મ 'અભિનવ'માં ધ્વનિ ઉમેરીને એને સવાક્ બનાવી.

વર્ષોથી બી.એન. સરકાર, એટલે કે ધ ન્યૂ થીએટર્સના અધિષ્ઠાતા પી.સી. બરુવાની આ જ્વલંત અને આંજી નાખનારી સફળતાઓ જોતા આવ્યા હતા. સવાક્ ફિલ્મોમાં બરુવાના પગરણથી એમને જાણે કે ખાતરી જ થઈ ગઈ કે આ 'મોંઘી જણસ'ને પોતાની ટીમમાં સામેલ કર્યા વગર ચાલે જ નહીં. એમણે ૧૯૩૪માં બરુવાને સામે ચડીને ધ ન્યૂ થીએટર્સમાં જોડાવા માટે નિમંત્રણ આપ્યું. આ તરફ બરુવા પણ ધ ન્યૂ થીએટર્સના સર્વથા સાહિત્યરંગી વાતાવરણથી પ્રભાવિત થયા હતા. તેમણે ધ ન્યૂ થીએટર્સના સ્ટાફ ઉપર એક દિગ્દર્શકની હેસિયતથી જોડાવાનું સ્વીકાર્યું અને એ રીતે ન્યૂ થીએટર્સમાં નવા યુગનાં મંડાણ થયાં.

પોતાની મોંઘી દાટ ગાડીમાં બરુવા ધ ન્યૂ થીએટર્સના બાલીગંજના સ્ટૂડિઓમાં અવારનવાર આવતા થયા. કાનનદેવી કહેતાં કે એમના આગમનની સાથે જ સ્ટૂડિઓનું સમગ્ર વાતાવરણ બદલાઈ જતું. એમનું વ્યક્તિત્વ પણ ભારે ચુંબકીય હતું. (કહેવાય છે કે એક માત્ર ઉત્તમ કુમાર અને હિંદી ફિલ્મોમાં દેવ આનંદ સિવાય આટલો સુંદર કોઈ જ પુરુષ અભિનેતા ફિલ્મોમાં આવ્યો નથી.) એમની હૅટ પહેરવાની છટાની પણ બંગાળના નવજુવાનો નકલ કરતા એવો એમનો ક્રેઝ હતો.

ધ ન્યૂ થીએટર્સમાં એમના આગમન પછી એમણે જે બંગાળી ફિલ્મમાં દિગ્દર્શન કર્યું અને નાયક તરીકે અભિનય પણ આપ્યો તે હતી ફિલ્મ 'રૂપલેખા'. ૧૯૩૪ની ૧૪મી એપ્રિલે કલકત્તાના ચિત્રા સિનેમામાં રજૂ થયેલી એ ફિલ્મમાં બાનીકુમાર જેવા વિખ્યાત કવિનાં ઊર્મિગીતો હતાં તો સંગીત રાબેતા મુજબ રાયચંદ્ર બોરાલનું હતું. બરુવા સામે નાયિકા તરીકે ઉમાશશી હતી. છાયાંકન યુસુફ મૂલજીનું હતું.

એ પછી ચાર જ મહિને ૨૫મી ઑગસ્ટ ૧૯૩૪ના દિને એ ફિલ્મની હિંદી આવૃત્તિ ન્યૂ સિનેમા નામની ટોકિઝમાં રજૂ થઈ. એ ફિલ્મનું બીજું નામ 'મહોબ્બત કી કસોટી' હતું, અને એમાં નાયક તરીકે કુંદનલાલ સાયગલ, હીરોઈન તરીકે રતનબાઈ હતાં. બંગાળી-હિંદી બન્ને 'રૂપલેખા'માં એક માત્ર વિશ્વનાથ ભાદુરી સિવાય કોઈ જ કલાકાર બન્ને વચ્ચે સામાન્ય નહોતા હા. મ્યૂઝિક બોરાલનું અને ગીતો બાનીકુમારનાં હતાં. સુરદાસનું એક ભજન 'સબ દિન હોત ન એક સમાન' પણ એમાં સાયગલના કંઠે હતું જે સૌથી વધુ પ્રખ્યાત થયું. એમ તો એ હિંદી 'રૂપલેખા' માં ચૌદ ગીતો હતાં. આ બન્ને ફિલ્મોની કથા-પટકથા પણ બરુવાની જ લખેલી હતી.

'રૂપલેખા' ફિલ્મ બરુવાની પ્રતિભાની પરિચાયક એ રીતે હતી કે અગાઉ જણાવ્યું તેમ એમાં એમણે પ્રથમ વાર કથાના પ્રવાહમાં ફ્લૅશબૅકનો ઉપયોગ તો કર્યો જ, પણ સોવિયેટ ટેક્નિકનો ઉપયોગ કરી ઇમેજ, કક્ટ્રક્શનનો પ્રયોગ પણ કર્યો જ.

બરુવાની આ આરંભની ફિલ્મોથી તેમની ધ ન્યૂ થીએટર્સમાં ધાક બેસી ગઈ. એ પછી તેમની જે યુગસર્જક ફિલ્મ આવી તે હતી 'દેવદાસ' જેની વાત આવતા અંકે. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

હેનોવરનો ઉદ્યોગમેળો અને વ્હિસ્કી

તા. ૧૫-૪-૮૪. જર્મનીના હેનોવરમાં મોટો **Trade fair** (ઉદ્યોગમેળો) ભરાયો છે તેમાં ભારતીય ઉદ્યોગોના પણ મોટા સ્ટૉલ છે. આમ તો આ હેનોવરનો મેળો અમને કાંઈ બહુ યાદ આવે નહિ, પણ તે મેળામાં મહારાષ્ટ્ર રાજ્યનો પણ એક સ્ટૉલ છે અને તેથી તે રાજ્યના ઉદ્યોગ પ્રધાન પણ મેળામાં ગયા હતા અને ત્યાં જતાં તેણે ઇતિહાસ સર્જ્યો એટલે આ હેનોવરનો મેળો યાદ રહી ગયો છે.

વાત એમ છે કે આ ઉદ્યોગ-પ્રધાન મૂળભૂત રીતે ગૂંડો અને મવાલી ! (એમાં કાંઈ નવું નથી. રાજકારણમાં આજકાલ ગૂંડા અને મવાલીનું જ વર્ચસ્ થતું આવે છે.) હેનોવર જવા એર ઇન્ડિયાના પ્લેનમાં મુંબઈથી ઊપડ્યા. પ્રથમ વર્ગના વીઆઈપી પેસેન્જર. તેમણે વ્હિસ્કી માગ્યો તો ગ્લાસમાં આપ્યો. 'નહિ, મને તો આખી બોટલ આપો.' હાઉં, આખી બોટલ ભાઈ તો ઢીંચી ગયા અને પછી તો દારૂ ચડ્યો. સિનેમામાં દારૂડીઆ જેવું વર્તન કરે તેવું તેમણે તો શરૂ કર્યું. સ્ત્રી પેસેન્જરની છેડતી કરી. એરહૉસ્ટેસની પણ છેડતી કરી. અને આ પ્રધાન જુવાન નથી. તેનો જમાઈ પણ પાર્લમેન્ટનો સભ્ય છે. એવડી મોટી ઉંમરના **VIP** ને કાબૂમાં કેમ રાખવા એ પ્રશ્ન થઈ પડ્યો. પુરુષ સ્ટાફે માંડમાંડ તેમને પકડી રાખ્યા, પણ પકડમાંથી ભઈ છટક્યા અને પછડાયા. એક દાંત પડી ગયો. માંડમાંડ હૉસ્ટેસને બેસવાની ખુરશી સુધી તેમને લઈને ત્યાં બેસાડ્યા અને પછી ભાઈ ઊંઘી ગયા તે વહેલું આવે ફ્રેન્કફર્ટ. તેમને ફ્રેન્કફર્ટ ઊતરવાનું હતું પણ હજુ દારૂ ઊતર્યો નહોતો ! ખુરશીમાં બેસાડી પ્લેનમાંથી નીચે ઊતાર્યા. ત્યાંથી હૉટેલ પર લઈ જતાં રસ્તામાં ટૅક્સી ડ્રાઇવર પર તાડૂક્યા અને લડવા લાગ્યા. (હજી વ્હિસ્કીની અસરમાંથી મુક્ત નહોતા !) જર્મન ટૅક્સી ડ્રાઇવર ટેક્સી સીધી પોલીસ મથકે લઈ ગયો. ભારતીય એલચી કચેરીના ઑફિસરોને દોડાદોડી થઈ પડી. માંડમાંડ મામલો થાળે પાડ્યો, અને અમારા સૌથી વધુ ઉદ્યોગપ્રધાન રાજ્યના ઉદ્યોપ્રધાનનો નશો ઊતર્યો. પણ ઊતરતા ઊતરતા સુધીમાં તો દુનિયાભરમાં ભારતની આબરૂનાં ચીંથરાં ઉડાડતો ગયો !

ગઈ કાલે ભાઈ જર્મનીથી પાછા મુંબઈ આવી ગયા છે અને છાપાંવાળાને કહે છે : 'હું તો નિર્દોષ છું.' પણ છાપાવાળા કહે છે કે, ભાઈ નિર્દોષ છે પણ પેલો દાંત પડી ગયો છે એ ચાડી ખાય છે તેનું શું ?

ભિંદરાનવાલે અને પંજાબઆંદોલન

તા. ૧૫-૬-૮૪. અત્યારે છાપાંમાં, ટી.વી. ઉપર કે રેડિયો ઉપર બધે જ પંજાબ છવાઈ ગયું છે. ૩જી જૂને પંજાબમાં ભારતીય સેનાએ પોલીસની કામગીરી સંભાળી લીધી અને અમૃતસરના સુવર્ણ મંદિર સહિત પંજાબના ઘણા ગુરુદ્વારા, પાંચેક મસ્જિદો અને દસેક મંદિરોમાં જઈ લશ્કરે પુષ્કળ દારૂગોળો અને આધુનિક યુદ્ધ-સરંજામ પકડી પાડ્યો. ધીંગાણાંમાં ૮૦ સૈનિકો અને ત્રણસો ઉપરાંત આતંકવાદીઓ હણાયા. આ ધીંગાણું-અમૃતસરના સુવર્ણમંદિરમાં જ થયું. અકાલી નેતાઓ શરણે આવ્યા. તોફાનીઓનો નેતા ભિંદરાનવાલે શરણે તો ન આવ્યો, પણ તે અને તેના બે શાગિર્દોનાં શબ મળી આવ્યાં. આ આખી કાર્યવાહીમાં સુવર્ણમંદિર-પરિસરનાં મુખ્ય મંદિર 'હર મંદિર સાહેબ'ને જરા પણ આંચ આવવા દીધી નહિ.

આ દિવસોમાં અમારા મિત્ર, ગણિતવાળા પ્રો. દર્શનસિંહ કોઈ લગ્ન પ્રસંગે પંજાબ ગયેલા. તે ૬ઠ્ઠી જૂનને દિવસે પાછા આવવાના હતા. પણ ૩જી જૂનની રાતથી સમગ્ર પંજાબમાં કર્ફ્યૂ તથા વાહનબંધી દાખલ થઈ એટલે આવી ન શક્યા. તે ઠેઠ આજે (૧૫-૬-૮૪) આવ્યા ! તેમણે એકબે પ્રસંગ કહ્યા તે ઉપરથી આપણને ખબર પડે કે પંજાબના લોકોએ આ આખી પરિસ્થિતિને કેવી રીતે લીધી છે. ભિંદરાનવાલેનું શબ મળ્યું ત્યારે ગામને ચોરે જુવાનીઆઓની વાતોનો આ પ્રસંગ છે. એક જુવાન કહે, 'ભિંદરાનવાલે તો ભડનો દીકરો, શરણે ન ગયો પણ શહીદ થયો.' ત્યારે બીજાએ કહ્યું, 'ભડ કેવો, બે વરસથી મંદિરમાં ભરાઈ બેઠો હતો અને જાજરૂ-પિશાબ માટે પણ બહાર નીકળવાની હિંમત નહોતી. એ તે કાંઈ ભડ કહેવાય ?' જુવાનની વાત ઉપરથી ટોળાંમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. અલબત્ત, બધા જ યુવાનો શીખ હતા !

આ કર્ફ્યૂના દિવસોમાં દર્શનસિંહના ગામમાં જ ચાર લગ્ન ઉજવાયાં તેમાં ક્યાંય કર્ફ્યૂ નડ્યો નહિ. આમે આખા પંજાબને ગામડે ગામડે તો કર્ફ્યૂ પળાવવો પણ અઘરો પડે. શહેરોને જોડતા ધોરી માર્ગો પર કર્ફ્યૂનો કડક અમલ થાય, બાકી ગામડાં આસપાસ તો હરફર થઈ શકે. હવે એક લગ્નની જાન જ્યાં જવાની હતી ત્યાં રસ્તામાં હાઈવે ઓળંગવાનો આવે. ૩ ટૅક્સી અને બે ટ્રેલરવાળા ટ્રૅક્ટરમાં જાન જતી હતી. હાઈવેની એક બાજુ ટૅક્સી અને ટ્રૅક્ટર ઊભાં રહ્યાં. લોકો ઊતરી ગયાં. ચાલતાં ચાલતાં હાઈવે ઓળંગી સામે પાર ગયાં. ત્યાંથી નવી ટૅક્સી કરી લીધી. પેલાં ખાલી ટ્રૅક્ટરો પણ 'ખેતરમાં જઈએ છીએ' એમ કહી સામે પાર આવી ગયાં. પાછી જાન ગોઠવાઈ ગઈ અને રંગેચંગે લગન પતાવી વહુને લઈને, એ જ વિધિથી ઘેર પાછાં !

(૧) નેલ્સન મૅન્ડેલા, (૨) સ્કૂલ બિઝનેસ મૅનેજમૅંટ

તા. ૧૬-૮-૮૫. દક્ષિણ આફ્રિકાના કાળાં લોકોનો નેતા નેલ્સન મૅન્ડેલા ૧૯૧૮માં જન્મ્યા છે એટલે મારી ઉંમરના છે. પણ ૧૯૬૪થી એટલે કે છેલ્લાં ૨૧ વર્ષથી તે જેલમાં છે. દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારે રાજદ્રોહના આરોપસર તેમને આજીવન કારાવાસની સજા કરી છે. આ મૅન્ડેલા ૧૯૪૨માં વકીલ થયા અને ગાંધીજીએ સ્થાપેલી આફ્રિકન નૅશનલ કૉંગ્રેસમાં જોડાયા. ૧૯૫૪ સુધી ગાંધીરાહે સત્યાગ્રહ, પિકેટિંગ અને હડતાળ. એવી રીતે લડત ચલાવી. પણ ૧૯૫૪માં શાન્ત સત્યાગ્રહીઓ ઉપર ગોરી સરકારે ગોળીબાર કરી સેંકડો લોકોને મારી નાખ્યા એટલે મૅન્ડેલાની અહિંસા ઉપરની શ્રદ્ધા ચળી ગઈ. તે ભૂગર્ભમાં ચાલ્યો ગયો અને સ્વયંસેવકોને ગેરિલા લડાઈની રીતસરની તાલીમ આપવાનું શરૂ કર્યું. ત્યારથી દક્ષિણ આફ્રિકાના મુઠ્ઠીભર ગોરાઓ સામે કરોડો કાળાઓએ રીતસરનો સંગ્રામ માંડ્યો છે. ૧૯૬૪માં મૅન્ડેલા તો પકડાઈ ગયો અને ત્યારથી જેલમાં છે પણ ત્યાં કાળાઓનો આઝાદીજંગ ચાલતો જ રહ્યો છે. આજકાલ આ જંગ ફરી ઊખળ્યો છે અને રોજ મારફાડ, ગોળીબાર, આગલૂંટના સમાચાર આવ્યા કરે છે. તેમાં મૅન્ડેલાના ઘરને આગ લગાડી તે પણ ખબર હતા અને ગાંધીએ સ્થાપેલ ફિનિક્સ આશ્રમને પણ આગ લગાડ્યાના સમાચાર હતા.

અને છેલ્લે બિઝનેસની વાત. અહીંની એક સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટે આદર્શ મેનેજમેન્ટનો નમૂનો પૂરો પાડ્યો. આ સ્કૂલની એન્ટ્રન્સ

પરીક્ષામાં તીવ્ર હરીફાઈ રહે છે, કારણ કે સ્કૂલની આબરૂ ઘણી છે. સ્કૂલના એક પ્રોફેસરે નુસખો લગાવ્યો. એન્ટ્રન્સ પરીક્ષાના પ્રશ્નો તો ટૂંક જવાબી (objective type, હા કે ના, સાચું કે ખોટું એવા) હોય છે. અને પેપરની ચકાસણી કમ્પ્યૂટર ઉપર થાય છે. આ પ્રોફેસરે શું કર્યું? પાંચ સવાલોના ખરા જવાબને બદલે ખોટા જવાબ કમ્પ્યૂટર સેક્શનને મોકલ્યા. અને પોતાની ઓળખાણવાળા દસ વિદ્યાર્થીઓને જ આ સવાલોના ખોટા જવાબો જ લખવાની સૂચના આપી. કમ્પ્યૂટરે આ દસ વિદ્યાર્થીઓના ખોટા જવાબ ખરા ગણ્યા અને દરેકને પાંચ પાંચ માર્ક આપ્યા. અને બાકીના વિદ્યાર્થીઓએ સાચા જવાબ આપ્યા તેને કમ્પ્યુટરે ખોટા ગણી દરેકના સવાલદીઠ ચાર ચાર માર્ક એટલે કુલ ૨૦ માર્ક કાપ્યા! અને તે પ્રોફેસરના સગલાઓને બીજા કરતાં ૨૫ માર્કની સરસાઈ મળી ગઈ! છેને પાકો બિઝનેસમૅન!

આજે તો તે પ્રોફેસર અને તેની સ્કૂલનો વડો સસ્પેન્ડ થયા છે!

લંકાનો તામિળ-પ્રશ્ન

તા. ૭-૯-૮૫. આજકાલ શ્રીલંકાના તામિળોનો પ્રશ્ન ઘણો ચગડોળે ચઢ્યો છે. આ શ્રીલંકાના તામિળો એ અમેરિકાના ગુજરાતીઓ જેવા નથી કે આફ્રિકા કે ફિજી ટાપુમાં જઈ વસેલા ગુજરાતીઓ જેવા નથી તેમ મોરિશિયસમાં મજૂરી માટે લઈ જવાયલા ઉત્તર ભારતીયો જેવા પણ નથી. આ લોકો તો હજારો વર્ષથી લંકામાં રહે છે. શ્રીલંકા ભારતની એટલું બધું નજીક છે કે જેમ ભારતના એક પ્રદેશના રાજા બીજા પ્રદેશ ઉપર ચઢી આવતા તેવું જ આ ટાપુ ઉપર દક્ષિણ ભારતનાં રાજ્યોનું આક્રમણ થતું અને આ ટાપુના રાજા પણ દક્ષિણ ભારત ઉપર ચઢાઈ કરતા. લગભગ ઈસ્વી સનની શરૂઆતથી જ આ પ્રકારનાં યુદ્ધો થયા કરતાં હતાં.

આશ્ચર્યની વાત તો એ છે કે આ યુદ્ધો થતાં સાથેસાથે ભારતમાંથી લોકો વસવાટ માટે પણ લંકા જતાં. ઈસ્વી સનથી ૩જી ૪થી સદીમાં બંગાળ, બિહારમાંથી આર્યો લંકા ગયા તે અત્યારનાં સિંહાલી લોકો છે. સિંહાલીઓ આર્યકુળના છે અને તેમની ભાષા સિંહાલી સંસ્કૃતમાંથી ઊતરી આવેલી ઈન્ડો-આર્યન કુળની ભાષા છે. ભારતનાં દ્રવિડ લોકો અને લંકાના મૂળ દ્રવિડ લોકો એ જ કુળનાં અને તેમની ભાષા ઈન્ડોઆર્યન કુળની નહિ પણ, દ્રવિડકુળની તમિલ આમ જુઓ તો ભારતમાં આર્ય અને દ્રવિડ એમ બે કુળના લોકો વસે છે તેવી જ રીતે લંકામાં પણ આર્ય અને દ્રવિડ કુળનાં લોકો વસે છે. આર્યોના મૂળ હિન્દુ ધર્મમાં દોષો પેઠા અને તેને સુધારવા ગૌતમ બુદ્ધે પ્રયત્ન કર્યો તથા બૌદ્ધધર્મ સ્થાપ્યો તે ભારતના આર્યોની જેમ શ્રીલંકાના આર્યોએ પણ અપનાવ્યો. પરંતુ ભારતમાં હિન્દુ ધર્મનું પુનરુત્થાન કરવા માટે તામિળનાડુના શંકરાચાર્ય આગળ આવ્યા. તેમણે હિન્દુધર્મની તાત્ત્વિક મીમાંસા કરી, શાસ્ત્રાર્થ કરી ઉત્તર-દક્ષિણ સ્થળે હિન્દુધર્મની સ્થાપના કરી. આમ, ભારતમાં વસતા આર્યકુળ અને દ્રવિડ કુળનાં લોકોને એક જ ધર્મને તાંતણે તેમણે બાંધ્યા. હજારો વર્ષના સહધર્મ સહવાસથી ભાષાઓ ભિન્ન હોવા છતાં આપણે ત્યાં એક સંસ્કૃતિ પાંગરી. આવું લંકામાં થયું નહિ. ત્યાંના તામિળોમાં હિન્દુધર્મની લંકાભરમાં હિન્દુધર્મની સ્થાપના કરી શકે તેવો શંકરાચાર્ય પાક્યો નહિ. પરિણામે દ્રવિડકુળનાં લોકો હિન્દુ રહ્યાં, આર્યકુળનાં લોકો બૌદ્ધ રહ્યાં, બન્ને કુળનાં લોકોને એક તાંતણે બાંધે તેવું કશું રહ્યું નહિ. તેમાં વિદેશી હકૂમતે આ વિખવાદ વકરે તેવો રાહ લીધો, જેથી તેમનું ટટ્ટુ ચાલતું રહે. આમ, લંકાના તામિળો અને સિંહાલીઓ વચ્ચેના સંઘર્ષનાં મૂળ ઇતિહાસમાં પડેલાં છે. (ક્રમશઃ)

અનુસંધાન] ઈમાન [પૃ. ૪૦૨થી

અલી ખામોશ બની થોડી વાર ત્યાં જ ઊભો રહ્યો. પછી ટપક ટપક કરતો ઘરમાં આવ્યો. સવિતાને જોઈ રહ્યો. સવિતા વાથી જકડાઈ ખુરશી પર પડી હતી. અલી થોડી વાર કંઈક વિચાર કરી રહ્યો. પછી ઘરમાં જઈ ખીંટી પર ટીંગાડેલી બેનાળી ઉતારી સવિતા પાસે આવ્યો. સવિતા થોડી ચમકીને ઊભી થવા ગઈ. પણ અલીએ બંદૂકના બળથી તેને ધક્કો દઈ નીચે બેસાડી પછી તે બોલ્યો :

'સવિતા... હું આ ગામનો જમાઈ છું... ગામનો ચોકીદાર છું... તારો પતિ છું. પણ... હવે મારાથી વધારે કંઈ સહન થતું નથી. ગામ મને ગદ્દાર કહે છે. ગામ મને નાપાકનો દોસ્ત કહે છે. હું... આ લોકોને કેવી રીતે સચ્ચાઈ આપું કે, હું પાક મુસલમાન છું. મારા લોહીમાં ગદારી નથી. મારી જન્મભૂમિ પ્રત્યે હું વફાદાર છું. અને વફાદારીની સાક્ષી સવિતા તું છે. તારી સમક્ષ મેં ક્યારે પણ ખોટું કહ્યું નથી. પોલીસખાતાનો માણસ છું, છતાં આ ગામ મને શંકાની નજરે જોઈ રહ્યું છે. સવિતા, બધા જ મુસ્લિમો ગુનેગાર નથી, બધા જ કંઈ દાણચોર નથી, બધા કંઈ ગદાર નથી હોતા, તો પછી મારા પ્રત્યે આવો વર્તાવ શા માટે? કુદરતે મને જે અન્યાય કર્યો, એક પગ છીનવી લીધો, તને આ અસાધ્ય રોગ આપ્યો, એક ઓલાદ માટે મને તડપતો રાખ્યો એનો મને રંજ હતો એથી વધુ રંજ આજે આ ગામની શંકાથી થયો છે. સવિતા, આ કલંકથી હું કંટાળી ગયો છું, તું તારા રોગથી. બોલ, હવે મારી સાથે ચાલવું છે કે મારી ઉપર લાગેલા કલંકને જીવંત રાખવા આ શંકાશીલ ગામમાં રહેવું છે?'

'અલી! આ શું? આટલો બધો આક્રોશ શા માટે? શું થયું? ગામના મોઢે ગળણું થોડું બંધાય? એ તો કહે, પણ તમે સાચા છો તો ડર શાનો? એનાથી ગામ ન છોડાય.' સવિતા ઊભી થતાં બોલી એટલે અલીએ કહ્યું,

'બધું જ સહન કરી શકું, સવિતા! પણ શબ્દ સહન નથી થતો. મારી જ કોમનાં લોકો મને આવા શબ્દોથી નવાજે તે મને નથી ગમતું, માટે મેં નક્કી કર્યું છે, કાં તો મારે જવું અથવા તને સાથે લઈ જવી. બોલ, ચાલે છે કે નહીં?'

અલીએ બંદૂકની નાળ સવિતા તરફ ધરી. સવિતા થોડી વાર ગભરાટમાં મૂક બની ઊભી રહી. ત્યાં ડેલી આગળ ગામનાં લોકોનું મોટું ટોળું જમા થઈ ગયું. ફકીરચંદ, નથુ, કાનો... એમાંથી ત્યાં કોઈએ બૂમ પાડી :

'આપણી સવિતાને બચાવી લ્યો... સવિતાને આ નરાધમ મારી નાખશે.' આ વાક્ય સાંભળી સવિતાએ કરડાકીભર્યા અવાજે બૂમ પાડી :

'અરે! દેશભક્તો. હાલી નીકળ્યા છો તે સરહદે તમારી બહાદુરી બતાવોને. અમારા જેવાં અપંગને શા માટે હેરાન કરો છો? અલી, ચલાવ ગોળી. મારે આ ગામમાં હવે એક પણ પળ જીવવું નથી. અલી, ચલાવ... તને તારી સવિતાના સોગંદ છે ચલાવ...'


ધ....ડૂ....મ.... ધ....ડૂ....મ...

અલીએ ગોળી ચલાવી, પણ તે ગોળી હવામાં ઓગળી ગઈ.

ગામનાં લોકોનાં મોંઢાં ઉપર મેશ લાગી... સવિતા વાથી પીડાતા શરીરે લથડાતી... લથડાતી.... અલી પાસે આવી, અલીએ બંદૂક ફેંકી દઈ કાખઘોડીના સહારે સવિતાને પોતાના જૈફ બનેલા શરીર સાથે ચાંપી લઈ બૂમ પાડી :

'સવિતા! હિન્દુસ્તાન હમારા હૈ... આ ગામના કહેવાથી અમે પરદેશી થોડા થઈશું... આવ... આ મતભેદોને ભૂલી અલ્લાહની બંદગી અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ નાસમજ લોકોને સાચુંખોટું પારખવાની શક્તિ આપે!' ❐

અરુણાચલ પ્રદેશ



ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતના (ઉત્તર-પૂર્વ) ખૂણે અરુણાચલ પ્રદેશનું રાજ્ય આવેલું છે. તે સરહદનું રાજ્ય હોવાથી તેની પશ્ચિમે તિબેટ, ઈશાને ચીન, પૂર્વમાં બ્રહ્મદેશ તથા દક્ષિણે નાગાલૅન્ડ અને આસામ આવેલાં છે. તે મુખ્યત્વે જંગલોથી આચ્છાદિત પર્વતમાળાનો પ્રદેશ છે. તેમાં ઉત્તર તરફની પર્વતમાળાનો કેટલોક ભાગ ૩૦૦૦થી ૬૦૦૦ મીટરની ઊંચાઈ ધરાવે છે અને તેથી હિમાચ્છાદિત છે. આ રાજ્યમાં ડુંગરાળ પ્રદેશ ઘણો વધારે હોવાથી, ત્યાં વસતી ઓછી છે. રાજ્યનો વિસ્તાર ૮૩,૭૪૩ ચોરસ કિ.મી. છે. તેનાં ગાઢાં જંગલોના કેટલાક પ્રદેશોમાં જઈ શકાતું નથી. તેના પર્વતોનાં શિખરોની ઊંચાઈ ઓછામાં ઓછી ૧૮૨૯ મીટરથી વધુમાં વધુ ૭૦૯૦ મીટર જેટલી છે. તાવાંગનું સૌથી ઊંચું શિખર ૭૦૯૦ મી. ઊંચાઈ ધરાવે છે. રાજ્યમાં સર્વત્ર પર્વતોની હારમાળા પર મુખ્યત્વે લિલોતરી છવાયેલી રહે છે. ૧૯૯૧ની ગણતરી અનુસાર રાજ્યની વસતી ૮,૬૪,૫૫૮ છે. તેમાં ૩૭ ટકા હિંદુ, ૧૦ ટકા ખ્રિસ્તી, ૧૩ ટકા બૌદ્ધ તથા ૩૮ ટકા અન્ય ધર્મનાં લોકો છે. આ રાજ્યમાં કુલ ૧૩ જિલ્લા છે.

આ રાજ્યમાં મોનપા, મિજી, આકા, શેર્દુકપન, નિશિંગ, બંગાળી, અસમિયા વગેરે ભાષાઓ બોલાય છે. ઈટાનગર તેનું પાટનગર છે. બ્રહ્મપુત્ર નદી આ રાજ્યમાંથી આસામ બાજુ વહે છે. કામેંગ, સુબાંસિરી, સિઆંગ, લોહિત અને તિરપ એ પાંચ મોટી નદીઓ છે અને તેમની ઘણી ઉપનદીઓ પણ છે. આ નદીઓનું ઘણુંખરું પાણી બ્રહ્મપુત્ર નદીમાં જાય છે.

<u>ઇતિહાસ</u> : અરુણાચલ પ્રદેશનો ઇતિહાસ પુરાણી દંતકથાઓથી ભરેલો છે. આ પ્રદેશના અનેક ઉલ્લેખો પુરાણોમાં આવે છે. દંતકથા અનુસાર પરશુરામે પોતાનાં પાપ આ પ્રદેશમાં ધોયાં હતાં, વ્યાસજીએ અહીં ચિંતન કર્યું હતું, ભિષ્મકે તેનું રાજ્ય સ્થાપ્યું હતું અને કૃષ્ણ ભગવાને રુકમણિ સાથે લગ્ન કર્યાં હતાં. રાજા બલિનારાયણે પોતાના લશ્કર માટે આ પ્રદેશના પહાડી લોકોની ભરતી કરી હતી. છઠ્ઠા દલાઈ લામા આ પ્રદેશમાં જન્મ્યા હતા અને તેરમા દલાઈ લામાએ અહીં આશ્રય લીધો હતો. ૧૬મી સદીથી તેનો ઇતિહાસ મળે છે. આસામના અહોમ વંશના રાજાઓના રાજ્યની શરૂઆત અહીં થઈ હતી. અંગ્રેજોએ ઈ.સ. ૧૮૩૮માં આ પ્રદેશ કબજે કર્યો. દેશને સ્વતંત્રતા મળ્યા બાદ સરહદે આવેલા કોસંગ, તિરાય, સિઆંગ, સુબાનસિરી અને લોહિતના પ્રદેશો નૉર્થ ઈસ્ટ ફ્રન્ટિયર એજન્સી NEFA હેઠળ, કેન્દ્રના સીધા અંકુશ હેઠળ, મૂકવામાં આવ્યા હતા, ત્યારે તે આસામ રાજ્યનો ભાગ હતો. અરુણાચલ પ્રદેશ નામથી ૧૯૭૨માં તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો. ૨૦ ફેબ્રુઆરી, ૧૯૮૭થી તેને અલગ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. ચીન તરફની ઉત્તરની સરહદ ૮૯૦ કિ.મી. લાંબી છે, જે મૅકમોહન રેખા તરીકે ઓળખાય છે. આ રાજ્ય અને આસામમાં થઈને કુલ ૯૦,૦૦૦ ચો.કિ.મી. ભારતીય પ્રદેશ પોતાનો હોવાનો ચીન દાવો કરે છે. પરન્તુ ચીનની સરકારને વારંવાર જણાવવામાં આવ્યું છે કે આ પ્રદેશ પૂર્ણપણે ભારતનો જ ભાગ છે.

<u>સરકાર</u> : આ રાજ્યમાં એકગૃહી ધારાસભા છે. તેની સભ્યસંખ્યા ૬૦ની છે. લોકસભામાં બે અને રાજ્યસભામાં એક બેઠક આ રાજ્યની છે. ૧૯૮૦ પછી સતત ચાર વાર ગેગોન્ગ અપંગ અરુણાચલ પ્રદેશના મુખ્યપ્રધાન બન્યા હતા. અરુણાચલને ૧૯૮૭માં અલગ રાજ્યનો દરજ્જો આપ્યા બાદ, ત્યાં વિધાનસભાની ચૂંટણીઓ ફેબ્રુઆરી ૧૯૮૮માં યોજવામાં આવી હતી.

<u>લોકો</u> : ત્યાં ૮૨ જેટલી મોંગોલૉઇડ અને તિબેટો-બર્મીઝ આદિવાસી જાતિનાં લોકો વસે છે. તેઓમાં ખામ્પ, અપટાની, પદ્મ, મિરી, અદિ, તાજિન, નિશી વગેરે આદિવાસી લોકો ઘણુંખરું બૌદ્ધ ધર્મ પાળે છે.

<u>નૃત્ય</u> : અરુણાચલ પ્રદેશના દફલા, હિલ, મિરી તતા તાજિન (કે તગિન ?) લોકો તલવાર હાથમાં રાખીને, હાકોટા પાડીને યુદ્ધનાં જેવાં સમૂહ નૃત્યો કરે છે. બૌદ્ધધર્મ પાળતાં લોકો નૃત્ય કરતી વખતે, ખાસ કરીને ચામ નામનો વિવિધ પ્રકારનો લેબાસ અને બુરખો પહેરે છે.

<u>ઉત્સવો</u> : આ પ્રદેશના કેટલાક મહત્ત્વના ઉત્સવોમાં સોલંગ, મોપિન, દ્રી, લોકુ, બુરિ બુત, નેચી દાઉ, લોંગતે યુલો વગેરેનો સમાવેશ થાય છે. મોનપા લોકોનો નવા વર્ષનો લોસર ઉત્સવ પાંચ દિવસ ચાલે છે. રેહ નામનો ઉત્સવ છ દિવસ ચાલે છે. વાંચો લોકોનો ઓજિયેલ ઉત્સવ છ થી બાર દિવસ ચાલે છે. તે લોકોના ઉત્સવોમાં ઘણુંખરું પ્રાણીઓનો ભોગ (બલિદાન) આપવામાં આવે છે.

<u>મુખ્ય પાક</u> : રાજ્યનાં ૯૪ ટકા લોકો ગ્રામ પ્રદેશોમાં વસે છે. તેથી ખેતી તેમનો મુખ્ય વ્યવસાય છે. ત્યાં મુખ્ય પાક ચોખાનો થાય છે. આ ઉપરાંત બીજા મહત્ત્વના પાકમાં મકાઈ, બાજરી, ઘઉં, કઠોળ, કાંકી, રબર, બટાટા, શેરડી, તેલિબિયાં, રાઈ વગેરેનો સમાવેશ થાય છે. ત્યાંની, આબોહવા ઉદ્યાનનિર્માણ માટે અનુકૂળ હોવાથી ત્યાં પાઈનેપલ, નારંગી, લીચી, સફરજન, કેળાં, લિંબુ, પ્લમ્સ વગેરે ફળો સારા પ્રમાણમાં પાકે

છે. ત્યાં પર્વતાળ વિસ્તાર હોવાથી બાગાયતી ખેતી માટે ઘણી અનુકૂળતા રહે છે. ખેતીમાં કુલ કામદારોનાં ૯૭ ટકા જેટલી મહિલાઓ કામ કરે છે. રાજ્યના ૬૨ ટકા વિસ્તારમાં જંગલો આવેલાં છે. સિંચાઈની ૩૦૦ જેટલી નાની યોજનાઓને કારણે ચોખાના પાકને ઘણું પ્રોત્સાહન મળ્યું છે.

ખનિજ : તિરાપ જિલ્લામાં નામચિક-નામફુકની કોલસાની ખાણમાં ૯૦ મિલ્યન ટન કોલસાનો અનામત જથો હોવાનો અંદાજ છે. ક્રુડનો અનામત જથો ૧.૫ મિલ્યન ટન હોવા ઉપરાંત ડોલોમાઇટ, ચૂનો, ગ્રેફાઇટ, લોખંડ, ક્વાર્ટઝાઇટ, અબરખ અને તાંબાના અનામત જથા આ રાજ્યમાં છે.

ઉદ્યોગો : ફળો ઉપરની પ્રક્રિયા, પ્લાઈવુડ, સિમેન્ટ, ઇલેક્ટ્રોનિક્સના ઉદ્યોગો ઉપરાંત ચોખા, તેલ અને લાકડાં વહેરવાની મિલો જેવા મધ્યમ અને કુટિરઉદ્યોગો અરુણાચલ પ્રદેશમાં વિકસ્યા છે. દેશની રેલવેને આ રાજ્યનાં વિશાળ અને સમૃદ્ધ જંગલોમાંથી લાકડાંના ૨૨ મિલ્યન સ્લીપર્સનો પુરવઠો મળ્યો છે. આ રાજ્યની પ્રથમ ઔદ્યોગિક વસાહત ઇટાનગરમાં સ્થાપવામાં આવી છે. ત્યાંની લાકડા ઉપરની કોતરણી, સારી જાતની શાલ અને જૅકેટ વખણાય છે.

પ્રાણીસૃષ્ટિ : ચાંગલાંગ જિલ્લામાં નામદાફામાં આવેલ રાષ્ટ્રિય ઉદ્યાન વાઘના રક્ષણ માટે રાખવામાં આવ્યો છે. આ રાજ્યમાં વાઘ, ખાસ પ્રકારના ચિત્તા, વિવિધ જાતનાં હરણ, જુદીજુદી સાત જાતના વાંદરા જોવા મળે છે. રાજ્યમાં આરક્ષિત ૧૯ અભયારણ્યો દેશવિદેશના પ્રવાસીઓને આકર્ષે છે. રાજ્યમાં ૫૦૦ પ્રકારનાં પક્ષીઓમાં તેતર મોટી સંખ્યામાં જોવા મળે છે.

વિશિષ્ટઓ : તાવાંગમાં આવેલો બૌદ્ધ ધર્મનો મઠ આશરે ૩૫૦ વર્ષ જૂનો, અને ભારતમાં સૌથી મોટો છે. આ સ્થળ આશરે ૭૦૯૦ મીટરની ઊંચાઈ પર આવેલું જાણીતું સ્થળ છે. ઈટાનગરમાં ખોદકામ કરીને ઈટાનો કિલ્લો શોધવામાં આવ્યો છે. ભિષ્મકનગર અને માલિનિતાનમાં પ્રાચીન મંદિરોનાં સંકુલ આવેલાં છે. તે રાજ્યનાં મહત્ત્વનાં પુરાતત્ત્વીય સ્થળો છે. અરુણાચલ પ્રદેશમાં આવેલ ગંગાસરોવર અને પરશુરામ કુંડ આ વિસ્તારનાં લોકો માટે મહત્ત્વનાં યાત્રાનાં સ્થળો છે. ચાંગલાંગ જિલ્લામાં આવેલ નામદાફા પ્રાણી અભયારણ્યમાં અન્યત્ર જવલ્લે જોવા મળતા હૂલૉક ગિબન **(Hoolock Gibbon)** જોવા મળે છે.

ઉપર્યુક્ત, તાવાંગમાં આવેલા બૌદ્ધ ધર્મના મઠના પુસ્તકાલયમાં અતિકીમતી ખજાના તરીકે ગણતરીમાં લઈ શકાય એવા બૌદ્ધધર્મના કેટલાક અલભ્ય પવિત્ર ગ્રંથો સોનેરી અક્ષરે લખેલા છે.

મકરસંક્રાંતિના દિવસે પરશુરામ કુંડમાં સ્નાન કરવાથી જીવનભરનાં કરેલાં પાપ નાશ પામે છે, એવી માન્યતાને લીધે હજારો ભાવિક ભક્તો તે ધાર્મિક સ્થળે સ્નાન કરવા જાય છે. કાલિકાપુરાણમાં જણાવવામાં આવ્યું છે કે ભગવાન પરશુરામે માતૃહત્યાનું પાપ આ સ્થળે ધોઈ નાખ્યું હતું. આ રાજ્યમાં ચકમા નિરાશ્રિતો મોટી સંખ્યામાં આવીને રહ્યા છે. તેમના રક્ષણની વ્યવસ્થા કરવા સર્વોચ્ચ અદાલતે જાન્યુઆરી ૧૯૯૮માં સરકારને આદેશ આપ્યો હતો. ❑

લઘુકથા

સુખ

પી.જી. કડીવાર

દાળનો સબડકો ભરતાં જ મુગટલાલના ચહેરા પર કડવાશ વ્યાપી ગઈ. વાટકો નીચે મૂકતા એ ખિન્ન સ્વરે બોલ્યા, 'જલ્પા, બેટા, મારા માટે મોળી દાળ નથી કાઢી ?'

'ભુલાઈ ગયું. આજે આ દાળથી ચલાવી લો.' રસોડામાંથી રુક્ષ સ્વર આવ્યો. મુગટલાલે દાળનો વાટકો સહેજ દૂર હડસેલી, રોટલીના ટૂકડા છાશમાં પલાળ્યા.

મોઢામાંથી દાંતે પણ, એ નોકરીમાંથી નિવૃત્ત થયા એ જ વરસે, વિદાય લઈ લીધેલી. ચોકઠું કરાવેલું, પણ સુગાળવા સ્વભાવને કારણે ફાવ્યું નહીં, એટલે જ, એમની સાથે કાશીબહેન પણ જમવા બેસતાં, જેથી કરીને પતિને કાળજીપૂર્વક જમાડી શકાય.

પત્નીની યાદદાસ્તે એમના વિષાદને બેવડાવ્યો. અતૃપ્ત મને એમણે અન્નદેવતાને નમસ્કાર કર્યા. મોઢું લૂછતાં પોતાના ઓરડામાં આવતાં જ એમની આંખોની ભીનાશમાં અતીત ઉલેચાયો.... એક દિવસે પુત્રવધૂ મુગટલાલનું આગલા દિવસે કાઢેલું ધોતિયું ધોવાનું તેમ જ એમના માટે નહાવાનું પાણી ગરમ કરવાનું ભૂલી ગયેલી. આ ઘટનાથી ખિન્ન થઈ ગયેલાં કાશીબહેને એ જ રાત્રે પોતાના ઓરડાના ઝાંખા પ્રકાશમાં પતિને કહેલું : 'સાંભળો, અત્યાર સુધી મેં તમારા વહીવટમાં ક્યારેય માથું માર્યું નથી. હું એ પણ સમજું છું કે નિવૃત્તિ પહેલાં તમે કરકસર કરીને એકઠી કરેલી મૂડી એકના એક દીકરાને રંગેચંગે પરણાવવામાં અને મકાન ખરીદવામાં વાપરી નાખી. નિવૃત્ત થયા પછીની રકમ દીકરાને ધંધો કરવા માટે આપી દીધી. છતાંય કહું છું કે, હવે થોડુંઘણું કંઈ પણ બચ્યું હોય તો રાખી મૂકજો. આપણા બેમાંથી કોણ પહેલું જાશે એની કોને ખબર ?'

પત્નીની યાદમાં વલવલતા મુગટલાલની આખી રાત લગભગ અજંપામાં જ પસાર થઈ. ભૂતકાળ ખોતરી ખોતરીને થાકેલી આંખો મીંચાણી ત્યારે સવારના પાંચ વાગવા આવ્યા હતા. નિત્ય-નિયમ પ્રમાણે આ સમય એમને જાગવાનો હતો.

બાજુના રૂમમાં કોઈ ખીલો ખોડતું હોય એવા ઠક્-ઠક્ અવાજના કારણે એ જાગી ગયા. એ વખતે ઘડિયાળ સવારના આઠના ટકોરા પાડતું હતું. મોડું થઈ ગયું હોવાનું ભાન થતાં જ એ સફાળા પથારીમાંથી બેઠા થઈ ગયા. ઓશીકા નીચે રાખેલાં ચશ્માં પહેરી, ઢીંચણ દબાવતા એ ઊભા થયા અને દીવાલના ટેકે બહાર નીકળ્યા.

'હવે જો, બાનો ફોટો અહીં બરાબર લાગશે ને ?' બેઠકરૂમમાંથી પુત્રનો અવાજ આવ્યો.

'બરાબર. હવે આ હાર પહેરાવી દો, એટલે પત્યું.'

કુતૂહલવશ મુગટલાલે બેઠકરૂમમાં નજર કરી તો, સામેના ખૂણામાં, રૂમમાં પ્રવેશતાં જ નજરે પડે એ રીતે રાખેલા શોકેશ પર ફૂલછોડનાં બે કૂંડાં વચ્ચે રાખેલ પત્નીના ફોટાની જગ્યાએ ટી.વી. ગોઠવાઈ ગયું હતું, અને પત્નીનો ફોટો સામેની દીવાલ પર ટાંગ્યો હતો.

એ પળવાર પત્નીના ફોટા સામે જોઈ રહ્યા. ફોટામાં પત્નીને મલકતાં



હું અને રસ્તો

પ્રફુલ્લ રાવલ

શિશુવયમાં મહોલ્લામાં રમવું એ સીમા હતી. પ્રારંભે એ સીમાનો ખ્યાલ જ નહોતો. ઘરની બહાર જવાનો મહિમા હતો. મહોલ્લામાં ઘૂમતો રહેતો. સાથમાં હતી અલ્લડતા. તોફાન ગમતું. સમવયસ્ક સાથે ક્યારેક મારામારી થતી. કોઈક મોટું હોય તો પહોંચી ન શકાય ત્યારે મારી પાસે શસ્ત્ર હતું તે બટકું ભરવાનું. મહોલ્લાના પરિઘમાંથી ઝાંપા સુધી પહોંચી શકાયું અને પછી મહોલ્લામાં નાકે ઊભા રહીને પૂર્વપશ્ચિમ બાજુમાં રસ્તાને જોવા ઊભો રહેતો થયો ત્યારે એ રસ્તે આગળ વધવાની મનીષા જન્મતી. રસ્તાનું કુતૂહલ હતું. પણ જવાતું નહીં. બીક હતી ખોવાઈ જવાની. આ બીક મારી નહોતી. મને ઠસાવવામાં આવી હતી. ગળથૂથીની જેમ પીવડાવવામાં આવી હતી. જ્યારે મેં મહોલ્લો છોડીને પહેલી વાર રસ્તા પર પગ મૂક્યો ત્યારે સીમા-ઉલ્લંઘનમાં ગર્વ સવાર થઈ ગયો હતો. નિમિત્ત હતું નિશાળે જવાનું વળી. તરત જ જન્મી હતી બીજા રસ્તાઓ જોવાની ઝંખના; આથી થોડાક દિવસોમાં નિશાળેથી છૂટીને ઘરે આવવાનો સીધો રસ્તો મૂકીને હું પાનચકલેથી ફરીને આવ્યો ત્યારે વળી નવો રસ્તો જોયાનો કેફ રહ્યો હતો. આજેય ક્યારેક પ્રવાસનિમિત્તે નવા રસ્તેથી પસાર થવાનું બને છે ત્યારે વળી એવો જ કેફ અનુભવું છું પણ પેલા બાળસહજ વિસ્મયને સ્થાને સમજે સ્થાન લીધું છે. પણ બાએ જાણ્યું કે હું ફરીને આવ્યો છું ત્યારે ઠપકો આપ્યો, તે ય ખોવાઈ જવાનો.

પછી તો વ્યાયામશાળાએ જતો થયો. લાઈબ્રેરીએ જતો થયો. શહેરમાં ફરતો થયો. એટલે પાદ નવા નવા રસ્તાથી પરિચિત થવા માંડ્યા. અને દસ વર્ષની વય થતાં તો ગામની ભૂગોળનું પાકું ભાન થઈ ગયું. જ્ઞાન થઈ ગયું. રસ્તેરસ્તો યાદ. ગલી ગલી યાદ. કેટલાક રસ્તા પાકા નહોતા. ધૂળિયા હતા. તોય એ રસ્તાનો મોહ રહેતો કેમ કે એ મારા ગામના રસ્તા હતા.

રસ્તા પર ચાલવું એ મારો નિજાનંદ છે. કંઈક અંશે મને એનો છંદ છે. કશાય કારણ વગર પણ ચાલું છું. ચાલવું એ ગતિનું દ્યોતક છે. ગતિ જ પ્રગતિનું પહેલું પગથિયું છે. હું પ્રગતિનો ચાહક છું એટલે ચાલવું એ મારો નેહ છે. અને રસ્તાનો નેહ મને ચાલવા પ્રેરે છે. રસ્તે ચાલતાં મને સોબતીની ગરજ રહેતી નથી. રસ્તો અને ખુલ્લું વાતાવરણ મારા સોબતી બની જાય. એકલો ચાલું છું. રસ્તા પર માણસોની ભીડ હોય ત્યારે હું એમના ચહેરાની ભાષા વાંચું છું. રસ્તા પર ચાલતાં માણસો જોવાનો મને નિર્મળ આનંદ આવે છે. પણ મને વિશેષ આનંદ તો થાય છે નિર્જન રસ્તે ચાલવાનો, જ્યાં કોઈ ન ચાલતું હોય. માત્ર હું જ એકલો હોઉં. હું અને રસ્તો. બસ, અમે બે જ. હું એકાકી, એ એકાકી. હા, વૃક્ષો આજુબાજુ હોય. કોઈક પક્ષી એ વૃક્ષની ડાળ પર એકલું બેઠું હોય. ક્યારેક એનો મીઠો ટહુકો સંભળાય. ક્યારેક માત્ર કિલકિલાટ. ક્યારેક તો પક્ષીના અવાજમાં રવ સંભળાય. ક્યારેક કોઈક વાહન પસાર થાય. પણ પછી રહે તો માત્ર રસ્તો જ. હું રસ્તા પર ચાલતો ચાલતો દૂર દૂર નીકળી જાઉં. વળી, એ જ રસ્તે પાછો ફરું. ચાલતાં ચાલતાં મને મારો જ પગરવ સંભળાય. પગરવનો લય મનને આંદોલિત કરે છે. રસ્તા સાથે મારી ગોષ્ઠિ ચાલે. ક્યારેક મીઠી તો ક્યારેક કડવી. એ તો ક્યાંથી બોલે ! હું જ બોલું, હું જ સાંભળું. ક્યારેક રસ્તાનો દુભાષિયો પણ હું જ બની જાઉં. હું ગમે તેટલું બોલું, ગમે તેવું બોલું પણ રસ્તો કંટાળે નહીં. વાસ્તવમાં મારો જ આંતરસંવાદ ચાલ્યા કરે રસ્તા પર. મજા સાથે મથામણે ચાલે તે ય રસ્તા પર. આ મથામણમાંથી જ ક્યારેક માર્ગ નીકળ્યો છે. આ મથામણે જ મનને બળવંત બનાવ્યું છે અને દૃઢતા પામ્યો છું.

આ રસ્તા પર ચાલતાં ચાલતાં અનેક વિચારો મારા મન પર છાલક માર્યા કરે. હું છલકાઉં તો ય રસ્તા પર અને છોળી ઊઠું તો ય રસ્તા પર. ક્યારેક વિષાદ વીંટળાઈ વળે, ક્યારેક અતીતની યાદ કબજો લઈ લે, ક્યારેક કોઈક કવિતા સળવળે અને ક્યારેક સખીની યાદનું ધુમ્મસ આંખને ઝાંખી _રે તે ય રસ્તા પર. રસ્તો મારો ભેરુ. મારી આપકથાનો સાથી. પ્રારંભે કંઈક આત્મકેન્દ્રી હોવાના નાતે મને રસ્તા સાથે નેહ રહ્યો છે. ક્યારેક તો એ નિર્જીવ હોવાનું પણ ભૂલી જાઉં છું. એની જોડે વાતે વળગું છું. આ રસ્તાએ મને ઘણું આપ્યું છે — સ્નેહ, શબ્દ, સાથ, સધિયારો. અનેક નવા વિચારો રસ્તા પર ચાલતાં ચાલતાં મારામાં અંકુરિત થયા છે. નવી યોજના રસ્તા પર જ આકારિત થઈ છે. સખી સાથેની મીઠી ગોઠડી પણ રસ્તા પર કરી છે. રસ્તા પર જ ઘણાં મળ્યાં છે, તો ઘણાં છૂટાં પડ્યાં છે. ઘણાની સાથે દોસ્તી થઈ છે, તો ઘણાની સાથે દુશ્મની થઈ છે. વાદ-વિવાદ, સંવાદ-વિસંવાદ થયો છે. આનંદ-વિષાદ પણ રસ્તા પર મેળવ્યો છે. રસ્તાએ બુદ્ધિમાં વૃદ્ધિ કરી છે તો રસ્તાએ જ વૃદ્ધિનો નકશો અમાપ બનાવ્યો છે. રસ્તો મને ક્યારેય પ્રલંબ નથી લાગ્યો. રસ્તાએ મને ક્યારેય રંજાડ્યો નથી. રસ્તો મને અખૂટ સ્નેહથી ભીંજવતી અબોલ પ્રેમિકા જેવો લાગ્યો છે. રસ્તા પાસેથી સતત શીખવા મળી છે સહનશીલતા. પ્રત્યેક આઘાતે એ હોય છે સ્થિતપ્રજ્ઞ. ન સંભળાય રાવ, ન સંભળાય રવ. એનો આનંદ પણ અરવ. એ સહુનો સાથી સાક્ષી. એનો અતીત્ત અજ્ઞાત, એનો વર્તમાન અદૃષ્ટ અને એનું ભવિષ્ય અગોચરત રસ્તાએ મને આંતરસંવાદથી બોલકો બનાવ્યો છે અને મૌનનો મહિમા પણ શીખવ્યો છે. આથી જ ક્યારેક થાય છે રસ્તો બની જાઉં તો કેવું ! પણ સજીવમાંથી નિર્જીવ થવાનો કીમિયો હજુ મને આવડ્યો નથી. અને નિર્જીવ થયો તો પછી સખી કોનું સખ્ય કેળવશે ? ❐

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર ૧લી એપ્રિલ ૧૯૪૩
પ્રિય કિટી,

આજે ખરેખર કોઈ જાતની મજાક કરવાની મને ઇચ્છા થતી નથી. (તારીખ જુઓ) ઊલટાનું આજે મને એ વાતની ખાતરી થઈ છે કે મુશ્કેલી આવે ત્યારે એકસાથે આવે.

અમારે માટે સૂર્યના કિરણ સમા શ્રી ક્લાઈમનને ગઈ કાલે ફરી પેટમાં રક્તસ્રાવ શરૂ થયો. ઓછામાં ઓછાં ત્રણ અઠવાડિયાં એમને આરામ લેવો પડશે. એમને પેટની તકલીફ ઘણા વખતથી છે. એનો કોઈ ઇલાજ પણ નથી. બીજું, બૅપને ફ્લૂ થયો છે, ત્રીજું શ્રી વોસ્ક્યુલને પેટમાં મોટા ભાગે ચાંદું પડ્યું છે. ઑપરેશન કરાવવું પડશે. માટે આવતા અઠવાડિયે એમને હૉસ્પિટલમાં દાખલ થવાનું રહેશે. ચોથું, ફ્રેન્કફર્ટથી પોમોસીન ઇન્ડસ્ટ્રીસના મૅનેજરો ઓપેક્તાના ઉત્પાદન વિશે ચર્ચા કરવા આવ્યા છે. પપ્પાએ ચર્ચાના મુખ્ય મુદ્દાઓ શ્રી ક્લાઈમનને સમજાવ્યા હતા. પણ શ્રી કુગ્લરને સમજાવવા ઝાઝો વખત મળ્યો નહોતો.

ફ્રેંકફર્ટથી એ લોકો આવ્યા ત્યારે પપ્પા મૂંઝવણમાં મુકાઈ ગયા કે ચર્ચામાં શું થશે. 'હું ત્યાં હાજર રહી શકતો હોઉં તો સારું થાય.' પપ્પાએ કહ્યું.

'જાઓ, જમીન પર સૂતા સૂતા કાન માંડશો તો ચર્ચા સંભળાશે, ચર્ચા તો મુખ્ય ઑફિસમાં જ થવાની છે.'

પપ્પાની મૂંઝવણ દૂર થઈ અને ગઈ કાલે બપોરે બરોબર સાડાદસના ટકોરે માર્ગટ અને પપ્પા જમીન પર દંડવત્ સ્થાનબદ્ધ થયાં (એકથી ભલાં બે!). બપોર થયા પણ ચર્ચા પૂરી થઈ નહોતી. પણ પપ્પાની હાલત આ સ્થિતિમાં શ્રવણક્રિયા ચાલુ રાખી શકે એવી રહી નહોતી. એટલે અઢી વાગ્યે જ્યારે એમનો પાછા ખાનગી ઑફિસમાં આવવાનો અવાજ સંભળાયો એટલે પપ્પાની જગ્યા મેં લીધી. માર્ગટ તો હતી જ. ચર્ચા એટલી તો અટપટી અને કંટાળાજનક હતી કે થોડી જ વારમાં એ ઠંડા લીનોલિયમ પર મને ઘસઘસાટ નીંદર આવી ગઈ. નીચે કોઈ સાંભળશે એ ડરથી માર્ગટે મને ઉઠાડી નહિ. જોરથી બોલવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નહોતો. ખાસ્સા અડધા કલાકની ઊંઘ ખેંચ્યા પછી હું ઝબકીને જાગી ગઈ. મહત્ત્વનો એકેય મુદ્દો ત્યારે મને યાદ રહ્યો નહોતો. સારું હતું કે માર્ગટે બરોબર ધ્યાનથી બધું સાંભળ્યું હતું.

લિ. ઍન.

શુક્રવાર ૨જી એપ્રિલ ૧૯૪૩
પ્રિય કિટી,

હે ભગવાન, મારાં પાપ-કર્મોની યાદીમાં વળી એકનો ઉમેરો થયો છે. ગઈ કાલે રાતે હું સૂવા માટે તૈયાર થઈને પથારીમાં પડી પડી પપ્પાની પ્રાર્થના કરવા માટે રાહ જોતી હતી ત્યાં મમ્મી આવી. પથારી પર બેસી હળવેથી મને પૂછ્યું, 'ઍન, પપ્પા તો હજી તૈયાર નથી, હું તારી સાથે પ્રાર્થના કરું ?'

'ના, મમ્મીજી,' મેં જવાબ આપ્યો.

મમ્મી ઊભી થઈ ગઈ. થોડી વાર એમ ને એમ ઊભી રહી, પછી ધીમે ધીમે બારણા તરફ ચાલવા માંડી. અચાનક મારી તરફ જોઈને દુ:ખી ચહેરે બોલી, 'હું તારા પર ગુસ્સે થવા નથી માગતી. તારામાં મારા પ્રત્યે પ્રેમ પણ ફરજિયાત તો ન જ જગાડાય.' એની આંખોમાંથી આંસુ સરી પડ્યાં અને એ બારણામાંથી બહાર જતી રહી.

હું સૂનમૂન પડી રહી. આવા નિર્દય નકારથી મેં કેવો સ્વાર્થ સાધ્યો હતો ! પરંતુ એ સિવાય બીજો જવાબ આપવો મારે માટે અશક્ય હતો. જ્યારે એની સાથે પ્રાર્થના કરવાનું મન જ મને ન હોય ત્યારે દેખાવ ખાતર હા કહેવી પણ શક્ય નથી. મારે માટે એ અશક્ય છે. મને મમ્મી માટે દુ:ખ થાય છે. ઘણું ઘણું દુ:ખ થાય છે; કારણ કે જિંદગીમાં મને પહેલી વાર જાણ થઈ કે મારા લાગણીવિહોણા વર્તનની મમ્મી પર અસર થતી નથી એ વાત સાચી નથી. મારામાં એને માટે પ્રેમ-ભાવના એ જગાડી શકી નથી એનું દુ:ખ હું ચહેરા પર સ્પષ્ટપણે જોઈ શકતી હતી. સત્ય કહેવું અઘરું છે. અને સત્ય એ છે કે મમ્મીએ જ મને તરછોડી દીધી છે. એના સમજ્યા વિના મારેલા ટોણાએ અને મને હાસ્યાસ્પદ ન લાગતી વાતોની એણે કરેલી ક્રૂર મજાકે જ મારામાંની એના પ્રત્યેની પ્રેમની લાગણીને ઠુંગરાવી દીધી છે. જેમ એના કઠોર શબ્દોથી મારું હૈયું દુભાય છે એમ આજે જ્યારે એનુંય હૈયું દુભાયું ત્યારે જાણ્યું કે મારામાં એની તરફ પ્રેમની કોઈ લાગણી જ બચી નથી.

રાતે ઘણા વખત સુધી મમ્મી રડી. એને નીંદર પણ આવી નહિ. પપ્પા પણ મારી સામે જોવાનું ટાળે છે. નજર મળી જ જાય તો એમાં સ્પષ્ટ-પણે હું વાંચી શકું છું, 'તારી મા સાથે આવું વર્તન તું કરી જ કેવી રીતે શકે ? તારી માને આટલી દુ:ખી કરવાની તારી હિંમત જ કેવી રીતે થઈ ?'

બધાની અપેક્ષા છે કે મારે માફી માગવી, પણ માફી માગવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ? મેં તો સત્ય વાત કહી છે. જે હકીકત છે એ આજે નહિ તો કાલે બહાર આવ્યા વિના રહેવાની છે ? મારા પર મમ્મીનાં આંસુની અને પપ્પાની નજરોની અસર થતી હોય એવું મને લાગતું નથી અને નથી જ થતી કારણ કે અત્યાર સુધી મને જેવું ખરાબ લાગતું હતું તેવું જ હવે એમને લાગે છે મને મમ્મી માટે ફક્ત એટલી જ સહાનુભૂતિ થાય છે કે હવે એણે પોતાની મેળે નક્કી કરવું પડશે કે મારી સાથે કેવું વર્તન કરવું. બાકી મારે માટે મેં નક્કી કર્યું છે કે અતડા જ રહેવું. જે સત્ય છે તે તરફથી મોં ફેરવવાનો મારો ઇરાદો જરાય નથી. કારણ કે આ સત્ય જેટલું મોડું સમજાશે એટલું સ્વીકારવું કઠણ પડશે.

લિ. ઍન.

મંગળવાર ૨૭મી એપ્રિલ ૧૯૪૩
પ્રિય કિટી,

થઈ ગયેલા ઝગડાઓના ભણકારા હજીય અહીં વાગે છે. બધાં જ એકબીજાં પર ગુસ્સે ભરાયાં છે. હું ને મમ્મી, શ્રી વૅનડાન ને પપ્પા, શ્રીમતી વૅનડાન ને મમ્મી. શું વાતાવરણ જામ્યું છે, નહિ ? ફરી એક વાર ઍનની ખામીઓ જરા વધારી મૂકીને એની જોરશોરથી જાહેરાત થઈ રહી છે.

અમારા જર્મન મુલાકાતીઓ ફરી પાછા ગયા શનિવારે હાજર થયા હતા. સાંજના છ વાગ્યા સુધી એમનો મુકામ હતો. અમે ઉપર ચૂપચાપ બેસી રહ્યાં. એક ઈંચ ચાલવાની પણ કોઈની હિંમત નહોતી. મકાનમાં ને આસપાસ કોઈ જ પ્રકારના અવાજ થતા ન હોય ત્યારે ખાનગી ઑફિસની વાતો અમારે ત્યાં સ્પષ્ટપણે સાંભળી શકાય છે. વળી પાછા બેસી બેસીને મારા તો ઢગરા ઝલાઈ ગયા.

શ્રી વૉસ્ક્યૂલને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. પણ શ્રી. ક્લાઈમન ફરી પાછા ઑફિસે આવવા માંડ્યા છે. દરવખતની સરખામણીમાં આ વખતે પેટમાંનો રક્તસ્રાવ જલદી જ કાબૂમાં આવી ગયો. એઓ ખબર લઈ આવ્યા કે રજિસ્ટર ઑફિસને જરા વધારે નુકસાન થયું, કેમ કે આગ ઓલવવાના બંબાવાળાઓએ આગ તો બુઝાવી સાથે સાથે મકાનને એવું તો પલાળી નાખ્યું કે જાણે પૂર જ આવ્યું. ચાલો, મારા હૃદયને થોડી શાતા વળી !

કાર્લટન હોટેલ જમીનદોસ્ત થઈ ગઈ છે. બે બ્રિટિશ વિમાનોએ બૉમ્બવર્ષા સીધી આ જર્મન ઑફિસર્સ ક્લબ પર જ કરી. વ્યીઝેલસ્ટ્રાટ અને સિંગલ રસ્તા મળે એ ખૂણો બળીને ખાખ થઈ ગયો છે. જર્મન શહેરો પરના હવાઈ હુમલાઓ રોજ રોજ વધી રહ્યા છે. દિવસો થયા અમે શાંતિથી રાત આખી સૂતાં પણ નથી. નીંદરને અભાવે મારી આંખોની નીચે ટોડલા ચડી ગયા છે.

અમારો ખોરાક પણ તદન બેકાર છે. બ્રેકફાસ્ટમાં ફક્ત બ્રેડ અને કૉફી. બે અઠવાડિયાં થયાં બપોરે જમવામાં ફક્ત પાલક અથવા બાફેલી લેટસ અને વિચિત્ર ગળ્યાશ પડતા સ્વાદના મોટા બટાકા. કોઈને પણ વજન ઉતારવું હોય તો 'ગુપ્ત નિવાસ' સુયોગ્ય સ્થાન છે ! ઉપરવાળાં તો બહુ જ ફરિયાદો કરે છે, પણ અમને આ કોઈ મોટી આપત્તિ હોય એવું લાગતું નથી.

૧૯૪૦માં યુદ્ધમાં ભરતી થયેલા કે યુદ્ધ લડેલા ડચ પુરુષોને યુદ્ધ-કેદીઓની છાવણીમાં કામ કરવા માટે બોલાવી લીધા છે. મને ખાતરી છે કે ચડાઈ સામેની તકેદારી રૂપે આ થયું છે.

લિ. ઍન.

શનિવાર ૧લી મે ૧૯૪૩

પ્રિય કિટી,

ગઈ કાલે શ્રી ડસેલનો જન્મદિવસ હતો. પહેલાં તો એમણે એવો દેખાવ કર્યો કે જન્મદિવસ ઊજવવામાં એમને કાંઈ જ રસ નથી. પણ જ્યારે મીપ એમને માટે ભેટથી ઉભરાતી થેલી લઈને આવી પહોંચી ત્યારે નાના બાળકની જેમ એ ખીલી ઊઠ્યા. એમની પ્રિય લોટ્ટ્યેએ એમને માટે ઈંડાં, માખણ, બિસ્કીટ, લેમન સ્કવૉશ, બ્રેડ, કોગ્નેક, કેક, ફૂલો, સંતરાં, ચૉકલેટ, ચોપડીઓ અને લખવા માટે કાગળો મોકલ્યા છે. પોતાને મળેલી બધી ભેટનો ટેબલ પર ઢગલો કરીને પૂરા ત્રણ દિવસ સુધી એનું પ્રદર્શન કર્યું. છે ને સાવ બબૂચક !

તું એવા ભ્રમમાં ન રહેતી કે ભાઈ અહીં ભૂખે મરે છે. એક વાર એમના કબાટમાં મૂકેલા બ્રેડ, ચીઝ, જામ અને ઈંડાં અમે જોઈ ગયેલાં. કેટલું શરમજનક કહેવાય ! જેને અમે જાનના જોખમમાંથી બચાવવા આશ્રય આપ્યો, તેમની સાથે હંમેશાં ભલમનસાઈભર્યું વર્તન રાખ્યું તેણે જ અમને કહ્યા વિના છાનામાનાં બધી વસ્તુઓ સંતાડી મૂકી. અમને આપી નહિ. જ્યારે અમારી પાસે જે કાંઈ હતું તે તો એમની સાથે અમે વહેંચી ખાધું. પણ આથી વધારે ખરાબ અમને એ વાતનું લાગે છે કે ક્લાઈમન, વૉસ્ક્યૂલ અને બેપ તરફ પણ આવી



આલ્બર્ટ ડસેલ

જ કંજૂસાઈ કરે છે. એક પણ વસ્તુ એમને આપતા નથી. ખરેખર તો સંતરાં ક્લાઈમનના પેટ માટે ઘણાં સારાં; પણ ડસેલનું કહેવું થયું કે એ સંતરાંની જરૂર ક્લાઈમન કરતાં પોતાના પેટને વધુ છે.

આજે રાત્રે તો બંદૂકના એટલા બધા ધૂમધડાકા થયા કે અત્યાર સુધીમાં ચારેક વાર મેં સામાન બાંધી લીધો. મેં તો મારી સૂટકેસ પણ ભરી લીધી, ભાગવું પડે તો કામ લાગે. પણ મમ્મી બોલી, 'જશો તો જશો ક્યાં ?' વાત પણ સાચી !

મજૂરોની હડતાલને કારણે આખું હૉલૅન્ડ શિક્ષા ભોગવી રહ્યું છે. લશ્કરી કાયદો લાગુ પડ્યો છે. હવે વ્યક્તિદીઠ માખણની એક કૂપન ઓછી મળવાની છે. કેવી હેરાનગતિ ?

સાંજે મેં મમ્મીને માથે નહાવામાં મદદ કરી. હવે તો એ કામ પણ સહેલું નથી રહ્યું. શૅમ્પૂના અભાવે ચીકણા સાબુથી કામ ચલાવવું પડે છે. ઉપરથી માથું ઓળતાં પણ મમ્મીને ખૂબ મુશ્કેલી પડી, કારણ કે અમારા દાંતિયામાં હવે દસ જ દાંતા બચ્યા છે.

લિ. ઍન

રવિવાર ૨જી મે ૧૯૪૩

બહારના અન્ય યહૂદીઓની સરખામણીમાં અમે તો અહીં સ્વર્ગમાં રહેતાં હોઈએ એવું લાગે તો પણ, યુદ્ધ પછી, જ્યારે અમારી જિંદગી સામાન્ય બની જશે ત્યારે વિચારતાં કદાચ મને નવાઈ લાગશે કે સામાન્ય રીતે આટલી સુઘડતાથી રહેવાને ટેવાયેલાં અમે બધાં આમ સાવ નીચલી કક્ષાએ જઈને કેવી રીતે રહ્યાં હોઈશું ? મારો ઈશારો અમારી રહેણીકરણી પર છે. દાખલા તરીકે, અમે આવ્યાં ત્યારથી જમવાના ટેબલ ઉપર એક તેલિયું ટેબલક્લૉથ પાથરેલું છે. આટલા દિવસોના વપરાશ પછી એને ચોખ્ખું ચણાક કહેવું તો મુશ્કેલ છે. એને સાફ કરવાનો પ્રયત્ન તો હું ખૂબ કરું છું. પણ એમાં એવું છે કે સાફ કરવાનું પોતું અમે અજ્ઞાતવાસમાં ગયાં એ પહેલાંનું છે અને એમાં કાપડ કરતાં કાણાં જ વધારે છે. એ તો નરી વળતર વગરની મજૂરી છે. આખો શિયાળો વૅનડાન દંપતીએ ફલાલીનનો એ જ ઓછાડ સૂવા માટે વાપર્યો. ધોવાના સાબુની તંગીને લઈને એ ધોવો પણ શક્ય નહોતો. એનું કાપડ પણ એટલું ખરાબ છે કે ધોઈનેય ફાયદો થયો હોત એવું લાગતું નથી. પપ્પા તદન ઘસાઈ ગયેલું પેન્ટ પહેરે છે. એમની ટાઈ પણ વપરાશને લઈને ફાટવા આવી છે. મમ્મીનાં અંદરનાં કપડાં હવે તો સાંધવાલાયક પણ રહ્યાં નથી. માર્ગટ બે માપ નાની બ્રા પહેરે છે. આખો શિયાળો મમ્મી અને માર્ગટ વચ્ચે ત્રણ જ

અંદરની બંડી હતી. એનાથી એમણે કામ ચલાવ્યું. મારી બંડી તો પેટ પણ ઢાંકતી નથી. સવાલ આ વાતનો નથી. આ તો ચલાવી લેવાય. પણ મને થાય છે કે આમ પગનાં જૂતાંથી માંડીને દાઢીના બ્રશ સુધી બધી જ વસ્તુઓ અમે બધાં જ એટલી તો જૂની અને ખરાબ થઈ ગયેલી વાપરીએ છીએ કે ફરી અમને પહેલાં રહેતાં હતાં એવી સુઘડ રહેણીથી રહેતાં આવડશે ?

'ગુપ્ત નિવાસ'ના રહેવાસીઓના યુદ્ધ વિશે વિચારો.

શ્રી. વૅનડાન : અમે બધાં એક મત ધરાવીએ છીએ કે આ મેધાવી પુરુષને રાજકારણ વિશે ઘણું સારું જ્ઞાન છે. એ જે હોય તે, એમનો અંદાજ છે કે અમારે ૧૯૪૩ના આખર સુધી તો અહીં રહેવું જ પડશે. આ થયો ઘણો લાંબો ગાળો.. તેય રહી લેવાશે. પણ સવાલ એ વાતનો છે કે ત્યારે ખાતરી શી કે આ વિનાશક યુદ્ધ પૂરું થઈ જ જશે ? ને એ પહેલાં અમે કે અમારા મદદનીશો પકડાઈ નહીં જઈએ ? એટલે જ અહીં દિવસો તણાવગ્રસ્ત જાય છે. ડરની જેમ આશા અને અપેક્ષા પણ મન પર એક પ્રકારનો તણાવ પેદા કરે છે. ઉદાહરણ તરીકે અમને લાગે છે કે અમને મદદ કરતાં લોકોને પણ કદાચ અજ્ઞાતવાસમાં જવું પડશે. આને કારણે જ્યારે જ્યારે મકાનમાં કે બહાર કાંઈ મોટો અવાજ સંભળાય, કે પછી બંદૂકના ધડાકા થાય કે છાપાંના ફેરિયાઓની બૂમો સંભળાય કે તરત અમારાં મન ઊંચાં થઈજાય છે. આજકાલ બધાં જ અજ્ઞાતવાસમાં જતાં રહેવાની વાતો કરે છે. કેટલાં લોકો અજ્ઞાતવાસમાં રહે છે એનો કોઈને અંદાજ નથી, પણ વસ્તીના પ્રમાણમાં આંકડો ખૂબ નાનો હશે. પણ પૈસા લઈને કે એ વિના હમદર્દીથી યહૂદીઓને તથા ક્રિશ્ચિયનોને આશ્રય આપવા તૈયાર થયેલાં સજ્જનોનો આંકડો જ્યારે ત્યારે બહાર આવશે. એ સહુ માટે આશ્ચર્યકારક હશે એટલું નક્કી. બનાવટી ઓળખપત્ર સાથે રહેતાં લોકો પણ માન્યામાં ન આવે એટલાં બધાં છે.

શ્રીમતી વૅનડાન પોતાની જાતને સુંદર સમજતી આ બાઈએ એક વાર સાંભળ્યું કે બનાવટી ઓળખપત્ર મેળવવું તો સહેલું છે ત્યારે તરત એમણે પ્રસ્તાવ મૂક્યો કે આપણાં બધાં માટે એક એક બનાવટી ઓળખપત્ર મેળવી લેવું. એ શું સમજતાં હશે ? જાણે બનાવટી ઓળખપત્ર મેળવવું એ તો ડાબા હાથનો ખેલ ! પપ્પા અને શ્રી. વૅનડાનનાં ખિસ્સાં તો પૈસાથી ઉભરાઈ જાય છે ને !

શ્રીમતી વૉનડાન તો હંમેશાં નાખી દેવા જેવી વાતો કર્યે રાખે છે. ને ઘણી વાર એમના પુટ્ટી એનાથી ખાસ્સા ત્રસ્ત થઈ જાય છે. ને થાય જ ને ! એક ક્ષણે આ બહેન જાહેર કરે કે 'બસ, આ યુદ્ધ પતી જાય એટલે હું ક્રિશ્ ્યન ધર્મ અંગીકાર કરવાની છું.' અને બીજી જ ક્ષણે કહે કે, 'મારી જેરુસાલેમ જવાની વર્ષોની ઇચ્છા છે. મને તો જ્યાં યહૂદીઓ હોય ત્યાં જ ગમે !'

પીમ : એક મહાન આશાવાદી છે. અને એમ થવાને કારણો છે.


શ્રી ડસેલ : વખત એવાં વાજાં વગાડે છે. એમની સાથે અસહમત થવાનો જેનો ઇરાદો હોય તેણે બે વાર વિચાર કરી લેવો. આલ્બર્ટ ડસેલના મતે એમના શબ્દો એ જ કાયદો, જે ઍન ફ્રૅંકને પોસાય નહિ. યુદ્ધ વિશે અન્ય રહેવાસીઓ શું માને છે એનું કાંઈ મહત્ત્વ જ નથી. રાજકારણની બાબતમાં આ ચારના મતને જ સ્થાન છે. ખરેખર તો બે જ જણના મતને સ્થાન છે. પણ શ્રીમતી વૅનડાન અને ડસેલને મન એમના મત પણ મહત્ત્વના છે.

લિ. ઍન.

(ક્રમશઃ)

ચેસ-કૉર્નર : કોયડો-૮

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(white to play and mate in two moves).**

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh7, Qg6, Rf8, Ra4, Nb3, Nc5,**

કાળું : **Kb5, Bc6, Pb7, Pc7.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ સપ્ટેમ્બર મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના મે ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં - ૬નો ઉકેલ.

સફેદ	કાળું
(૧) **Qe7**	**R x e7**
(૨) **Na6 #**	

આ વખતે સાચો ઉકેલ મોકલનારનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૨) ખીલાવ જોષી (ભરૂચ) (૩) નીતિન ભટ્ટ (ગાંધીનગર)

-અર્પી શાહ

પારિસ્થિતિક સલામતી

પ્રહ્લાદ છ. પટેલ

પોતાનાં કાર્ય પાર પાડવા માટે પ્રકૃતિ અલ્પ સંસાધનોનો ઉપયોગ કરે છે. આ મહત્ત્વની વાતને આપણે ઓછામાં ઓછા બે સૈકાથી ભૂલી ગયા છીએ. માટે જ તો આજે આપણે પર્યાવરણભંગથી પેદા થતી આપદાનાં પરિણામ ભોગવી રહ્યાં છીએ. એકવીસમી સદીમાં માણસે સલામત રહેવું હોય તો કુદરતની જાંઘ ખુલ્લી કરવામાં વિજ્ઞાનનો ઉપયોગ કરવો નહીં, પણ કુદરતના પંથ (પદ્ધતિ)ને અનુસરવું જરૂરી છે. ખાસ કરીને વિકસતાં રાષ્ટ્રોને પર્યાવરણ અને વિકાસ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પારિસ્થિતિક સલામતી માટે વિજ્ઞાન સામે મોટો પડકાર ઊભો થયો છે.

છેલ્લા ચારેક દસકાની ઘટનાઓનો અભ્યાસ કરતાં દેખાય છે કે કુદરતના પારિતંત્ર (**ecosystem**) ઉપર પ્રૌદ્યોગિકના વધુ પડતા દબાણથી પર્યાવરણ પ્રત્યે નવી ને નવી વિટંબણાઓ સર્જાતી જાય છે. એકવીસમી સદીમાં પર્યાવરણનું જોરદાર મહત્ત્વ રહેશે. આ સદીમાં પર્યાવરણ સૂચિત આદેશો પ્રમાણે જ પ્રૌદ્યોગિકીએ આગળ વધવાનું રહેશે. કોઈ પણ રાષ્ટ્ર પર્યાવરણીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ચૂકશે તો તે પોતે જ પોતાના મોતનું આહ્‌વાહન કરશે. આવા રાષ્ટ્રનું અર્થતંત્ર અને સ્વાસ્થ્ય પૂરેપૂરું જોખમાશે. વાસ્તવમાં પ્રૌદ્યોગિકી પ્રકૃતિના ચક્રને નહીં અનુસરે તો માનવ જાતનો ખાતમો બોલાઈ જશે.

વીસમી સદીના વિજ્ઞાનની વિકાસગાવાનું વિહંગાવલોકન કરવાથી પ્રતીત થાય છે કે કેટલીક સમસ્યાઓ પહાડની જેમ માણસની સામે ખડી થઈ છે. વિજ્ઞાનનો ક્રમિક વિકાસ આ પ્રમાણે થયો.

વીસમી સદીના પ્રારંભમાં ઍલ્બર્ટ આઈન્સ્ટાઈન અને નીલ બ્હોર જેવા વિજ્ઞાનીઓના મનમાં પ્રશ્ન થયો કે 'દ્રવ્ય શું છે ?'

આ સદીના મધ્યે બીજા પ્રશ્નો સામે આવ્યા કે 'જીવન શું છે ?' અને 'વિશ્વ શું છે ?' આ સદીની પચાસીમાં ફ્રાન્સિસ ક્રિક અને જેમ્સ વૉટસને ડી.એન.એ.ની સંરચના સમજાવી. તેને આધારે જીવ-વિજ્ઞાન અને જીવ-પ્રૌદ્યોગિકી (**biotechnology**)નો ઉદ્‌ભવ અને વિકાસ થયો. વીસમી સદીના અંત ભાગમાં 'જીવનની જાળ' (**web of life**)નો પ્રશ્ન સામે આવ્યો. આ પ્રશ્ન વિજ્ઞાન પ્રત્યેની જિજ્ઞાસામાંથી નહીં પણ માણસની જરૂરિયાતમાંથી પેદા થયો છે. માણસની આવડત વધતી ગઈ તેમ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધુ ને વધુ પ્રૌદ્યોગિકી ખડકાતી ગઈ. અને ત્યારથી પ્રકૃતિ ઉપર ભાર અને દુષ્પ્રભાવ વધવાનું શરૂ થયું.

બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ બાદ પ્રચંડ આર્થિક વિકાસ થયો અને તે પણ પુષ્કળ પર્યાવરણીય સમસ્યાઓ સાથે. ૧૯૬૦ સુધીમાં તો પરિસ્થિતિ એટલી બધી બદતર બની કે ટોકિયોથી લૉસ-ઍન્જેલસ સુધી મહાનગરોમાં શ્વાસ લેવાનું દુષ્કર બન્યું. મોટી મોટી નદીઓમાં ગંદકી અને કચરો ઠલવાતાં બેહદ બદબૂ ફેલાવા લાગી. ૧૯૭૦ બાદ પર્યાવરણીય કટોકટી નિવારવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો ઉપયોગ શરૂ થયો.

આજ લગી થયેલો પર્યાવરણ-ભંગ કોઈ અકસ્માત નથી. વધુ પડતા પદાર્થો અને ઊર્જાના ઉપયોગમાંથી આ પરિણામ આવ્યું છે. જ્યાં વિકાસની રફતાર તેજ ત્યાં પ્રદૂષણની માત્રાએ માઝા મૂકી. વિકસતાં રાષ્ટ્રોમાં જ્યાં જ્યાં ઔદ્યોગિક વિકાસ મર્યાદા બહાર થઈ રહ્યો છે ત્યાં ત્યાં પરિસ્થિતિ વિકટ બની રહેશે. કારણ કે તેથી કાર્બનચક્ર અને નાઇટ્રોજનચક્રને ભારે ધક્કો લાગશે.

પ્રૌદ્યોગિક પ્રગતિને કારણે છેલ્લા ચારેક દસકાથી પર્યાવરણ-ભંગની ઘટના તેજ બની છે આથી પર્યાવરણની અનિવાર્ય આવશ્યકતા માટે માનવજાત ભારે સંઘર્ષ કરી રહી છે. પશ્ચિમનાં રાષ્ટ્રો પર્યાવરણ પ્રત્યે સભાન રહ્યા છે આર્થિક વિકાસના પ્રત્યેક તબક્કે આ રાષ્ટ્રો પર્યાવરણનું નિયંત્રણ કરતાં રહ્યાં છે. જ્યારે જ્યારે તેમના ઔદ્યોગિક વિકાસના કાર્યક્રમની આડે પર્યાવરણ-ભંગનો મુદ્દો સામે આવે છે ત્યારે ત્યારે તેને સુધારીને સ્વસ્થ પર્યાવરણના નિર્માણ માટે પ્રયાસો કર્યા છે. અલબત્ત, તેને કારણે છેલ્લા કેટલાક સમયમાં પર્યાવરણસંધિઓ અસ્તિત્વમાં આવી. પર્યાવરણ સામે જોખમો ઊભાં થતાં વૈશ્વિક સહકાર કેળવવા માટે મંત્રણાઓના તબ્બા ગોઠવાતા રહ્યા.

કુદરતના વિવિધ ઘટકો અત્યંત જટિલ રહ્યા છે. અને આવા જટિલ તંત્રમાં દરમ્યાનગીરી થાય છે ત્યારે અણધાર્યાં પરિણામ આવે છે. પર્યાવરણને પ્રતિકૂળ ઊધઈ (પરિબળ) ગમે તેવી ઇમારતને ધીમે ધીમે ખાઈ જાય છે અને સમગ્ર તંત્રને ધરાશાયી કરી દે છે. આ ઊધઈ ભિન્ન ભિન્ન પ્રકારે પ્રવર્તે છે. જેમકે, ડી.ડી.ટી. ડી.ડી.ટી. ૧૮૭૩માં તૈયાર કરવામાં આવ્યું. સ્વીટ્‌ઝર્લેન્ડની ગાયત્રી ફાર્માસ્યૂટિકલના પૌલ મુલરે ૧૯૩૯માં જંતુનાશક તરીકે તેનો ઉપયોગ કર્યો. પૌલને ૧૯૪૮માં તબીબી ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો. બીજા વિશ્વયુદ્ધ બાદ ડી.ડી.ટી.નો વ્યાપક ઉપયોગ થવા લાગ્યો. ડી.ડી.ટી. ઉત્તર અમેરિકામાં ગરુડ પક્ષી અને ઈંડાં ઉપર લાગતાં તેનું કવચ ખવાઈ જતું અને ઈંડું પકવ થાય તે પહેલાં ફૂટી જવા લાગ્યાં. ડી.ડી.ટી.થી પ્રજનન ક્રિયા જોખમાતાં ગરુડની વસ્તી ઓછી થવા લાગી. આથી ડી.ડી.ટીના જોખમનો આવિષ્કાર થયો. તે પછી કેટલાંય રાષ્ટ્રોએ ડી.ડી.ટીના વપરાશ ઉપર પ્રતિબંધ મૂક્યો. જ્યારે ભારત જેવા કેટલાક દેશોએ મલેરિયાનાં જંતુઓનો નાશ કરવા ડી.ડી.ટીનો ઉપયોગ ચાલુ રાખ્યો છે.

સી.એફ.સી. (**Chloro Fluoro Carbons**) ૧૯૩૦માં શોધાયો. તે ખૂબ સ્થાયી વાયુ છે. બીજા વિશ્વયુદ્ધના અંત બાદ હવા-અનુકૂલન (AC), પ્રશીતન (ફ્રીજ) માટે સી.એફ.સી.નો ઉપયોગ શરૂ થયો. દમના રોગીને અંતઃશ્વસન કરવા તેનો ઉપયોગ શરૂ થયો. આ વાયુ લાંબો સમય ફેફસાંમાં પડી રહે તો નુકસાન થતું નથી એમ મનાતું હતું. પણ ૧૯૭૦માં માલૂમ પડ્યું કે સજીવ-સૃષ્ટિના રક્ષા-કવચ ઓઝોનમાં સી.એફ.સી.થી એન્ટા ટેકા ઉપર ગાબડાં પડેલાં જોવા મળ્યાં. ત્યારે તેની વિઘાતક અસરનો ખ્યાલ આવ્યો. આથી ૧૯૮૦માં સી.એફ.સી.નો ઉપયોગ ક્રમશઃ અને તબક્કાવાર ઘટાડવા માટે વૈશ્વિક ધોરણે કાર્યક્રમો શરૂ થયા. આજે એ.સી. અને ફ્રીજની નવી પ્રૌદ્યોગિકી વિકસાવવા રાષ્ટ્રો કામે લાગી ગયાં છે.

પી.ઓ.પી.એસ. (**Persistiant Organic Pollutants**) : પવનથી ઘસડાઈને પી.ઓ.પી.એસ આર્કટિક વિસ્તારમાં પહોંચે છે. સંશોધનને આધારે માલૂમ પડ્યું છે કે આવાં રસાયણો ગરમ પ્રદેશમાંથી ઠંડા પ્રદેશમાં જઈને ઠરી ઠામ થાય છે. આર્કટિક જેવા શીત-પ્રદેશો આવા

રસાયણો માટે શીત-પિંજરાં બને છે. અહીં રસાયણોનું આકાશમાંથી વર્ષણ થાય છે. અને આ રસાયણ પાણીમાં ઓગળી જાય છે. આ પાણીનો ઉપયોગ કરનાર પ્રાણીઓ અને માછલીની ચરબીમાં તે જમા થાય છે. અંતે માછલી આરોગનારના જઠરમાં જાય છે. પી.ઓ.પી.એસ.ના નિયંત્રણ માટે આંતરરાષ્ટ્રિય સંધિ થઈ છે જેને આધારે તેમનો ભય ઓછો કરી શકાશે.

ડીઝલ : વધુ કાર્યક્ષમતાને કારણે ડીઝલ ૧૯૯૦ સુધી આવકાર્ય રહ્યું. પણ છેલ્લાં પાંચેક વર્ષથી પર્યાવરણ-વિજ્ઞાનીઓના ધ્યાન ઉપર આવ્યું કે ડીઝલ સંબંધિત પ્રદૂષકો સ્વાસ્થ્ય ઉપર ભારે પ્રતિકૂળ અસર કરે છે. આથી વિદેશોમાં ડીઝલના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દિલ્હી મહાનગરમાં ડીઝલ સંબંધિત પ્રદૂષકોનો ભારે ત્રાસ વધી જતાં ડીઝલ વાપરનારા અને સરકાર તથા સર્વોચ્ચ અદાલત વચ્ચે કાનૂની સંઘર્ષ જામ્યો છે. સર્વોચ્ચ અદાલતે ડીઝલથી ચાલમાં વાહનોને સી.એન.જી. (**Compressed Natural Gas**)માં પરિવર્તિત કરવાની ફરજ પાડી છે. સરકારે નહીં પણ સર્વોચ્ચ અદાલતે પ્રજાના સ્વાસ્થ્યની દરકાર કરી તે સ્તુત્ય પગલું ગણાય. બીજાં મહાનગરોમાં પણ આમ થવું ઘટે.

કાર્બન ડાયોક્સાઇડ : પશ્ચિમનાં રાષ્ટ્રોએ ઉદ્યોગો માટે જરૂરી ઊર્જા કિફાયત ભાવે પેદા કરવા માટે જીવાશ્મી ઈંધણ (**fossil fuel**)નો ઉપયોગ શરૂ કર્યો. ત્યારે તેમને સ્વપ્ને પણ ખયાલ ન હતો કે આવી સસ્તી ઊર્જા ભૂમંડલીય વાતાવરણને અસ્થિર બનાવી તટીય પ્રદેશો ઉપર ખતરો ઊભો કરશે. કાર્બન ડાયોક્સાઇડ તેના સાથે ઉષ્મા જકડી રાખવાની ક્ષમતા ધરાવે છે. આથી જેમ જેમ વાતાવરણમાં તેનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ ભૂમંડલનું તાપમાન વધતું જાય છે. ભુમંડલીય ગરમીને કારણે ધ્રુવ પ્રદેશોનો બરફ પિગળતાં સમુદ્રની સપાટી ઊંચે આવશે. પરિણામે સમુદ્રતટ પરના પ્રદેશો ડૂબતા જશે.

કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધતાં સજીવ જાતિઓ લુપ્ત થવા માંડશે. આથી તે સજીવ-સૃષ્ટિના વિકાસની આડે આવનાર પરિબળ પુરવાર થશે. તેથી નિર્દોષ ઊર્જાના વૈકલ્પિક સંસાધનો ઉપલબ્ધ કરવાનાં રહે છે. જેમાં શૂન્ય કાર્બન ડાયોક્સાઇડ પેદા થતો હોય તેવી ઊર્જા માટે મહત્ત્વની પ્રૌદ્યોગિકી વિકસાવવા માટે પડકાર ઝીલવાનો રહે છે.

વાહનોથી થતું પ્રદૂષણનું નિયંત્રણ ડીઝલ વાહનોના પ્રદૂષણથી દિલ્હીના પર્યાવરણમાં બેન્ઝિનનું પ્રમાણ બેહદ વધી ગયું. બેન્ઝિન કૅન્સરને જન્મ આપે છે. તેનાથી બ્લડ-કૅન્સર થાય છે ? ભારતનાં અન્ય શહેરોમાં જે સ્થિતિ છે તેના કરતાં દિલ્હીમાં બ્લડકૅન્સરની ઘટનાઓ ઘણી વધારે છે. સર્વોચ્ચ અદાલતે પેટ્રોલિયમ કંપનીઓને પેટ્રોલમાં બેન્ઝિનનું પ્રમાણ મર્યાદામાં રાખવા માટે આદેશ આપ્યો છે.

કંપનીઓ દહન માટે એમ.ટી.બી.ઈ. (**Methyl Tertiary Butyl Ether**) જેવા પ્રાણવાયુ યુક્ત રસાયણનો ઉપયોગ કરે છે. યુ.એસે. આજથી દસ વર્ષ પહેલાં એન.ટી.બી.ઈ.નો ઉપયોગ શરૂ કરી દીધો હતો. પાછળથી ધ્યાન ઉપર આવ્યું કે આ વાયુ પણ કૅન્સર કરે છે. યુ.એસે. અત્યારે તેના ઉપર પ્રતિબંધ લાદી દીધો છે. વિચિત્ર વાત તો એ છે કે ઇન્ડિયન ઑઈલ કૉર્પોરેશન અને ભારત પટ્રોલિયમે એવા પ્રકલ્પ ઊભા કર્યા છે કે તે પેટ્રોલમાં એમ.ટી.બી.ઈ. ઉમેરે છે. સર્વોચ્ચ અદાલતે આવા એમ.ટી.બી.ઈ.ના ઉપયોગ સામે પ્રતિબંધ ફરમાવતો આદેશ જારી કર્યો છે. વાહનોથી ફેલાતા પ્રદૂષણને ઘટાડવા માટે ભારે ધાતુમાંથી બનાવેલ ઉદ્દીપક પરિવર્તકો વપરાય છે. આવી ભારે ધાતુઓ પણ હાનિકારક દેખાઈ છે.

આ બધી પર્યાવરણીય આપદાઓ સામે પર્યાવરણનું રક્ષણ અને પ્રદૂષણ ઉપર નિયંત્રણ એક મહત્ત્વની બાબત છે. તે સાથે માણસે સમજવું રહ્યું કે પ્રૌદ્યોગિક ફેરફારો કેવી પર્યાવરણીય અસરો જન્માવે છે. તેના ઇલાજો તાત્કાલિક ધોરણે કરવા જોઈએ. પછી તેને વિધિ (કાનૂન) વિષયક બનાવવી જોઈએ. અને સમસ્યાઓ દૂર કરવા માટે પ્રૌદ્યોગિક કાર્યવાહી કરવી જોઈએ. એટલે કે 'પારિસ્થિતિક સલામતી (**ecological security**) માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો ઉપયોગ કરવો. ઑટોમોબાઈલ ઉદ્યોગો મોટા પડકાર ઊભા કરે છે. આ ઉદ્યોગમાં પર્યાવરણીય ક્ષમતા આમેજ કરવી અનિવાર્ય છે.

છેલ્લાં પાંચેક વર્ષથી ઊર્જાના સ્રોત તરીકે, કમસે કમ નાનાં વાહનો માટે, હાઇડ્રોજનનો ઉપયોગ શરૂ થયો છે ! ઈંધણ કોષ (**fuel cell**) એક વખતે નક્કર, વાસ્તવિકતા બનશે. ઘેર ઘેર ઈંધણ કોષ સામાન્ય ઘટના બને તો નવાઈ નહીં. આવો ઈંધણ-કોષ સંપૂર્ણપણે પ્રદૂષણ મુક્ત હશે. એટલે કે થોડાંક વર્ષો બાદ ઊર્જામથકોનું વિકેન્દ્રીકરણ થાય પણ ખરું પ્રદૂષણ અટકાવવા માટે આ સાથે સૌર-કોષ (**solar cells**), પવન-ચક્કી (**wind mill**) અને બીજા પુનઃ ઉત્પાદકીય ઊર્જા સ્રોતની ખોજ કરવી પડશે.

સ્થાનિક હવાનું શુદ્ધીકરણ પૂરતું નહીં ગણાય. જમીનમાંથી લીધેલો નાઇટ્રોજન જમીનમાં પરત કરવો પડશે. શહેરીકરણથી કચરાના નિકાલની સમસ્યા વિકટ બનશે. ભારતની તમામ નાની-મોટી નદીઓનું પાણી શુદ્ધ રહ્યું નથી. શહેર પાસેથી નદી પસાર થતાં તે શહેરનો તમામ કચરો-ગંદવાડ તેમાં ઠલવાય છે. ગંગા અને યમુના નદીના કિસ્સાઓ ઐતિહાસિક છે. એટલે શહેરી-વિસ્તારની ગંદકી દૂર કરવા માટે બુદ્ધિગમ્ય પ્રૌદ્યોગિકી વિકસાવવી પડશે. ૧૯મી અને ૨૦મી સદીની પ્રૌદ્યોગિકીને સ્થાને પર્યાવરણીય સંબંધિત પ્રૌદ્યોગિકીને સ્થાન આપવું પડશે. એટલે કે કુદરતની સાથે સંવાદિતા સાધીને કુદરત જે રીતે કાર્ય કરે છે તેવી પ્રૌદ્યોગિકી વિકસાવવાની રહેશે.

આ વિશાળ જગતની કેટલીક પ્રક્રિયાઓ ખૂબ જ હેરતભરી હોય છે. સ્થૂળ જગત અપાર છે, પણ તે મંદ અને મૃદુ બળોનો ઉપયોગ કરીને પોતાનો વ્યવહાર ધપાવે છે. જેમકે, સમુદ્રના ૪૦,૦૦૦ બિલ્યન (૧૦^૯) ટન પાણીનું (તાપમાનનો થોડોક તફાવત) બાષ્પમાં રૂપાંતર કરે છે અને તે હજારો ચોરસ કિલોમીટરના વિસ્તારમાં વરસાદરૂપે ઠલવાય છે. તેથી ઊલટું, માણસને સ્નાન કરવા માટે જરૂરી એક ડોલ પાણી માટે સાંદ્રિત ઊર્જા (ઊંચા તાપમાન)ની જરૂર પડે છે. વાહન દોડાવવા માટે પેટ્રોલ કે ડીઝલની સાંદ્રિત ઊર્જાનો ઉપયોગ કરવામાં આવે છે. કોલસો, તેલ, જીવાશ્મી ઈંધણ જેવા અન્ય પદાર્થો જે સાંદ્રિત ઊર્જા પેદા કરે છે તે પ્રચંડ પ્રદૂષણ પેદા કરે છે. તેનાથી સ્થાનિક હવા પ્રદૂષિત થાય છે અને ભૂમંડલીય હવામાનમાં ફેરફાર થાય છે. કુદરત ઘણુંબધું કરે છે, પણ સૌમ્ય અને સુંદર રીતે કે જેથી પર્યાવરણને જરાય જફા પહોંચતી નથી. થોડાંક વર્ષો બાદ માણસે કુદરતમાં કાર્ય કરતાં મંદ અને મૃદુ બળોનો આશરો લેવો પડશે. જેમ કે સૌર ઊર્જા, પવન ઊર્જા અને તેવું જ પાણી વિશે જળના ભંડારો ભરી તેનો વધુ પડતો ઉપયોગ કરવો એ સાંદ્રિત બળનો જ પ્રકાર ગણાય. માણસે વરસાદ જેવા કુદરતી માફકસરના પરિણામ ઉપર જીવતાં શીખવું પડશે.

કુદરતમાં નાઇટ્રોજનચક્ર અને કાર્બનચક્ર જેવાં કેટલાંક ચક્રો કાર્યરત છે. પ્રવર્તમાન પ્રૌદ્યોગિકી જેમાં મબલખ તેલ અને કોલસાનો

(અનુસંધાન પૃ. ૪૧૮)

આથમતાં અજવાળાં - ૯

ચબૂતરો

ભગીરથ બ્રહ્મભટ્ટ

'ચબૂતરે વેરી જુવાર, આવો, પંખીડાં' જેવી કાવ્યપંક્તિઓ સાંભળતાંની સાથે મને મારા ગામનો ચબૂતરો સાંભરે છે, ને હું પહોંચી જાઉં છું મારા ગામની ભાગોળમાં. ઉપેક્ષિત માનવીની જેમ એ આજે મારા ગામની ભાગોળે ઊભો છે, ગામના રખડેલ છોકરા એની આસપાસ ગામગપાટા મારે છે. પાર વગરનો કચરો અને ગંદકીના ઢગલા વચ્ચે ચબૂતરાને જોતાં આજે તો મન દુભાય છે, પણ એ દિવસો હતા કે ચબૂતરા ઉપરથી ગામ ઓળખાતાં, ગામની ખેતી ઓળખાતી, ગામની દયાભાવનાનો ક્યાસ નીકળતો.



હું ત્યારે પાંચેક વર્ષનો હોઈશ. અમારા ગામમાં રોજ વહેલી સવારે એક દાઢીવાળા મહારાજ ઝાલર વગાડતા વગાડતા ચકલેચકલે ઘૂમે. સૌ ગ્રામજનો પોતાના ઘરની ઓસરીના ગોખમાં વાડકીઓમાં દાણા મૂકી રાખે. પેલા મહારાજ એ દાણા ઝોળીમાં લઈ લે, પછી 'જયરામ જયરામ' કરતા ચાલ્યા જાય.. આખું ગામ તેઓ ફરતા. ઝોળી ભરાઈ જતી. સૂર્યોદય પહેલાં એ બધા જ દાણા ચબૂતરે જઈ ઠાલવે. એ મહારાજ ચબૂતરે પહોંચે એટલે તરત કબૂતરો પાંખો પ્રસારતાં આવી ચઢતાં, કેટલાંક રાહ જોતાં હોય. મહારાજ પંખીડાંથી ઘેરાઈ જતા ત્યારે એ દાઢીવાળા મહારાજની મને બીક લાગતી હતી, પણ કબૂતરો ડરતાં નહિ એનું કારણ આજે મને સમજાય છે. કલાપીની પેલી પંક્તિઓ મારી મદદે આવે છે :

'રે પંખીડાં સુખથી ચણજો ગીત વા કાંઈ ગાજો'

'પાસે જેવી ચરતી હતી આ, ગાય તેવો જ હું છું.'

દાઢીવાળા મહારાજમાં કબૂતરોને ગાયત્વ દેખાતું હશે એની મને ત્યારે તો શાની સમજ પડે ? અમે તો એમાં સફેદ કબૂતરને જોવા માટે તાલાવેલીપૂર્વક પહોંચી જતા. ચકલાં, હોલાં, કાબર જેવાં પંખીઓ પણ આવતાં. સૌથી ઝાઝી વસ્તી કબૂતરોની. 'ચબૂતરા'ને કાઠિયાવાડમાં 'પરબડી' કહે છે. ભગવદ્ગોમંડળમાં ચબૂતરાના ચોતરો, ઓટલો, ખુલ્લી જગ્યા, પરબડી, છાપરાવાળી અગાશી, ન્યાયની કચેરી જેવા અર્થો આપ્યા છે. 'ચબૂતરો' શબ્દ કબૂતરો શબ્દ સાથે કેવળ ધ્વનિસામ્ય ધરાવતો નથી, પણ લોકબોલીમાં 'ક'નો 'ચ' થયાનાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ઘણાં પ્રમાણો છે બસ, એ જ બોલીગત લક્ષણો 'ચબૂતરો' એ 'કબૂતર' ઉપરથી આવેલો બોલીપ્રયોગ તો નહિ હોય ને ? બીજાં દૃષ્ટાંતોય છે : ક્યારેનું ચ્યારે, કેમ નું ચ્યમ જેમ થાય છે તેમ 'કબૂતરો'માંથી 'ચબૂતરો'. મૂળ અર્થ તો કબૂતરોને ચણવા માટેની જગ્યા છે. ગામમાં કોઈ એકબે પરિવારે તો પોતાનું એકેક ખેતર 'ચબૂતરિયું કર્યાનું યાદ છે... એમાં પાકતા દાણા ચબૂતરે નંખાય. એવાં 'કૂતરિયાં' નામધારી ખેતરો પણ અમારા ગામમાં આજે છે, એની આવક ત્યારે કૂતરાંને રોટલા નાખવામાં વાપરી નંખાતી. આજે તો ચબૂતરિયાં, કૂતરિયાં વેચાવા લાગ્યાં છે ! કબૂતર આમ તો અહિંસક પક્ષી છે, એ કોઈ જાતની જીવાત નથી ખાતું. ભોળુ પણ હોય છે. થોડીક મથામણ કરો તો તમે એને પકડી શકો, રમાડી શકો. નાનપણમાં મેં બેચાર કબૂતરોને એ રીતે પકડી પંપાળ્યાં છે. એનો અનુભવ ઉત્તરાયણમાં વધારે થતો. પતંગની દોરી કબૂતરના પગે વીંટાઈ જાય. કબૂતર ટળવળતું, ઘવાયેલું નીચે પડે. અમે મદદે દોડી જઈએ. બા એના ઉપર પાણી રેડવાનું કહે... કબૂતર થથરે... ધીરે રહી અમે પકડી લઈએ. પછી ચબૂતરે મૂકી આવીએ. આવા ઘણા અનુભવો ચબૂતરે પણ થતા. કબૂતરો વગડામાં અને ગામમાં, કે ચબૂતરે દાણા ખોળી ખોળીને ખાય. આમ તો કોઈ કોઈ પરિવાર પોતાના ઘરના ખુલ્લા આંગણે પણ દાણા નાખતાં, કબૂતરો ત્યાં પણ જતાં, પણ ખૂબ જ વરસાદ પડતો હોય ત્યારે પેલા ચબૂતરાનું મહત્ત્વ વધી જતું, સમજાઈ જતું. કબૂતરોને પલળ્યાં વગર, કોરા દાણા ચણવા મળી રહેતા. ચબૂતરાની રચના જ એવી વિશિષ્ટ કે જ્યાં કોઈ હિંસક પ્રાણીઓ પણ પહોંચી શકે નહિ. કૂતરાભાઈ પણ ઊંચી ડોક કરી ચબૂતરાને તાક્યા કરે. પણ એમની આંખમાં વસેલું કબૂતર ઓછું મોંમાં આવે ?

ચબૂતરાની સ્થાપત્ય કે રચનામાં પણ સ્થાનિક રંગો નજરે પડ્યા-વગર રહે નહિ. કોઈ ચબૂતરે માતાજીની મૂર્તિ, કોઈ ચબૂતરે પંખીનાં શિલ્પો-ચિત્રો જોવા મળે. ભુજના ભીડચોકમાં આવેલો ૬૦ ફૂટ ઊંચો ચબૂતરો કે જે એક જ કાળા પથ્થરમાંથી બનાવેલો એ તો જોવા જેવો હતો ! આજે તો ભૂકંપની હોનારતમાં એ નેસ્તનાબુદ થઈ ગયો ! હાય ! કોઈ ચબૂતરે એને બંધાવનાર વ્યક્તિના નામની તકતી પણ વાંચવા જેવી : 'ભાઈ પરષોતમ રૉમાજીની બાઈ વિધવાએ સવંત૧૮૯૦ના આસો સુદ બીજે આ ચબૂતરો ચણાયો' શબ્દો મહત્ત્વના નથી. ભાવનાનું મૂલ્ય છે. ચબૂતરાઓનું એક અર્થમાં ઐતિહાસિક મહત્ત્વ હતું. એના દેહ ઉપર થયેલા કોતરકામ ઉપરથી ગામનો ઇતિહાસ પણ હાથ લાગી શકે. પક્ષીઓનો મેળો ભરાય એટલે પક્ષીવિદોને પણ એ ઉપકારક બનતો. ચબૂતરે પડેલી કબૂતરોની હગાર ઘણા લોકો દવા માટે લઈ જતા. ગામલોકો માટેની જાહેર સૂચનાઓ એની ભીંતે ચોંટાડાતી. ગામનાં ઘરડાં લોકો ચબૂતરે બેસી ભજનો ગાય, ચર્ચા કરે કે વખત પણ ગાળતાં.

પૂર્વ દિશામાં સૂરજદાદાનું આગમન થાય તે પૂર્વે રંગબેરંગી પક્ષીઓના મધુર કલરવથી ચબૂતરો જીવંત બની જતો. આજે તો એવા કલરવને માણવાની કોને નવરાશ છે ? ચબૂતરાઓ ક્યાંક લાકડાના, ક્યાંક પાકા સિમેન્ટના, ક્યાંક પતરાના જડેલા હોય. પાંચ-છ ફૂટના સ્તંભ ઉપર ચાર-પાંચ ફૂટના વ્યાસવાળો પરિઘ ધરાવતી જે ખુલ્લી જગ્યા રહેતી, એમાં દાણા નંખાય. એનીય ઉપર બેચાર હાથ ઊંચે પતરાની છત છાઈ દીધી હોય. પારેવાં દાણા-ચણીને પાછાં છત ઉપર જઈને ગળાં ફુલાવે !

હવે તો બાંધેલા ચબૂતરા પડવા માંડ્યા છે. એના સમારકામનો કોઈને વખત નથી, નથી ચિંતા. ચૉરાય ગયા ને ચબૂતરાય ગયા. લોકોને પોતાની પડી છે. ત્યાં પારેવાંની કોણ પરવા કરે ? ગામ વચ્ચેની એ ખાલી જગ્યા ઉપર ગામજનોની અને વહીવટદારોની દાનત બગડી છે, ચબૂતરાઓ કઢાવી નંખાવવામાં એમને રસ છે. ચૉરા-ચબૂતરાનો મહિમા હવે તો ઘણો ઓછો થતો જાય છે. કબૂતરોય અમારા ગામમાં દાઢીવાળા મહારાજના મૃત્યુ પછી ગામલોકોને જાણે ઓળખી ગયાં છે.... હવે ઓછાં

દેખાય છે. શું એમની વસ્તી ઘટી ગઈ કે માનવીનાં મન પારખી ગયાં?

ચબૂતરો ગામની ભાગોળે ગામની ધરમધજા થઈને ઊભો હોય ત્યારે એમાં ચણ ચણવા આવતાં પંખીડાંની સંખ્યા ઉપર ખેતીના વૈભવનો અને લોકોની ઉદારતાનો અંદાજ બંધાતો. એથી ગામની અને ખેતીની સમૃદ્ધિનો પરિચય પામી શકાતો. લોકોની ધર્મભાવના વિશે વાત થઈ શકતી. ગામમાં કોઈએ નાનોમોટો ગુનો કર્યો હોય તો ચબૂતરો - ન્યાય કરાતો. એટલે કે ચબૂતરે મણ-બે મણ જુવાર નંખાવી દેવાની, પછી ગુનો માફ! માનવીએ કરેલા ગુનાને પરિણામે અન્ય સજીવોને લાભ જ થવો જોઈએ. ચબૂતરામાં દાણા નાખી માનવી કેવળ પુણ્ય નથી રળતો પણ ઉમાશંકરની પેલી પંક્તિઓને અનુમોદન પણ આપે છે :

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતી.'

હવે તો ચબૂતરા અને ચબૂતરા પાછળની ભાવના અતીતનો અંશ બનતાં જાય છે. ચબૂતરા ભાંગી પડ્યા છે, ખંડિત થયા છે, અપંગ થયા છે, મરવા પડ્યા છે. એનું કારણ કોઈ ભૂકંપ નથી, આપણો હૃદયકંપ છે. ચબૂતરાના પાયા લોકોની હૃદયભૂમિમાં નંખાયા હતા એ પાયા મૂળથી હચમચી રહ્યા છે. ભાવનાઓ અદૃશ્ય થઈ રહી છે. લોકજીવનની સાહજિકતા, ધાર્મિકતા, ભાવનાનો સૂર્યાસ્ત થઈ રહ્યો છે. ચબૂતરાની દુર્દશા એ લોકજીવનની પડતીનો એક સંકેત નથી તો બીજું છે શું? ચબૂતરો બંધાવનારના ત્રીજી પેઢીના વારસો પોતાના વડવાઓને મૂર્ખ માને છે; નહિ તો એના સમારકામ સંદર્ભે થોડુંકેય વિચારે તો ખરાને? ચબૂતરેથી પંખીડાં નિસાસા નાખી પાછાં ઊડે છે. ખંડેર ચબૂતરામાં એ કરુણાદયા-ભાવનાનો પ્રાણધબકાર હવે સંભળાતો નથી. લોકોની હૃદયભૂમિ જ હવે તો મરામત માગે છે. ત્યાં ચબૂતરાની તો... ચબૂતરાઓ તોડી નાખવાથી કંઈ પંખીડાં આપઘાત કરવાનાં નથી; પણ પંખીજગત સાથેનો માનવનો સમભાવ-સેતુ તૂટી પડે છે. અન્ય સજીવનસૃષ્ટિ સાથેના સંબંધસાગરમાં ઓટ આવે છે, એનું શું? અરે, એ પંખીડાંને જિવાડવાની જવાબદારી માનવસમુદાયની ભલે ન હોય, પણ પ્રકૃતિનાં સજીવ તત્ત્વોને સમજવાની આટલી હદે બેદરકારી? એ વાજબી છે ખરું? ❐

અનુસંધાન] પારિસ્તિક સલામતી [પૃ. ૪૧૬થી

ઉપયોગ થાય છે તે આવા કુદરતી ચક્રોનો ભંગ કરવા માટે કારણભૂત બને છે. એટલે તબક્કાવાર એવી પ્રૌદ્યોગિકી વિકસાવવી પડશે કે જેથી માણસ કુદરતની સાથે રહીને તેની તમામ પ્રવૃત્તિઓ કરી શકે. સૂર્યપ્રકાશ પાણી અને પવન જેવાં કુદરતી સંસાધનો ૧૯મી અને ૨૦મી સદીની ડિનોઝર પ્રૌદ્યોગિકીનું સ્થાન લેશે.

સલામત અસ્તિત્વ માટે સમતુલિત ટકાઉ વિકાસ અનિવાર્ય છે. તે માટે કુદરતની સાથે રહીને તમામ પ્રવૃત્તિઓ કરવાનો એક જ વિકલ્પ માણસ પાસે છે. એ રીતે સ્પષ્ટ છે કે એકવીસમી સદીના પ્રૌદ્યોગિક વિકાસમાં પર્યાવરણ સુરક્ષાના. ખયાલને કેન્દ્રમાં રાખવો પડશે. પર્યાવરણને અનુકૂળ હોય તે રીતે પ્રૌદ્યોગિકીને શોધિતવર્ધિત કરવાની રહેશે.

આહાર, સ્વાસ્થ્ય, ઔદ્યોગિક વિકાસ, જીવન અને રાષ્ટ્રની સલામતી માટે વિજ્ઞાને પ્રૌદ્યોગિકીનો ઉપયોગ કરતી વખતે પારિસ્થિતિક સલામતીને પ્રાધાન્ય આપવું પડશે. આજે ભારત જે પરિસ્થિતિ અને પડકારોનો સામનો કરી રહ્યું છે તેની સરખામણીમાં પારિસ્થિતિક સલામતી માટે નિવેશ કરેલ વિજ્ઞાન અને આ ક્ષેત્રે ચાલતા સંશોધનની ગુણવત્તાની નોંધ નિરાશાજનક રહી છે. જીવભાર (**biomass**) આધારિત ગ્રામીણ અર્થતંત્રની પારિસ્થિતિક સલામતીને ઉજાગર કરવા માટે વૈજ્ઞાનિક આવશ્યકતાઓને પહોંચી વળવા સારુ આપણે સક્ષમ નથી. તેમ જ શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ અને વાહન-પરિવહનને લીધે સર્જાતી સમસ્યાઓનો પર્યાવરણના સંદર્ભમાં સામનો કરવા પણ શક્તિમાન નથી. આ ક્ષતિની સામે કમર કસવી રહી અને તે પણ સત્વરે. ❐

અનુસંધાન] દધિચી સાક્ષર [પૃ. ૪૦૩થી

એની તદન નિઃશુલ્ક વહેંચણી કરી છે. ગુજરાત સાહિત્યસભા હોય એવા વિદ્યાસભા; વિશ્વગુજરાતી પરિષદ હો કે વિશ્વ ગુર્જરી : કે.કા. નિઃસ્પૃહ ઓલિયા થઈને એમના ગજા ઉપરવટ શ્રમ સીંચતા જ રહ્યા છે. કે.કા. જેને હાથ લગાડે એ સોનું બની જાય છે. કે.કા. કરતાં હવે તો કે.કા.નું નામ મોટું બની ગયું છે. કોઈ એક સારસ્વતનું નામ બોલો, જેને મુખ્યમંત્રીઓ અક્ષરશઃ પગે પડતા હોય! આખા હિંદુસ્તાનમાં ભાગ્યે જ એવો ભાગ્યશાળી સાક્ષર જડે! કેશવરામ કાશીરામ શાસ્ત્રીના નામની આગળ-પાછળ કેટલાં લટકણિયાં લટકે છે! મહામહિમોપાધ્યાય, ભારત-ભારતી રત્ન, બ્રહ્મર્ષિ અધ્યા. (ડૉ.) કેશવરામ કાશીરામ શાસ્ત્રી (બાંભણિયા) – વિદ્યા વાચસ્પતિ, ડી.લિટ્! ક્યારેક વડોદરાનરેશ મહારાજાધિરાજ સયાજી રાવ ગાયકવાડના નામની આગળપાછળ લાગતાં એથી ય વધારે લટકણિયાં માંગરોળના મૂળ નિવાસી અને આ અકિંચન બ્રાહ્મણને લાગે છે. બીજો કોઈ હોત તો એને બોચીમાં આંખો ઊગી હોત! કે.કા.ને તો જાણે કશું લાગે કે વળગે! બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે! એમની હયાતી એ ગુજરાતનો અકસ્માત છે, ગુજરાત-ગુજરાતીનું અહોભાગ્ય છે! મહાભારતની સંભવિત મૂળ વાચનાનું અવગાહન કરી એને 'ભારતસંહિતા' સ્વરૂપે મૂકવાનું કાર્ય હોય, કાચી વયે કરેલું 'અમરકોશ'નું સંપાદનકાર્ય હોય કે બૃહદ્ ગુજરાતી કોશનું શકવર્તી કામ હોય. કે.કા. સર્વત્ર એકમેવાદ્વિતીયમ્ રહ્યા છે. ઉંમરની જેમ જ એમના પ્રદાન પરત્વે પણ એ અણનમ અને અજોડ છે. કોણ જાણે એવી તે કેવી જડી બુટ્ટી ગાંઠે બાંધીને ફર્યા કરે છે એ! આપણા બધા કરતાં એમનું ભેજું વધારે ભીનું છે : ઊંઘમાં પણ એ ઇતિહાસ અને વ્યાકરણના કોયડા ઉકેલતું રહે છે. પંડિતયુગથી અનુઆધુનિકો સુધી એમના છેડા અડકે છે. આટલા મૂઠી હાડકાંના તાપસ ખોળિયામાં સાક્ષાત્ સરસ્વતી વસતાં હોય તો જ આવો ચમત્કાર સરજાય. આપણે એમને દધીચિ-ન્યાયે દોહી નાખવા જોઈએ! ❐



સંમુખ સાગરમઠ-૨૭
કેટલી લાંબી કસોટી

——પ્રીતિ સેનગુપ્તા——

તિબેટની ભૂમિ પર જ હજી અમે હતાં, પણ તદ્દન બદલાઈ ગઈ હતી એની રંગાકૃતિ. આટલા આગલા દિવસોની સૂકી, ભૂખરી, અને વહાલસોયી બની ગયેલી, કુદરત ઉચ્ચ સ્તરે જ રહી ગઈ હતી. અમે હવે નીચેવાસમાં આવી પહોંચ્યાં હતાં. હવે રસ્તો જેમ નીચે જતો હતો તેમ ધુમ્મસનું આવરણ પણ નીચું આવતું રહેતું હતું. પહાડોના ઢોળાવો પર આછી લીલોતરી જ નહીં, પણ ગાઢ જંગલ પણ શરૂ થઈ ગયેલું.

એ ભૂમિપટ પર 'કશુંયે ન હતું', ને ત્યારેય કેટલું બધું હતું, કેટકેટલા સુંદર રંગો નિપજતા હતા ત્યાં ! હવે તો હતો એક લીલો રંગ ! શરૂઆતમાં તો એનું નાવીન્ય પણ નોંધ્યું, ગમ્યું યે ખરું, ને વખાણ્યું પણ જરૂર; પરન્તુ ધીરે ધીરે એ બધું ઢંકાતું ગયું. ભીની હવાનો પોચો, પણ અપારદર્શક, પડદો બધે પડતો ગયો. અપરિચિત, અનપેક્ષિત ભીષણ રૂપ કુદરત ધારણ કરતી ગઈ.

ઓહ, જાણે ક્ષણોમાં - દિવસોથી જોતાં આવેલાં તે સુંદરોદાત્ત પ્રકૃતિ પૂરેપૂરું પરિવર્તન પામી ગઈ હતી. ચાલતા-ઊછળતા ખાડા જેવી ટ્રકમાં બેઠાં બેઠાં મેં ઉપર, અને બને તેટલું આજુબાજુ જોયાં કર્યું. મન તિબેટની તળ-ભૂમિ માટે ઝૂરતું રહ્યું.

ક્યાં એ સ્વપ્નિલ ને અલૌકિક વાતાવરણનો અનુભવ, અને ક્યાં આ ચિંતાપ્રેરક વાસ્તવિકતાનો સામનો ! મેં થોડી પ્રાર્થના પણ કરી કે વધારે નહીં પણ કમસે કમ વરસાદ તો ના પડે. નહીં તો પાંચ કિ.મી. કઈ રીતે ચાલીશું ? એટલું ચાલવું પડશે, એમ ખબર પડેલી, ને એનો વાંધો નહોતો. પણ પલળતાં પલળતાં એટલું ચલાય ?

તૂટેલો રસ્તો હમણાં આવશે, હમણાં આવશે કરતાં રહ્યાં, ને ટ્રક આગળ વધતી રહી. કદાચ કલાકે આખરે એ ત્યાં પહોંચી. ઊતરીને અમે જોયું કે જંગલની વચ્ચેની થોડી ખુલ્લી જગ્યામાં તાત્કાલિક ઘણા તંબુ બંધાઈ ગયેલા. સાદા, છાપરી જેવા ખાવા-પીવા માટેના, રાતવાસા માટેના. તકિયા અને બ્લૅન્કેટના ઢગલા પણ દેખાયા. યાત્રીઓ એટલે સુધી આવી ગયા હોય, પણ ઉપરવાસ અથવા નીચેવાસ જવા સવાર સુધી, કે કદાચ બે દિવસ સુધી, બસ ના હોય તો ?

નાનું, અસ્તવ્યસ્ત ગામ જ જાણે ! એ ઝડપી અને ઉપરછલ્લી તૈયારીઓ જોઈને એક તરફ હસવું આવ્યું, અને બીજી તરફ નવેસરથી પાછી ચિંતા થઈ. આવી વસાહત ઊભી કરાઈ એનો અર્થ એ કે રસ્તા પર સમારકામ કદી થતું જ નહીં હોય, અને વર્ષોથી એ તૂટેલો જ રહ્યો હશે. શું હાલત હશે એની અત્યારે ?

પાંચ કિ.મી.ની પદયાત્રા દરમ્યાન ધસી ને લપસી પડેલી ભેખડો પરથી, તથા વહેતાં પાણીમાં થઈને આગળ વધવાનું છે એટલું સાંભળ્યું હતું. નદી કે ઝરણાના પટમાંથી જવું તો ગમ્યું જ હોત. પગ ભીના થાત, હાથ ધોવાત, સ્વચ્છ શીતળ જળનું આચમન કરાત, પરન્તુ જોયું તો જે પાણીમાંથી પસાર થવાનું હતું તે પડતું હતું ક્યાંયે ઉપરથી, ખૂબ જોરમાં, ને પછી તૂટી પડેલા પાષાણો પર મહાવેગે, ધસમસ થઈ વહેતું હતું. ત્યાર બાદ એ મદાંધ વહેણ અંધારા ઊંડાણમાં નીચે નીચે છેક ફીણ ફીણ થઈ વહેતી 'પો' નદીમાં બળાત્કારે ભેગું થતું હતું. અશિષ્ટ સામર્થ્યનું પ્રદર્શન દૂરથી જોઈને અમે બધાં ફરીથી ચિંતાતુર થયાં, અને ભયભીત પણ. પહેલાં ક્યારેય નહોતો નિહાળ્યો આવો ક્રોધ, કે પછી કુદરત કસોટી કરતી હતી અમારી ?

ટ્રક જેવી ઊભી રહી કે તરત સ્થાનિક તળ-જાતિનાં લોકો ટોળે વળી ગયાં, ને પોતપોતાના ફોટાવાળા લાયસન્સ-પાસ બતાવવા માંડ્યા. એમને પ્રવાસીઓનો સામાન ઊંચકવાનો સત્તાવાર હક્ક હતો, એ એમની નોકરી હતી. શું નીકળતું હશે પેટિયું એમાંથી ? વધારે વિચારવાનો, અને જીવ બાળવાનો સમય નહોતો. બધું ફટાફટ થતું હતું.

સામાન માટે પોર્ટર નક્કી થઈ ગયા, પણ મેં અંગત રીતે, કૅમેરા બૅગ માટે પણ એક યુવક નીમ્યો. ખરેખર તો, એ મને આવીને એક વાર 'વળગ્યો' પછી એણે મને છોડી જ નહીં ! એની આગળ નમતું મૂક્યું ત્યાં બીજો આવી લાગ્યો. કહે કે એ મને પીઠ પર ઊંચકી લેશે, અને સહીસલામત પેલી તરફ ઉતારશે. સૌથી પહેલાં તો મેં ના જ પાડી દીધી. આવું ક્યારેય સાંભળ્યું નહોતું ને કર્યું તો, અલબત્ત, નહોતું જ. ક્યારેય પહાડ ચડતાં-ઊતરતાં ડોળીમાં પણ બેઠી નહોતી. તકલીફ વેઠીને, થોડું સાહસ કરીને ય જાતે ચાલવાનું જ હંમેશાં પસંદ કર્યું છે. જોકે આ પરિસ્થિતિ જુદી જ હતી. સાચે જ ઘણી વધારે જોખમી હતી.

મેં યુવકની સામે જોયું, દૃશ્યની તરફ જોયું, જૂથનાં સાથીઓ તરફ નજર કરી. એ બધાં-પશ્ચિમી સ્ત્રીઓ તેમજ પુરુષો-સ્થાનિક યુવકોની સહાય લઈ રહ્યાં હતાં. હવે વધારે શું વિચારવાનું રહ્યું ? મારે મોજાં ને શૂઝ કાઢવાં પડ્યાં હોત, ને પછી પણ ગાંડાની જેમ નીચે પછડાતાં, ફુત્કાર કરીને ધસમસતા પહાડી વહેણનો સામનો કરવાનો તો રહેત જ. એની નીચેના પથ્થરો દેખાતા પણ નહોતા. એ ચીકણા બનેલા હોય તો પગ સહેજ પણ ફસકે તો ? નીચેની ખીણમાં, વહેતી નદી તરફ જોવાની તો જીગર નહોતી ચાલતી. છેવટે એ યુવકને ના પાડવાની મૂર્ખામી મેં ના કરી !

મારા બંને હાથ પકડીને એ બે યુવકો ચાલ્યા. ખૂબ જ સરસ, સમજણપૂર્વકનું, 'પ્રોફેશનલ' વર્તન હતું એમનું. મને ચાલવું તો બહુ જ ગમે, ને એનો તો વાંધો જ નહીં. પણ ધોધનું ફીણ અને ફુત્કારવાળું વહેણ આવતાં એક યુવકે ખૂબ આસાનીથી મને એની પીઠ પર ઊંચકી લીધી. કેટલાંયે પ્રવાસીઓને



પર્વતો વચ્ચેનો ધોધ

અંણે આમ પાર ઊતાર્યા હશે. એ તો અનુભવી હતો, ને અત્યંત ચોક્કસ પગલાં હતાં એનાં. મારી બીક ગઈ નહોતી. ધીમી ચીસો મારા મોઢામાંથી નીકળતી જ રહી. નીચેના અંધારા ઊંડાણ, અને રૂપેરી પછડાટ તરફ માંડ એક અછડતી નજર નાખી જાણે જોતાંની સાથે એમાં ગબડી પડાવાનું ના હોય !

તોફાની વહેણ, લપસણા પથ્થર, અને ઊંચુંનીચું ગમન – આવાં ત્રણ સ્થાન એક પછી એક આવ્યાં. એના પગ જરાયે ફસક્યા નહીં, જાણે મારું વજન પણ નહોતું લાગ્યું. એને રસ્તો સલામત થતાં મને ઉતારી. મેં આભાર માન્યો. હજી ચીની નાણાંનું ચલણ હતું. મેં એને બમણા યુઆન આપ્યા, અને એ ફરીથી તોફાની વહેણ, લપસણા પથ્થર અને ઊંચા-નીચા જળ-અદશ્ય પથ પર થતો પાછો ગયો. કૅમરા બૅગવાળો છોકરો આગળ ચાલતો રહેલો. એ બૅગમાં મારું બધું જ હતું – મોંઘો કૅમરા, પાસપોર્ટ, પૈસા. ફોટાવાળો એનો પાસ મારી પાસે હતો. વિશ્વાસ અરસપરસ રખાયેલો હતો.

પછીથી પર્વતોની વચમાં થઈને જતાં એ માર્ગ પર ચાલવું મુશ્કેલ નહોતું. જોકે હવા પોતે એ ધોધની દૂરવ્યાપી શીકરો તેમજ પાણી ચૂતી રહેતી શિલા-પ્રાચિરોને કારણે સાવ ભીની બનેલી હતી. એમાં વળી વરસાદની ઝરમર શરૂ થયેલી. જોકે હતું નીચે ઊતરવાનું, એટલે બહુ વાંધો નહતો આવતો. છતાં, જ્યાં કાદવ થઈને રહેલો તે એવો હતો કે શૂઝ એમાં ચોંટી જાય. જોર કરીએ ત્યારે જાણે પરાણે પગ ઊપડે ! નહીં તો વહેતું પાણી આવી જાય. બીજાં ત્રણ વહેણ વળોટવાનાં આવ્યાં. જાતે જાતે, ધીમે ધીમે, જરા ગભરાતાં, બને તેટલું સાચવીને પગ મૂકતાં એમને પાર કર્યાં. એક વાર એવો ધોધ આવ્યો કે જે ઉપરથી પહોળો થઈ રસ્તા પર પડતો હતો. એની ભીની કમાનની અંદર થઈને, જલદી દોડીને, અમારે નીકળવું પડ્યું.

આમ કરતાં કરતાં પાંચ કિ.મી. કપાયા. કૅમરા બૅગ ઊંચકનારા યુવકને મેં આખરે જતો કર્યો. ઝાન્ગ્મુ ગામ દૂરથી દેખાઈ ગયું હતું. એક ઢાળ પર એ વસેલું હતું. ચોતરફ લીલા પર્વતો, અને નીચે હતી ઘોંઘાટ કરીને ખૂબ ઝડપથી વહેતી નદી. મને એમ કે આ આવી ગયાં ! મેં એને હિસાબથી વધારે યુઆન આપ્યા, ને બેગનો ભાર ખભે વહ્યો. સતત પડતા વરસાદથી માથું ઢાંકવા મેં શાલ ઓઢી લીધેલી. ભલે બગડતી એક શાલ. કલાકો માથું ભીનું થતું રહે તો માંદા પડવાની ખાતરી. નીચે ઊતરતાં લગભગ સાત હજાર ફીટ પર આવી ગયેલાં એટલે ધુમ્મસ ગયું, ઠંડી ગઈ, પણ વરસાદ ચાલુ રહેલો.

ને હોટેલ સુધી પહોંચવાની તો ઘણી વાર હતી તે પછી સમજાયું. સદ્‌ભાગ્યે રસ્તો નીચે પડતો જતો હતો. વાહન-માર્ગે પણ હોટેલ સુધી જવાતું હશે. એના પર ચાલતાં હોત તો કદાચ એકાદ ટ્રક મળી ગઈ હોત. પણ કેડીઓ જેવા ટૂંકે રસ્તે સામાન ઊંચકીને જતા પોર્ટરો અમને એ રીતે દોરી ગયા. પગથીઓ, કેડીઓ, સાંકડાં, કાદવિયાં કેટલાંયે પગથિયાં; કચરાળો, ગંદો વિસ્તાર હતો. એમાં થઈ છેવટે અમે હોટેલ પર પહોંચ્યાં.

છેલ્લા ચાર-પાંચ કલાકોનો અનુભવ એવો હતો કે તિબેટનું નામ લેવું ના ગમે. આ ઝાન્ગ્મુ ગામ તો સરહદ પરનું. એ દેખાવે નેપાલી વધારે હતું. એના રસ્તા તૂટેલા હતા, ને જ્યાં જુઓ ત્યાં ગંદકી હતી. તિબેટના અલૌકિક, અનન્ય પ્રદેશને માટે એ લાંછન સમાન હતું. (ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

દ્વારકાથી આચાર્ય રજનીશ પોરબંદર આવ્યા. વિલામાં શ્રી ધીરુભાઈ મહેતાના મહેમાન હતા. સવારે વહેલું પ્લેનમાં મુંબઈ જવાનું હોઈ નાસ્તો કર્યા વિના તેઓ અને મહિપાલ એરપોર્ટ ઉપર ગયા. અમે સૌ મૂકવા માટે સાથે ગયા હતા. એરપોર્ટ પર સમાચાર મળ્યા કે હજુ પ્લેન મુંબઈથી પોરબંદર આવવા નીકળ્યું નહોતું, તે પોરબંદર આવે અને પછી થોભે, ઈંધણ લે અને ઊડે એટલે લગભગ બે કલાક અમે એરપોર્ટ ઉપર સત્સંગ કરવા બેઠા. મારાં પત્ની જયશ્રી અને મારી બહેન જયા (જે પોરબંદર રહે છે) તેમણે નક્કી કર્યું કે ઘરે જઈ થોડું જમવાનું જ બનાવી લાવીએ. વિનંતી અને સ્નેહ જોઈ આચાર્યજી કબૂલ થયા. પછી કહે, 'પુષ્કર વારંવાર હું જૈન છું એટલે પ્યાજ ખાતો નથી એમ કહે છે એટલે થોડી પ્યાજ લાવજે, હું ખાઈશ, જોકે મને પ્યાજ શરીર માટે બહુ અનુકૂળ નથી.'

ઉતાવળે બન્ને જયશ્રી અને જયા ગયાં. દરમ્યાન મહિપાલે એરપોર્ટ કેન્ટિનમાં નાસ્તો કર્યો ત્યાં ભોજન તૈયાર થઈ આવી ગયું. બહુ જ ભાવથી રજનીશજી જમવા લાગ્યા. કહે, આવું સ્વાદિષ્ટ ભોજન ઘણા વખતે મળ્યું. મહિપાલે નાસ્તો કર્યો હોઈ પોતે ભોજન લેવા ના પાડી હતી. તે હવે લલચાયા. એને આગ્રહ કર્યો એટલે 'પ્યાજ' સિવાય બધું જ જમવા માટે લીધું. થુલી અને શાક તથા સૂપ વગેરે ચાખતાં જ 'થૂથૂ' કરવા લાગ્યા. પછી કહે, 'રસોઈમાં બહેનો મીઠું નાખતાં જ ભૂલી ગઈ છે અને આપ તેને સ્વાદિષ્ટ કહો છો. રજનીશજી, આપને સ્વાદની પરખ છે કે નહિ ?' આચાર્ય રજનીશજી કહે, 'મહિપાલ, રસોઈમાં નીમકને કારણે તેનો સાચો સ્વાદ આપણને મળતો નથી. જ્યારે અહીં તો આ બન્ને જયશ્રીએ કેટલી મહેનત અને સ્નેહથી ભોજન તૈયાર કર્યું છે ! ઉતાવળે લાવી અને આટલો સ્નેહભરીને ભોજન લાવી છે, તેનો સ્વાદ તને કેમ પરખાતો નથી ?'

સંગીતશાસ્ત્ર - ૫૧

ડૉ. હસુ યાજ્ઞિક

સંગીતવિકાસમાં ફિલ્મ અને રેડિયો

વીસમી સદીમાં સંગીતની લોકપ્રિયતાના વિકાસમાં ફિલ્મમાધ્યમનો ફાળો વિશેષ નોંધપાત્ર છે. શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગો અને ઘરાનેદાર ચીજ તથા ગત અને ઉપશાસ્ત્રીય સંગીતના પદ-ભજન હોરી, ટપ્પા, કજરી, સાવની, ઠુમરી, કવ્વાલી, ચતરંગ જેવા પ્રકારોના પ્રચારમાં ફિલ્મ સંગીતે અગત્યનો ભાગ ભજવ્યો. 'બૈજૂ બાવરા' જેવી ફિલ્મથી તો જનસામાન્યમાં શાસ્ત્રીય સંગીતનું એવું કામણ થયું કે ફૉર્મ્યૂલામાં રાચતી ફિલ્મમાં એ ગાળામાં ફાર્મ્યૂલા-સૂત્રમાં શાસ્ત્રીય સંગીત પણ ઉમેરાયું અને અનુગામી ફિલ્મોમાં ઘરાનેદાર રાગદારી રચનાઓ પણ રજૂ થઈ અને છેક આ સદી સુધી લોકપ્રિય બની રહી. વેસ્ટર્ન મ્યૂઝિકના ક્લાસિકલ તથા પૉપ્યુલર મ્યૂઝિકના અંશો ફિલ્મના માધ્યમે ભારતમાં પ્રચલિત બન્યા. અનેક વાદ્યોનો એમાં સમાવેશ થયો. નવા તાલો ઉમેરાયા. ભારતીય તાલની સંખ્યા વેસ્ટર્ન મ્યૂઝિકના તાલને મુકાબલે મર્યાદિત છે અને ત્રણ, ચાર, પાંચ માત્રાના ખંડો અને તેવા સમ અને વિષમ ખંડો દ્વારા ત્રણ કે ચારથી માંડીને ચોવીસ માત્રાના વિવિધ તાલો છે, જેની લયકારીનું વૈવિધ્ય પરન, કાયદા વગેરેથી થાય છે અને સમાન એવા લયની પેટા માત્રાના ખંડો અને તેની માત્રાઓના આંતરલયથી એમાં વૈવિધ્ય જન્મે છે. વેસ્ટર્ન મ્યૂઝિકમાં બસો-અઢીસોથી વિશેષ સંખ્યાના તાલ છે, જેમાં ગ્રીક-લૅટિન ઉપરાંત આફ્રિકન નિગ્રો પરંપરાઓનો પણ પ્રયોગ થાય છે. ભારતીય સંગીતમાં લયવૈવિધ્યનું જે કાર્ય તાલની વિવિધ માત્રાઓના આંતર લય દ્વારા અને તે તાલમાં નિબદ્ધ વિવિધ પરનમાં સિદ્ધ થાય છે, તેનું જ સ્વરૂપ પશ્ચિમના તાલમાં જોવા મળે છે. આથી જેમ કોર્ડ્ઝ અને માધુર્ય નિષ્પન્ન કરતાં સ્વરાંતર જેમ ભારતીય સંગીતમાં કેટલેક અંશે સહાયક છે, તેમ વેસ્ટર્ન મ્યૂઝિકના અનેકવિધ તાલ પણ લયકારીની દૃષ્ટિએ ભારતીય સંગીતને અનુકૂળ કે સમરૂપ ગણાય તેવા છે. આ ઉપરાંત વેસ્ટર્ન મ્યૂઝિકની સિમ્ફનીમાં જેમ કુદરતના જ સાહજિક એવા ધ્વનિએકમોનું પ્રતિરૂપ સાંગિતિક સ્વરૂપ પામે છે, તેમ તાલમાં પણ હવામાં ફફડતાં પર્ણ, સરકતા પદાર્થો, ટપકતાં પાણીનાં ટીપાં જેવાં સાહજિક ધ્વનિઓ અને તેની ક્રિયાઓના કાલમાનનો લય હોય છે. આથી પશ્ચિમના તાલમાં માત્રાનો લય સમાન હોય પરંતુ તેમાં પ્રત્યેક માત્રા કે તેના ખંડને વિશિષ્ટ એવો અંતરલય હોય છે. આથી આ તાલ પણ ભારતીય શાસ્ત્રીય સંગીતને, ખાસ તો લયને, સહાયક છે. વિલંબિત ખયાલના મુખડામાં નિશ્ચિત માત્રાઓનું જે પેટાવિભાજન થાય છે તેમાં કેટલાક ટુકડાઓની માત્રા-ગતિ ક્યાંક બમણી, ક્યાંક ત્રણ ગણી, ક્યાંક ચાર, છ કે આઠ ગણી હોય છે અને એ પ્રકારનો સંકુલ આંતરલય જ મુખડાને લયની દૃષ્ટિએ શ્રવણમધુર અને ચોટદાર બનાવે છે. વેસ્ટર્ન મ્યૂઝિકમાં તાલના બીટમાં પણ લયની વિવિધ ગતિઓનું આવું જ ભાતીગળ એવું સંયોજન હોય છે.

આમ, કેવળ સંગીતની દૃષ્ટિએ, શુદ્ધ સંગીતની દૃષ્ટિએ, વિચારીએ તો પશ્ચિમના સંગીતના તાલનું ગણિત અને એનું મૂળભૂત રૂપ છે તે ભારતીય સંગીતનું જ સમરૂપ અંગ છે. પશ્ચિમના તાલની બીજી વિશેષતા એ છે કે એમાં કોર્ડ્ઝનો પ્રયોગ કરીને આ તાલને ગિટાર જેવા વાદ્યથી પણ પ્રકટ કરી શકાય છે. આ દૃષ્ટિએ ઈસ્ટ અને વેસ્ટ કેટલા સમરૂપ કે અનુકૂળ છે તે પ્રકટરૂપમાં સાબિત કરવું હોય તો દક્ષિણના ઘટવાદક, ગુજરાતના માણવાદક, ભારતીય સંગીતના તબલાવાદક, પખવાજવાદકના એક ગ્રૂપની સાથે વેસ્ટર્ન મ્યૂઝિકના ઉત્તમ ગિટારિસ્ટને બેસાડો ને જુગલબંધી કરાવીને જુઓ ! ઘટ,માણ, તબલાં, પખવાજ વગેરેના વાદકો કોઈ તાલમાં જે જે લયકારી દર્શાવશે તે વેસ્ટર્ન મ્યૂઝિકનો ગિટારીસ્ટ અનુસરી બતાવશે. અને એ રીતે જ ગિટારિસ્ટ જે વેસ્ટર્નરિધમ વગાડશે તે ભારતીય તાલવાદ્યોના વાદકો પણ સાહજિક રીતે અનુસરી બતાવશે. આમ, પશ્ચિમના સંગીતની અનેક અસરો ફિલ્મના માધ્યમે આવી અને તેની ફિલ્મમ્યૂઝિક પર વ્યાપક અસર પડી તેમજ ભારતીય સંગીતનાં રૂપરંગમાં પરિવર્તન પણ આવ્યાં. આનો અનુકરણીય અતિરેક થયો અને લયમાધુર્યને બદલે અતિદ્રુત લય અને ધાંધલ-ધમાલને સાંકળ્યાં ત્યાં પશ્ચિમના સંગીતની અસરે વરવું રૂપ લીધું છે, પરંતુ એથી કંઈ, વેસ્ટર્ન મ્યૂઝિક ભારતીય સંગીત માટે સર્વથા પ્રતિકૂળ અને ખોટી કે નકામી અસર ઊભી કરનારું છે, એવું માનવું કે ધારીને ચાલવું ઉચિત નથી. પશ્ચિમના સ્વરાંતરના નિયમબદ્ધ સંયોજને સિદ્ધ થતા સ્વરસંયોજનો તથા તેના મૂળભૂત તાલ ભારતીય સંગીત માટે પણ અનુકૂળ છે અને તેની અસર ભારતીય સંગીત પર પડી જ છે. ભારતનાં અનેક રાજ્યોના સુગમસંગીત પર રવીન્દ્ર સંગીતની અસર પડી છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતના વિવિધ રાજ્યોમાં જે સુગમસંગીત જન્મ્યું, વિકસ્યું એમાં બધે જ ઓછેવત્તે અંશે રવીન્દ્રસંગીતની અસર છે. અને આ રવીન્દ્રસંગીત જન્મ્યું છે તે ભારતીય સંગીત અને પશ્ચિમના સંગીતના સમન્વયે. આમ, ફિલ્મનું માધ્યમ જ વીસમી સદીમાં ભારતીય સંગીતને સંમિશ્રણ અને સમન્વયના ક્ષેત્રે સહાયક બન્યું અને એના દ્વારા જ એક વિશિષ્ટ, સંમિશ્ર, પરિષ્કૃત એવું ભારતીય સંગીત વીસમી સદીમાં સિદ્ધ થયું છે. ફિલ્મસંગીતના કારણે જ તો સિંધ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, ઓરિસ્સા, નેપાળ વગેરેનાં લાક્ષણિક શ્રવણરમ્ય લોકસંગીતનો ભારતવ્યાપી પ્રચાર-પ્રસાર થયો. ભારતની સંગીત-રસિક જનતાએ ભારતના અનેક પ્રદેશોના લોકસંગીતને તથા તેના વિવિધ એવા પ્રકારોને એકસાથે માણ્યું તે ફિલ્મના માધ્યમે ! રાજસ્થાની ઘુમર, પંજાબી ભાંગડા, ગુજરાતી રાસ-ગરબા સાથે સંકળાયેલું લોકસંગીત ફિલ્મ દ્વારા ભારતવ્યાપી બન્યું. બંગાળનાં બાઉલ ગીતો, મહારાષ્ટ્રની લાવણી, ઉત્તર પ્રદેશના શોકગીતો કેવું કેવું અને કેટકેટલું આ માધ્યમે ભારતીય ક્ષેત્રે વ્યાપક બનાવ્યું !

આમ, વીસમી સદીમાં સંગીતનો વિકાસ અત્યંત ઝડપી અને બહુપાર્શ્વી બન્યો, વ્યાપક બન્યો. એની કલામાં, રજૂઆતમાં, સ્વરૂપમાં અનેક વહેણો ઉમેરાતાં ગયાં. આ રીતે આગળની કોઈ એક સદીમાં ક્યારેય નથી થયો એવો વાદ્યોનો વિકાસ માત્ર વીસમી સદીમાં થયો છે. આ સદી જ વૈશ્વિકીકરણની બની છે. ખાનપાન, પહેરવેશ, નગરજીવન, શિક્ષણ, વ્યાપારીકરણ આમ અને ક્ષેત્રે દેશેદેશની ખાસ અસરો આવી અને એમાંથી વૈશ્વિકીકરણની પ્રક્રિયા ઝડપી બની. સંગીતક્ષેત્રે આનું વિશેષ

યોગદાન વાદ્યક્ષેત્રે છે. રાષ્ટ્રેરાષ્ટ્રનાં અવનવાં વાદ્યોનો પરિચય આ સદીમાં બધાં જ રાષ્ટ્રોને થયો. એમાં પશ્ચિમી ઓરકેસ્ટ્રાનાં વાદ્યોનું પ્રમાણ વિશેષ છે. ઓગણીસમી સદીથી જ અંગ્રેજોને કારણે પિયાનો, વાયોલિન, ડ્રમ, ઇત્યાદિ અનેક વાદ્યો ભારતમાં પ્રચલિત બનતાં ગયાં અને વીસમી સદીમાં તો પશ્ચિમનું જ ઓરકેસ્ટ્રા ભારતીય સંગીતના કેન્દ્રમાં આવ્યું. આ સાથે જ આપણાં જે પરંપરાગત વાદ્યો હતાં એમાં પણ પરિવર્તનો અને સંવર્ધન થયાં. બાંસૂરીવાદન અને વાયોલીનવાદનનો સ્વતન્ત્ર વાદન રૂપમાં વિકાસ આ યુગમાં થયો. વાંસળી તો વેદકાળનું પ્રાચીનતમ એવું વાદ્ય. પરંતુ વર્ષોથી એ સહાયક વાદ્ય હતું એને સ્વતન્ત્ર વાદનનું સ્થાન અપાવ્યું રઘુનાથ ભટ્ટ અને પન્નાલાલ ઘોષ જેવા કલાકારોએ, પં. હરિપ્રસાદ ચૌરસિયાએ એને આજ સુધી રેલાતું રાખ્યું. બાંસુરી વાદનમાં ગતવાદન અને ગાનશૈલી બન્નેનો સમન્વય થયો. એ રીતે વાયોલિન પણ હતું સહાયક વાદ્ય. પં.વી.જી. જોગ અને ડૉ. એન. રાજમ જેવા કલાકારાઓએ એનાં સ્વતન્ત્રવાદનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી. એમાં પણ ગત અને ચીજ બન્નેની શૈલી સિદ્ધ થઈ. કર્ણાટક સંગીતનો કુટુંબવારસો ધરાવતાં ડૉ. એન. રાજમે તો એમના ઉત્તમ ગાયક એવા ગુરુ પં. ઑંકારનાથની ગાયકીને વાયોલીનમાં હૂબહૂ ઉતારી, સિદ્ધ કરી અને લોકપ્રિય બનાવી. ડૉ. એન. રાજમનું 'હોમેજ ટુ માય ગુરુ'ના તિલંગ, નિલાંબરી, અડાણા કે માલકૌંસ સાંભળો તો પં. ઑંકારનાથ ઠાકુરને સાંભળતા હો એવું લાગે ! રાજમનાં પુત્રી શ્રીમતી સંગિતા શંકરે માતાનો વારસો સહકારમાં અને સ્વતન્ત્રરૂપમાં સિદ્ધ કર્યો છે.

પં. વિશ્વમોહન ભટ્ટે પશ્ચિમના ગિટારમાં કેટલાક ફેરફાર કરીને 'મોહનવીણા'માં ભારતીય સંગીત ઉતાર્યું. ગતવાદન અને ગાયકી બન્નેમાં આ વાદ્ય ઉત્તમ અને ઉપયોગી પુરવાર થયું. વાન શિપ્લે જેવા કલાકારે આ વાદ્યમાં ફિલ્મગીતોની ધૂન વગાડી લોકપ્રિયતા સિદ્ધ કરી અને તેની રેકોર્ડ્ઝ ઊતરી. વાદ્યક્ષેત્રે વિશેષ સિદ્ધિ પં. શિવકુમાર શર્માએ મેળવી. હિમાલય-કાશ્મીરના સંતૂર જેવા લોકવાદ્યને આ કલાકારે સંવર્ધિત કર્યું અને શાસ્ત્રીય સંગીતના સ્વતન્ત્રવાદનમાં વિશ્વક્ષેત્રે નામના કાઢી.

હાર્મોનિયમનો પ્રવેશ તો ઓગણીસમી સદીમાં થયેલો જ હતો. એના ફિક્સ એવા ટેમ્પર સ્કેલને કારણે આ વાદ્ય ગાયક માટે ખૂબ ઉપયોગી અને સહાયક બન્યું અને તેનો ઉપયોગ શાસ્ત્રીય, ઉપશાસ્ત્રીયસંગીત, સંતવાણી-ભજન, રંગભૂમિ, લોકસંગીત એમ બધાં જ ક્ષેત્રમાં થવા લાગ્યો. પરંતુ એમાં સપ્તકમાં માત્ર ૧૨ નિશ્ચિત શ્રુતિઓ જ યાંત્રિક રૂપમાં હોવાને કારણે સૂક્ષ્મ એવી શ્રુતિના સ્થાને પહોંચાતું ન હોવાની શાસ્ત્રીય સંગીતના શુદ્ધ વાદ્ય તરીકે એનો સ્વીકાર ન થયો. આ ક્ષતિ દૂર કરવા માટે ઉ. અબ્દુલ કરીમખાં સાહેબે શ્રુતિહાર્મોનિયમ બનાવ્યું. પૂનાના પ્રો. અચરેકર અને ધરમપુરના મહારાજાએ ૨૨ શ્રુતિઓના શ્રુતિસમૂહવાળું હાર્મોનિયમ સપ્તક બનાવ્યું. પરંતુ બે શુદ્ધ સ્વરો વચ્ચે ચાર ચાવીઓનું અંતર આવી જતાં બે દૂરના સ્વરોના વાદનમાં આવું હાર્મોનિયમ વગાડવું મુશ્કેલ બન્યું. આધુનિક કાળે ઇલેક્ટ્રોનિક ઉપકરણોની સહાયથી કી-બોર્ડમાં જોઈતી શ્રુતિ મેળવી શકાય તથા મીંડ લઈ શકાય, તે માટેની યોજના કરવામાં આવી. તરફના તારથી ગુંજન વધે છે. વાયોલિનમાં પણ આવા તરફના તાર લગાડીને વિશેષ ગુંજન મેળવતું વાદ્ય બનાવી તેને 'બેલા-બહાર' એવું નામ અપાયું. પરંપરાગત દિલરૂબાની ઘોડી સાથે ગ્રામોફોનની સાઉન્ડબૉક્સ લગાડીને તેના સ્વરને શહનાઈ જેવો બનાવવામાં આવ્યો અને 'તારશહનાઈ' નામનું સંવર્ધિત નવું વાદ્ય અસ્તિત્વમાં આવ્યું. આમ, વાદ્યક્ષેત્રે આ સદીમાં અનેક પ્રયોગો થયા અને એકવીસમી સદીમાં તો ઇલેક્ટ્રોનિક્સના ઉપયોગે એક જ વાદ્ય અનેક વાદ્યના ટોન આપે એવો ક્રાંતિકારી વિકાસ થયો. જોકે આવું થાય છે તેમાં મૂળ અને મિમિક્રી જેટલો તફાવત હોય છે. સિતાર, ગિટાર કે વાયોલિન વાગે, શહનાઈ, બાંસુરી કે એવું કોઈ પરંપરાગત સુષિરવાદ્ય વાગે ત્યારે જે 'ટોન' જન્મે છે તે અને ઇલેક્ટ્રોનિક્સના ઉપકરણ દ્વારા એને મળતો અનુકરણાત્મક ધ્વનિ આવે છે, તે તાત્ત્વિક રીતે ભિન્ન છે અને તે સંગીત માટેનો સાચો કાન પ્રમાણી શકે છે. પરંતુ વાદ્યક્ષેત્રે વીસમી સદીના અંતભાગમાં ઇલેક્ટ્રોનિક્સનાં ઉપકરણોએ ક્રાંતિકારી ગતિ કરી છે અને એ દ્વારા સૂક્ષ્માતિસૂક્ષ્મ શ્રુતિ પણ નિષ્પાદિત થઈ શકે છે અને યાંત્રિક સહાયે અને ગણતરીએ એવી શ્રુતિઓના એકમો મેળવી શકીએ છીએ, તેનું સંગીતક્ષેત્રે મહત્ત્વ નકારી ન શકાય. કમ્પ્યૂટરને કારણે આવી રચનાઓનાં સંયોજનો કરી શકાય છે. તેમાં નવું દાખલ થઈ શકે, જૂનું રદ થઈ શકે, ટોન બદલી શકાય, એના લયમાં ફેરફાર કરી શકાય. આમ, કેવળ યંત્ર ઘણુંઘણું કરી શકે છે અને કેટલુંક તો ગળું કે હાથ ન કરી શકે, એટલું કરી શકે છે, તે આ સદીની સિદ્ધિ છે. તેમ છતાં, કલા એટલે કુદરતે જે આપ્યું છે તેનો જ વિશિષ્ટ કુનેહભર્યો ઉપયોગ એમ જો સ્વીકારીએ તો આવાં સાધનો અને તેની સિદ્ધિઓમાં યાંત્રિકતા છે, કલા નહીં, આમ તો તંબૂર, રાવણહથ્થો, સિતાર, વાંસળી, સારંગી વગેરે પણ 'યંત્રો' છે, પરંતુ એમાંથી જે સ્વર પેદા કરે છે તે માણસનું મન અને એની આંગળીઓ. એથી પરંપરાગત વાદ્યો વાદ્યયંત્ર છે, પરંતુ એનું વાદન કેવળ યાંત્રિકતા નથી, કલા પણ છે.

સદીની સંગીતપ્રગતિનો, ભારતીય સંગીતના ક્ષેત્રે મૂળભૂત પાયો તે આ સદીમાં સિદ્ધ થયેલી લિપિ છે. આ લિપિ અને ધ્વનિમુદ્રણ એ બંને કારણે ભારતીય સંગીતે વીસમી સદીમાં હરણફાળે વિકાસ થયો. અને જે કળા કુળપરંપરાની હતી, ગુરુશિષ્ય પરંપરા કે ઘરાનાની હતી તેના શિક્ષણનો પણ સંસ્થાગત વિકાસ થયો અને વિદ્યાશાખા તરીકે સંગીત વીસમી સદીમાં સુપ્રતિષ્ઠિત થયું. (સમાપ્ત)

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૬

યોગેન્દ્ર માંકડ

યુગચેતના

યુગચેતનાનો સંચાર બધાં જ ક્ષેત્રોને પ્રભાવિત કરે છે, પછી તે કલા હોય કે મનુષ્યની વિચારશક્તિ. ઉદ્યમ, જ્ઞાન અને માનવતાની શૃંખલાનું જાણે કે નિર્માણ થાય છે, જે સર્વાશ્રેયી હોય છે. અઢારમી સદીમાં પણ કંઈક આવું જ બન્યું. વિવિધ ક્ષેત્રોમાં જેમજેમ જ્ઞાન આગળ વધતું ગયું તેમતેમ 'રિઝન' પણ આગળ વધતું ગયું. અલબત્ત, આ સદી દરમ્યાન સમાજના ભણેલાગણેલા વર્ગ માટે કશું ગૂઢ નહોતું. મિથ્યા વિજ્ઞાનનું સ્થાન હવે સાચા વિજ્ઞાને લેવા માંડ્યું. સામાજિક અને અન્ય બાબતોમાં દૈવી હસ્તક્ષેપના ખવાણની પ્રક્રિયા શરૂ થઈ અને કથિત 'શાશ્વત સત્યો'ને સંશયરૂપી તેજાબી કસોટીનો સામનો કરવાનો વારો આવ્યો અને તેની સાથે વૈજ્ઞાનિક વિશ્વવિદ્યા (cosmology)નું ક્ષેત્ર વિસ્તરવા માંડ્યું. રસપ્રદ બાબત એ છે કે ખ્રિસ્તી ધર્મગુરુઓ પણ રેશનાલિઝમની અસરમાંથી સંપૂર્ણ રીતે મુક્ત નહોતા. વિજ્ઞાનની જેમ 'રિઝન' પણ હવે પ્રભાવક્ષમ શબ્દ બન્યો અને સ્થાપત્ય અને કવિતા પર પણ રેશનાલિસ્ટ સિદ્ધાંતોનું આક્રમણ શરૂ થયું. ભ્રમનિરસન એ માત્ર ચર્ચ અને તેના સિદ્ધાંતો પૂરતું મર્યાદિત નહોતું, જીવનનું કોઈ પણ ક્ષેત્ર તેની અસરમાંથી ભાગ્યે જ મુક્ત હતું.

આથી પણ વધારે મહત્ત્વનું, ૧૭૫૦માં ઔદ્યોગિક ક્રાંતિના આગમન સાથે મૂડીવાદનાં પણ મંડાણ થયાં. સૌપ્રથમ ઈંગ્લંડમાં અને ત્યાર પછી ધીરેધીરે યૂરપના અન્ય દેશોમાં વ્યાપાર અને વાણિજ્ય તેમજ વિનિયોગમાં રસ લેતા અને હિત ધરાવતા વર્ગોનો ઉદય થયો. સાથેસાથે જીવનશૈલી, અભિગમ અને મૂલ્યોની દૃષ્ટિએ મૂડીવાદની આગવી સંસ્કૃતિ ઊભી થવા માંડી. પ્રાચીન પ્રણાલીઓ અને પદ્ધતિઓ વિશે પ્રશ્નો ઊભા કરવા, પરંપરાઓને ઉત્તરોત્તર અપ્રસ્તુત બનાવવી, ઉદામવાદી વૈચારિક પરિવર્તન લાવવું અને એ રીતે જીવનનો રેશનાલિસ્ટ આધાર ઊભો કરવો એ તેનાં મુખ્ય લક્ષણો હતાં. શ્રમનું ગૌરવ ઊભું થયું. પ્રબુદ્ધ નીતિમત્તાએ સામંતિક 'વીરતા'ને સ્થાને વાણિજ્યલક્ષી, મધ્યયુગીનને સ્થાને આધુનિક અને અમીરશાહીને સ્થાને મૂડીવાદી આદર્શો ઊભા કર્યા. 'ફિલૉસૉફીસ'ના પણ આ જ આદર્શો હતા.

આ 'કમર્શ્યલ સ્પિરિટ'નું સચોટ અને વેધક નિરૂપણ ૧૭૩૪માં વૉલ્તેરે લખેલા 'ફિલૉસૉફિકલ લેટર્સ' (**Letters philosophiques**)માં વ્યક્ત થાય છે : 'આ પત્રો કમર્શ્યલ સ્પિરિટને બિરદાવે છે, કીર્તિને સ્થાને શાંતિને પસંદગી આપે છે, ક્ષમતા અને આવડત ધરાવનાર વ્યક્તિઓ માટે ઊંચી પદવીઓ ખુલ્લી મૂકવાની હિમાયત કરે છે અને સમગ્ર વિશ્વને બજાર ગણે છે, જેમાં બધા જ વેપારીઓ એક બીજા સાથે સહિષ્ણુતાપૂર્વક વ્યવહાર કરતા હોય. તેના પોતાના શબ્દોમાં, 'લંડન સ્ટૉક એક્સચેંજમાં દાખલ થાઓ. કોઈ પણ રાજદરબાર કરતાં તે વધુ સન્માનનીય સ્થળ છે. સમગ્ર માનવજાતની સેવા કરવા માટે બધાં રાષ્ટ્રોના પ્રતિનિધિઓ અહીં એકઠા થયેલા જોવા મળશે. અહીં યહૂદી, મુસલમાન અને ખ્રિસ્તી એકબીજા સાથે એવી રીતે વ્યવહાર કરે છે કે જાણે બધા એક જ ધર્મ પાળતા હોય. જે નાદાર હોય તેને જ ધર્મદ્રોહી જાહેર કરવામાં આવે છે. આ શાંતિમય અને મુક્ત સભામાંથી બહાર નિકળ્યા પછી કેટલાક સિનેગૉગ (યહૂદીઓનું ધર્મસ્થાન) તરફ જાય છે. બીજા પીવા (કોઈ પણ કેફી પીણું) માટે જાય છે. આ એક વ્યક્તિ **the Father, Son and the Holy Ghost**ને નામે નામસંસ્કરણવિધિ કરવા માટે જાય છે. પેલો બીજો તેના પુત્રની સુન્નત કરાવવા માટે જાય છે અને પુત્રના કાનમાં હિબ્રૂમાં શબ્દો રેડવામાં આવે છે કે જેને પુત્ર સમજતો નથી. બાકીના પરમકૃપાળુ પરમાત્માની પ્રેરણા મેળવવા માટે હૅટ પહેરીને ચર્ચમાં જાય છે અને બધા સંતુષ્ટ છે.'

ઉપરોક્ત ફકરો વ્યાપારી વિનિયોગનું વર્ણન નથી કે વૉલ્તેરના બ્રોકરો વિશેના નિજી વિચારો વિશે સ્પષ્ટ વિધાન પણ નથી. બ્રોકરોનો તેને પૂરતો અનુભવ હતો અને તે જાણતો હતો કે આ બ્રોકરો કંઈ માનવજાતની સેવા માટે ત્યાં એકઠા નહોતા થયા. આ ફકરો ધાર્મિક રિવાજો ઉપર પ્રહાર છે અને સૂક્ષ્મ રીતે સૂચવે છે કે વ્યાપારનું વિશ્વ ધર્માસ્થાના વિશ્વ કરતાં વધુ વાજબી છે એટલું જ માત્ર નહિ, ઉક્ત ફકરાનું છેલ્લું વાક્ય - અને બધા સંતુષ્ટ છે - ગુણવત્તાના અત્યંત આધુનિક ધોરણને વ્યક્ત કરે છે. આ એક એવી સભ્યતા હતી કે જે સામાજિક ઉપયોગિતાને નવાજતી હતી અને શાંતિ અને સમૃદ્ધિના સ્થપતિઓને પોતાના ઉત્તમોત્તમ નાગરિકો ગણતી હતી.' 'કોણ વધુ ઉપયોગી ?' 'વૉલ્તેર તેની લાક્ષણિક અત્યોક્તિમાં પૂછે છે,' જે માત્ર દરબારી રિવાજોમાં રાચતો અને સતત જીલબ્બે કરતો ઉમરાવ કે પોતાનાં વહાણો દેશવિદેશ મોકલી દેશની સંપત્તિમાં વૃદ્ધિ કરતો સાગરખેડુ શ્રેષ્ઠી ?' જવાબ સ્પષ્ટ હતો. ૧૭૩૫માં વૉલ્તેરે પોતાના એક મિત્રને લખ્યું હતું, 'જે લોકોએ ઉપયોગી થવામાં અને સંવાદિતા વધારવામાં ગુણવત્તા બતાવી છે તેમને હું મહાન ગણું છું. જે લોકો વિવિધ પ્રદેશોમાં લૂંટ ચલાવે છે તે કેવળ (ખલ) નાયક જ છે.'

આથી શરૂઆતથી જ જ્ઞાનપ્રકાશ યુગની સમગ્ર વિકાસયાત્રાના આ નવા આદર્શમાં વિધેયાત્મક અને આલોચનાત્મક તત્ત્વ પડેલું હતું. સમૃદ્ધિના સર્જકો તરીકે શ્રેષ્ઠીઓનું આગવું સામાજિક મૂલ્ય હતું. યુદ્ધખોરો અને કત્લેઆમ કરનારા લશ્કરી '(ખલ) નાયકો'નું પ્રબુદ્ધ ચિંતકો માટે કોઈ સ્થાન નહોતું.

રિઝન, માનવતા અને ઉદ્યમ રૂપો આ નવી ચેતનાની અભિવ્યક્તિ એટલે અઢારમી સદીમાં સામયિકોનો પહેલાં બ્રિટન અને પછી યૂરોપીય ઉપખંડમાં ઉદય અને વિસ્તાર. જ્યાં જુઓ ત્યાં અઠવાડિકો અને દૈનિકોના - કેટલાંક સામાન્ય અને બીજાં ગંભીર તેમ જ પ્રચલિત ધાર્મિક સાહિત્યની બરોબરી કરી શકે તેવા સાહિત્યનાં હજારો વાચકો ઊભાં થયાં. આ અઠવાડિકો અને દૈનિકો છપાયેલા કોઈ પણ ધાર્મિક લખાણની સાથે સ્પર્ધામાં ઊતરી શકે તેવાં હતાં. ઉદાહરણ તરીકે 'સ્પેક્ટેટર' નામના સામયિકનો ફેલાવો હજારોની સંખ્યામાં હતો અને તેના કૉફીહાઉસોમાં એકઠા થતા વિશાળ વાચકવર્ગમાં સ્ત્રીઓનો સમાવેશ પણ થતો હતો. ઓગણીસમી સદીમાં આ સામયિકના બંધાયેલા ગ્રંથો ખરીદાતા, તેમનું પ્રદર્શન થતું અને અત્યંત રસપૂર્વક વંચાતા પણ ખરા. 'રૉબિનસન ક્રુઝો' ૧૭૦૪માં 'રિવ્યૂ' નામના સામયિકની શરૂઆત કરી અને એ અર્થમાં તે કદાચ પ્રથમ અખબારનવેશ અને શિક્ષણશાસ્ત્રી હતો; પરંતુ સમગ્ર યૂરપ માટે નવા જ પ્રકારની અખબારી શૈલી ઊભી કરવાનો તેણે સફળ પ્રયાસ

કર્યો. આ બન્ને સામયિકો માત્ર પાંચ વર્ષ સુધી તૂટક તૂટક રીતે ૧૭૦૯થી ૧૭૧૪ સુધી પ્રકાશિત થયાં. પરંતુ તેમનાં લખાણોની ગુણવત્તાને લીધે યૂરપનાં બીજાં સામયિકો માટે અનુકરણીય બન્યાં. ઉદાહરણ તરીકે યૂરોપીય ઉપખંડમાં સ્વીડનમાં ૧૭૩૨માં સામાજિક પ્રશ્નોને સ્પર્શતા આવા એક જર્નલની શરૂઆત થઈ. એ જ પ્રમાણે ફ્રાંસમાં ૧૭૬૦ પછી **Le Spectateur Francais**નું પ્રકાશન શરૂ થયું. અલબત્ત, અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે આ પ્રકારના મોટા ભાગનાં સામયિકો વિષયવસ્તુની દૃષ્ટિએ સમૃદ્ધ હોવા છતાં અલ્પાયુ નીવડ્યાં. આમ છતાં માટેની ઉત્તરોત્તર વધતી જતી પિપાસા સંતોષવાનો તેમણે સંનિષ્ઠ પ્રયાસ કર્યો.

આ જર્નલો અલ્પાંશે પરંતુ નવા જ પ્રકારની સંસ્કૃતિનાં વાહક પુરવાર થયાં. શા માટે ? કારણ કે તેમનામાં કોઈ પ્રકારની વૈચારિક આક્રમકતા નહોતી. તેમનાં લખાણોમાં દાર્શનિક ચિંતનની ઝલક દેખાતી હતી અને કોઈ પણ પ્રકારની રાજકીય કડવાશ ઊભી કર્યા વગર તેમણે પોતાનાં વિચારવલયો અને રુચિ સ્પષ્ટ રીતે અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. સામાન્ય રીતે નજરે ન ચડે અને છતાંય ઘણી મહત્ત્વપૂર્ણ કહી શકાય એવી આ બાબત હતી. એડિસનના પોતાના શબ્દમાં, 'સૉક્રેટિસ વિશે એમ કહેવાય છે કે તે ફિલૉસૉફી સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવ્યો જેથી તે લોકોમાં વાસ કરી શકે. હું ફિલૉસૉફીને ખાનગી ખંડો, ગ્રંથાલયો, શાળાઓ અને કૉલેજોમાંથી બહાર કાઢી એવી પરિસ્થિતિ પેદા કરીશ કે જેથી તે ક્લબોમાં, એસેમ્બલીઓમાં, ચાના ટેબલ પર અને કૉફીહાઉસોમાં નિવાસે.' અનેક શિક્ષણશાસ્ત્રીઓની જેમ કદાચ એડિસન પણ જાણતો હતો કે થોડાક નમ્યા વગર સમાજના અનભિજ્ઞ વર્ગોને સંસ્કારી શકાય નહિ.

અને છતાં એડિસન અને તેના અનુયાયીઓની આ 'નમનીયતા' પાછળ એક પ્રકારની ગરિમા હતી. તેમની શ્રુતિ, તેમના વિચારમાં વ્યક્ત થતી સચ્ચાઈ, સુઘડ અને સભ્ય ભાષા અને સાંપ્રત વિચારપ્રવાહો વિશેની તેમની સમજ ઊડીને આંખે વળગે તેવાં હતાં. પસંદગીપૂર્વકની અભિવ્યક્તિ, પારિભાષિક શબ્દોને એક બાજુ મૂકી સરળ ભાષામાં પોતાની વાત મૂકવાની આવડત - આ બધાંને કારણે ઓછું ભણેલાં સ્ત્રીપુરુષો માટે પણ એ જમાનાના સંદર્ભમાં ક્રાંતિકારી કહી શકાય તેવા નવા વિચારો સુલભ બન્યા.

જર્મન રાજ્યોમાં પરિસ્થિતિ જુદી હતી. આ રાજ્યોમાં વાચક વર્ગ કાયદાઓ અને આપખુદશાહીને કારણે પ્રમાણમાં નાનો અને ભીરુ હતો. એ સંજોગોમાં **'Moralischen Wochenschriften'** નામના જર્નલે પોતાના વાચકવર્ગમાં વિશ્વાસ અને આત્મસન્માનનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો. રસપ્રદ બાબત એ છે કે તેણે **Bürger** અથવા 'નાગરિક'નાં અધિકૃતતા અને સ્વાયત્ત સ્થાનની દૃષ્ટિએ મહત્વનાં એવાં રેખાચિત્રો આપ્યાં. આ અને આવાં અનેક જર્નલો સત્તા પ્રત્યે નિર્વિરોધ આજ્ઞાધિનતાનાં હિમાયતી હતાં. આમ છતાં પ્રસ્થાપિત શાસનવ્યવસ્થાએ લાદેલી મર્યાદામાં રહીને પણ આ જર્નલોએ સ્ત્રીશિક્ષણ અને 'વિશુદ્ધ' કૌટુંબિક જીવનવ્યવસ્થા વગેરેની પણ હિમાયત કરી.

સમગ્ર યૂરપમાં અને ખાસ કરીને બ્રિટન, ફ્રાંસ અને જર્મનીમાં જ્ઞાનપિપાસુ વાચકવર્ગમાં સતત વધારો થતો જતો હતો. પરંતુ આનો અર્થ એવો નથી કે જ્ઞાનપ્રકાશ યુગીન ચિંતકો માટે બધું એકદમ સરળ હતું. ખાસ કરીને ફ્રાંસમાં ગર્ભિત રીતે જેમને ક્રાંતિકારી વર્ગો માનવામાં આવતા હતા અને જેમને લક્ષમાં રાખી તેમજ જેમની ચેતના ઉદ્યુક્ત કરવા માટે પ્રથોન્મૂલનલક્ષી સાહિત્ય તૈયાર કરવામાં આવતું હતું તે વર્ગોનો રસ આવા સાહિત્યમાં અત્યંત મર્યાદિત હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે તેમની દૃષ્ટિએ આ પ્રકારનું સાહિત્ય વાંચવાથી તેમને કોઈ દેખીતો લાભ નહોતો. સૌથી મોટો વિરોધાભાસ એ હતો કે જે વર્ગોને લક્ષ્ય બનાવી – પાદરીવર્ગ અને ઉમરાવો - આ કુઠારાઘાતી વિચારો વહેતા મૂકવામાં આવ્યા હતા તેમને આ પ્રકારનાં લખાણો વાંચવામાં સવિશેષ રસ હતો. ઉચ્ચ વર્ગોની કાયદેસરતાનું ધોવાણ કરવાની આ વિચારોની ક્ષમતા ગંભીરપણે લેવાઈ હતી કે કેમ અથવા અન્ય કોઈ કારણો તેને માટે જવાબદાર હતાં કે કેમ તે કહેવું મુશ્કેલ છે. હકીકત એ છે કે ધર્મગુરુઓ, ઉમરાવો તેમજ રાજકીય વગ ધરાવતા અન્ય વર્ગોના સભ્યો પણ આ વિચારસાહિત્ય પોતપોતાનાં કારણોસર વાંચતા. એટલું જ નહિ, તેના પેટ્રન બનવાનું પણ પસંદ કરતા. અલબત્ત કોઈ પણ લેખક માટે પુરસ્કૃત થવું એટલું સરળ નહોતું. એ સાચું છે કે પૅરિસમાં એ જમાનામાં પેટ્રન હોવું અને સાહિત્ય તેમજ કલાને પોષક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું કે પ્રોત્સાહિત કરવી એ ઉચ્ચ વર્ગોમાં એક પ્રકારની ફૅશન ગણાતી અને આવા પુરસ્કર્તાઓનો સામાજિક દરજ્જો પણ પ્રમાણમાં ઊંચો મનાતો. આ પેટ્રનપ્રથા પંદરમા લુઈના લાંબા શાસનકાળ પછી પણ ચાલુ રહી. જે સમયે અંગ્રેજ ઉમરાવો કવિઓને પુરસ્કૃત કરતા અને તેમાંના કેટલાક સ્વયં કવિતા કરવાની ચેષ્ટા કરતા. તે સમયે ફ્રાંસમાં ઉમરાવો માટે આ નવો ઉન્માદ કોઈપણ માદકતાથી જરાય ઊતરતો નહોતો. બીજી બાજુ લેખકો માટે 'કલમને ખોળે' માથું મૂકીને જીવવું સહેલું નહોતું. આથી કલમમાંથી કલદાર કેવી રીતે ઊભા કરવા એ લેખકો અને સાહિત્યકારો માટે મોટો પડકાર હતો. ૧૭૫૦ના બૅરન ગ્રિમે (**Baron Grimm**) સામાન્ય લેખક વિશે દોરેલું શબ્દચિત્ર આ પરિસ્થિતિનું દ્યોતક છે :

'છેલ્લા કેટલાક સમયથી પૅરિસમાં સામાન્યમાં સામાન્ય પૅટ્રનના ઘરમાં વિચારોન્મેશ એટલો બધો વધ્યો છે કે તેનું ઘર અકાદમીમાં જોડાવાની ઝંખના સેવતાં લોકોથી ઉભરાય છે. ઝંખના છતાં પૅટ્રન પહેલાં જેટલો મૂરખ હતો તેટલો આજે પણ છે અને લેખક પહેલાં જેટલો ગરીબ હતો તેટલો જ ગરીબ આજે પણ છે. આમાં લેખકની ભૂમિકા એ યાતનાનો પર્યાય છે. તેણે જો પોતાનું સ્થાન જાળવી રાખવું હોય તો તેણે પૅટ્રનની કંટાળાજનક વાતચીત અને તેની પત્નીને પક્ષે સુરુચિના અભાવનાં પણ વખાણ કર્યાં જ કરવાં પડે. તેણે એકની જેમ બોલવું અને બીજાની જેમ વિચારવું પડે. સાથેસાથે તેણે એકનો મિજાજ અને બીજાના તુક્કા પણ સહન કરવા પડે. તેથી પણ ખરાબ, ઘરના નિમ્ન કક્ષાના નોકરો સમક્ષ જીલબ્બે કરવું પડે : તેમાં સૌ પ્રથમ દરવાન આવે, જે તેને એટલે કે લેખકને, ભોજન સમયે ઘરની અંદર દાખલ થવા દે. બીજો નંબર હજૂરિયાઓનો આવે, જે તેને 'પીવા' માટે કંઈ જોઈતું હોય ત્યારે રાહ ન જોવડાવે, અને ત્યાર પછી ઘરની 'લેડી'ની ખાસ નોકરાણીનો નંબર આવે જેનું 'સવિશેષ મહત્ત્વ' છે, કારણ કે 'લેડી' જ્યારે હાજતે ગઈ હોય ત્યારે ઘરમાં હાજર લેખકના પુસ્તક વિશેના નિર્ણયનો આધાર (પુસ્તક પુરસ્કૃત કરવાપાત્ર છે કે નહિ) તે સમય દરમ્યાન નોકરાણીએ જે 'વાંચી' સંભળાવ્યું હોય તેના પર હોય.' સર્જક માટે આથી મોટી લાચારીપ્રેરિત યાતના બીજી કોઈ હોઈ શકે ખરી ? (ક્રમશઃ)

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

તમે તો જાણો છો કે સંસારી લોકોમાં પત્નીની માંદગી એ કારમી ઘટના છે. મારી પાસે બધું જ હોવા છતાં લાગતું હતું કે જાણે કશું જ નથી. હું જાણે પહેલાં હતો તેવો નિરાધાર થઈ ગયો હતો. ત્યારે મને મનમાં થતું કે મારી પહેલાંની સ્થિતિ સારી હતી.

તે દિવસે હું નાસ્તો કરતો હતો. ત્યારે મારા ચોકીદારે મને ખબર આપ્યા કે મને કોઈ મળવા આવ્યું છે.

મને નવાઈ લાગી, મને મળવા કોણ આવે ? વીરસિંહને કહ્યું. 'એને ઑફિસમાં જવાનું કહે. એને કહે કે ઘરમાં હું કોઈને મળતો નથી.'

વીરસિંહે કહ્યું. 'મેં એને કહ્યું કે ઘેર કોઈને મળતા નથી. પણ એ સાંભળતો નથી'

મને બહુ ખરાબ લાગ્યું. મેં એવો સામાન્ય નિયમ રાખ્યો હતો કે ઘેર કોઈને મળવું નહિ. કોઈ નોકરી માટે આવે, કોઈ પગારવધારા માટે આવે એ સિવાય બીજાં ઘણાં લોકો હતાં, જે દાન માગવા આવે. ચોવીસ કલાકમાં જો કોઈ માણસને પોતાનામાં ડૂબી જવા માટે સમય ન મળે તો એને હું માણસ ન કહું. માણસ જો ખરેખર માણસ બનવા ઇચ્છતો હોય, તો એણે બધામાં સમાઈ જવું જોઈએ, તેમ પોતાની અંદર પણ પોતાની જાતને સમાવવી જોઈએ. જે માણસ પોતાની જાતને સમુદાયમાં સમાવી શકે તેને જ હું માણસ કહું. એમ ન થાય તો તેને કોલકતા શહેરમાં પોતાની જાતને વિખેરી નાખવા ઘણાં બધાં ઉપકરણો છે. જેમકે ફૂટબોલ, ક્રિકેટ, સિનેમા, રાજકારણ, બધાં આ યુગનાં જ ઉપકરણો છે. એ બધાં માણસને વિચારવાનો મોકો જ નથી આપતાં. તેથી મને લાગે છે કે જીવનવાં થોડું બાકોરું હોવું જોઈએ જેમાંથી આપણે આપણાં અંતરમાં ડોકિયું કરી શકીએ.

પણ જ્યારે મને લાગ્યું કે એ માણસ મને મળ્યા વગર મારો કેડો નહિ મૂકે ત્યારે મેં વીરસિંહને કહ્યું, 'એને અહીં લઈ આવ.'

એ માણસ જ્યારે મારા ઓરડામાં આવ્યો ત્યારે એને જોતાં જ મને થયું કે એને અહીં બોલાવવામાં મેં ભૂલ કરી છે. શરીર પર મેલું પહેરણ, ઉઘાડા પગ. એની સાથે એક પાંચ છ વર્ષનો છોકરો. છોકરો ઘણો રૂપાળો હતો. હું સમજ્યો કે એ મદદ માટે આવ્યો છે.

મેં પૂછ્યું, 'શું જોઈએ છે ? હું કશી મદદ નહિ કરી શકું.' એ માણસે કહ્યું : 'હું મદદ માટે આવ્યો નથી, હજૂર. હું આને તમારી પાસે લઈ આવ્યો છું. તમારે છોકરો જોઈતો હતોને ?'

હું તો સાંભળીને મૂંઝાયો, મેં કહ્યું, 'મેં ક્યારે તને છોકરો લાવી આપવાનું કહેલું ?'

એ માણસે કહ્યું, 'તમે અમારા ગામમાં ગયા હતા, તમને યાદ આવે છે ?'

મને ત્યારે બધું યાદ આવ્યું. મેં પૂછ્યું, 'તું કોણ છે ?'

એ માણસે કહ્યું, 'મારું નામ ભૈરવ આઢી. હું મયરાડાંગામાં રહું છું.'

'આ તારો છોકરો છે ?' ભૈરવ આઢીએ કહ્યું, 'ના જી, મારાં પોતાનાં કોઈ છોકરાંછૈયાં નથી. આ મયરાડાંગાની એક વિધવાનો માણિયો છે. એ વિધવાની દશા બહુ જ ખરાબ છે. માણિયાને પૂરું ખવડાવી શકતી નથી. એ ઘરકામ કરવા જાય છે. તમને છોકરો જોઈતો હતો. તેથી આને લાવ્યો છું.'

શું કરવું તે મને સમજાયું નહિ. યાદ આવ્યું. મયરાડાંગાથી પાછા ફરતી વખતે કેટલાક લોકોને મેં કહ્યું હતું કે કોઈ સરસ છોકરો એમના ધ્યાનમાં હોય તો મારી પાસે પહોંચાડે. એ પણ મને યાદ આવ્યું કે મેં મારા કોલકતાના ઘરનું સરનામું પણ એ ગામનાં લોકોને આપ્યું હતું. એ છોકરો મને ગમી ગયો.

છોકરાને મેં પૂછ્યું, 'તારું નામ શું છે, બાબા ?' છોકરો ઘણો ચબરાક લાગ્યો. એણે કહ્યું, મારું નામ બાબા નથી, મારું નામ તો બાબલો છે. મારું એક બીજું સરસ નામ છે. કહું ?'

મેં કહ્યું, 'બોલ !'

છોકરાએ કહ્યું, 'મારું નામ દેવવ્રત છે ! સેન. દેવવ્રત.'

પેલા માણસે કહ્યું, 'માસી કહે છે કે જો તમે આને તમારી પાસે રાખીને ઉછેરો તો બહુ ભારે ઉપકાર થાય.'

'માસીએ કેમ એમ કહ્યું ? માસી કોણ છે ?' પેલા માણસે કહ્યું, 'આ બાબલાની માસી તે જ મારી માસી છે. મયરાડાંગાનાં લોકો એને માસી જ કહે છે. બિચારી વિધવા છે. ભદ્ર લોકોને ત્યાં કામ કરીને જે ચાર પૈસા રળે તેમાં બે જણનો સંસાર માંડમાંડ ચાલે. પણ આ છોકરા માટે એને ઘણી ચિન્તા રહે છે. માસીની ઇચ્છા છે કે એ ખૂબ ભણે ને આગળ વધે. તમારી પાસે હશે તો પેટ ભરીને ખાઈ શકે, સારાં કપડાં પહેરી શકે અને ભણીગણીને આગળ આવી શકે. એ સારી રીતે ઉછરે છે. - એ જાણીને એ ખૂબ રાજી થશે. એને બીજું કશું સુખ જોઈતું નથી, હજૂર !'

મારે શું કરવું જોઈએ, શો જવાબ આપવો જોઈએ તે મને સમજાયું નહિ. તમે મારી મૂંઝવણ સમજી શકશો, ડૉક્ટર ! હું ઘણી વાર સુધી મૂંગો મૂંગો વિચાર કરતો રહ્યો.-

ત્યાં એ છોકરાએ ધડાકો કર્યો, 'તમારે ઘેર પિયાનો છે ?'

હું તો અવાક્ થઈ ગયો. છોકરાએ પિયાનોનું નામ ક્યાંથી જાણ્યું ?

મેં કહ્યું, 'ના, મારા ઘરમાં પિયાનો નથી.'

મારા ઘરમાં પિયાનો નથી સાંભળી છોકરો અવાક્ થઈ ગયો. એણે પૂછ્યું, 'પિયાનો નથી ? મારે ઘેર છે.'

મેં પેલા માણસની તરફ જોઈને પૂછ્યું, 'આને ઘેર પિયાનો છે ?'

પેલા માણસે કહ્યું, 'પિયાનો શી ચીજ છે ? હું તો ક્યારેય એના ઘરમાં ગયો નથી. એટલે મને ખબર નથી. કે એને ઘેર પિયાનો છે કે નહિ.' છોકરાએ કહ્યું, 'ના. છે જ વળી. માસીએ એક નાની પેટીમાં પિયાનો રાખ્યો છે.'

પેટીમાં પિયાનો શી રીતે રહી શકે તે મને સમજાયું નહિ.

મેં કહ્યું, 'પેટીમાં કંઈ પિયાનો રાખી શકાય ? એ કેટલો મોટો પિયાનો છે ?'

છોકરાએ બે હાથથી પિયાનોનું માપ દર્શાવ્યું. માત્ર ચારપાંચ ઇંચથી વધારે નહોતું. હું સમજ્યો, એ રમકડાનો પિયાનો હશે. મેં કહ્યું, 'સાચો પિયાનો નહિ, રમવાનો પિયાનો.'

છોકરાએ કહ્યું, 'ના રમવાનો પિયાનો નહિ. માસી કહે છે, કે એ અસલ પિયાનો છે. માસી જૂઠું બોલતી નથી.'

છોકરાની વાત સાંભળી હું દિગ્મૂઢ થઈ ગયો. મારા વિશાળ મકાનમાં એ ફરતો ફરતો બધે નજર ફેરવતો હતો. અને મારી પાસે આવીને મારી વાત સાંભળતો હતો. એણે મારી પાસે આવીને પૂછ્યું, 'આ શું છે ? એ શું કહેવાય ?'

ભીંત પર એક ઘડિયાળ ટાંગ્યું હતું. એ તરફ આંગળી ચીંધીને એણે પૂછ્યું, 'આ શું છે ?'

મેં કહ્યું, 'ઘડિયાળ.'

છોકરાએ પૂછ્યું, 'એનું નામ ઘડિયાળ કેમ છે ?'

એનું નામ ઘડિયાળ શા માટે તે હું એને શી રીતે સમજાવું? માણસનું નામ માણસ કેમ છે, એની કશી વ્યાખ્યા છે ?

બધી ચીજો માટે એને અદમ્ય કુતૂહલ હતું. મારા ખંડમાં કબાટમાં ચોપડીઓ હતી. મારી પત્નીની છબી હતી. એ પણ એને જાણવું હતું : 'આ કોની છબી છે ?'

પેલા માણસે કહ્યું, 'છોકરો બહુ દુઃખી છે, હજૂર માસીએ આજીજી કરી છે કે તમે જ એને પોષો.' મેં છોકરાને પૂછ્યું, 'તું અહીં રહેશે ?'

છોકરાએ કહ્યું, 'હું અહીં રહું તો માસી રહેશે ?'

મેં કહ્યું, 'તારી માસી મયરાડાંગામાં રહેશે.' છોકરાનું મોઢું સુકાઈ ગયું. એણે કહ્યું, 'તો તો હું તમારા ઘરમાં નહિ રહું, હું માસીની જોડે મયરાડાંગામાં રહીશ.'

પેલો માણસ અકળાયો. એણે કહ્યું, 'ના. ના, બાબલા ! તું અહીં જ રહે. માસીને કાલે અહીં લઈ આવીશ. તું આજે અહીં જ રહે. જો જો, આ કેવું મોટું ઘર છે, અહીં મોટર છે, ઘણાંબધાં રમકડાં છે. અહીં કોલકતાનું બહુ મોટું પ્રાણીસંગ્રહાલય છે. ત્યાં વાઘ, વરુ, સિંહ બધાં છે'

મેં પૂછ્યું, 'તે પ્રાણીસંગ્રહાલય જોયું છે ?'

છોકરાએ કહ્યું, 'ના. તમે દેખાડશો ?'

મેં કહ્યું, 'હા. દેખાડીશ.'

છોકરાએ કહ્યું, 'તો તો હું અને માસી બન્ને સાથે જોઈશું.'

પેલા માણસને ચીડ ચડી. એણે કહ્યું. 'માસી પછીથી જોશે. હમણાં તું એકલો જોવા જજે. બાબુ તને લઈ જશે.'

છોકરાએ કહ્યું, 'હું એકલો નથી જોવાનો.' પેલા માણસે કહ્યું, 'આવું ન બોલાય. બાબુ ગુસ્સે થશે.' પછી મારી તરફ ફરીને એણે કહ્યું. 'નાનપણમાં જ એની મા મરી ગયેલી ને તેથી એને માસી માટે ખૂબ પ્રેમ છે. માસીને એ પોતાની મા માને છે.'

છોકરાએ કહ્યું, 'ના માસી જ મારી મા છે.'

મેં પૂછ્યું, 'તને કોણે કહ્યું કે માસી તારી મા છે ?'

છોકરાએ કહ્યું, 'માસીએ જાતે જ કહ્યું કે એ મારી મા છે. તમે કશું જાણતા નથી.'

છોકરાની વાત સાંભળી હું હસવા લાગ્યો. પણ પેલો માણસ તો ધૂંઆંફૂઆં થઈ ગયો. એણે છોકરાને કહ્યું,

'ઘેર જશે ત્યારે માસી તને વઢશે. હું અત્યારથી તને કહી દઉં છું.'

છોકરાએ કહ્યું, 'કેમ, મેં શું કર્યું છે ?'

પેલા માણસે મારી તરફ જોઈને કહ્યું, 'જુઓને, મારી જોડે કેવી વાત કરે છે ? માસીએ એને વારેવારે કહ્યું છે કે તમારી આગળ નરમાશથી વર્તે, પણ એ સાંભળતો જ નથી. મેં અહીં આવતાં પહેલાં એને કહ્યું હતું કે એ અહીં તોફાન ન કરે, પણ સાંભળતો જ નથી. તમે કશું મનમાં લાવશો નહિ, બાબુ. આમ તો છોકરો બહુ સમજુ છે ને સારો છે.'

મેં પૂછ્યું, 'એ કશું ભણ્યો છે ?'

એણે કહ્યું, 'અમે ગામડામાં રહીએ છીએ, હજૂર. ત્યાં નિશાળ નથી. નિશાળ કોલકતામાં છે. ત્યાં ભણવા જાય તો પૈસા જોઈએને ? એટલા પૈસા અમે ક્યાંથી લાવીએ ? તમે તેને નિશાળે મૂકી ભણાવશો તો એ તમારું નામ ઉજાળશે.'

બાબલો આ વાત સાંભળતો હતો. એણે પૂછ્યું, 'તમારા ગામમાં નિશાળ છે ?'

મેં કહ્યું, 'હા.'

ડૉક્ટર ! તમને એક વાત કહું છું. બાળકોની કોઈ ન્યાતજાત હોતી નથી. ઉંમર વધતાં નાનાં બાળકો જુદીજુદી ન્યાતજાતમાં વહેંચાઈ જાય છે. નહિ તો તે દિવસે એ મયરાડાંગા ગામમાં તે ગરીબના છોકરાને જોયો. અમને એ શા માટે બહુ ગમી ગયો ? તે વખતે તો અમને એક વાર પણ થયું નહિ કે એનો બાપ કોણ છે, એની મા કોણ છે, એથી જ હું કહું છું- નાના બાળકના શરીર પર નાતજાતનું નિશાન હોતું નથી. બગીચાનાં ફૂલ જેવાં એ હોય છે.'

પેલા માણસે કહ્યું, 'હજૂર, તો હું જાઉં ?' બાબલાએ કહ્યું, 'મોટાભાઈ હું પણ તમારી સાથે આવીશ.'

મેં કહ્યું, 'કેમ, તારે અહીં નથી રહેવું ?'

બાબલાએ કહ્યું, 'તમારી સાથે નહિ રહું. તમે મારી માસીને અહીં લઈ આવો તો હું અહીં રહું.'

પેલા માણસે કહ્યું, 'તો માસી તને ખૂબ વઢશે એ કહી દઉં છું. મારી પર પણ એ ચીઢાશે તો હું શું કરીશ ?'

બાબલો એ બધી વાત સાંભળવા તૈયાર નહોતો, એ તો કહેતો હતો, 'ના, હું અહીં નહિ રહું. હું તમારી સાથે ઘેર જ જઈશ.'

છોકરો કેમે કરીને રહેવાને રાજી ન થયો. મેં પણ એની પર વધારે દબાણ ન કર્યું. પેલો છોકરાને લઈને બડબડાટ કરતો ચાલ્યો ગયો. હું મૂંગેમોઢે જોયા સિવાય બીજું શું કરી શકવાનો હતો ? (ક્રમશઃ)

અતીતમાં અવગાહન

યુગવિભૂતિ રાજા રામમોહન રાય

તમને ખબર છે ખરી કે રાજા રામમોહન આજના યુગ કરતાં મુઘલ બાદશાહ ઔરંગઝેબના યુગની વધુ નજીકના કાળમાં હતા ? ને એમના સમકાલીન પેશ્વાઓ તથા મહારાજ રણજિતસિંહ જ્યારે જામગરીવાળી બંદૂકોથી બાખડતા હતા ત્યારે રામમોહન રાય



વાણીસ્વાતંત્ર્ય, જ્યૂરીમાં હિંદીઓને બેસવાનો હક, પાસપોર્ટ-પદ્ધતિની નાબૂદી, હિંદુ સ્ત્રીઓના હક્ક વગેરે વિષયો પર ડંખરહિત વાણીમાં પોતાના વિચારો પ્રસારી રહ્યા હતા એ જાણો છો ? સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, ફારસી (એમાં તો એક પત્રનું સંપાદન પણ કરતા હતા), અરબી, હિબ્રૂ, સીરિયાક, ગ્રીક, અંગ્રેજી અને ફ્રેંચ તથા માતૃભાષા બંગાળી જેટલી ભાષાઓ તેઓ જાણતા હતા એ ખબર છે ? ૨૪ વર્ષની વયે આરંભ કરીને પાંચેક વર્ષમાં તો, જેરેમી બેન્થામ જેવાને કહેવું પડે કે 'ઉચ્ચ શિક્ષણ પામેલા અંગ્રેજ જેટલું સુંદર' અંગ્રેજી તેઓ જાણતા થઈ ગએલા.

'એમના જેટલી સિદ્ધિઓ ત્યારના કે આજના કોઈ હિન્દીએ મેળવવાનું જાણમાં નથી. અને આ બધું પણ એમણે કોઈ વિશિષ્ટ તાલીમ પામ્યા વિના અને અંગત જીવનની કડવાશ વચ્ચે હાંસલ કર્યું હતું. પિતા સાથેના મતભેદથી જન્મેલો સંઘર્ષ સદા ચાલ્યા જ કરતો, માતાએ તો એમને કોર્ટ સુધી ઘસડેલા, અને બચપણમાં પરણાવેલી ત્રણે પત્નીઓ પણ એમનાથી અલગ રહેતી. ધાર્મિક ઘેલછાવાળા ઝનૂની લોકોએ અનેક વાર એમની હત્યા કરવાના પ્રયત્નો કરેલા; પરંતુ એમણે સ્વીકારેલા આદર્શોમાંથી આમાંનું કંઈ એમને ચળાવી શક્યું નહિ...'

આ શિલા નીચે રાજા રામમોહન રાયના
અવશેષો આરામ કરે છે.
ઈશ્વરના એકત્વમાં માનનાર સભાન
અને અવિચલ વ્યક્તિ તરીકે એમણે સમગ્ર
સમર્પણની ભાવનાથી, ઉપર અંતરીક્ષમાં
રહેલા દૈવી તત્ત્વની આરાધનામાં પોતાનું
જીવન એકાગ્ર કરેલું.
પોતાની બહુમુખી શક્તિઓમાં, અનેક ભાષા
પરનું પ્રભુત્વ પણ એમણે મેળવ્યું હતું અને
ખૂબ નાની વયે એ જમાનાના વિદ્વાનોમાં
પોતાનું નામ કાઢ્યું હતું.
ભારતવાસીઓની સામાજિક, નૈતિક ને ભૌતિક
સ્થિતિને બઢાવવાનો સનાતન પ્રયાસ, મૂર્તિપૂજા
તથા સતીનો ચાલ બંધ કરવાના એમના
નિષ્ઠાવાન પ્રયત્નો અને પરમેશ્વરનો મહિમા
તેમ જ માનવના કલ્યાણને વધારનાર જે કંઈ
હોય તેની અવિરત તથા અત્યુત્સાહભરી
તરફદારી એમનાં દેશવાસીઓની કૃતજ્ઞ
સ્મૃતિમાં હંમેશાં જીવંત રહેશે.



....લગભગ ઈ.સ. ૧૮૪૩માં ઈંગ્લન્ડના બ્રિસ્ટલ નગર ખાતે રાજા રામમોહન રાયના અવશેષો પર, એમના પરમ મિત્ર દ્વારકાનાથ ટાગોરે ચણાવેલી ઉપરની સમાધિ પરનાં આ છે પ્રશસ્તિવચનો. આ અર્ઘ્યનો અંતિમ વાક્યાંશ - 'એમનાં દેશવાસીઓની કૃતજ્ઞ સ્મૃતિમાં હમેશાં જીવંત રહેશે.' કેટલો તથ્યપૂર્ણ છે તેની પ્રતીતિ આ વર્ષે રામમોહન રાયની દ્વિતીય જન્મ-શતાબ્દી ઊજવાઈ તેમાં મળી રહે છે....

આજથી બસ્સો વર્ષ પહેલાં જ્યારે ભારતમાં મુઘલ સત્તા નામની જ રહી હતી અને અંગ્રેજ સત્તાનો અરુણોદય નજીકમાં ભાસતો હતો ત્યારે, કલકત્તા પાસે હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં સનાતની બ્રાહ્મણ ગોત્રમાં રામમોહન રાયનો જન્મ ઈ. ૧૭૭૨ના મે મહિનાની બાવીસમી તારીખે થએલો....

...હવે રૂઢિચુસ્ત પિતા અને રૂઢિભંજક પુત્ર વચ્ચે વારંવાર વાદવિવાદ થવા લાગ્યો. એક વાર મૂર્તિપૂજામાં પરમ શ્રદ્ધા ધરાવનાર પિતા અને મૂર્તિપૂજાના ચરમ વિરોધી પુત્ર વચ્ચે ઉગ્ર મતભેદ પડ્યો. પરિણામે રામમોહન પિતાનું ઘર છોડી નીકળી ગયા. પોતાના ત્રણ-ચાર વર્ષના એ ભ્રમણકાળ દરમિયાન એમણે જનસ્થિતિ અને જનસમાજની પરિસ્થિતિનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો. આ ગાળા દરમિયાન એ થોડો સમય દૂર તિબેટમાં પણ રહેલા, જ્યાં બૌદ્ધ ધર્મગ્રંથોનો એમણે અભ્યાસ કર્યો અને લામાઓની, પૂજાનો વિરોધ કર્યો. એમના એકેશ્વરવાદનાં વિધાનો તથા મૂર્તિપૂજાના ખંડન-ખયાલોથી લામાભક્તો એવા તો ઉશ્કેરાયા કે એ ધર્માંધોએ એમના પર ખૂની હુમલો કર્યો, પણ સદ્ભાગ્યે કોઈ દયાળુ સ્ત્રી વચમાં પડી ને એમનો જીવ બચ્યો. એમનામાં પ્રદીપ્ત થએલી સ્ત્રી-સન્માનવૃત્તિના મૂળમાં આ પ્રસંગ પડેલો મનાય છે...

...ઈ.સ. ૧૮૧૪માં એમણે કલકત્તામાં કાયમી વાસ કર્યો ત્યારે બંગસમાજ ધર્માંધતા, રૂઢિચુસ્તતા, વહેમો ને કુરિવાજોમાં સબડતો હતો. બહુપત્નીત્વનો, સતી થવાનો અને બાળહત્યાનો રિવાજ ત્યાં સામાન્ય હતો. આ બધાંના મૂળમાં ધર્માંધતા છે એવી પોતાને પ્રતીતિ થતાં એમણે એની સામે લડત આપવાનું બીડું ઝડપ્યું. આ સમયે કલકત્તામાં સર વિલિયમ જોન્સ, સર હાઇડ-ઈસ્ટ, એચ.એચ. વિલ્સન, મૅકોલે, કોલબ્રુક આદમ વગેરે બુદ્ધિશાળી અંગ્રેજો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યા હતા. એમાં એમને પોતાની પ્રવૃત્તિઓના આરંભ માટે અનુકૂળ વાતાવરણ મળી ગયું. એ વર્ષ તે ઈ. ૧૮૧૫નું. રામમોહન રાયના જીવનમાં એ વર્ષે ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. એમની કારકિર્દીની ચોક્કસ દિશા ખૂલી : એમણે સમાજોદ્ધારનો અહાલેક જગાવ્યો ને પ્રાચીન હિંદુ એકેશ્વરવાદના પુનર્સ્થાપનનો પ્રબળ પુરુષાર્થ આરંભ્યો, એ માટે એમણે પોતાના તલાવગાહી અભ્યાસના અર્ક સમાં પ્રકાશનોનો પ્રવાહ વહેવડાવ્યો. ઈ. ૧૮૧૫માં જ એમણે વેદાંત સૂત્રોને બંગાળીમાં ઉતાર્યાં. ઈ. ૧૮૧૬માં

બંગાળી, ઉર્દૂ અને અંગ્રેજીમાં વેદાંતનો સંક્ષેપ આપવા ઉપરાંત 'કેન' અને 'ઈશ' ઉપનિષદનો બંગાળી-અંગ્રેજી અનુવાદ આપ્યો. ઈ. ૧૮૧૭માં 'કઠ' અને 'મુણ્ડક' ઉપનિષદના અંગ્રેજી-બંગાળી અનુવાદો ઉપરાંત 'હિંદુ ઈશ્વરવાદનો બચાવ' તેમજ 'વેદોની એકેશ્વરવાદ પદ્ધતિનો બચાવ બીજો' એમ સ્વતંત્ર પુસ્તકો પ્રગટ કર્યાં. ઈ. ૧૮૧૮માં 'માણ્ડુક્ય' ઉપનિષદનું બંગાળી ભાષાંતર આપ્યું. આ રીતે લોકોની જ ભાષામાં ધર્મતત્ત્વનો સમ્યક્ ઉપદેશ આપવાની સર્જનાત્મક પ્રવૃત્તિ સાથેસાથે ચર્ચા ને વાદવિવાદ દ્વારા પ્રતિકારાત્મક પ્રવૃત્તિ પણ શરૂ કરી....

...સતી થવાના ચાલ સામે એમણે જે જબ્બર ઝુંબેશ ઉપાડી તેના મૂળમાં જે પ્રસંગ રહેલો છે તે ખરેખર હૃદય-વિદારક છે. ઈ. ૧૮૧૧ની આસપાસનો એ બનાવ છે. રામમોહન રાયના મોટા ભાઈ જગન્મોહન મૃત્યુ પામ્યા ત્યારે તેમની પતિવ્રતા પત્ની અલકમંજરીએ પતિની ચિતા પર ચડીને પ્રાણાહુતિ આપવાનો નિર્ણય કર્યો. રામમોહન રાયે ભાભીને તેમ ન કરવા ખૂબખૂબ સમજાવ્યાં, છતાં પણ ધર્માંધ રૂઢિમાં બદ્ધ ભાભીએ પોતાની હઠ પકડી જ રાખી અને રામમોહન રાયને નિઃસહાય થઈ એ દૃશ્ય જોવું જ પડ્યું! ખડકાએલી ચિતા પર સતી (!) ચડ્યાં, પણ જેવી ચિતા સળગાવવામાં આવી કે એ અગનજ્વાળાઓથી ગભરાઈને અલકમંજરીએ ચિતા છોડી ભાગવાનો પ્રયાસ કર્યો. પરંતુ ત્યાં એકઠા થએલા વહેમી લોકોએ તો તેને અપશુકન માનીને એને ભાગી જતી અટકાવી, વાંસડા મારીમારીને અગ્નિમાં ધકેલી, બળાત્કારે સતી કરવા માંડી અને એ બળતી બાઈની આર્ત ચીસો ન સંભળાય એટલા માટે ઢોલ આદિ વાજિંત્રોના જોરશોરથી અવાજો કરવા માંડ્યા. રામમોહન રાયને રડતા હૃદયે આ પાશવી દૃશ્ય જોઈ રહેવું પડ્યું. એમણે એ સ્મશાનભૂમિમાં જ મન સાથે મડાગાંઠ વાળી કે સતી થવાનો દુષ્ટ ચાલ દૂર કરીને જ જંપીશ. આ દિશાના એમના પુરુષાર્થનું પરિણામ એ આવ્યું કે ઈ. ૧૮૨૭માં લૉર્ડ વિલિયમ બેન્ટિકે કાયદા દ્વારા રિવાજ બંધ કર્યો....

...સ્વાતંત્ર્ય માટે પણ એમનો પ્રાણ સદા તડપતો રહેતો; છતાં એમનું સ્વદેશાભિમાન સંકુચિત નહોતું. આથી જ ઈ. ૧૮૩૦ની ફ્રેંચ ક્રાંતિ વખતે કે સ્પેઇનમાં બંધારણીય સરકારની સ્થાપના થઈ તે વખતે એમણે જાહેર ખુશી વ્યક્ત કરી હતી, અને કલકત્તાના ટાઉન હૉલમાં જાહેર ભોજન-સમારંભ પણ ગોઠવ્યો હતો. એમના રાજકીય અભિપ્રાયો અને પ્રવૃત્તિઓના મૂળમાં પણ આ સ્વાતંત્ર્યપ્રેમની ભાવના જ કામ કરી રહી હતી...

...પછી તો એમને પારી(સ) અને ફ્રાન્સના બીજા ભાગોની મુલાકાત લેવાનું આમંત્રણ મળ્યું. ત્યાંથી ઈંગ્લન્ડ આવ્યા બાદ બ્રિસ્ટલમાં આરામ લેવા જવાનું આમંત્રણ મળતાં ઈ. ૧૮૩૩ના સપ્ટેમ્બરમાં ત્યાં ગયા. ત્યાં 'સ્ટેપલ્ટનગ્રોવ' નામક મકાનમાં એમનો ઉતારો હતો. ત્યાં ૧૮મી સપ્ટેમ્બરે એમને તાવ લાગુ પડ્યો. છતાં એ જરા યે ગભરાયા નહિ. જે જીવનના સંઘર્ષોથી ન ડર્યા એ મૃત્યુ ડરે ? ત્યાં એમને સારી સારવાર આપવામાં આવી, છતાં ય દૈવ જુદું જ નિર્માયુ હતું. સ્ટેપલ્ટન ગ્રોવમાં આરામ લેવા રોકાયેલા રામમોહન રાય ત્યાં ૧૮૩૩ની ૨૭મી સપ્ટેમ્બરે રાતના બે અને પચીસ મિનિટે કાયમી આરામ માટે રહી ગયા ! ત્યાં જ એમનો દફનવિધિ કરવામાં આવ્યો. દસ વર્ષ બાદ એમના અવશેષોને બ્રિસ્ટલ નજીકના કબ્રસ્તાનમાં લઈ જઈને ફરી ભૂમિવાસ કરાવી એના પર એમના પરમ મિત્ર દ્વારકાનાથ ટાગોરે સમાધિ ચણાવી...

('કુમાર' અંક ૫૮૩, જુલાઈ ૧૯૭૨માં પ્રકટ થયેલ ધીરુ પરીખ લિખિત ચરિત્રની થોડી વાનગી)

વૈતાળ પચ્ચાસી વાર્તા ૨૪ : હાસ્ય-કર

વિનોદ ભટ્ટ

-અને ફરી એક વાર રાજા વિક્રમે સિદ્ધ વડ પરથી ઉતારેલા મડાને ખભે નાખી ઉજેણીભણી ચાલવા માંડ્યું ત્યારેમડાએ આ વારતા શરૂ કરી.

'કોઈ એક ગામમાં કોઈ એક રાજા રાજ્ય કરતો હતો. તેણે પ્રજા પર જાતજાતના અનેક કરવેરા નાખ્યા હતા, છતાં ય તેની પ્રજા હસતી રહેતી, આથી અંતે તેણે પ્રજાના હાસ્ય પર પણ હાસ્યવેરો ઠોકી બેસાડ્યો. હસવું એ રાજ્યમાં 'લકઝરી-આઈટમ' ગણાવા લાગ્યું. તેના કરનો ખૂબ જ ઊંચો દર રાખવામાં આવ્યો.

હાસ્ય પર વેરા નાખવાનું બીજું પણ એક ખાસ કારણ હતું. રાજ્યમાં ઘણા હાસ્ય-લેખકો બાલિશ અને સ્થૂલ હાસ્ય લખીને પ્રજાને હસાવવા પ્રયત્ન કરતા હતા. અને એ વાંચ્યા પછી યે નહિ હસી શકતા કેટલાક વાચકો મુક્તપણે હસવા એ કૃતિઓ વાંચતી વખતે પોતાની પાસે ખાસ માણસોને બેસાડતા, જે પગના તળિયે ને પડખાંમાં ગલીપચી કરીને તેમને ખટખડાટ હસાવતા. અને વાચકો પેલું હાસ્ય સાહિત્ય વાંચીનેસમજીને જ પોતે હસ્યા છે, એવો સંતોષ લેવા સાથે પોતાને પણ સાહિત્યની સમજ છે તેમ દર્શાવતા.

હાસ્યવેરા દ્વારા આવક મેળવવા ઉપરાંત હાસ્યલેખોનો ફેલાવો કરવાની અને એ રીતે વળી વધુ આવક મેળવવાની રાજાની ભાવના ખરી, કેમ કે રાજાએ પોતે પણ થોડાક હાસ્યલેખો લખ્યા હતા. વસ્તુતઃ આ લેખો લખાયા ત્યારે તો તે હાસ્યલેખો નહોતા, પણ પોતાના હજુરિયાઓ આગળ રાજાએ એ લેખો વાંચી સંભળાવ્યા, ત્યારે તેઓ હસીહસીને લોથપોથ થઈને જમીન પર આળોટવા માંડેલા, તે પરથી જ રાજાને ખબર પડી કે પોતે હાસ્યલેખો જ લખ્યા છે.

અને રાજાએ પ્રજાજનોને ઘેરઘેર હાસ્ય-માપક મીટરો મુકાવી દીધાં. વીજળીના મીટરની જેમ હાસ્ય મીટર વાંચવા રાજ્યનો માણસ આવે, હાસ્યના યુનિટ કાઢે અને એના પરથી કરની રકમ નક્કી કરે.

થોડો સમય તો બધું બરાબર ચાલ્યું. બીજા કોઈ પણ વેરા કરતાં હાસ્ય-વેરાની આવક વધારે આવવા માંડી, પણ પછી ધીમે ધીમે એ આવક ચિંતાજનક રીતે ઘટી ગઈ. પરિણામે રાજાનું હાસ્ય વિલાઈ ગયું. હાસ્ય-વેરો ઘટીજવાનાં કારણો શોધવા રાજાએ એક તપાસપંચ નીમ્યું.

બે વરસે તપાસપંચે અહેવાલ આપ્યો, જેમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે હાસ્ય પર કર પડવા છતાં પ્રજાએ હસવાનું ઓછું નો'તું કર્યું. ઊલટાનું હસવાનું તો પહેલાં કરતાં ય વધી ગયું હતું. લોકો 'જોક' ત્રણત્રણ વખત હસતા હતા. જોક સાંભળતાં પહેલાં, સાંભળીને અને છેલ્લે એનો મર્મ સમજીને.

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું, 'તો હે વિક્રમ, પ્રજા પહેલાં કરતાં વધારે હસતી હોવા છતાં એ હાસ્ય મીટરમાં કેમ નહોતું આવતું ?'

'વેપારીઓના બે નંબરના ચોપડા પેઠે પ્રજા બે નંબરનું હસતી થઈ ગઈ હશે !' વિક્રમે જવાબ આપ્યો.

અને મડું સરકીને પાછું સિદ્ધ વડ ઉપર ચડી ગયું.

('કુમાર' સળંગ અંક ૫૮૩માંથી)

કલાસ્મૃતિ

ભારત-રત્ન સ્વરકિન્નરી
લતા મંગેશકર

ભારતમાં પૌરાણિક સમયથી મંદિરોમાં, પ્રભાતિયાં, ભજનો, કથાવાર્તાઓ અને તહેવારોમાં ગીત-સંગીત નૃત્યની પરંપરા રહી



છે. માંગલિક પ્રસંગોએ પણ ગીત-સંગીતની ભરમાર હોય છે. તેમાં પણ નાટક, નૌટંકી, જાત્રા, ખેલા, ભવાઈ અને ચલચિત્રમાં ગીતસંગીત વગર ચાલે જ નહીં ! એક જમાનામાં મૂગી ફિલ્મોના સમયમાં ફિલ્મ સાથે સ્ટેજ ઉપર ગાવા-બજાવવાનો અને સંવાદો બોલવાનો રિવાજ હતો. પછી બોલતાં ચિત્રપટ શરૂ થયાં, જેમાં કલાકારો પોતે જ ગીતો ગાતાં. નાટક કે ભવાઈમાં ગીતો ઉપર 'વન્સ મોર' થતા અને ગમતાં ગીતો ફરીફરી ગવાતાં. બોલતાં ચિત્રપટોમાં વન્સમોર થવા લાગ્યા પણ પ્રેક્ષકો-ગમતી અણગમતી ચીજો માટે પૈસા સ્ટેજ ઉપર ફેંકીને પોતાના ગમા-અણગમા વ્યક્ત કરતા. વળી ગમતાં ગીતોમાં મસ્ત થઈને, પગના થબકારથી, સિનેમાગૃહ ગજવતાં અને સિનેમાના સંવાદો મોટેથી બોલતાં.

આપણા દેશના સિનેમાજગતમાં મુંબઈ, કોલકતા, ચેન્નાઈ શહેરોનો સિનેમાઓ સર્જવામાં મહત્ત્વનો ફાળો છે. કલાકારો, ગાયકો, સંગીતકારો અને પાર્શ્વ ગાયકો પણ ઘણાં મળ્યાં છે, જેમાં સાયગલ, પંકજ મલ્લીક, કાનન બાલા, કે.સી.ડે. વગેરેનાં ગીતો આજે પણ જૈફ ઉંમરનાં લોકોની જીભ ઉપર રમતાં હોય છે. પણ છેલ્લાં પચાસ વર્ષોમાં આબેહયાતા જેવું કોઈ આપણા ફિલ્મ ઉદ્યોગને મળ્યું હોય તો તે લતા મંગેશકર.

વર્ષોથી મુંબઈના ઑલ ઇન્ડિયા રેડિયો ઉપર સવારનાં ભક્તિગીતોમાં, લતાજીનાં ભજનો વગાડવાનો ક્રમ છે. એક વખત ઉત્સાદ બડે ગુલામઅલીખાન, જ્યારે પોતાના પુત્રને સંગીતની તાલીમ આપતા હતા ત્યારે સવારમાં રેડિઓ ઉપર વાગતું ભજન સાંભળીને થંભી જતા અને પુત્રને કહેતા કે આ ભજન સાંભળ. આ જ સાચું સંગીત છે જે હૃદયને સ્પર્શ કરે. ભજનનાં ગાયિકા લતા મંગેશકર હતાં તેની તો તેઓને પાછળથી ખબર પડી હતી.

લોકો કહે છે કે, અલગ ભાષા તેમજ રહેણીકરણીવાળી આપણા દેશની પ્રજાને કોઈ એક તાંતણે બાંધતું હોય તો તે લતા મંગેશકરનાં ગીતો કહી શકાય. ભારતમાં વર્ષોથી મનોરંજનનું સર્વોપરી અને સસ્તું સાધન સિનેમા જ રહ્યું છે. લતાજીને કંઠની ભેટ તો ભગવાનની બક્ષિસ છે. પણ તેનો ઉછેર અને માવજત તેમને તેમના પિતા માસ્ટર દિનાનાથ મંગેશકર પાસેથી મળ્યાં, જે એક જમાનામાં મરાઠી સ્ટેઝના કલાકાર અને ગાયક હતા. સન ૧૯૪૨માં પિતાના મૃત્યુ પછી પરિવારનો સઘળો ભાર માત્ર ૧૩ વર્ષનાં લતાજી ઉપર આવ્યો. તેઓએ નાનાં મોટાં કામ, ગાયક તેમજ કલાકાર તરીકેનાં, કરવા માંડ્યાં. તેમાં શરૂઆત અભિનેત્રી નંદાના પિતા માસ્ટર વિનાયક સાથે ફિલ્મોમાં કામ કરવાથી થઈ. લતાજીએ ગીત-સંગીતનો તેમનો રિયાઝ ચાલુ રાખ્યો. તે સમયે તેમના આદર્શ ગાયકો હતા સાયગલ અને નૂરજહાં. લતાજીએ સન ૧૯૪૨માં 'પાહીલા મંગલાગૌર' ફિલ્મથી ગાયન અને અભિનયક્ષેત્રે પ્રવેશ કર્યો ત્યાર બાદ પાછું વાળીને જોવા વખત આવ્યો નથી. સન ૧૯૪૭માં બૉમ્બે ટૉકીઝની ફિલ્મ, મજબૂરમાં ગુલામ હૈદરના, સંગીતમાં ગીત ગાવાનો પ્રથમ અવસર પ્રાપ્ત થયો. ગીત હતું 'દિલ મેરા તોડા, મુઝે કહીં કા ના છોડા', ગીત સાંભળીને મહાન સંગીતકાર અનિલ બિશ્વાસે કહેલું કે જો આ ગાયિકાને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવે તો તે ક્યાંય નીકળી જશે. અને થયું પણ તેમ જ. લતાજીએ સર્વ ગાયકોને આજે પાછળ મૂકી દીધા છે. તેમણે સર્વપ્રદેશની વિખ્યાત અભિનેત્રીઓ માટે પ્લેબૅક આપ્યું છે. વિવિધ ભાષાઓમાં ગીતો ગાયાં છે. મોટા ભાગના સંગીતકારો માટે ગાયું છે. 'એ મેરે વતન કે લોગોં જરા આંખમેં ભરલો પાની' ગીત વડે તેઓએ જવાહરલાલ નેહરુ જેવાની આંખોમાં અશ્રુ વહાવી દીધાં હતાં. તેમના દેશ-વિદેશના પ્રવાસ કાર્યક્રમો હંમેશાં 'હાઉસફૂલ' રહેતા હોય છે. દેશ-વિદેશની ઘણી ભાષાઓમાં તેમણે ગીતો ગાયાં છે. તેમનાં ગીતોની, કસેટ્સ, રેકોર્ડ્ઝ, સીડી, સંખ્યા અપરંપાર છે.

સન ૧૯૪૯માં લતાજીને એકસાથે ત્રણ મહાન સંગીતકારોની ફિલ્મોમાં ગાવાનો કુદરતી અવસર મળ્યો અને પાર્શ્વસંગીતની દુનિયામાં તહેલકો મચી ગયો. પ્રેમચંદ પ્રકાશની ફિલ્મ મહલ, નૌશાદની ફિલ્મ અંદાજ, અને શંકર જયકિશનની ફિલ્મ બરસાત. બીનાકા ગીતમાલાએ વર્ષો સુધી ગીતો એમનાં સંભળાવ્યાં. રસ્તા ઉપરની હૉટલો, લગ્નસમારંભો તેમજ બૅન્ડવાજાંવાળાઓ પણ આ ગીતો વગાડતાં થાકતા નહીં. આજે પણ આ ફિલ્મોનાં ગીતો સાંભળવાં ગમે છે.

લતાજીએ ફિલ્મી ગીતો સાથે ભજનો, ભાવગીત, મરાઠી નાટ્ય ગીતો, ગીતાના શ્લોક વગેરે પણ ગાયાં છે. આજે તેમનાં મરાઠી ભજન મહારાષ્ટ્રમાં શાળાઓમાં પ્રાર્થના તરીકે ગવાય છે.

લતાજીને પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, અને ગયે વર્ષે ભારતરત્ન, સાથે ઘણા બધા ખિતાબો મળ્યા છે. દેશ-વિદેશનાં સંમેલન તેમજ 'ડૉક્ટરેટ'ની પદવીઓ પણ મળી છે, જેની સંખ્યા નોંધવી મુશ્કેલ છે. આજે દેશમાં, કોઈ પણ ફંડફાળા માટેની ટહેલ હોય અને લતાજીનો કાર્યક્રમ ગોઠવાયો હોય તો કલ્પનામાં ના આવે તેવો પ્રતિસાદ મળે છે. આવાં કલાકારો સદીમાં ક્યારેક જ જન્મતાં હોય છે.

લતાજી સ્વભાવે સહજ, સરળ, વિનમ્ર અને સાધનાપ્રિય છે. ઈશ્વરે તેમને સારું સ્વાસ્થ્ય આપેલ છે. આજે લગભગ ૭૨ વર્ષની વયે પણ તેઓ આપણી સમક્ષ ગીતો ગાય છે. ગીતો ગાવાનો એવો જ જાદુ, જાણે કે કાનમાં કોયલ ગુંજ્યા કરે. આવાં, સ્વરકિન્નરી લતાજી ઘણું જીવો, અને ભારતના પોતાના સંગીતની વિરાસતમાં વધારો કરતાં રહો તેવી શુભેચ્છા. સાચા અર્થમાં 'ભારતરત્ન' જેવાં લતાજીને નમસ્કાર.

-ગજેન્દ્ર શાહ

કલાવાર્તા

'આદિમ ભૂમિદૃશ્યો'
અવકાશ સમયની પારનાં

આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત દાર્શનિક છબિકાર શ્રી અશ્વિન મહેતાની છબિકલાનું એક પ્રદર્શન 'આદિમ ભૂમિદૃશ્યો - અવકાશ સમયની પારનાં' એવા નામાભિધાનથી ફેબ્રુઆરી ૨૦૦૧માં મુંબઈની 'નૅશનલ સેન્ટર ફૉર ફોટોગ્રાફી ઍઝ ઍન આર્ટ ફૉર્મ'ની પિરામલ ગૅલરીમાં પ્રસ્તુત થયેલું. સુવાંગ એમના જ આ ઓગણીસમા છબિકળા પ્રદર્શનની વેળાએ, ૭૦ વર્ષની વયે પહોંચવા આવેલા શ્રી અશ્વિન મહેતાએ તસ્વીરકાર તરીકે નિવૃત્ત થવાનો તેમનો નિર્ણય જાહેર કરેલો.


ઉપરોક્ત પ્રદર્શનમાં રજૂ થયેલી તેમની સંખ્યાબંધ ઉત્કૃષ્ટ તસ્વીરો પૈકીની એકમાં વનરાજીનો હરિયાળો વ્યાપ સૂચવતા પરવાળાના બે ટાપુઓ ઘટ્ટ લીલા લિસોટા રૂપે, અને ડાબી કોર, એમનાથી કંઈક દૂર, એક અન્ય ટાપુ સાવ પાંખા લિસોટા રૂપે અંકિત છે. બે ઘટ્ટ લિસોટા વચ્ચે એક લેલૂંબ હરિયાળો mangrove તથા ચોમેર વ્યાપ્ત પ્રચંડ અવકાશની ઉપરની બાજુએ એક શ્વેત વાદળ દેખાય છે. ફક્ત આટલાં જ જૂજ દૃશ્ય-કલ્પનો દર્શાવતી આ તસ્વીર શ્રી અશ્વિન મહેતાની દૃશ્યસંયોજનની સૂક્ષ્મ સૂઝ, રંગપરખ તથા દૃશ્યમાં ગર્ભિત દાર્શનિકતા અને phenomenonમાં સંગોપિત noumenonને પામવાની ક્ષમતા પ્રત્યે સંકેત કરે છે. (જુઓ તસવીર-૧)

આ શ્રેણીની અન્ય કેટલીક તસ્વીરો અસામાન્ય રંગલીલા અને દૃશ્ય-સંયોજનની બાબતમાં સવિશેષ ધ્યાન ખેંચે તેવાં ભૂમિદૃશ્યોની છે. તેમાંની (આ અંકના પૂઠા પર આપેલી) શ્વેત-સેપિયા રંગની એક, કોઈ ખૂબ જ વ્યાપક પહાડી વિસ્તારનું વિશિષ્ટ પોત દર્શાવે છે. બીજી, (જુઓ મુખપૃષ્ઠ-૨) એક યુગ્મ હિમખંડ તથા હિમાની ક્ષિતિજરેખાની ચોમેર ઘટ્ટ નીલા અવકાશમાં કોઈ રંગચિત્રકારે ખૂબ હળવા હાથે, પીંછીથી સાવ પાંખા શ્વેત રંગના લિસોટા કર્યા હોય તેવાં વાદળો દર્શાવે છે. હિમાની ક્ષિતિજની એક કોર, દૂર દૂર જળરાશિમાંથી ડોકિયું કરતા એક ટાપુ પર વનશ્રીથી સમૃદ્ધ આછા ઢોળાવવાળી ટેકરી છે. આ બન્ને તસ્વીરોમાં પ્રકૃતિનું શિલ્પાંકન ખાસ કરીને આરસના રૉ સ્લૅબ્ઝ જેવા લાગતા હિમખંડો અમૂર્ત કલાનો અણસાર આપે છે.

અન્યમાં, (મુખપૃષ્ઠ-૨) રેતાળ સમુદ્રકિનારા પર નાળિયેરીના પ્રલંબ, ભાતીગળ પડછાયા વૃક્ષો નહીં, માત્ર પડછાયા, અને ઉપરની બાજુએ હરિત નીલવર્ણો જળરાશિ દેખાય છે. વળી તસ્વીર એક ટાપુ પર આવેલ અશ્મીકૃત વૃક્ષ રાષ્ટ્રિય ઉદ્યાનના એક અકલ્પ ભૂદૃશ્યની (તસવીર-૫) છે. તેમાં એક ટેકરીના ઢોળાવ પર જાણે કોઈ હાથોએ પ્રચુર માત્રામાં રંગબેરંગી પાંચીકા વેર્યા હોય તેવું લાગે છે. ધોવાણ દ્વારા કાળપ્રવાહે કંડારેલા આ અમૂર્ત શિલ્પમાં પ્રકૃતિના ઊગતા, વહેતા flowing અને ટકી રહેતાં સ્વરૂપો સુપેરે અંકિત છે. ટેકરીની જમણી બાજુએ, પશ્ચાદ્ભૂમાં ઘટ્ટ નીલ શ્યામલ આકાશ અને જરઠ ખડકો સાથે વિરોધાભાસ રમતાં અવકાશી મહેર શાં પોચાં, મુલાયમ વાદળો દીસે છે. તસ્વીરની નીચેના ભાગમાં એક ઘાટઘૂટ વગરનો વિશાળ, છાયાદાર ખડક મથાળે પ્રકાશનો સંસ્પર્શ અનુભવતો અડીખમ ઊભો છે. રંગવૈવિધ્યની દૃષ્ટિએ કદાચ સૌથી વધુ ચિત્તાકર્ષક આ તસ્વીર, પ્રકૃતિ ક્યારેક રમતિયાળપણે ક્યાં અને કેવા રંગો છુટ્ટે હાથ વેરે છે, તેના દૃષ્ટાંતરૂપ છે.

કોઈએ સાર્થક રીતે કહ્યું છે, 'ભૂમિ પર આપણે કોઈ પ્રકારનો માલિકીહક્ક પ્રસ્થાપિત ન કરી શકીએ. માત્ર ભૂમિદૃશ્યો જ આપણાં હોઈ શકે.' આ તસ્વીરોમાં માનવ-આકૃતિઓ અને માનવીએ પાડેલા ટોચાની અનુપસ્થિતિ





'આદિમ ભૂમિ દૃશ્યો - અવકાશ-સમયની પારનાં' (નં. ૧ અને ૫) બે દૃશ્યો (છબિ-કલાકાર : અશ્વિન મહેતા)

દ્વારા શ્રી અશ્વિન મહેતા આ વિધાનને પ્રમાણતા જણાશે.

આદિમતાનું કોઈ કેલિન્ડર હોતું નથી. તેને સદી કે સહસ્રાબ્દીના સંદર્ભમાં મૂલવાતી નથી. સતત વહેતા કાળપ્રવાહમાં કેટલુંય આજે પણ એટલું આદિમ છે જેટલું વિશ્વના પ્રથમ પરોઢ સમયે હતું. આદિમતાનાં આગવાં લક્ષણો છે. અવકાશની મુકત વ્યાપ્તિત્વ, અપ્રદૂષિત પર્યાવરણ અને કૌતૂકબોધ. પ્રશિષ્ટ હોવું એટલે, એક અર્થમાં, અસીમ અવકાશની વ્યાપ્તિને કળામય રીતે આવરી લેવાની ક્ષમતા ધરાવવી. શ્રી અશ્વિન મહેતાની આ શ્રેણીની તસ્વીરો આ તમામ સંદર્ભોમાં આગવી છાપ ઉપસાવે છે.

વૃક્ષ, વનરાજી અને વાદળ વિકાસ અને વ્યાપ્તિનાં અર્થસભર પુરાકલ્પનો છે. લીલો કે નીલો આસમાની રંગ ભૂમિદૃશ્યોને યુગોથી આદિમતા બક્ષતો આવ્યો છે. ભીતર અને બહારની વ્યાપ્તિની દ્યોતક વેદોની ઋચાઓનો ઉદ્‌ભવ જળ, સ્થળ અને અવકાશની ઝળહળતી આભામાંથી જ થયેલો. જ્યારે મનનું સમય સાથેનું અનુસંધાન છૂટી જાય છે ત્યારે જ શાશ્વતીનું ઝંકૃતિપ્રદ દર્શન અને દિવ્ય પારાવારની અનુભૂતિ શક્ય બને છે.

શ્રી અશ્વિન મહેતાનાં આદિમ ભૂમિદૃશ્યોની શ્રેણી કેટલાય વેદોક્ત મંત્રોનું છબિકલાના માધ્યમ દ્વારા લયબદ્ધ રીતે અભિવ્યક્ત થયેલું સ્તોત્રગાન છે. -મુકુન્દ આર. દવે


જેરામ ટંડેલની મોહક ચિત્રસૃષ્ટિ

વડોદરાની જાણીતી પ્રતાપ હાઈ સ્કૂલના કલાશિક્ષક અને પાછળથી આચાર્ય થયેલા જેરામ ટંડેલે વહીવટી તથા કૌટુંબિક જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં પણ નિજાનંદ માટે તથા પોતાને અભિવ્યક્ત કરવા માટે ચિત્રસર્જન ચાલુ રાખેલું. શરૂઆતમાં વાસ્તવવાદી શૈલીમાં દૃશ્યચિત્રો તથા સ્ટિલ લાઈફ ચિત્રો કર્યાં પછી તેમણે આકૃતિપ્રધાન ચિત્રો કર્યાં. આ ચિત્રોમાં તેમની માછીમાર કોમની જીવનનિર્વાહ માટેની પ્રવૃત્તિઓ તથા તેમના જીવન અંગેનો તેમનો નિકટવર્તી અનુભવ અને નિરીક્ષણ તેજસ્વી રંગોમાં, ધ્યાનપાત્ર માનવાકૃતિઓ, નદી કે સમુદ્રના આલેખનમાં તથા વિશિષ્ટ પ્રકારનાં મકાનોના સર્જનમાં અને સંરચનાઓમાં ચિત્રિત થયાં છે. આવાં આકૃતિપ્રધાન ચિત્રોમાં જેરામનું મનોજગત આકર્ષક રંગરૂપોમાં રૂપાયિત થયું હોવાથી તે બાહ્ય જગતના વાસ્તવને અતિક્રમી કોઈ સ્વપ્નિલ છતાં મોહક સૃષ્ટિનું નિર્માણ કરે છે. દ્વિપરિમાણીય આ સંરચનાઓમાં અવકાશ તથા રંગરૂપોનું આયોજન સમજપૂર્વક અને કલાત્મક રીતે થયું હોવાથી તે ધ્યાનાકર્ષક બની છે. આ પ્રકારની સંરચનાઓ જેરામે તેમણે તૈયાર કરેલાં વિદ્યાર્થી ઉપયોગી કલાવિષયક પુસ્તકોમાં પણ સમાવિષ્ટ કરી છે.



જેરામનાં ચિત્રોમાં માનવજીવન કે માનવ અસ્તિત્વ અંગેની કોઈ ગહન, ચિંતનાત્મક અનુભૂતિની અભિવ્યક્તિ જોવા ન મળે તે સ્વાભાવિક છે. આવા સીમિત છતાં નિજી દૃશ્યાનુભવમાંથી સર્જાયેલા તેમના ચિત્રજગતમાં એક નોંધપાત્ર પરિવર્તન આવ્યું. વડદોરા જેવી કલાનગરીમાં વડોદરા ફાઈન આર્ટ્સ ફૅકલ્ટીના વિશ્વવિખ્યાત કલાકારો ભૂપેન ખખ્ખર તથા જેરામ પટેલના પરિચયમાં આવ્યા પછી, તેમની સાથે કલાવિષયક ચર્ચા કર્યા પછી અને તેમની સર્જનપ્રક્રિયા નિહાળ્યા પછી જેરામ ટંડેલનાં છેલ્લાં સર્જાયેલાં ચિત્રોમાં સંરચનાની દૃષ્ટિએ, રંગરૂપોના નિર્માણની દૃષ્ટિએ મહાન ફેરફાર જોવા મળે છે. હવે આકૃતિઓમાં કે પશ્ચાદ્‌ભૂમાં સપાટ રંગપુરણીની જગ્યાએ રંગોનો પ્રવાહ જોવા મળે છે. વળી, તેમનાં રંગરૂપો કે માનવાકૃતિઓ પણ નાના કદની તથા અર્ધપારદર્શક રંગોમાં જોવા મળે છે. તેમણે સર્જેલો ભૂરો રંગ ઘણો મોહક છે અને તે આપણને જગવિખ્યાત ચિત્રકાર માર્ક શૅગલનાં ચિત્રોમાં વપરાયેલા ભૂરા રંગની યાદ અપાવે છે. આ ચિત્રો સાચેસાચ તેમના મનોજગતની નીપજ છે.





ફાર્મ-હાઉસ પરની એક પાર્ટી| ચિત્રકાર : જેરામ ટંડેલ |ખેડૂત દંપતી

જેરામે તેમનાં છેલ્લાં ચિત્રોમાં ગ્રામ જીવનની તથા શહેરી જીવનની પ્રવૃત્તિઓનો સંવાદ સ્થાપવાનો સફળ પ્રયત્ન કર્યો છે. ભરવાડો, માછીમારો, ખેડૂતોને તેમના માહોલમાં પ્રવૃત્તિ કરતા તેમણે દર્શાવ્યા છે. તો બીજી તરફ 'પાર્ટી' નામના ચિત્રમાં શહેરી જીવનની ભીડ, રોનક સુપેરે બતાવ્યાં છે. શહેરી મકાનોની પશ્ચાદ્ભૂમાં તેમણે શહેરના રસ્તાની આગળ જમીન પર 'કુસ્તી' કરતી બે વ્યક્તિઓ અને અન્ય પ્રવૃત્તિઓ દર્શાવી છે. દશ્યાત્મક તથા સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ પણ આ ચિત્રો આનંદદાયક અને સંતર્પક છે. -બંસીલાલ દલાલ

કલાવૃત્ત

કલાકાર અશોક ખાંટ

વલ્લભવિદ્યાનગરની કલાસંસ્થામાંથી આર્ટ ટિચર્સ ડિપ્લોમા તથા ચિત્રકલામાં જી.ડી.એ. પ્રાપ્ત કરનાર અશોક ખાંટને તેમની ચિત્રકલા માટે ૧૯૮૪થી ૧૯૯૩ સુધીમાં નોંધપાત્ર ઇનામો મળ્યાં છે. તેમણે અનેક વન મેન શૉ યોજ્યા છે. તદુપરાંત કલાના વર્કશૉપ તથા કૅમ્પમાં ભાગ પણ લીધો છે. પોર્ટ્રેટમાં તેમણે હથોટી પ્રાપ્ત કરી હોવાથી શિબિરો તથા અન્ય સંસ્થાઓમાં પોર્ટ્રેટ વિષય પર નિદર્શનો આપ્યાં છે. અનેક જાહેર સંસ્થાઓમાં તથા ખાનગી સંગ્રહોમાં તેમનાં ચિત્રો સંગ્રહાયાં છે. વર્તમાનમાં તેઓ આણંદમાં પોતાનો ફાઇન આર્ટ પેન્ટિંગ અને ડિઝાઇન સ્ટૂડિઓ ધરાવે છે શરૂઆતની તેમની કારકિર્દીમાં તેમણે સુંદર વાસ્તવદર્શી દશ્યચિત્રો પણ સર્જ્યાં હતાં.

સાંપ્રત ચિત્રકલાના નૂતન કલાપ્રવાહોમાં તથા પ્રયોગોના સમયમાં કદાચ અશોક ખાંટના વાસ્તવદર્શી ચિત્રો ઍકેડેમિક ગુણવત્તાવાળાં તથા કેટલીક વાર વ્યાવસાયિક કૅલેન્ડર કક્ષાનાં પણ લાગે, છતાં ફોટોગ્રાફિક વાસ્તવદર્શી આ ચિત્રોમાંનું વ્યક્તિચિત્રણ તેમજ સંયોજન અને તેજસ્વી રંગવિધાન, અવકાશવિધાન ખરેખર નોંધપાત્ર છે. તેજ છાયાનું અદ્ભુત દર્શન ઉપરાંત ચહેરા પર કરચલીઓ અને ચામડીના ટોન અને પોતદર્શન તથા ભાવદર્શન આ ચિત્રોને ધ્યાનાકર્ષક બનાવે છે. -બંસીલાલ દલાલ


દાદા સાથે સંતાનો (ચિત્રકાર : અશોક ખાંટ)

સ્વ. વિનય ત્રિવેદી (૧૯૨૮-૨૦૦૧)

ભાઈ વિનય ત્રિવેદી છેલ્લાં બે વર્ષથી પિડાતા હતા. એમનો જન્મ. ભાવનગરમાં ઈ.સ. ૧૯૨૮માં થયો હતો. બાળપણ અને શિક્ષણ ભાવનગરમાં જ લીધું અને પછી મુંબઈની સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં થોડો સમય કલા શિક્ષણ લઈ સુપ્રસિદ્ધ કલાબ્ધિના સ્ટૂડિઓમાં જોડાઈ ઇલસ્ટ્રેશની તાલિમ લીધી.

એવામાં વડોદરા વિશ્વ વિદ્યાલયે ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સની સ્થાપના કરી ડિગ્રી કોર્સની જાહેરાત કરી એટલે ૧૯૫૧માં ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સમાં જોડાયા અને છ વર્ષ અભ્યાસ કરી ૧૯૫૭માં સ્નાતક બન્યા. એમની ડ્રૉઈંગની શૈલી અનોખી હતી અને ખૂબ ભાવવાહી તેમજ મનોરમ્ય ડિઝાઇનવાળી હતી. તેને લીધે વડોદરાના ઓરિએન્ટલ ઇંસ્ટિટ્યૂટમાં તાજેતરમાં પ્રારંભેલ રામાયણ સંશોધન વિભાગમાં રામાયણના પ્રસંગોનાં ચિત્રો બનાવ્યાં અને પછી ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સમાં વ્યાવહારિક કલા વિભાગમાંથી ૧૯૮૮માં નિવૃત્ત થયા. ત્યાં સુધી પ્રાધ્યાપક તરીકે કામ કર્યું.

એ દરમિયાન અનેક ચિત્રો, ડિઝાઇનો, મ્યુરલો કર્યાં. નાગદાના મંદિરના દરવાજામાં કોતરવા માટેના ડ્રૉઇંગ ઉપરાંત, ભૂમિપુત્રના અક્ષરોની રચના ઉપરાંત ભૂ.પુ.એ પણ કરેલા અનેક પુસ્તકોની કવર ડિઝાઇન, સોખડાના સ્વામિનારાયણ મંદિર માટે મ્યુરલો અને ફૅકલ્ટીમાં દર વર્ષે ભરાતા ફાઈન આર્ટ્સ ફેર માટે અનેક અભિનંદન કાર્ડો અને ઇતર ચિત્રો સર્જ્યાં. તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ તેમનું અવસાન થયું સ્વભાવે મૃદુ, મિતભાષી, સદૈવ હસમુખા વિનુભાઈને સ્મર્ણાંજલી અર્પુ છું.

સ્વ. કનુભાઈ બ્રહ્મભટ્ટ ૧૯૩૬-૨૦૦૧

મૅટ્રિકમાં ફર્સ્ટ ક્લાસ મેળવી પાસ થતાં કનુભાઈ કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા હતા, પરંતુ કુટુંબની આર્થિક સ્થિતિ નબળી રહી એટલે એમને નોકરી કરવાની ફરજ પડી અને મનની મુરાદ મનમાં રહી ગઈ. આજથી ૬૫ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૩૬માં એમનો જન્મ સોજીત્રામાં. પરંતુ કંઈક શીખવાની ધગશને લઈ ઈ.સ. ૧૯૬૩માં અભ્યાસ પૂરો કર્યો સાથે યુનિવર્સિટીના લાઈબ્રેરી વિભાગમાં નોકરી ચાલુ રાખી. ફૅકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં પણ લાઈબ્રેરીઅન તરીકે કામ કરતા જુદા જુદા વિભાગોમાં અવારનવાર જવાનું થતું. સાથે કલા વિશેનાં અનેક પુસ્તકો-સામયિકો પણ જોવાજાણવા મળતાં કલા પ્રત્યે આકર્ષાયા. ગ્રાફિક્સ નામના સ્વિટ્ઝરલૅન્ડથી બહાર પડતા શૈલી સામયિક તેમજ 'માર્ગ' મૅગેઝીનમાં આવતા અનેક લેખોનો બારીકાઈથી અભ્યાસ કરવાની તક મળી. તેમાં 'ગ્રાફિક્સ'

(અનુસંધાન પૃ. ૪૪૩)


ઓલિમ્પિક રમતોત્સવ પ્રસંગનું એક પોસ્ટકાર્ડ (ચિત્રકાર : કનુભાઈ બ્રહ્મભટ્ટ)

અડકો દડકો

સોનેરી માછલી ને ઘરડી કાચબી

ચંદ્રકાન્ત શેઠ

રામપુરાનું તળાવ ખરેખર જોવાલાયક હતું. એમાં સફેદ ને રાતાં સુંદર કમળ થતાં. વળી ત્યાં બંગલા ને જળકૂકડી, બતક, હંસ ને સારસ એમ જાતભાતનાં પંખીઓ આવતાં. તળાવમાં રંગબેરંગી માછલીઓની પણ વસ્તી હતી. તેથી જે કોઈ રામપુરા આવે તે આ તળાવ પર ફરવા આવવાની તક તો જવા જ ન દે. તળાવકાંઠે મહાદેવનું સુંદર મંદિર હતું. અનેક ભક્તો મહાદેવનાં દર્શન કર્યા બાદ તળાવના ઓવારા પર બેસતા ને સાથે લાવેલ મમરી-મમરા વગેરે તળાવમાં નાખી માછલી, કાચબા વગેરેને આકર્ષવાનો પ્રયત્ન કરતા.

આ તળાવમાં રંગબેરંગી માછલીઓ તો અનેક, પણ સોનેરી માછલી એકેય નહોતી. એમાં એક વાર ભારે વરસાદ આવતાં, વરસાદ સાથે ક્યાંકથી પાણીમાં તણાઈને જે માછલીઓ તળાવમાં આવી તેમાં એક સોનેરી માછલી હતી. આવી માછલી તળાવમાં બીજી એકેય નહીં, એટલે એનો ફુલારો તો માય નહીં. જેને ને તેને એ પોતાનો સોનેરી રંગ બતાડવા દોડી જાય. ક્યારેક તો એ સોનેરી રંગ બતાડવાના મોહમાં તળાવના કાંઠા સુધી આંટો મારતી અને ત્યારે એની નજીકમાં રહેતી ઘરડી કાચબી તેને પ્રેમપૂર્વક ઠપકોય આપતી. એ કહેતી, 'દીકરી, ભગવાને તને સોનેરી રંગ આપ્યો છે તે સારું છે, પણ તેનો ઘમંડ સારો નહીં.' માછલીને તો આ ઘરડી કાચબીની શિખામણ સાવ હસી કાઢવા જેવી લાગી. એ તો છણકો કરતીકને કાચબી પાસેથી ઊઠીને ચાલી ગઈ. કાચબી તો એક ઊંડો નિસાસો નાખીને બેઠી રહી.

પેલી સોનેરી માછલીએ તો આખા ગામને જાણે ગાંડું કર્યું. ધીરે ધીરે સૌને ખબર પડી કે આ તળાવમાં એક સોનેરી માછલી આવી છે. અનેક તરવૈયાઓ તળાવમાં ડૂબકી મારીને એને પકડવાની મથામણ કરતા. કેટલીક વાર તો આમતેમથી ઊડી આવતાં પક્ષીઓ પણ તળાવ-કાંઠે બેસીને આવી કોઈ માછલી જોવા મળે તો ઝડપી લેવાની આશા રાખતાં ને તેમાં બગલાભાઈ તો ખાસ.

આ સોનેરી માછલી પાછી વાતોડિયણ પણ બહુ હતી. અવારનવાર અજાણ્યા સાથેય વાતનાં વડાં કરવામાં જામી પડે. એક વાર તો એ મીઠાબોલા બગલા સાથે વાતે ચડેલી; બગલાએ તો તેને પાસે આવવાનેય લલચાવેલી પણ માછલીનું નસીબ પાધરું તે પેલી ઘરડી કાચબી ત્યાં આવી ચઢી ને તેને પેલા બગલાને ધમકાવી કાઢી માછલીને સાચવીને ઊંડા પાણીમાં લઈ ગઈ.

આ માછલી એક વાર પાણીમાં આરામથી સહેલતી હતી. તેને થયું, 'ચાલ, આજે તો ઘણાં લોકો મહાદેવના દર્શને આવ્યાં છે તે મારો સોનેરી રંગ એમને બતાડી આવું.' ને એ તો ઓવારા તરફ દોડી. આમ તે જતી હતી ત્યાં કશુંક જાળી જેવું એને દૂરથી દેખાયું ને તરત એના પડખે જ તરતી પેલી ઘરડી કાચબીએ કહ્યું, 'દીકરી, સમાલજે. માછલી એકદમ ચોંકીને પાછી પડી. તેણે જોયું તો પોતાની કેટલીયે બહેનપણીઓ જાળમાં ફસાયેલી હતી ને છૂટવાની મથામણ કરતી હતી. ભીલું થજો ઘરડી કાચબીનું તે પોતે જાળમાં ઝડપાતી રહી ગઈ ને પછી તો એ એવી ઝડપથી ઊંડા પાણીમાં ભાગી ગઈ કે તેની પાછળ આવતાં પેલી ઘરડી કાચબી તો સાવ થાકી ગઈ.

આ પછી તો પેલી સોનેરી માછલી બહુ ઠાવકી થઈ ગઈ છે. કામ વિના કોઈની સાથે નકામું બોલ બોલ કરતી નથી. કોઈની આગળ પોતાના સોનેરી રંગનું અભિમાન કરતી નથી. હવે તો એ પેલી ઘરડી કાચબી સાથે જ તરવા જાય છે ને તેની પાસેથી જાતભાતના અનુભવોની અવનવી વાતો સાંભળવાની મજા માણે છે. ❒

કાબર

કિરીટ ગોસ્વામી

કાબર આવેલ કલબલ કરતી
કાબર ફળિયા વચ્ચે ફરતી !

કાબર શોર મચાવે જબરો
કાબર બોલે કક્કો અઘરો !

કાબર કેરી ચાલ મજાની
કાબર ચાંચ ઉઘાડે નાની !

કાબર ભાત-રોટલી ખાતી
કાબર કૂંડે બેસી ન્હાતી !

કાબર વાળ મજાના ઓળે
કાબર રહેતી કાયમ ટોળે !

કાબર બપોર-વેળા જાગે
કાબર બિલ્લી દેખી ભાગે !

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૩૯૪થી

પૂછવાઠેકાણે તાળાં દીધાં એ કાળને તે કહેવું શું?

-કનુભાઈ જાની (અમદાવાદ)

•

નવેમ્બર (?) ૧૯૦૦ : મૅક્સ પ્લાંક (ઈ. ૧૮૫૮ - ૧૯૪૭ : 'કુમાર'માં ૧૯૪૧ મુદ્રણ દોષ છે. નવેમ્બર ૨૦૦૦, પૃ. ૭૧૦ : પોતાના સુપુત્રને 'આજે મેં ન્યુટનની શોધ સમાન શોધ કરેલ છે.'

(આઈનસ્ટાઈન - ધ લાઈફ ઍન્ડ ટાઈમ્સ : રોનાલ્ડ ડબ્લ્યુ કલાર્ક, આઠમું સંસ્કરણ, ૧૯૭૨, પૃ. ૯૫.)

આ શોધ ને મૅકસ પ્લાંકનો સુખ્યાત 'ક્વૉન્ટમ સિદ્ધાંત'. ઈ. ૧૯૦૦માં પ્લાંકે 'On the Theory of the Laws of Energy Distribution in the Continuous Spectrums' લેખ પ્રકાશિત કર્યો, જે 'ક્વૉન્ટમ સિદ્ધાંતમાં પરિણમ્યો.'

પ્રો. સુધરી પ્ર. પંડ્યા અને સુરેશ ર. શાહે 'આધુનિક ભૌતિકશાસ્ત્રના ક્રાન્તિના પ્રણેતા મૅક્સ પ્લાંક'ને સંક્ષેપમાં સમુચિત ન્યાય આપેલ છે. ('કુમાર, નવેમ્બર ૨૦૦૦) ધન્યવાદ !

પ્લાંકનું વિશ્વખ્યાત સમીકરણ છે : E = hf where f is the light's freaency and h is the Plank constant. (A Dictionary of Sceince' oup, 1999, P. 651 A Dictionory of Scientists' oup, 1999, P. 428

પ્લાંક અને આઈનસ્ટાઈન ખાસ્સા મિત્રો. નોબેલ પારિતોષિક ઈ. ૧૯૦૮માં ભૌતિકશાસ્ત્ર માટે પ્લાંકનું નામ સુચવવામાં આવેલું પરંતુ અન્યને એનાયત થયું.

ઈ. ૧૯૧૮ : આઈનસ્ટાઈને ભૌતિકશાસ્ત્રના નોબેલ પારિતોષિક હેતુ પ્લાંકનું નામ સૂચવ્યું, પ્લાંકને પારિતોષિક એનાયત થયું.

ઈ. ૧૯૨૧ના ભૌતિકશાસ્ત્રના નોબેલ પારિતોષિક માટે પ્લાંકે આઈનસ્ટાઈનનું નામ સૂચવ્યું, પારિતોષિક આઈનસ્ટાઈનને એનાયત થયું. પરંતુ 'Special Relativity' માટે નહિ. (ઈ. ૧૯૦૫), General Relativity (1916) માટે નહિ, પરંતુ For his services to the theoretical physics and especially for his discovery of the law of the photoelectric effect.' (1905)

'Plank was also the first to apply relativity to the quantum theory.'

'Was the photoeffect worth a Nobel prize ? Without a doubt, Einstein's paper on the subject was the first application of quantum theory to systems othher than pure radiation'

સમીકરણ છે :

Special relativity → General relativity
Statistical physics → Quantum theory
General relativity ↘ Unified field theory ↙ Quantum theory

આઈનસ્ટાઈન પાછલાં ત્રીસેક વર્ષોમાં **Unified field theory**ને સાર્થક કરવા સફળ ન થયા. **'Quantum mechanics'** પ્રત્યે આઈનસ્ટાઈન સાશંક. **'Subtle is the Lord, but malicious He is not.'** સુખ્યાત ઉક્તિ.

('Subtle is the Lord'... The Science and the Life of Albert Einstein' - Abraham Pais, 1982, OUP, P. Vi, Vii, 131, 372, 465, 505-511 ઇત્યાદિ. લેખકનું ૮૧ વર્ષની વયે તાજેતરમાં અવસાન થયું.

પ્રિન્સટન વિદ્યાલય દ્વારા 'આઈનસ્ટાઈન કલેકટેડ પેપર્સ' ખુલ્લાં મુકાએલ તેમાં આઈનસ્ટાઈનને 'પીંખવામાં' પણ આવેલ છે. આઈનસ્ટાઈનના **'Brain'** સંદર્ભે પણ તાજેતરમાં ગ્રંથ પ્રકાશિત થયેલ છે. અમેરિકામાં **'Nobody's Reputatoin is Safe'.** જીવનચરિત્ર એટલે ઢાંકપિછેડાનું નામ નહિ.

-વી.બી. ગણાત્રા(મુંબઈ)

•

મે, ૨૦૦૧ના 'કુમાર'માં શ્રી ન. પલાણનું લખાણ સ્વ. જયંત કોઠારીના ક્ષેત્રના કામની સર્વગ્રાહી અને સરસ માહિતી અર્પે છે. તે બદલ મારા દિલી અભિનંદન. માત્ર એક જ વાત બરાબર જણાતી નથી. સ્વ.જ. કો. સાચું લાગે તે જ કરે તેવા હતા. એક જ ઇ-ઉની વાત કેવળ સરળતા જણાતાં તેઓ અપનાવવા તૈયાર થાય તેવા હરગીઝ નહોતા. પરંતુ તેમના ઊંડા ભાષા-અધ્યયન, ઐતિહાસિક-સંદર્ભ અને પુરાવા, ભાષાવૈજ્ઞાનિક સમર્થન ને તેની સત્યતા નાણ્યા પછી જ તેમણે તે વલણ લીધેલું. એમનાં છેલ્લાં બે પુસ્તકોમાં તેમણે વિસ્તારથી વાત લખી જ છે. આટલી ચોખવટ એમને અંગે ગેરસમજ ન થાય તે માટે કરી છે.

-ઉત્તમ ભ. ગજ્જર (સુરત)

હાલમાં નાગાલૅન્ડના આંદોલનકારો સાથે કેન્દ્ર સરકારે કરેલી સંધિના પરિણામે મણિપુરમાં તોફાનો થયાં છે. નાગ લોકો પ્રાચીન સમયથી સરહદી રાજ્યો માટે સમસ્યાઓ સર્જે છે. આઝાદી પછી ભારતે દાયકાઓ સુધી તેમનો સામનો કરવો પડ્યો છે. નાગ લોકોનો ઈતિહાસ, સંસ્કૃતિ, સભ્યતા વગેરે સમજવા માટે જૂન ૨૦૦૧ના 'કુમાર'માં પ્રગટ થયેલ 'નાગાલૅન્ડ' વિશેનો લેખ ઘણો ઉપયોગી છે. ઈશાન ભારતના સીમાવર્તી વિસ્તારોનાં લોકોને દેશના મુખ્ય પ્રવાહમાં વિલીન કરવા જતાં ત્યાંની વિવિધ જાતિઓ, અલગ બોલી, રિવાજો, પરંપરાઓ સચવાય તે પણ અનિવાર્ય ગણાય. એ જાતિઓ વિશે લોકો વધુ માહિતગાર થાય તે માટે આવા લેખો આવશ્યક છે.

-રમેશ પરીખ (અમદાવાદ)

કંકાવટી

સરલાબહેન શેઠ

૨૭ જૂન, ૨૦૦૦ના રોજ શ્રીમતી સરલાબહેન શેઠનું ૮૭ વર્ષની પાકટ વયે અવસાન થયું. ૧૯૧૩ના જુલાઈ માસની



૨૦મી તારીખે જન્મેલાં સરલાબહેન એકાદ મહિનો બાદ કરતાં સમગ્ર જીવનમાં ખૂબ સક્રિય રહ્યાં. કનૈયાલાલ મુનશીનાં એ દીકરી, એટલે વારસામાં સમાજસેવાની પ્રેરણા મળી હોય તેમ માની લઈએ. એ વખતના ભારતમાં ઘણાંબધાં રાષ્ટ્રવાદી કુટુંબોમાં આઝાદી માટે લડવાની એક પ્રણાલી પણ પડી ગઈ હતી. કનૈયાલાલ મુનશી એટલે પ્રખર લેખક, સૉલિસિટર, રાજકારણી, ગવર્નર અને હૈદરાબાદના નિઝામને હંફાવનાર સરસેનાપતિ. માતા અતિલક્ષ્મી પ્રેમાળ ગૃહિણી, ત્રણ પુત્રીઓ અને એક પુત્રનાં માતા. માતાના સંસ્કાર પણ ભારતીય નારીના એટલે સમાજનું ઋણ ચૂકવવાની ભાવના, સ્વાર્થ સાધીને હોદ્દા મેળવવાની ઝંખના સાવ ઓછી. લીલાવતી મુન્શી એમનાં એટલે કે સરલાબહેનનાં અપરમાતા. એમના પણ સંસ્કાર સાહિત્ય અને સમાજસેવાના.

બાળપણ અને કિશોરી અવસ્થા શિક્ષણ-પ્રાપ્તિમાં. એ જમાનાં બી.એ.એલએલ.બી. સુધીનો અભ્યાસ કર્યો. જાટુભાઈ જમિયતરામ અને માદનની વકીલાતની પેઢીમાં નવેક વર્ષ કામ કર્યું. આ લખનારનું એમનુ પ્રથમ દર્શન ૧૯૪૦-૪૧નું છે. જ્યારે યુવતીઓ આજની જેમ બૉબ્ડ વાળ કે પૉની ટેલ રાખતી ન હતી અને પુરુષો સાથે છૂટથી ઓછું હળતીમળતી હતી. એ વખતે પણ સરલાબહેન બૉબ્ડ વાળ રાખતાં હતાં અને મોકળાશથી હળતાં મળતાં હતાં. સરલાબહેને આઝાદીની ચળવળમાં ભાગ લીધો અને ગાંધીજીની સાથેનો સંપર્ક છેક ૧૯૪૭ સુધી ટકાવી રાખેલો. ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં ભાગ લઈને જેલયાત્રા પણ માણેલી. વિદ્યાર્થીકાળથી એમને આંદોલનમાં રસ હતો. સાંતાક્રુઝની યુવા કૉંગ્રેસની વાનરસેનામાં તેઓ કૅપ્ટન હતાં.

અગ્રગણ્ય વેપારી શ્રી જયચંદ્ર શેઠ સાથે આંતરજ્ઞાતીય લગ્નથી જોડાયાં. ત્રણ બાળકોની માતા બન્યાં. એમનો દીકરો પ્રેમલ અમેરિકામાં સ્થાયી થયેલ છે અને મૅનેજમેન્ટ કન્સલ્ટન્ટ છે. દીકરી કાલિન્દી ચંદેરિયા કુટુંબમાં પરણીને લંડનમાં વસે છે. સક્રિયતાને વરેલાં સરલાબહેન મુંબઈની ઘણીબધી સંસ્થાઓ સાથે સંકળાયેલાં રહ્યાં હતાં. છેક ૧૯૩૬થી નૈતિક ભયથી પીડિત સ્ત્રીઓને છત્ર આપનારી બૉમ્બે વિજીલન્સ એસોસીએશનને એમની સેવાનો લાભ વીસેક વર્ષ મળ્યો. ૧૯૮૦માં એ એનાં પ્રમુખપદે બિરાજ્યાં. ઑલ ઇન્ડિયા વિમેન્સ ફુડ કાઉન્સિલની મુંબઈ શાખાનાં તેઓ ૧૯૫૦ થી ૧૯૬૦ સુધી માનદ્ મંત્રીપદે રહ્યાં. ભારતીય વિદ્યાભવનની મહિલા પાંખ ભારતીય સ્ત્રી સેવા સંઘનાં પણ મંત્રીપદે ૧૯૫૦-૧૯૬૦ સુધી રહ્યાં. ૧૯૪૮ થી ૧૯૮૫ સુધી જુવેનાઈલ કોર્ટના મૅજિસ્ટ્રેટ તરીકે પણ એમણે માનદ્ સેવાઓ આપી. ગુજરાતી સ્ત્રી મંડળની શિક્ષણ સમિતિના પ્રમુખપદે દીર્ઘ સમય સુધી કામ કર્યું. મુંબઈની આ જૂનામાં જૂની સ્ત્રી સંસ્થાનાં પ્રમુખ પણ બન્યાં. આ સંસ્થામાં તેમણે મન મૂકીને કામ કર્યું. સ્ત્રીઓ પોતાની રોજી-રોટી રળી શકે અને કુટુંબની આવકમાં વૃદ્ધિ કરી શકે એવાં કૌશલ્યો સ્ત્રીઓ શીખે એવા વર્ગોનું આયોજન કર્યું. મંડળની માસિક પત્રિકાનું ૩૦ વર્ષ સુધી તંત્રીપદ પણ શોભાવ્યું.

મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઑફ પ્રોહિબિશનનાં સભ્ય તરીકે અને ફીલ્ડ ઍડવાઇઝરી બોર્ડના સભ્ય તરીકે પણ એમણે એમની સેવાઓ આપી. નૅશનલ કાઉન્સિલ ઑફ વિમેન, ઇન્ડિયાના ઉપપ્રમુખ પદે ૧૯૮૪ થી કામ કર્યું. લેખનનો વારસો પિતા તરફ મળ્યો. સરલાબહેનનાં વ્યક્તિત્વનું એ એક પાસું સાહિત્યિક પ્રવૃત્તિઓનું ગણી શકાય. ચાર નવલકથાઓ અને ચાર ટૂંકીવાર્તાના સંગ્રહો પ્રકટ થયાં છે, જેમાં 'મંથન' અને 'શાલિની' પ્રખ્યાત છે અને 'ઊગતાં ફૂલ' સ્ત્રીજીવનને સ્પર્શતી વાર્તાઓને કારણે જાણીતી છે. પોતે કાયદાનિષ્ણાત હતાં એટલે 'મહિલા માર્ગદર્શિકા'માં સ્ત્રીઓના હકોની માહિતી સુપેરે પૂરી પાડતાં મુંબઈ સમાચારમાં અવારનવાર લખતાં. સજની, નવનીત-સમર્પણ જેવાં સામયિકોમાં એમના લેખો પ્રગટ થતાં, સામાજિક સમસ્યાઓનો એમનો અભ્યાસ તેમજ અવલોકન ગહન હતું, આથી રેડિયો પર વ્યાખ્યાન પણ આપતાં. જુદા જુદા વિષયો પર પરિસંવાદ પણ યોજતાં.

શીરમોરસમું એમનું ઉત્તમ કાર્ય તો માતાની સ્મૃતિમાં સ્થાપેલી સંસ્થા 'અતિલક્ષ્મી કનૈયાલાલ મુન્શી યોજના.' એના નેજા હેઠળ ચાલતી તબીબી સેવાનો પ્રારંભ પ્રથમ થયો. મધ્યમ વર્ગને વાજબી દરે તબીબી સારવાર મળી રહે તે માટે મેડિકલ સેન્ટર આજે ચાલીસ વર્ષથી નિદાન ઉપરાંત દવા વગેરે રાહત દરે આપે છે. એમાં નવા નવા વિભાગો ઉમેરાતા રહે છે. આ કેન્દ્રનો લાભ ગીરગામ, પ્રાર્થનાસમાજ અને ભૂલેશ્વર જેવા વિસ્તારોમાં વસતાં ઘણાં કુટુંબો લે છે. પતિની સ્મૃતિમાં જે.ટી. શેઠ મંદબુદ્ધિ વિકાસ કેન્દ્ર શરૂ કર્યું. જે ત્રીજી પાંજરાપોળમાં પ્રશંસાપાત્ર કાર્ય કરી રહ્યું છે. આ કેન્દ્રમાં મંદબુદ્ધિ બાળકોને પ્રાથમિક શિક્ષણ ઉપરાંત વ્યવસાયી તાલીમ આપતું ઉન્નતિ કેન્દ્ર પણ ચાલે છે, જેમાં બાળકો વણાટકામ, સિવણકામ, ફાઈલો બનાવવાનું, સ્ક્રીન પ્રિન્ટિંગ વગેરે શીખે છે. આ બાળકોની તબીબી તપાસ અને સારવાર તો થાય છે પણ એમનો સામાજિક વિકાસ થાય તે માટે રમતગમત તથા પર્યટનોનું પણ આયોજન થાય છે. બાળકોના મનોરંજન માટે સંગીત-શિક્ષણની વ્યવસ્થા પણ એમણે કરી છે. બાળકો રાજ્યકક્ષા તથા રાષ્ટ્રકક્ષાએ આયોજિત હરીફાઈઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને ચંદ્રકો પણ જીતી લાવે છે. આ બાળકોના એમના તરફના પ્રેમનું એક દૃષ્ટાંત ટાંકવાનો લોભ જતો કરી શકતી નથી. સરલાબહેનના મૃત્યુના સમાચારથી બાળકોને દુઃખ થયું હોય એ સ્વાભાવિક છે. કેટલીક બાલિકાઓએ ૨૮ જૂને એકાદશીનો ઉપવાસ કર્યો અને મંદિરમાં જઈને પૂજારી પાસે સંકલ્પ મુકાવીને ઉપવાસનું પુણ્ય સરલાબહેનને અર્પણ કર્યું. યાદ રહે કે આ અંજલિ મંદબુદ્ધિ બાલિકાઓએ કોઈના કહેવાથી નહીં પણ સ્વપ્રેરણાથી આપી હતી.

મંદબુદ્ધિ વિકાસ કેન્દ્રમાં રમકડાં પુસ્તકાલય, અર્લી ઇન્ટરવેશન કેન્દ્ર, શાર્તુલ

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

એવું દૃઢપણે માનવામાં આવે છે કે નોબેલ પ્રાઇઝ સમેતનાં ઘણાં બધાં ઈનામો લેખકની ભાગદોડ, સિફારસો અને કેટલીક વાર સોદાબાજીને કારણે મળી જાય છે. પર્લ બકને નોબેલ પ્રાઇઝ આપવા સામે અઢારમાંના દસ સભ્યો વિરોધમાં હતા, પણ એક સભ્યે ખૂબ જ દબાણ કરી તેને અપાવ્યું. એ સામે તે સભ્યનું એક પુસ્તક પર્લ બકે છપાવી આપેલું. અને બધી રીતે યોગ્ય હોવા છતાં ટૉલસ્ટૉયના નામનો પ્રસ્તાવ સુધ્ધાં કોઈ સભ્યે ના મૂક્યો એટલે તેમને તે ન મળ્યું. નોબેલ પ્રાઇઝ કમિટીના સભ્યોએ જેમ્સ જૉઈસનું નામ પણ નહોતું સાંભળ્યું. તો ટૉમસ હાર્ડીના નામ સામે કેટલાક સભ્યોને અણગમો હોવાને કારણે એ બન્ને વચ્ચેની પસંદગીમાં ટાગોર પર નોબેલનો કળશ ઢોળવામાં આવેલો. મૅક્સિમ ગૉર્કી, એન્ટન ચેખવ અને રિલ્કે જેવા સર્જકો નોબેલ પ્રાઇઝ માટે નાના પડ્યા હતા. પણ ૧૯૬૪ના વર્ષમાં મળેલા નોબેલ પ્રાઇઝને સાર્ત્રે ઠુકરાવી દીધેલું એનાં કારણોમાંનું મહત્ત્વનું કારણ એ કહેવાય છે કે આ નોબેલ પ્રાઇઝ આલ્બેર કામૂને ૧૯૬૦માં મળી ગયું. એટલે ખીજાઈને સાર્ત્રે, મારા પહેલાં કામૂને કેમ આપ્યું, એવી રીસ સાથે નોબેલ પ્રાઇઝ નહોતું સ્વીકાર્યું. આ અને આવી બધી અંતરંગ વાતો ઇરવિંગ વૉલેસે 'ધ રાઇટિંગ ઑફ અ નોવેલ'માં વિસ્તારથી લખી છે.

ગણિતગમ્મત

કિશોર ન. ગોરધનદાસ

૬૬૫	+	૬૬૯	+	૬૬૪
+				+
૬૭૦		૧૯૯૮		૬૬૬
+				+
૬૬૩	+	૬૬૭	+	૬૬૮

૬૭૦	+	૬૬૫	+	૬૬૪
+				+
૬૬૬		૧૯૯૯		૬૬૮
+				+
૬૬૩	+	૬૬૯	+	૬૬૭

૬૬૩	+	૬૬૮	+	૬૬૯
+				+
૬૬૭		૨૦૦૦		૬૬૫
+				+
૬૭૦	+	૬૬૪	+	૬૬૬

૬૬૮	+	૬૬૪	+	૬૬૯
+				+
૬૬૩		૨૦૦૧		૬૬૭
+				+
૬૭૦	+	૬૬૬	+	૬૬૫

૬૬૩ થી ૬૭૦ સુધીના સળંગ નંબરો ચાર જુદા જુદા ચોરસમાં એવી રીતે વાપરવામાં આવ્યા છે કે દરેક ચોરસમાં ઊભી અને આડી લીટીના સરવાળા જુદા જુદા ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૦ અને ૨૦૦૧ આવશે.

ફાઉન્ડેશને સર્જેલું કેન્દ્ર, માનસશાસ્ત્રીની સેવાઓનો સમાવેશ થાય છે. કેન્દ્ર દ્વારા ચિત્રકામ અને ફેન્સી ડ્રેસ હરીફાઈ મંદબુદ્ધિ બાળકો તથા સામાન્ય શાળાઓનાં બાળકો માટે યોજાય છે અને સ્વસ્થ અને વિશિષ્ટ બાળકો એક સાથે આ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

અ.ક. મુનશી યોજના દ્વારા બાળકલ્યાણ કેન્દ્ર વિભાગ પણ ચાલે છે. સરલા શેઠ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાઈલ્ડ ગાઇડન્સ ઍન્ડ યુથ કાઉન્સેલિંગ સેન્ટર' ઓછી આવકવાળાં કુટુંબોનાં બાળકોને તબીબી તથા માનસશાસ્ત્રીય માર્ગદર્શનનું કાર્ય કરે છે. આ વિસ્તારની બારેક શાખાઓના ૯-૧૦મા ધોરણમાં ભણતાં બાળકો માટે 'શ્રેષ્ઠ બાળક હરીફાઈ' યોજવામાં આવે છે, જેમાં અભ્યાસ ઉપરાંત અભ્યાસાનુવર્તી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીવર્ગની ભાગીદારી તથા સામાજિક જાગૃતિ વગેરે પાસાં તરફ ધ્યાન અપાય છે. દરેક વિદ્યાર્થીની મુલાકાત દ્વારા ચકાસણી થાય છે ને અગ્રક્રમે આવનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને પ્રથમ પુરસ્કાર અપાય છે. અભ્યાસ શી રીતે કરવો, પરીક્ષાની તૈયારી કેમ કરવી, વ્યક્તિત્વ-વિકાસ જેવા વિષયો પર કાર્યશાળા કે વ્યાખ્યાનો આપવા માટે નિષ્ણાતો જાય છે. યુવાવર્ગની મુશ્કેલીઓમાં કામ કરતું 'યુવા સલાહ કેન્દ્ર' વ્યાવસાયિક માર્ગદર્શન માટે માનસશાસ્ત્રીય કસોટીઓ આપે છે. વ્યક્તિગત મુશ્કેલીઓ માટે સલાહ પણ આપે છે. થોડાક વખત પહેલાં એમણે પ્રૌઢાઓનો વિભાગ શરૂ કર્યો છે, જેમાં એમની તકલીફો અંગેના ઉપાયો લેવાય છે. ભારત સરકારના સમાજ કલ્યાણ વિભાગ તરફથી કૌટુંબિક સલાહ કેન્દ્ર પણ અ.ક. મુનશી યોજના ચલાવે છે, જેમાં કૌટુંબિક સમસ્યાઓનું નિવારણ તથા કાયદાકીય માર્ગદર્શન મુખ્ય છે.

સ્વાભાવિક છે કે આવી વિવિધ પ્રવૃત્તિઓ માત્ર સરકારી સહાયથી જ ચાલી શકે. સંસ્થાના સ્થાપક પ્રમુખે અને અન્ય કાર્યકર્તાઓએ ફંડફાળો ઉઘરાવતાં જ રહેવું પડે. એમને ઓળખતાં કેટલાંક લોકો સરલાબહેનને શ્રીમંત ભિખારીનું બિરુદ આપે છે. પણ નવી નવી પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કરવા માટે માત્ર ધનની જરૂરિયાત નથી હોતી. એને માટે સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ અને કાર્યકરોની સંનિષ્ઠ ટીમ પણ ઊભી કરવી પડે છે. એમની પાસે વહિવટી કૌશલ્ય તો હતું જ પણ કોની પાસેથી કેવી રીતે કામ લેવું તેની પણ ઉત્તમ સૂઝ હતી.

એમની સુદીર્ઘ સમાજસેવાઓ માટે એમને શ્રી કુલવંતસિંહ કોહલીએ ૧૯૯૮માં, જેઓ તે વખતે મુંબઈના શેરીફ હતા, એમણે સરલાબહેનનું શ્રીફળ તથા શાલ આપીને સન્માન કર્યું હતું. મહારાષ્ટ્રની યુતિ સરકારના સમાજ કલ્યાણખાતાના મંત્રીએ પણ એમને સન્માન્યાં હતાં. લાયન્સ ઇન્ટરનૅશનલના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા તથા લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર પ્રવીણ શાહે પણ એમને સન્માન્યાં હતાં. રૉટરી ઇન્ટરનૅશનલ મુંબઈ મેન તરફથી વિક્રમ કામદારે પણ એમનું બહુમાન કર્યું હતું. અહીં ઘણી બધી સંસ્થાઓએ એમને સન્માન્યાં હોય તેની યાદી આપવાનો ઈરાદો નથી, કારણ કે એમ કરવા જતાં યાદી ઘણી લાંબી થઈ જાય તેમ છે. છેલ્લાં બે વર્ષથી એ બધી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ ગયાં હતાં. અ.ક. મુનશીની બાગડોર શ્રીમતી ભારતીબહેન ગાંજાવાલાને સોંપીને નચિંત થઈ ગયાં હતાં. પરન્તુ નબળી તબિયતે પણ કાર્યક્રમમાં હાજરી આપતાં અને માર્ગદર્શન આપતાં. વિશ્વયાત્રી સહલાબહેને માનવતાની સેવા માટે જે ભેખ લીધો હતો અને નિઃસ્વાર્થભાવે પોતાનો સમય અને શકિત બંને ખર્ચ્યાં તે માટે તેઓ મુંબઈવાસીઓની સ્મૃતિમાં કાયમી સ્થાન પામશે એ નિઃશંક છે.

-હર્ષિદા પંડિત

('જ્યોતિસંઘ પત્રિકા'માંથી)

સાહિત્યસંપર્ક

સ્વર્ગસ્થ દિગીશ મહેતા

હજુ થોડા મહિના પહેલાં જ ધનજી કાનજી સુવર્ણચંદ્રક એનાયત થયો તે પ્રસંગે દિગીશભાઈને રૂબરૂ મળ્યો હતો ત્યારે ક્યાંથી ખબર કે આમ અણધારી એમના વિશે અવસાનનોંધ લખવાનો વારો આવશે ?



ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં અમે લગભગ દોઢ દાયકો સહકાર્યકર રહ્યા. એ સ્મરણો આજે તાજાં થાય છે. બહુ જ સંકોચશીલ અને મૃદુ પ્રકૃતિ. પોતાનો અભિપ્રાય દૃઢતાથી પણ શાલીનતાથી વ્યક્ત કરે. એમાં જન્મજાત નાગરી સંસ્કાર તો ખરા જ, પણ અંગ્રેજી વિષયના અધ્યયન-અધ્યાપનને કારણે આત્મસાત થયેલી અંગ્રેજિયત પણ ખરી. ખરું પૂછો તો તે ક્રિયાને બદલે પ્રતિક્રિયાના આદમી હતા. વિદ્યાર્થીઓના એ પ્રિય અધ્યાપક.

દિગીશ નાનુભાઈ મહેતા એમનું પૂરું નામ. ૧૯૩૪ના જુલાઈ માસની ૧૨મી તારીખે પાટણમાં જન્મ. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ સિદ્ધપુરમાં પૂરું કરી ૧૯૫૩માં અંગ્રેજી-મનોવિજ્ઞાન વિષયો લઈ બી.એ. થયા અને ૧૯૬૮માં યુનિવર્સિટી ઑફ લિડ્સમાંથી એમ.એ. થયા.

એમનું પ્રથમ પ્રકાશન 'આપણો ઘડીક સંગ' (૧૯૬૨) નવલકથા. હળવી શૈલીએ લખાયેલી આ પ્રયોગલક્ષી નવલકથા છે. તો જેમ્સ જોઈસની શૈલીએ લખાયેલી અને તાજેતરમાં પ્રકટ થયેલી 'શત્રુઘ્નની પહેલી સફર' એમની બીજી નવલકથા પણ પ્રયોગલક્ષી છે. 'દૂરના એ સૂર' (૧૯૭૦) અને 'શેરી' એમના લલિત નિબંધના સંગ્રહો છે. મુખ્યત્વે લલિત ગદ્ય અને ગ્રામવાતાવરણની સંતર્પક રજૂઆત નોંધપાત્ર બની છે. 'પાશ્ચાત્ય નવલકથા' (૧૯૭૫) શ્રી હર્ષદ દેસાઈ સાથેનું એમનું અભ્યાસપૂર્ણ સહલેખન છે. એમના વિવેચનલેખોનો સંગ્રહ 'પરિધિ' ૧૯૭૦માં પ્રકટ થઈ ગયો હતો. એમણે અંગ્રેજીમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' (૧૯૮૦) નામક મૉનૉગ્રાફ લખ્યો છે તો પી.બી. શેલીના ગ્રંથ 'ડિફેન્સ ઑફ પોએટ્રી'નો તથા યુજિન આયોનેસ્કોના 'ધ ચૅર્સ'નો ગુજરાતી અનવાદ આપ્યો છે. ૧૯૯૯માં પ્રકટ થયેલું એમનું 'ઇંગ્લિશ ! ઇંગ્લિશ !' પુસ્તક પણ અરૂઢ નિરૂપણશૈલીથી ધ્યાનાર્હ બન્યું છે.

દિગીશભાઈ ઓછું બોલનારા અને ઓછું લખનારા જણ હતા. પરન્તુ એમના વ્યક્તિત્વની અને કૃતિત્વની સમૃદ્ધિથી એ ચિરકાલ સ્મરણીય રહેશે. ૧૩ જૂન, ૨૦૦૧ના રોજ એમના અણધાર્યા અવસાનથી સાહિત્ય, શિક્ષણ અને સ્નેહીજનો મોટી ખોટ અનુભવશે. -ધી.પ.

શબ્દકથા

'કથા' શબ્દ અત્યારે ધાર્મિક વાર્તા-આખ્યાન જેમકે ભાગવતકથા, રામકથા સત્યનારાયણની કથા વગેરે અર્થમાં પ્રયોજીએ છીએ અથવા કોઈ પૌરાણિક-ઐતિહાસિક પ્રસંગની વિગતપ્રચુર વર્ણનવાતના અર્થમાં પણ પ્રયોજીએ છીએ. પરંતુ કથાના મૂળમાં આ અર્થ નહોતો. સંસ્કૃત 'कथ:' કહેવું – પરથી 'કથા' શબ્દ બને છે : कथयति ।

મનુષ્ય એકલો બોલતો નથી. તેને બોલવા ને સાંભળવા માટે એકથી વધુ વ્યક્તિ અથવા સમૂહ જોઈએ. પ્રારંભમાં સમાજનો એક વર્ગ વીર અને આદર્શ પુરુષો (ક્વચિત સ્ત્રીઓ)નાં પૂર્વચરિત લોકો સમક્ષ વર્ણવતો. લોકસમૂહ એ સાંભળવા એકઠો પણ થતો. આ ઉપરથી 'કથા' શબ્દ ચરિતવર્ણનના અર્થમાં પ્રયોજાવા લાગ્યો. જેમ કે રામકથા, કૃષ્ણકથા વગેરે આવા ચરિતવર્ણનના પ્રસંગે એકઠા થયેલ લોકો પછી વચ્ચે કે અંતે વિવિધ ચર્ચાસંવાદ પણ યોજતા. આથી ક્રમશઃ 'કથા' ચર્ચાસંવાદના અર્થમાં પણ પ્રયોજાવા લાગ્યો.

'કથા' શબ્દનો એક અન્ય વિશિષ્ટ અર્થ પણ છે. છાંદોગ્ય ઉપનિષદ (૧.૮.૧)માં આ શબ્દ દાર્શનિક વાદવિવાદના અર્થમાં પ્રયોજાયેલો મળે છે.

हन्तोग्दीथे कथां वदाम ।

અર્થાત્ હવે આપણે ઉદ્‌ગીથ વિષયક વાદવિવાદ શરૂ કરીએ. ન્યાયસૂત્ર વૃત્તિ (અ. ૧, આર, સૂત્ર ૧) મુજબ કથા શબ્દનો અર્થ કોઈ પણ વિચારણીય વિષયમાં મતભેદ ધરાવનાર બન્ને પક્ષકારોની નિયમસર ઉક્તિ-પ્રયુક્તિ યા ચર્ચા થાય છે.

ટૂંકમાં, પ્રારંભમાં 'વીરચરિત વર્ણન અને તેના સંદર્ભે થતી ચર્ચાવિચારણા તેમજ દાર્શનિક સંવાદના અર્થમાં પ્રયોજાતો કથા શબ્દ ધીમે-ધીમે કોઈ પણ પ્રકારની વિગતવાર વાત કે ઘટનાનું વર્ણન તથા પૌરાણિક મહાપુરુષોનું લીલાવર્ણન જેવો ધાર્મિક અર્થ ધરાવતો બની રહેવા પામ્યો.

— હસમુખ વ્યાસ

સાહિત્યિક કસોટી

નીચેની પંક્તિઓનાં સર્જકો કોણ ?

૧. આખો દી વાંસળીને હાથમાં રમાડો ફહાન !
એમાં શા હોય ઝાઝા વેતા ?
કાંટાળી કેડી પર ગાગર લઈને અમે
આવતાં-જતાંને સ્મિત દેતાં !
હું તો વ્હેતી જમુનાને અહીં આણું
મારી ગાગર ઉતારો તો જાણું
કે રાજ, તમે ઊંચક્યો તો પહાડને.

૨. ખીલુંખીલું કરતાં માસુમ ગુલ સમ શિક્ષકને સોંપાણાં,
કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં !
વસંત, ગ્રીષ્મ, શરદના ભેદ બધાય ભુલાણા,
જીવનમોહ તણા લઘુતમમાં પ્રગતિ પદ છે દાણાં.
તે દિન આંસુભીનાં રે...

૩. આકાશી નૌકાને વીજ દેતી કાટકા.
તારી નૌકાને યે દેતી એ ઝાટકા;
મધદરિયો મસ્તીમાં છોને ચકચૂર છે,
બંદર છો દૂર છે !

૪. જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહિ સરતી,
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી,
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

૫. દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેબરાં,
કઢિયલાં દૂધને કુણ પીશે ?
હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કુણ લેશે ?


૬. ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિસહુને
પ્રેમ ભક્તિની રીત.
ઊંચી તુજ સુંદર જાત.

૭. આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા,
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની !
દેખી બુરાઈ ના ડરું હું, શી ફીકર છે પાપની?
ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની.

૮ ધરતી આંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
વાટમાં વચ્ચે એક દિ નકી આવશે વિદાયવેળા,
તો કેમ કરીને યકાળ ભૂલે ના એમ ભમીશું ભેળા.

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



હાથમાં લઈને કોરો કાગળ ગયેલા,
તોય અક્ષરથી અમે આગળ ગયેલા.

*

કોઈ ભીના કેશ લૂછે છે પણે
રોમરોમે હું અહીં ભીંજાઉં છું !

-કરસનદાસ લુહાર



આપી આપીને તમે પીંછું આપો
સ્વજન ! પાંખો આપો તો અમે આવીએ.

*

ખડકી ઉઘાડી હું તો અમથી ઊભી'તી
મુંને ઉંબર લઈ ચાલ્યો બજારમાં...

-વિનોદ જોશી

હૈયાનો હિમાળો ગાળીને વહશું હેતની ગંગ.

૯. કોઈ કહે હલકા, કોઈ કહે ભારે,
લીય તરાજુ તોલ
કોઈ કહે સસ્તા, કોઈ કહે મહેંગા,
કોઈ કહે કા'ન અનમોલ.

૧૦. ખુલ્લી પડેલી પ્રીતનો અરથ કળીકળીએ જાણ્યો
શરમની મારી ધરણીએ કાળી રાતનો ઘૂમટો તાણ્યો.
પ્રગટ્યા દીવા કૈંક ચપોચપ ઊઘડી ગગન-બારી,
નીરખે આભની આતુર આંખો દોડી આવી.

(ઉત્તરો પૃ. ૪૩૯) -મહેન્દ્ર ન. પંડ્યા

પ્રાપ્ત પ્રકાશનો

<u>ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય</u> (રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : <u>પસ્તીનાં પાનાં</u> ('કુમાર'માં 'પસ્તીનાં પાનાં' મથાળા નીચે પ્રકટ થએલા ઈ. ૧૯૭૦થી ૧૯૮૫ દરમ્યાન સ્વજનોને લખેલાં પત્રોની વાનગી) લે. પ્ર.ચુ. વૈદ્ય, ક્રાઉન સાઇઝ, પાકુ પૂઠું, પૃ. ૨૨૮, રૂ. ૮૫. <u>રોગ, યોગ અને પ્રયોગ</u> (હાસ્યલેખસંગ્રહ) લે. જ્યોતીન્દ્ર હ. દવે, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૦, કિં.રૂ. ૮૫. <u>રેતીની રોટલી</u> (હાસ્યલેખસંગ્રહ) લે. જ્યોતીન્દ્ર હ. દવે, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, કિં.રૂ. ૮૦. <u>લાડલી</u> (નવલકથા) લેખિકા : ટોની મોરીસન, અનુ. બલવંત નાયક, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું પૃ. ૪૪૦, કિં.રૂ. ૧૭૫. <u>તિબેટની તંત્રસાધના</u> (તાંત્રિક અનુભવસંગ્રહ) સં. હસુ યાજ્ઞિક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૬૪, કિં.રૂ. ૧૦૦. <u>અષ્ટમ્ પષ્ટમ્</u> (હાસ્યનિબંધો) લે. ચંદ્રહાસ ત્રિવેદી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૧૫૨, કિં.રૂ. ૬૦. <u>જીવતરને જીવી જાણીએ</u> (લેખસંગ્રહ) લે. ચંદ્રહાસ ત્રિવેદી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૨૭૨, કિં.રૂ. ૧૦૦, <u>વગેરે અને આપણે</u> (લેખસંગ્રહ) લે. દિલીપ રાણપુરા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૨૮૮, કિં.રૂ. ૧૨૦. <u>અતીતરાગ</u> (નવલકથા) લે. ધીરુબહેન પટેલ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૩૮૦, કિં.રૂ. ૧૪૫. <u>અનન્યા</u> (ટૂંકી વાર્તાસંગ્રહ) અનુવાદક શરીફા વીજળીવાળા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૨, કિં.રૂ. ૧૦૦. <u>વિજ્ઞાનની પાંખે</u> (વિજ્ઞાનલેખસંગ્રહ) લે. બેન્જામિન સુવાર્તિક, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું,

અદ્‌ભુત પાર્ક એસ્સેલ વર્લ્ડ
(દેશાટન-૩૦)



૬૪ એકર વિસ્તારવાળો ભારતનો સૌથી મોટો મનોરંજન પાર્ક એસ્સેલ વર્લ્ડ મુંબઈ શહેરના કોલાહલી વાતાવરણથી થોડે દૂર આવેલો છે. આ પાર્ક બાળકો અને મોટેરાંઓ માટે અદ્‌ભુત અને આનંદદાયક ખજાનારૂપ છે. ભારતનું આ ડિઝનીલૅન્ડ એસ્સેલ વર્લ્ડ વિનોદપ્રિય અને હર્ષોલ્લાસથી ભરપૂર ચોત્રીસથી પણ વધુ રોમાંચક રમતોનો અનુભવ કરાવે છે. અહીં જમ્પિંગ કાર્ટ, જૂનિઅર વૉલ્ઝર, કેટરપિલર, મૂન વૉકર, જૂનિઅર કાર ડોજેમ, યાર્ડ ટ્રેઈન, બોટ-રાઈડિંગ વગેરે બાળકોને પ્રિય રમતો માણવા મળે છે. આ ઉપરાંત એકવા ડ્રાઈવ, હાઈવે કાર્સફન હાઉસ, મિરર મેજ, હજ મેજ, અને ટિલ્ટ-એ- વ્હર્લ રમતોનો આનંદ માણી શકાય છે. પરિવાર સહિત રજાના દિવસો આનંદદાયક પસાર કરવા માટે આ પાર્ક ઘણી જ અદ્‌ભુત રમતો પૂરી પાડે છે. પ્રૌઢો માટે પણ કેટલીક આનંદદાક રમતો જેવી કે રૉક-ઓ-પ્લેન અને રૉક-એન-રોલ વગેરે ઉપલબ્ધ છે.

હાલમાં અહીં ધ વૉટર કિંગડમ અને એશિયાનો સૌથી મોટો અને ભારતનો સૌપ્રથમ થીમ વૉટર પાર્ક વિકસાવાયા છે. અહીંની ધીમી વ્હેતી નદીમાં સપરિવાર વિહાર કરવાનો આહ્‌લાદક આનંદ માણવા જેવો છે. અહીં પ્રવેશ માટે અલગ ટિકિટ લેવી પડે છે. પર્યટકોને ટિકિટબારી સુધી જવા-આવવા માટે ગાડી અને બસ નિઃશુલ્ક મળી રહે છે.

પશ્ચિમ રેલવે મુંબઈના મલાડ અને બોરીવલી સ્ટેશનોથી એસ્સેલ વર્લ્ડ પહોંચી શકાય છે. રેલવે સ્ટેશનથી બેસ્ટ કંપનીની બસ ગોરાઈ ક્રીક અને માર્વે સમુદ્રતટ સુધી પહોંચાડે છે. અને અહીંથી નૌકા દ્વારા એસ્સેલ વર્લ્ડ પહોંચી શકાય છે.

('યોગક્ષેમ'ને આધારે)



ખાલી થઈ ખણખણતો ચાલ,
રસ્તા કર રણઝણતો ચાલ.
લોહીમાંથી લય પ્રગટાવ,
ગીત નવાં ગણગણતો ચાલ.
('જળકફન'માંથી) -કરસનદાસ લુહાર

સદ્‌ગત ભોગીભાઈ ગાંધી

'ચા પીને જવાનું છે,' એમની પુત્રવધૂએ ભીને અવાજે કહ્યું ને ઉમેર્યું, 'ભાઈને બહુ ગમતી'. એ અગિયારમી જૂનની સવાર હતી અને અકોટા (વડોદરા)ના વીજળિક સ્મશાનઘરે ભોગીભાઈને વળાવીને, મરાઠીમાં કહે છે તેમ અમારે સારુ પણ અકેકું અડાયું મૂકીને, અમે વેરાવામાં હતાં પણ નંદિની અમિતે કહ્યું ને અમે રોકાઈ ગયાં : 'નહીં કંઈ ગુમાવવું - ફક્ત શૃંખલાબેડીઓ'ના કવિ સ્વાધ્યાયને સંઘર્ષે સભર, સપ્રાણ જીવીને હવે એકાણુંમે શરીરની શૃંખલાબેડીઓમાંથી સાધિકાર છૂટ્યા હતા.

હમણાં મેં આ પંક્તિ સંભારી, કવિ ઉપવાસીની, એમાં સૌને એક પરિચિત ઘોષવાક્યનું અનુરણન તરત પકડાશે. માર્ક્સીય પરંપરામાં કહેવાતું રહ્યું ને કે વર્કર્સ ઑફ ધ વર્લ્ડ યુનાઈટ, યુ હેવ નથિંગ ટુ લુઝ બટ યૉર ચેઈન્સ.

આ ભોગીલાલ ગાંધી (૨૬ જાન્યુઆરી ૧૯૧૧ - ૧૦ જૂન, ૨૦૦૧), એમનાં ઉત્તમ વર્ષો તે વીસમી સદીનાં પણ ઉત્તમ વર્ષો. અને એ સદી પરના બે મોટા વિશ્વસંસ્કારો, માર્ક્સ અને ગાંધી, બેઉને સેવતાં જે કેટલાંક જીવન કશી વ્યક્તિગત સ્પૃહા વગર શતદલ મહોર્યાં, એમાંના ભોગીભાઈ પણ એક.

એમના જમાનાના જુવાનોની જેમ ભોગીભાઈનાયે જીવનની ઉષા ગાંધીના આંદોલનના આકાશમાં ઊઘડી અને ઓગણીસ વરસ પૂરાં થતે, ૧૯૩૦માં ગૂજરાત વિદ્યાપીઠના આ સ્નાતકે કાલેલકર, કૃપાલાની સરખા અધ્યાપકોની સંનિધિમાં એવું તો કાઠું કાઢેલું હતું કે એક પા મીરાં વિશે ડૉક્ટરેટ કક્ષાનો સ્વાધ્યાય ચાલતો હોય તો બીજી પા બારડોલીની લડતમાં અરુણ ટુકડીના સભ્ય તરીકેની કામગીરી પણ કૉળતી આવતી હોય. ગાંધીજી વલ્લભભાઈને સરદાર કહે અને ભોગીભાઈ વલ્લભભાઈના ઉદ્‌ગારો વિશે અહિંસાદૃષ્ટિએ ગાંધીજીને વળતો સવાલ કરે, એવું પણ એ દિવસોમાં બનેલું છે.

સ્વાતંત્ર્યસૈનિક ભોગીભાઈએ જો અંગ્રેજ સરકાર બહાદુરની જેલ દીઠી તો સામ્યવાદી ભોગીભાઈએ સ્વરાજ સરકારનીયે જેલ વેઠી. ઝંખના તો, પહેલાં ને પછી, શું સાબરકાંઠાના કોઈક ગામના હરિજનવાસમાં કે શું રાજનિવાસ-ખેતીવાડીમાં રાહુલ સાંકૃત્યાયન, કુમારમંગલમ્, કૈફી આઝમી સાથેના કૉમ્યુન દિવસોમાં કે પછી 'નવી દુનિયા' કાર્યાલયમાં અગર તો ૧૯૭૫માં જેપી સાથેની બિહારયાત્રામાં, એક જ કે 'નહીં કંઈ ગુમાવવું - ફક્ત શૃંખલાબેડીઓ.'

૧૯૪૩-૪૪માં ભોગીભાઈ એમનો કાવ્યસંગ્રહ 'સાધના' લઈને ઉપસ્થિત થયા. બિરાદર ચિત્તપ્રસાદનું મુખચિત્ર તેમ ઉમાશંકર જોશીની પ્રસ્તાવના, 'ઊર્મિરંગ', એમના કવનને ને કથયિત્વને એકદમ ઉજાગર કરી આપનારાં હતાં. ઉમાશંકરની તે વખતની નિરીક્ષા ને નુકતેચીની ભોગીભાઈની એકંદર વિશ્વદૃષ્ટિને સમજવામાં પણ ઉપયોગી થઈ પડે એવી છે. સંગ્રહમાં ત્રણ વિભાગો હતા — પ્રણય, ઝંખના અને સાધના. ઉમાશંકરે લખ્યું છે કે અહીં વસ્તુતઃ એક સમગ્ર અભિગમ રહેલો છે : નરદમ નિજી જણાતા પ્રણયમાંથી વ્યાપક જીવનની ઝંખના જાગે અને એ ઝંખના પોતે જ વ્યક્તિ-

મર્યાદા વટાવી સમષ્ટિની વિરાટતાને આલિંગે ત્યારે તે સાધનાનું રૂપ પકડે અને આ પ્રક્રિયામાં બેડીઓ તૂટતી ચાલે.

૧૯૫૬માં પાર્ટી છોડી અને મૂળિયાં ફંફોસતે ફંફોસતે વળી ગાંધીમાં ઠર્યા. ૧૯૫૮થી શરૂ થયેલા 'વિશ્વમાનવ'નો, ખાસ કરીને પહેલો દસકો એમની ને નવગુજરાતની વિચારમથામણનો તેમ તે કાળનાં સર્જક-વહેણોનો અચ્છો આલેખ આપનારો લેખાશે.

અનેક પુસ્તકો એમણે કર્યા. 'દેવદાસ'નો પહેલો ગુજરાતી અનુવાદ હું ધારું છું કે એમનો જ હતો. સોવિયેત સાહિત્યના પરિચય માટે ગુજરાતે એમનો જ આભાર માનવો રહે. નોબેલપૂર્વ સોલ્ઝેનિત્સિન, નહીં તો, તમને કોના થકી મળે ? ગૉર્કીની અમ્મા, તૉલ્સ્તૉયની કેરેનિના, પાસ્તરનાકનાં ઝિવાગો ને લારા. બધ્ધાં જોડે એને માયા.

પણ વાત આપણે ગાંધીમાં ઠર્યાની કરતા હતા. 'મિતાક્ષર' અને 'પાથેય' એ બે લેખસંગ્રહો એમની જીવન અને સમાજલક્ષી સ્વાધ્યાયસાધનાનાં સુફળ સમાં છે. એકમાં સાંસ્કૃતિક-સાહિત્યિક અભ્યાસલેખો છે તો બીજામાં પોતે જ વિચારમંથન અને પુનર્વિચારમાંથી પસાર થયા એના ગાંધીવિચારઅનુલક્ષી લેખો છે. ત્રણેક વરસ પર એમના સચ્ચિદાનંદ સન્માનનો અવસર આવી મળ્યો ત્યારે નિરંજન ભગતે કહ્યું હતું તેમ એમની વૈશ્વિક ઇતિહાસદૃષ્ટિને કારણે એ બલવંતરાય અને ઉમાશંકરની પરંપરામાં વિશ્વતોમુખી કલ્પના અને સંવેદનાના સાહિત્યસર્જક બની રહે છે. ગાંધીમૂળિયાં ફેરફંફોસતાં લોકશાહી મૂલ્યોની રક્ષાનાં, અંત્યોદય-સર્વોદયનાં ને જયપ્રકાશનાં આંદોલનો સાથે એમનો નિકટનાતો બંધાયો અને ગુજરાતમાં જનતા મોરચાની રચનામાં તથા કટોકટી સામેના લોકસંઘર્ષમાં એમની પાયાની ભૂમિકા રહી. જ્યારે એ ગાળાનો ખરો ને પૂરો ઇતિહાસ લખાશે ત્યારે એમનું મૂગું યોજકત્વ સુપેરે સમજાશે.

અને જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીના એમના સંપાદિત પ્રથમ સત્તાવીસ ગ્રંથો ! ગુજરાતમાં ગૃહવિદ્યાપીઠની ગરજ સારે એવી એ કામગીરી લાંબો વખત સંભારાશે. કેવું આબાદ કહ્યું હતું સુંદરમે કે ગુજરાત પાસે આ એક નાનો એવો મોટો માણસ છે. -પ્રકાશ ન. શાહ ('નિરીક્ષક'માંથી)

પથરીના રોગમાં અસરકારક ઔષધ : કળથી

આયુર્વેદમાં રોગોનું વિવિધ વર્ગીકરણ કરેલું છે. જેમાંના કેટલાકને મહારોગ કહ્યા છે, કેટલાકને સાધ્ય રોગ કહ્યા છે, કેટલાકને અસાધ્ય રોગ કહ્યા છે. આવા રોગોમાં દારુણ પીડા આપનારો રોગ એટલે જ પથરી.

જેવા નામ એવા ગુણ. કોઈ માણસમાં દયા ન હોય ત્યારે આપણે તેને પથ્થરહૃદયનો માનવી કહીએ છીએ. તેમ આ રોગમાં પણ પથરી નાની મગ જેવડીથી માંડીને રાઈ જેવડી કે પછી વાલના દાણા જેવડી એક્સ-રેમાં જોવા મળે છે.

આ પથરીના દર્દીને જે દારુણ દુખાવો ઊપડે છે તે પથરી જ્યારે કિડનીમાંથી ચલાયમાન થાય ત્યારે દર્દીને જેણે જોયો હોય તે જ કલ્પી શકે. ઘડીભર માટે જોનારને એમ થાય કે, આના કરતાં તો મૃત્યુ સારું. તો દર્દીની શી હાલત થતી હશે તેની કલ્પના કરવી રહી.

આ સૃષ્ટિનું નિર્માણ પરમાત્માએ કર્યું ત્યારે દ્રવ્યો અને પ્રતિદ્રવ્યો પણ સર્જ્યાં. માટે કળથી જેવું સાદું ઔષધ આપી માનવ જાત પર ઉપરવાળાએ ખરેખર ખૂબ મોટો ઉપકાર કર્યો છે.

પરિચય : ગુજરાતીમાં કળથી કહે છે, સંસ્કૃતમાં કુલીત્થ નામથી ઓળખાય છે. કળથી દ્વિદલ ધાન્ય ગણાય છે. કળથીના છોડ નાના હોય છે. તેની ઊંચાઈ ૧॥ ફૂટ સુધીની હોય છે. એનાં પાંદડાંનો આકાર કંઈક અંશે અડદના પાંદડાને મળતો આવે છે. એને સીંગ પણ આવે છે, તેથી તેને સિંગી ધાન્ય તરીકે ઓળખવામાં આવે છે. તેના દાણાઓનો રંગ રાતોડિયો હોય છે.

રસગુણ : મધુર, તીક્ષ્ણ, તૂરી, પીતકળ, લૂખી, ઉષ્ણ, પાક કાળે ખાટી, ગુણમાં ગરમ, પાચનમાં હલકી, દાહ કરતાં વાયુની ગતિ સરખી કરનાર, સોજાનો નાશ કરનાર, જૂના મળને બહાર કાઢનાર, વધારાનો પરસેવો રોકનાર, મેદવૃદ્ધિ મટાડનાર, વાતરોગ, શ્વાસ મટાડનાર કહી છે. દરેક પ્રકારની પથરી તોડનાર કહી છે.


ઉપયોગ : આપણે શિવજીના મંદિરમાં જે ગળતીમાંથી પાણી શિવલિંગ પર પડે છે તે રીતે માટીના ઢેફા ઉપર સતત પાણી પડતું રહે તો એક તબક્કો એવો આવશે કે માટી ઓગળી અને સમતળ થઈ જશે અને ઢેફું નહીં રહે, ઢેફું ઓગળી જશે. બસ આ જ રીતે રોજ રાત્રે ૪ ચમચી કળથી પલાળી સવારે ચોળીગાળીને નરણા કોઠે પીવાથી કળથીનું પાણી સતત કિડનીમાં ગળાઈને પથરી ઢેફાની જેમ તૂટીતૂટી મૂત્રમાર્ગમાંથી ગળીગળી અને બહાર આવી જશે. દર્દી પોતે હળવોફૂલ બની જશે. તેનો ચહેરો પીડાવાને બદલે મલકાવા લાગશે અને વૈદ્યને પણ દર્દીને મોટા ઑપરેશનના ખર્ચમાંથી બચાવ્યાનો આત્મસંતોષ થશે. માટે જ મહર્ષિ આ સિવાય પણ કળથી કબજિયાતમાં જૂના મળને બહાર કાઢનાર છે. વધુ વજન ધરાવનારને વધારાની ચરબી ઓછી કરનાર છે. વધુ પડતા દારૂના સેવનથી લીવરની ખરાબીમાં પણ કળથી રોજ રાત્રે ઉપર જણાવ્યા પ્રમાણે લેવાથી ફાયદો થશે જ. શરીર ઉપરના ખોટા વધારાના સોજા ઉતારનાર ઔષધ છે. ભૂખ ન લાગતી હોય, તો પણ લઈ શકાય તેવું ઔષધ છે. પરંતુ થોડાક દિવસ લઈ પછી બંધ કરી થોડા દિવસ પછી લેવાનું ચાલુ કરવું, કારણ કે તેની તાસીર ગરમ હોઈ, અનુભવી વૈદ્યની સલાહ લઈ ઉપયોગ કરવો. ફક્ત અમ્લપિત્ત અને સગર્ભા સ્ત્રીઓએ આનો ઉપયોગ વૈદ્યની સલાહ લઈને કરવો. મારા મત મુજબ સૌરાષ્ટ્ર, સાબરકાંઠા અને પંચમહાલ બાજુ કળથી વધુ થતી હોવાના કારણે જ ત્યાંનાં લોકોમાં પથરીના રોગ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

આપણી ગુજરાતની બહેનો સમજે તો જેમ રોજ સવારે તુવેરની દાળ અને ભાતનો ઉપયોગ થાય છે તેમ અઠવાડિયામાં એક વાર કળથીની દાળ અને ભાતનો ઉપયોગ કરશે તો માસિક ઓછું આવવું, રેગ્યુલર ન આવવું તેમાં જરૂર કામ આવશે. અને સફેદ પાણી પડવું અને સુવાવડ પછી ગર્ભાશય શુદ્ધ કરવામાં કળથી લેવાથી ગર્ભાશય શુદ્ધ થશે.

હૃદયરોગની ફરિયાદમાં પણ કળથીનો ઉપયોગ અઠવાડિયામાં બે વાર કરવાથી પેશાબની છૂટ રહેશે, કળથીમાં ૧ ટકો ફોસ્ફરિક ઍસિડનું પ્રમાણ છે. તે સ્વભાવે મધુર અને તીખી છે. કાયમ માટે ખોરાક તરીકે રોજિંદો ઉપયોગ ન થાય. ('સદ્‌વિચાર નિર્માણ'માંથી) વૈદ્ય દાદાબાપુ

અડાલજની વાવ : એક પ્રેમકથા

વર્ષોથી સામાન્ય લોકો માટે રોજ-બરોજના જીવનનું એક સામાન્ય અંગ બની રહી છે. ગુજરાતની વાવો ને કેટલાંક લોકો સીડીવાળા કૂવા કહે છે, પણ મોટે ભાગે તો તે વાવ તરીકે પ્રચલિત છે. આ વાવ મધ્યકાલીન ભારતની સ્થાપત્યકલાનો અજોડ નમૂનો છે. અહીં એક-એક પગથિયે ભુલાયેલા ઇતિહાસમાં ભારતીય અને ઇસ્લામી સ્થાપત્યકલાના મિશ્રણથી



અડાલજની વાવ

બનેલ કૂવાનાં તમામ ખંડેર પડેલાં છે. એમાં બાઈ દરોરની વાવ, દાદા હરિની વાવ, માતા ભવાનીની વાવ, અડાલજની વાવ વગેરે એમની સુંદર બનાવટ અને કલા-કારીગરી માટે વિશ્વવિખ્યાત છે.

જૂના જમાનામાં રાજા-મહારાજાઓ, નવાબ, સુલતાન અને વણઝારાઓ ગુજરાતની ભયાનક ગરમીથી બચવા અને પાણીની અછત દૂર કરવા માટે સીડીવાળા કૂવા એટલે વાવ બનાવતા હતા. ઘણા રાજાઓ અને સુલતાનો યુદ્ધ અને શિકાર પછી આરામ માટે એકાંત જગ્યાઓએ પણ વાવ બનાવતા હતા. શાહીકુટુંબો ઉપરાંત સિપાઈ, સામાન્ય પ્રજા, થાકેલા-માંદા યાત્રાળુઓ, દૂરપ્રદેશના વેપારીઓ અને મુસાફરો પણ એનો આરામગૃહો તરીકે ઉપયોગ કરતા હતા.

અમદાવાદથી નવ કિલોમીટર દૂર લગભગ પાંચસો વરસ જૂની અડાલજની વાવ એક અધૂરો છતાં સૌથી સુંદર સીડીવાળો કૂવો છે. એના અધૂરા નિર્માણ પાછળ એક અધૂરી પ્રેમકથા છે. ધનદાઈના રાજા રાણા વીરસિંહ મગેલાએ આ વાવ બંધાવવાનું શરૂ કર્યું હતું. પણ તે એક યુદ્ધમાં મહંમદ બેગડાને હાથે મરાયો. વીરસિંહની ખૂબસુરત રાણી રુરાવા પર નજર પડતાં જ મહંમદ બેગડાએ એની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. પતિના મૃત્યુથી દુઃખી થયેલી રાણીએ પહેલાં વીરસિંહ દ્વારા શરૂ કરાયેલી પાંચ માળની વાવ પૂરી કરવાની શરત મૂકી.

વિધવા રાણીની સુંદરતા પર મોહાંધ બનેલ મહંમદ બેગડાએ તે કામ તરત શરૂ કરાવી દીધું. પાંચમો માળ પૂરો થતાં જ એણે રુરાવા સમક્ષ ફરીથી લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ અંદરથી દુઃખી અને ગંભીર રુરાવાએ બીજા દિવસે અદાલજ વાવમાં ડૂબી જઈને પોતાનો પ્રાણ આપી દીધો. પ્રેમમાં પાગલ અને ગુસ્સાથી ઉશ્કેરાયેલા મહંમદ બેગડાએ વાવ બંધાવવાનું કામ તરત જ અટકાવી દીધું. કદાચ એટલા માટે જ વાવ પર ગુંબજ બન્યો નથી. પણ એની એક એક ઈંટ પર કરેલી કોતરણી આજ પણ મહંમદ બેગડાની પ્રેમકથા કહે છે.

સ્લેટના પથ્થરની બનેલ અડાલજની વાવ પ્રાચીન 'ભારતીય શિલ્પકલા' અને 'ઇસ્લામી વાસ્તુકલા'નું સુંદર મિશ્રણ છે. મસ્જિદની સાદગી અને મંદિરની ખૂબસૂરતી માટે અડાલજની વાવ મધ્યકાલીન ગુજરાતના વાસ્તુશિલ્પનો શ્રેષ્ઠ નમૂનો છે. એની દીવાલો પર સંસ્કૃતમાં શ્લોકો લખાયેલા છે. એનું નિર્માણ સન ૧૪૫૫, માહ મહિનાની પાંચમે શરૂ થયું હતું, અને એની પાછળ પાંચ લાખ એક સો અગિયાર સુવર્ણ મુદ્રાઓ ખર્ચાઈ હતી.


ચોરસ આકારમાં બનેલી અડાલજની વાવમાં ચારે બાજુ થાંભલા છે અને વચમાં ઠંડા પાણીના કુંડ છે. અંદરનો ભાગ સાત ખંડનો છે. એમાં ત્રણ પ્રવેશદ્વાર છે. પાંચ સદીઓથી મોસમની ઝાપટો સહન કર્યા પછી પણ અડાલજની વાવ કોઈ લોકકથાના નાયકની જેમ લોકોના દિલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂકી છે. અહીં સરળતાથી બસ દ્વારા પહોંચી શકાય છે. અહીં આવવા માટેનો ઉત્તમ સમય છે નવેમ્બરથી એપ્રિલ સુધીનો.

-યશવંત કડીકર

ઔરંગાબાદનો બીબીનો મકબરો

પોતાની પ્રિય વ્યક્તિ માટે તેની યાદગીરીમાં સ્મારક ઊભું કરવાની ઘણી પ્રાચીન પરંપરા છે. સમયના વહેણ બદલાવાથી એનું સ્વરૂપ બદલાવા પામ્યું છે એ વાત ખરી, પણ એ માનવવૃત્તિ હજુય અસ્તિત્વ ધરાવે જ છે. સતીસ્તંભ યશસ્તંભ, વિજયસ્તંભ, સમાધિ એવા મકબરાનું નિર્માણ આ રીતે થવા પામ્યું છે. કાલાંતરે એમાં વૈભવ-સમૃદ્ધિ પણ આવવા પામ્યો. આને કારણે આપણને સુંદર ઈમારતો મળવા પામી છે. એક તરફ સમ્રાટ શાહજહાંએ પોતાની પ્યારી બેગમ મુમતાજને માટે તાજમહાલની રચના કરી તો હાદી બેગમે પોતાના પતિ બાદશાહ હુમાયુ માટે સુંદર મકબરો તૈયાર કરાવ્યો. આજે એ બંને સ્મારકો યુનેસ્કો દ્વારા વિશ્વની સુંદર આભૂષણરૂપ ઈમારતો તરીકે ગણના પામ્યાં છે.

એના પરથી પ્રેરિત થઈને ઔરંગઝેબના પુત્ર શાહજાદા આજમશાહે પોતાની માતા દિલરાજબાનો માટે મહારાષ્ટ્રની ઔરંગાબાદ નગરીમાં બીબીનો મકબરો નામનો પ્રખ્યાત મકબરો તૈયાર કરાવ્યો. એનું સ્થાપત્ય, સૌન્દર્ય, સંયોજન તથા પૃષ્ઠભૂમિ આદિ સઘળું તાજમહેલને મળતું આવે છે. એમાં કંડારેલ લેખમાં દર્શાવ્યા મુજબ એના વાસ્તુવિદ અતાઉલ્લા ને હંસપતરાય નામના કલા તજજ્ઞ હતા. સત્તરમી સદીમાં નિર્માણ થયેલ આ ઈમારત મોગલકાળની અંતિમ સુંદર ઈમારતો પૈકીની એક ગણાય છે એને દક્ષિણનો તાજમહેલ પણ કહે છે. મોટા વિસ્તારમાં બંધાયેલ આ ઈમારતની આસપાસ શાંત શીતળ સૌમ્ય પ્રકૃતિ વિસ્તરેલી છે. ઈ.સ. ૧૬૬૦માં પોણા સાત લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલ આ ઈમારતના પ્રાંગણમાં પાણીનો હોજ છે ને તેમાં માછલીઓ સ્વૈરવિહાર કરતી નજરે પડે છે. જૂનીપુરાણી બારીક ઝીણી નકશી ધરાવતી આ ઈમારતમાં હસીનાબાનુ ધાઈની પણ નજરે પડે છે. ઈમારતની બહાર ચોતરફ ડુંગર નજરે પડે છે ને થોડેક જ દૂર બુદ્ધમહાવીરની પ્રતિમાઓ ધરાવતી ગુફાઓ પણ આવેલી છે. ઔરંગઝેબની ચોથી બેગમના પુત્ર શાહજાદા આઝમશાહે તાજમહાલની પ્રતિકૃતિરૂપે તૈયાર કરાવેલી આ ઈમારત ડિઝાઈન, કારીગરી તથા નિર્માણ સામગ્રીની દષ્ટિએ તાજમહાલની સમકક્ષ નથી. તાજમહાલમાં સંગેમરમરનું



બીબીનો મકબરો

આચ્છાદન છે તો બીબીના મકબરામાં ચૂનાના પ્લાસ્ટરથી સંગેમરમરનું રૂપ આપવાનો પ્રયત્ન થયો છે. તાજમહેલની જેમ કીમતી પથ્થરોની શોભા એમાં નથી. પણ એમાં ઉમદા જાળીઓ તથા ચૂનાની ફરસનો ઉપયોગ સરસ રીતે કરાયો છે.

સુંદરતામાં ભલે એ તાજમહાલ સામે ટકી ન શકે. પણ ઉત્કટ માતૃપ્રેમના પ્રતીકરૂપ આ ઈમારત જગતમાં અનોખું સ્થાન ધરાવી શકે તેવી છે -પ્રો. નવેન્દુ

આશ્ચર્યકારક છતાં સત્યઘટના

ઉત્તર અમેરિકાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં મેક્સિકોને અડીને આવેલા એરિઝોના સ્ટેટમાં સોનારણ નામનો દરિયાની સપાટીથી ઘણી ઊંચાઈએ આવેલો, સપાટ ધરતી ધરાવતો રણપ્રદેશ આવેલો છે. બીજી રીતે ઓળખાવીએ તો તે એરિઝોના સ્ટેટના 'ફ્લૅગસ્ટાફ' શહેરની પૂર્વ દિશામાં આવેલો વિસ્તાર છે, જેને 'કુનબુટ્ટે' કહેવામાં આવે છે. આ પ્રદેશમાં એક આશ્ચર્યજનક ગોળાકાર ધરાવતો, મહાકાય ઊંડો ખીણ જેવો ખાડો આવેલો છે. એનો વ્યાસ લગભગ એક માઈલ જેટલો છે, જ્યારે ઘેરાવો ત્રણ માઈલની લંબાઈ ધરાવે છે. તે ખાડાની ઊંડાઈ ૬૦૦ ફૂટની છે. એક જમાનામાં ભૂસ્તરશાસ્ત્રીઓ તેને ક્યારેક કોઈ ફૂટી નીકળે ને નષ્ટ થઈ ગયેલા, કોઈ મહાન અને ભયંકર જ્વાલામુખીનું મોં હોવાનું અનુમાન કરતા હતા.

આજથી લગભગ સો વર્ષ પહેલાં, ફિલાડેલ્ફિયા સ્ટેટમાં રહેતા એક મી.એ. ઈ. કુટે નામના ખનિજશાસ્ત્રીએ કુતૂહલ સાથે આ સ્થળની મુલાકાત લીધી હતી. ત્યારે તે ત્યાંથી મોટી સંખ્યામાં નાનામોટા પથ્થરો જેવા ગઠ્ઠાઓ ભેગા કરીને લઈ આવ્યો હતો. પછી જ્યારે તેનું પરીક્ષણ કર્યું ત્યારે તેમાં લોખંડ અને નિકલ હોવાનું જણાયું હતું. ઉપરાંત જ્યારે આ નમૂનાઓને માઈક્રોસ્કોપ દ્વારા ચકાસવામાં આવ્યા ત્યારે તેમાં હીરાના બારીક કણો હોવાનું પણ જોવામાં આવ્યું હતું.

આ માહિતી જ્યારે એક મી. ગ્રોવ કાર્લ ગીલબર્ટ નામના પ્રખર ભૂસ્તરશાસ્ત્રીની જાણમાં આવી, ત્યારે તેને વિચાર આવ્યો કે, આ મહાકાય ખાડા અંગે તે એક જ્વાળામુખીનું મુખ હોવાની માન્યતા પ્રવર્તતી હતી તે શું સાચી હશે ? જોકે દેખાવમાં તો તે ખરેખર એવો જ જણાતો હતો. એક એવી પણ માન્યતા ત્યારે હતી કે, અવકાશમાંથી કોઈ ગ્રહ કે ઉપગ્રહમાંથી છૂટો પડેલો મહાકાય ટુકડો, પૃથ્વીના આ પ્રદેશમાં ભયંકર રીતે અથડાયો હોય, અને ત્યારે તેના તૂટીને છૂટા થયેલા પથ્થર જેવા ગઠ્ઠાઓ આખાય વિસ્તારમાં ઊડીને પડ્યા હોય. આવા હજારોની સંખ્યામાં વેરવિખેર થઈ પડેલા પથ્થરોમાંથી જ મી.એ. ઈ કુટેએ નમૂના ભેગા કર્યા હતા. સામાન્ય રીતે હીરા તો પૃથ્વીના પેટાળમાં રહેલો કાર્બન છે. યુગોના યુગો સુધી તેના ઉપર આવતા હજારો ટન પથ્થરોના ભારે દબાણને કારણે, તેમાંથી રૂપાંતર પામીને હીરા બનતા હોય છે. પરંતુ જ્યારે કુટેએ ભેગા કરીને લાવેલા ગઠ્ઠાઓના નમૂનાઓમાં જે બારીક હીરાના કણ જોવામાં આવ્યા હતા, તે શક્ય છે કે અવકાશમાંથી કોઈ ગ્રહમાંથી છૂટો પડી ગયેલો વિશાળ કદનો ટુકડો અહીં પૃથ્વી ઉપર આ કુનબુટ્ટે વિસ્તાર ઉપર ભયંકર રીતે અથડાવા પામ્યો હોય, અને ત્યારે પેદા થવા પામેલ ઘર્ષણથી, અતિશય ગરમી પેદા થવા પામી હોય, અને તે થકી જે ભારે દબાણ પેદા થવા પામ્યું હોય, તેના કારણે પણ આ હીરાની કણો બનવા પામી હોય.

ગીલબર્ટને એવો ખ્યાલ આવ્યો હતો કે, આ નમૂનાઓ જે ખરતા તારાના અવશેષો છે, તેનો વિશ્વમાં અનેક યોજનાઓમાં ઉપયોગ કરી શકાય. આવા ખ્યાલ સાથે તે કુનબુટ્ટે સ્થળની મુલાકાતે ગયો, અને ત્યાં ઝીણવટભરી રીતે મૅગ્નેટિક પદ્ધતિથી ચકાસણી કરી; પરંતુ તેને ત્યાં લોખંડનો મોટો જથ્થો હોવાનું જણાયું નહોતું.

ત્યાર બાદ એક ડેનિયલ મોર્યુ બેરિંજને ગીલ બર્ટનિ આ સાહસ અંગે જાણ થવા પામી. તે ફિલાડોનાફિયાનો પૈસાદાર વકીલ ઉપરાંત ખાણો અંગેનો ઍન્જિનીઅર પણ હતો. તે પણ આ કુનબુટ્ટે સ્થળ ઉપર મોટી ટુકડી લઈને ગયો, અને ત્યાં યાંત્રિક સારડીથી અનેક કાણાં પાડ્યાં. તેના મનમાં એક એવી આશા હતી કે ત્યાંની ધરતી નીચેથી નિકલ અને લોખંડનો ભારે મોટા પ્રમાણમાં જથ્થો પ્રાપ્ત થવા પામશે. આવી પ્રબળ આશામાં ને આશામાં, તેણે લાગલાગટ ૩૦ વર્ષ એના જાતજાતના અખતરા જારી રાખ્યા હતા. પરિણામ સ્વરૂપે એને ભારે નિષ્ફળતા જ સાંપડી હતી. ઈ.સ. ૧૯૨૯માં શેર માર્કેટ જ્યારે તૂટી જવા પામ્યું ત્યારે તેને લાગ્યું કે, હવે બજારમાંથી આ પ્રોજેક્ટ માટે વધુ પૈસા પ્રાપ્ત થશે નહીં, ત્યારે તે પોતે પણ હતાશ બની માનસિક રીતે ભાંગી જવા પામ્યો અને એ જ વર્ષમાં તેનું અવસાન થવા પામ્યું હતું. તેના અવસાન બાદ લગભગ ૩ દાયકા સુધી આ બાબત વીસરાઈ જવા પામી હતી. પરંતુ ૧૯૫૭માં મી. શુમેકર જે એક ગ્રૅજ્યુએટ વિદ્યાર્થી હતો, તેણે આ સ્થળ ઉપર પોતાનો કૅમ્પ નાખી ત્યાંનો ઊંડો અભ્યાસ અને નિરીક્ષણ ચાલુ કર્યું. ધરતીમાં ઊંડે ૬૦૦ ફુટ સુધી સંશોધન કરતાં, તેને છેલ્લા ૫૦ ફુટના ભાગમાં ખરતા તારાના પીગળેલા સૂક્ષ્મ અણુઓ, કાચના રૂપમાં ઠંડા પડી ગયેલા જોવામાં આવ્યા હતા. આમ, આખરે એ પુરવાર થવા પામ્યું હતું કે, આ મહાન ખાડાનું સર્જન, કોઈ અતિશય મોટા અને ભારે વજનના ખરતા તારાના, તે સ્થળે અથડાવાના કારણે જ થવા પામ્યું હશે. -સંજય ભટ્ટ

અનુસંધાન] કલાવૃત્ત [પૃ. ૪૩૨થી

પ્રત્યે વધુ આકર્ષાયા અને પોતે પણ ડ્રૉઈંગ- ડિઝાઈન કરતા થયા. છેવટે ભારતીય પદ્ધતિનું અંક ડ્રૉઈંગ 'ગ્રાફિક્સ' પર મોકલ્યું અને ગ્રાફિક્સમાં છપાયું પણ ખરું. એનાથી એમનામાં આત્મવિશ્વાસ બેઠો અને વધુ ડિઝાઈન કરવા લાગ્યા. આ એમનું કલાશિક્ષણ.

ગ્રાફિક્સમાં ડ્રૉઈંગ છપાયું એટલે જપાન વગેરે દેશોએ પણ એમની પાસે ડ્રૉઈંગ મંગાવ્યાં અને છપાયા પણ ખરાં આથી એમને એક જાતની આંતરરાષ્ટ્રિય ખ્યાતિ મળી અને કોરિયાની એશિયાડ તેમજ ઈટલીના ઑલિમ્પિક રમતો માટે બહાર પડતા કાર્ડ સારુ ડ્રૉઈંગ મંગાવ્યાં તે સ્વીકારાયા પણ ખરા.

ગ્રાફિક ડિઝાઈન ઉપરાંત બાટિક ચિત્રો પર પણ હાથ જમાવ્યો અને અનેક ચિત્રો બનાવ્યાં તે બધાં પરદેશથી આવેલા આગંતુકોએ ખરીદ્યા. બારીક ઉપરાંત ટેરાકોટામાં મ્યુરલ બનાવ્યાં ને વડોદરાનાં ઘણાં મકાનો અને વ્યક્તિઓનાં ઘરને તે અત્યારે શોભાવે છે.

સદાબહાર, યુવકોને શરમાવે એવો ઉત્સાહ અને ધગશવાળા કલાકારનું પણ ગયા ફેબ્રુઆરીમાં અવસાન થયું. પ્રભુ એમના આત્માને શાંતિ આપે. -કાન્તિ કાપડિયા

માતાના ગર્ભમાં શું છે ? આભ કેરા ઊંડાણમાં ?
આભ ને ગાભની સૃષ્ટિ કોઈની યે ન જાણમાં.

પંડિત ઓમકારનાથ ઠાકુર હરદ્વારમાં યાત્રાએ નીકળ્યા હતા. તેમણે જોયું કે એક અંધ સંગીતકાર યાત્રાળુઓ સમક્ષ દિલરુબા વગાડીને પાઈ-પૈસો મેળવતો.

ઓમકારનાથજી તેની પાસે ગયા અને કહ્યું : 'બાબા ! તમે ખૂબ હતાશ જણાવ છો. તમને હું કોઈ રીતે મદદ કરી શકું ?'

સંગીતકારે કહ્યું 'ભાઈ ! હું એવો દુર્ભાગી છું કે કોઈ ઇચ્છે તો પણ એની મદદ લઈ શકું તેમ નથી.'

ઠાકુરે જિજ્ઞાસાથી પૂછ્યું : 'બાબા, એવું તે શું થયું છે કે જેથી તમે આટલા બધા હતાશ થઈ ગયા છો ?'

'ભાઈ, દિલરુબા વગાડીને હું થોડાઘણા પૈસા મેળવતો હતો. પણ હાથ ઈજા થઈ છે. હું વગાડી શકતો નથી.'

'બાબા, આજે તમે મને દિલરુબા આપો. હું વગાડવાની કોશિશ કરું !'

ઓમકારનાથજીએ દિલરુબા વગાડવા માંડ્યું. યાત્રાળુઓનો સમૂહ એકઠો થયો પૈસાનો વરસાદ વરસ્યો. પંડિતજીએ પૈસા એકઠા કરી પેલા અંધ વૃદ્ધ સંગીતકારને આપ્યા અને ચૂપચાપ આગળ સરી ગયા.

*

વિશ્વનું સૌથી નાનું પુસ્તક ૧૯૪૨માં બર્ટટેન્ડલ દ્વારા હાથેથી લખાયેલું. આ પુસ્તક કદમાં એક ચોરસ ઈંચના આઠમા ભાગ જેવડું હતું અને એમાં એડગર ગેસ્ટનાં કાવ્યો લખેલાં હતાં.



લોટો આકારમાં લોટો શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

कृपणेन समो दाता न भूतो न भविष्यति ।
अस्पृशन्नेव वित्तानि यः परेभ्यः प्रयच्छति ॥

કંજૂસ જેવો દાનવીર બીજો કોઈ થયો નથી કે થશે પણ નહીં, કારણ કે તે પોતાના ધનને અડક્યા વિના બીજાને આપે છે.

દુનિયામાં સૌથી મોંઘામાં મોંઘી ઑફિસ લંડનમાં મળે, કારણ કે લંડનના 'વેસ્ટ એન્ડ' વિસ્તારમાં ઑફિસનો ભાવ વિશ્વમાં સૌથી વધુ છે, જેમાં એક ચોરસ ફૂટ જગ્યાની કિંમત ૧,૫૫,૦૮૯ ડૉલર છે. એ પછી ટોકિયો, હૉંગકૉંગ અને કમ્પ્યૂટરને માટે જાણીતી સિલિકોન વૅલી આવે છે. આમાં મુંબઈ આઠમા સ્થાને છે.

*

કારેલાંને કાપી, છાંયડામાં સૂકવી, ઝીણાં વાટી તેમાં જાંબુના ઠળિયાનું ચૂરણ ભેળવી સવારસાંજ દર્દીને આપવામાં આવે તો ડાયાબિટીસનો નાશ થાય છે. લોહીમાં ખાંડની માત્રા ઘટે છે, જઠરાગ્નિ ઉત્તેજિત થાય છે. અને ઇન્સ્યુલિનનો સ્રાવ વધે છે.

*

ગોકળગાય ચાલતી હોય છે ત્યારે જે રંગહીન ચીકણો પદાર્થો છોડે છે તેને કારણે તે અસ્ત્રાની ધાર પર પણ ઈજા પામ્યા વગર સરકી શકે !

*

ગૌવૃક્ષ : કાઉ ટ્રી યાને ગૌવૃક્ષના કોઈ પણ ભાગ ઉપર ઘા કરવામાં આવે તો તે ઘામાંથી ગાયના સફેદ દૂધ જેવી જ પ્રવાહીની ધાર થાય છે એટલું જ નહિ, આ પ્રવાહી ગાયના દૂધ જેવું સ્વાદે મીઠું હોય છે. તદુપરાંત આ પ્રવાહી દૂધ જેટલું જ, બલકે તેથી પણ કંઈક અંશે વધુ, પૌષ્ટિક હોવાનું માલૂમ પડેલું છે. આ વૃક્ષ વેનેઝૂએલા વિસ્તારમાં થાય છે. ત્યાંનાં લોકો માટે અનેક રીતે આ વૃક્ષ ઉપકારક નીવડે છે.

*

પૃથ્વી ઉપર અત્યાર સુધીની ગણતરીના અંદાજ પ્રમાણે કુલ ૩,૩૫,૦૦૦ જુદા જુદા પ્રકારનાં વૃક્ષો અને વનસ્પતિ ઊગતાં હોય છે.

*

પૃથ્વી પોતાની ધરી ઉપર અને સૂર્યની આજુબાજુ ભ્રમણ કરતી હોવાને કારણે સ્થળેસ્થળે રાત્રી-દિવસ અને સમયમાં ફેરફાર હોય છે.



કોઈ મજબૂત માણસ લાગે છે... જરૂર આપણને ભવિષ્યમાં સારો ઉપયોગી થઈ પડશે. શું કરીશું ? પાર્ટીમાં લઈ લઈએ કે પછી આપણા જૂથમાં ?

*

એક ઊંચી યુવતીએ બૂટચંપલની દુકાને જઈ કહ્યું, 'મારે સાદાં સૅન્ડલ જોઈએ. રંગ અને ડિઝાઇન ગમે તેવાં ચાલશે.'

દુકાનદારે પૂછ્યું : 'શેની સાથે પહેરશો ?'


યુવતીએ કહ્યું : : 'જાડા, ટાલિયા, વૃદ્ધ ગોળના વેપારી પતિ સાથે.'

*

કલાકણિકા : હાથીદાંતમાંથી બનાવાયેલો આફ્રિકાનો એક મુખવટો.



POSTED AT PSO AHMEDABAD ON 17th of Every Month.
Licensed to Post Without Pre Payment Licence No. 185 - RNI New Delhi No. 1834/57
'કુમાર' ૧૭ જુલાઈ ૨૦૦૧ . સળંગ અંક : ૮૮૩ . છૂટક નકલ રૂપિયા ૨૦. Kumar Regd. No. GAMC-925



સત્ય-સૂત્ર

સદાય અપ્રમાદી અને સાવધાન રહીને અસત્યનો ત્યાગ કર, હિતકારી એવું સત્ય વચન જ બોલવું જોઈએ. આ પ્રકારે સત્ય બોલવું ઘણું કપરું છે.

આપણા સ્વાર્થ માટે કે અન્યો માટે, ક્રોધ યા ભીતિથી, કોઈ પણ પ્રસંગે બીજાને દુઃખ પહોંચાડનારાં અસત્ય વચનો ન તો આપણે બોલવાં કે અન્ય દ્વારા બોલાવવાં.

મૃષાવાદ એટલે કે અસત્ય આ સંસારમાં સર્વ સત્પુરુષો દ્વારા નિંદનીય ઠરાવાયું છે. વળી તે બધાં પ્રાણીઓ માટે અવિશ્વસનીય છે, એથી મૃષાવાદ - અસત્યોદ્‌ગાર સર્વથા ત્યજવો જોઈએ.

આત્માર્થી સાધકે સત્ય, પરિમિત, અસંદિગ્ધ, પરિપૂર્ણ, સ્પષ્ટ, અનુભૂત, વાચાળતારહિત અને કોઈને પણ ઉદ્વિગ્ન ન કરનારી વાણી બોલવી જોઈએ.

ભાષાના ગુણ અને દોષોને સુપેરે જાણીને દોષયુક્ત ભાષાનો હમેશાં ત્યાગ કરનાર, તથા સાધુત્વના પાલન માટે હમેશાં તત્પર રહેનાર બુદ્ધિમાન સાધક એકમાત્ર હિતકારી અને મધુર વાણી બોલે.

ભગવાન મહાવીર

૨૬૦૦મા જન્મકલ્યાણક અવસરે

દીપક પ્રિન્ટરી, અમદાવાદ-૩૮૦ ૦૦૧